માતૃભાષા શિક્ષણને વિદ્યાર્થીઓ સુધી અસરકારક રીતે પહોંચાડવા વિવિધ પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, પ્રવિધિઓનો ઉપયોગ કરી શકાય. જેમ કે જૂથચર્ચા, નાટ્યીકરણ, સમસ્યા ઉકેલ સેમિનાર, સ્વાધ્યાય, નિરીક્ષિત અભ્યાસ પ્રશ્નોત્તરી, આગમન-નિગમન, મુલાકાત, નિદર્શન વગેરે છે. આવી વૈવિધ્યસભર પદ્ધતિઓના સમુચિત ઉપયોગથી ભાષાશિક્ષણ ફળદાયી બને છે, તદુપરાંત આ પદ્ધતિઓને વર્ગખંડમાં વધુ અસરકારક બનાવવા માટે ટૂચકા, ઉખાણાં, જોડકણાં, ગાન, પઠન, વાર્તા, અભિનય, માઈમ, સ્ટેચ્યુ, રોલપ્લે, પપેટ ચિત્ર, શબ્દરમત, મધપૂડો, ક્વિઝ, કાવ્યપૂર્તિ, મુદ્દા પરથી વાર્તા, ચિત્રવાર્તા, ઉદાહરણ, સંવાદ, અર્થવિસ્તાર, CAL (કમ્પ્યૂટર આસિસ્ટેડ લર્નિંગ), CBI (કમ્પ્યૂટર બેઈઝ ઈન્સ્ટ્રક્શન) જેવી મુખ્ય પ્રયુક્તિઓ/પ્રવિધિઓ ઉપયોગી બની રહેશે.

ઉપરોક્ત પદ્ધતિઓ / પ્રયુક્તિઓ / પ્રવિધિઓનો યોગ્ય ઉપયોગ કરીને બાળકોમાં અર્થગ્રહણ એકાગ્રતા, ચિંતન અને સર્જનાત્મકતા કેળવી બાળકોમાં રહેલ સુષુપ્ત શક્તિઓને યોગ્ય દિશામાં વિકસાવી શકાય છે. આમ વિદ્યાર્થીઓએ મેળવેલ જ્ઞાન વ્યવહારુ ગુણવત્તાલક્ષી, જીવન ઉપયોગી બની રહેશે.

**ફલશ્રુતિ :**

શાળા જીવનમાં ભાષાશિક્ષણ દ્વારા બાળકોમાં સુટેવોનું ઘડતર સંસ્કાર, સમૂહજીવન, બીજાનો સ્વીકાર, બીજાને મદદરૂપ થવાની ભાવના, જીવનવ્યવહારમાં ભાષાનો ઉચિત ઉપયોગ, મૂલ્યોનું જીવનમાં આચરણ, વ્યક્તિત્વનો વિકાસ, તર્ક, ચિંતન, મનન, વિવેક, સર્જન, પ્રત્યાયન સામાજિક અને સાંસ્કૃતિક વારસાનું જતન - સંવર્ધન, સંક્રમણ ભાષા પરનું પ્રભુત્વ અને સૌંદર્યાનુભૂતિ જેવા વ્યક્તિત્વ વિકાસનાં વિવિધ પાસાંઓ ભાષા શિક્ષણ દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાર્થક નીવડે છે.

★ ★ ★

ભાષાસજ્જતા

# ભાષા અને જોડણી

### ભૂમિકા :

માતૃભાષાના શિક્ષક તરીકે ભાષાનાં વિવિધ કૌશલ્યોથી આપણે માહિતગાર હોઈએ તે ખૂબ જરૂરી છે. વર્ગખંડમાં જતાં પહેલાં શિક્ષક સુસજ્જ હોય તો એ બાળકોને પ્રિય થઈ પડે. માતૃભાષાનું શિક્ષણ પાયાનું શિક્ષણ ગણાય. ભાષામાં લેખનકૌશલ્યની અગત્ય ઘણી છે. લખતી વખતે જોડણી, વિરામચિહ્ન અને એવી બીજી અનેક બાબતોની કાળજી રાખવાની હોય છે. જોડણીના મુદ્દે આપણે ઘણીવાર પૂરતા ગંભીર હોતા નથી. જરાક વધારે કાળજી રાખવાથી આપણે પોતે માન્ય જોડણી કરી શકીએ તેટલું કૌશલ્ય કેળવી શકીએ તેમજ બાળકોને પણ માન્ય જોડણી તરફ પ્રેરી શકીએ.

### વિષયવસ્તુ :

ઉપર કહ્યું તેમ 'જોડણી' એ લેખન માટે ખૂબ જ અગત્યનું પાસું છે. ભાષાના શિક્ષક તરીકે વર્ગખંડમાં આપણું કથન શક્ય એટલું સ્પષ્ટ - માન્ય ઉચ્ચારોવાળું થાય એ જરૂરી છે. કારણ કે, બાળકો માટે આપણે આદર્શ (અરીસો) છીએ. આપણી નાની સરખી ભૂલ કે સરતચૂક વિદ્યાર્થીઓમાં પણ પ્રસરે. આપણે શક્ય એટલી કાળજી રાખીને કથન અને લેખનમાં વધારે સજ્જ બની શકીએ. જોડણીના મુદ્દે વિદ્વાનોમાં મતમતાંતરો પ્રવર્તે છે. વળી, જોડણીના અનેક નિયમો છે. અપવાદો પણ ઘણા છે. તેથી વિદ્યાર્થીઓને નિયમોના ભાર નીચે દબાવવા એ યોગ્ય નથી. જોડણીના માન્ય પ્રયોગ તરફ બાળકોને પ્રેરવા માટે 'મહાવરો' ખૂબ જ અગત્યનો છે. વારંવારનું વાંચન અને લેખન વિદ્યાર્થીઓને વધુ શુદ્ધ લેખન તરફ અવશ્ય દોરી શકે. વર્ગખંડમાં 'જોડણી'નું માન્ય કૌશલ્ય વિકસાવવા શું-શું થઈ શકે એ વિશેનો વિચાર કરીએ.

### વર્ગખંડમાં રજૂ કરવાની પદ્ધતિ :

માન્ય જોડણી તરફ વિદ્યાર્થીઓને અભિમુખ કરવા માટે આપણે વિવિધ યુક્તિ-પ્રયુક્તિઓનો ઉપયોગ કરી શકીએ. અવનવી શબ્દ-રમતો, કાર્ડ્સનો ઉપયોગ, સમૂહ તેમજ વ્યક્તિગત પ્રવૃત્તિઓ દ્વારા આપણે સહજતાપૂર્વક વિદ્યાર્થીઓને વધારે સજ્જ બનાવી શકીએ. સરળતાથી કરાવી શકાય તેવી પ્રવૃત્તિઓ વિશે વિચાર કરતાં પહેલાં, ભાષાશિક્ષક તરીકે આપણે રાખવાની તકેદારીઓ બાબતે જરા જઈએ.

- **વર્ગખંડમાં આપણે શું-શું કરાવી શકીએ ?**
  - આપણું કથન શક્ય એટલું સ્પષ્ટ અને માન્યભાષામાં કરીએ.
  - કા. પા. પરનું આપણું લેખન સુવાચ્ય અને વ્યાકરણસંમત હોય તેનું ધ્યાન રાખીએ.
  - શ્રુતલેખન - સુલેખન અને શુદ્ધલેખન કરાવવું.
  - મૂકવાચન અને મુખવાચન પણ ખૂબ જ ઉપયોગી બને.
  - ખિસ્સાકોશનો ઉપયોગ કરવા બાળકોને પ્રેરવાં.
  - સારા લેખનને બિરદાવવું.

- **વર્ગખંડમાં શું-શું ન કરવું ?**
  - જોડણીના નિયમો ન ગોખાવવા.
  - જરૂર કરતાં વધારે ન લખાવવું. એમ કરવાથી બાળક 'ગૃહકાર્ય'ના ભાર નીચે દબાઈને જેમ-તેમ લખી લાવશે.
  - ભૂલ હોય તો પણ, 'તેં આ ખોટું લખ્યું છે' એમ ન કહેતાં, પ્રેમપૂર્વક, 'જો બેટા ! આ રીતે લખાય !' કહી પ્રોત્સાહન આપવું.

## જોડણીના કેટલાક સાદા નિયમો :

અગાઉ જોયું તેમ જોડણીના અનેક નિયમો છે. નિયમોમાં અપવાદો પણ ઓછા નથી. માત્ર નિયમો ગોખાવવાથી જોડણી આવડી જાય એમ પણ નથી. લેખન અને વાંચનનો સાચી દિશાનો મહાવરો જ વધુ ઉપયોગી થઈ પડે. પરંતુ સગવડ માટે અહીં જોડણીના કેટલાક નિયમો આપ્યા છે. જે ખાસ તો શિક્ષકમિત્રોના ઉપયોગ માટે છે.

- જોડાક્ષર પહેલાંના ઇ- ઉ હ્રસ્વ આવે.

  જેમ કે, સિક્કો, ઘુસ્તો
- 'ય' પૂર્વેનાં ઇ હ્રસ્વ - હોશિયાર,
- સંસ્કૃત શબ્દની પૂર્વે લાગતા બધા જ પ્રત્યયો હ્રસ્વ ઇ - ઉ વાળા જ હોય. જેમ કે, ઉપનામ, સુવિચાર, કુપુત્ર, ઉત્પાદન, નિગમ, વિયોગ, વિજ્ઞાન, અધિનાયક.
- ચાર કે તેથી વધુ અક્ષરોવાળા શબ્દો હોય તો પહેલા અક્ષરમાં 'ઇ' કે 'ઉ' હ્રસ્વ થાય.
- ગુજરાતીમાં રૂઢ થયેલાં કેટલાંક 'સ્વરૂપ' ચોક્કસ રીતે લખાય છે. નામપદને દીર્ઘ ઈ લગાવી કૃ અથવા ભૂ ધાતુ લગાડવાથી સ્વ-રૂપ થાય છે.

  ઉદા. વકીભવન, ઘનીભવન, બાષ્પીભવન, એકત્રીકરણ.
- બાળકોમાં ઘણીવાર મૂળાક્ષરોમાં નાનીશી બેદરકારીને કારણે ભૂલો થાય છે. જેમાં મુખ્યત્વે ઘ (ઘર) અને ધ (ધજા), ટ (ટટ્ટુ) ડ (ડગલો), ઠ (ઠળિયો) અને ઢ (ઢગલો). જેમને આપણે યોગ્ય પ્રયાસો દ્વારા સુધારી શકીએ.

- **જોડણીના નિયમો ગોખાવવાને બદલે એનો વ્યવહારુ વિનિયોગ કેવી રીતે કરવો એ વિશે આપણે વિચારીએ.**
  - છાપામાંના શબ્દોમાંના કેટલાક ચોક્કસ શબ્દોની નીચે લીટી દોરી, ખિસ્સાકોશમાંથી શોધવાની પ્રવૃત્તિ.
  - 'શબ્દ બનાવો' રમત ખૂબ ઉપયોગી થશે. જેમ કે, 'માનવી' શબ્દને 'ઈય' પ્રત્યય લગાડવાથી 'માનવીય' શબ્દ બન્યો. એવા બીજા શબ્દો બનાવવાની રમત આપવી.
  - માન્ય જોડણીવાળા શબ્દો શોધવાની રમત કાર્ડ્સ પર વિવિધ શબ્દો લખાવીને કરાવી શકીએ. જેમ કે, સરિતા-સરીતા.

- સાધારણ જોડણીફેરથી થતા અર્થફેર વિશે માહિતગાર કરી એ પ્રકારના શબ્દોની નોંધ કરાવાય. એ વિશેનો અંક પણ બનાવી શકાય.
- જોડણીનો કોઈપણ એક સાદો - સરળ નિયમ લઈ, એને ગોખાવ્યા વિના, ઉદાહરણ સાથે સમજ આપી એવા જ, બીજા શબ્દો બાળક જાતે જ શોધી લાવે, એવી પ્રવૃત્તિ ગમ્મત સાથે જ્ઞાન પૂરું પાડે.
- અનુસ્વાર અષ્ટકનું (કવિ સુંદરમ્) ભાવવાહી ગાન બાળકને અવશ્ય ઉપયોગી બને.
- શબ્દોના 'જોડણીકોશ'ના ક્રમ વિશે બાળકોને માહિતગાર કરી એનો ઉપયોગ કરવા પ્રેરી શકાય.
- પ્રત્યેક વર્ગખંડમાં એક ખિસ્સાકોશ હોવો જરૂરી છે.

**કેટલાક ઉપયોગી શબ્દો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| સરિતા | પોપટિયું | તિરસ્કાર | મશહૂર | ગિરિવર | ઓશિયાળું |
| ગોવાળિયો | દુંદુભિ | હૈયું | સદ્ગતિ | સંસ્કૃતિ | કૂંડાળું |
| કિસ્મત | કિકિયારી | અપશુકનિયાળ | દનિયું | નિર્મળ | શિશિર |
| માર્ગદર્શિકા | કુળ | સિંહાસન | કુરાનેશરીફ | સંરક્ષણ | વૃત્તિ |
| સબૂર | આશ્ચર્ય | સ્વનિર્મિત | ભાવવિભોર | અદ્ભુત | નેકદિલ |
| શૂરાતન | કૂબો | નાગરિકધર્મ | મ્યુનિસિપાલિટી | વડીલોપાર્જિત | ગર્વહીન |
| ન્યાયાસન | જન્મભૂમિ | આધ્યાત્મિક | પ્લેટફોર્મ | પરિવર્તન | નેતૃત્વ |
| મહિષી | સિંહલદ્વીપ | પુસ્તકિયું | જીર્ણોદ્ધાર | વૃષ્ટિ | મુદ્રા |
| તૂતક | વ્યાઘ્રચર્મ | | | | |

# અનુસ્વાર

**અહીં આપેલાં વાક્યો વાંચો -**

મેં પદરના રૂપિયા ચૂકવ્યા છે.

મેં પંદર રૂપિયા ચૂકવ્યા છે.

જગમાં કાયાનો ભરોસો શો ?

જંગમાં કાયાનો ભરોસો શો ?

આ વાક્યોનો અર્થભેદ તરત જ સમજમાં આવે છે. અનુસ્વારની ક્ષતિથી ઘણીવાર કથયિત્વ બદલાઈ જાય છે. આ પ્રકારની વાક્યરચનામાં સામાન્ય રીતે અનુસ્વારની ભૂલ જોવા મળતી નથી. પણ કેટલીકવાર અનુસ્વારની જરૂર હોય ત્યાં પણ અનુસ્વાર લખવામાં આવતો નથી, અને થયેલી ક્ષતિ પણ ધ્યાનમાં આવતી નથી. દા.ત. 'ગામનાં બાળકો શાળામાં આવે છે.' આ વાક્ય 'ગામના બાળકો શાળામાં આવે છે.' એમ લખવામાં આવે તો થયેલી ભૂલ કેટલાકના ધ્યાનમાં આવતી નથી.

**કેટલાક સામાન્ય નિયમો :**

(૧) ‘હું’ અને ‘તું’ આ બંને સર્વનામો ઉપર અનુસ્વાર આવે જ. તેમજ હું સર્વનામ સાથે જે ઉકારાન્ત ક્રિયાપદોનો ઉપયોગ થાય તેના ઉપર પણ અનુસ્વાર આવશે. જેમ કે, ‘હું લખું છું.’

(૨) નારીજાતિના એકવચનમાં અનુસ્વાર નથી. પણ માનાર્થે બહુવચનમાં અનુસ્વારનો ઉપયોગ થાય છે. જેમ કે, ‘આચાર્યા આવ્યાં હતાં.’

(૩) નાન્યતર જાતિમાં છેડે કે ‘ઉ’ આવ્યો હોય ત્યાં અનુસ્વાર આવે છે. ‘છોકરું’ આના બહુવચનનાં રૂપોમાં પણ અનુસ્વાર આવે - છોકરાં.

**વર્ગખંડમાં શું કરીશું ?**

- અનુસ્વાર લખવામાં આવે એનાથી અર્થભેદ થતો હોય તેવા શબ્દોની યાદી તૈયાર કરાવવી, તેમજ તેનો હસ્તલિખિત અંક તૈયાર કરાવવો.

  ઉદાહરણ : જંપ - જપ, રંગ - રગ, ખંડ - ખડ વગેરે.

- નાન્યતર જાતિનાં વાક્યોની યાદી તૈયાર કરાવવી અને વર્ગખંડમાં ફલેનલબોર્ડ અથવા બુલેટિન બોર્ડમાં મુકાવવી.

  ઉદાહરણ :

  ગામનાં મોટેરાં ભેગાં થયાં હતાં.

  બધાં જ ઝાડવાં લીલાં હતાં -

  લોકો સાથે મળીને કામ કરતાં હતાં.

  તેમનાથી બધાં જ ડરતાં હતાં.

- વિદ્યાર્થીઓને શ્રુતલેખન કરાવવું. આ માટે અનુસ્વારનો મહત્તમ ઉપયોગ થયો હોય તેવો પરિચ્છેદ પસંદ કરવો. તેમાંથી અનુસ્વારની ભૂલો ક્યાં થાય છે, તે વિદ્યાર્થીઓ પાસે જ શોધાવવું.
- સમાચારપત્રો તેમજ કેટલાંક સામયિકોમાં થયેલી અનુસ્વારની ભૂલો દર્શાવવી, તેવાં કટિંગ્સની ફાઈલ તૈયાર કરાવવી.
- ‘અનુસ્વાર અષ્ટક’નું ગાન કરાવવું.

ગુજરાતી ભાષામાં કેટલાક શબ્દોનાં અશુદ્ધ ઉચ્ચારણો થાય છે, તે ધ્યાનમાં રાખી ઓછામાં ઓછું આપણા શિક્ષકો પોતાના સંભાષણમાં તેમજ લખાણમાં એ અશુદ્ધિઓ દૂર કરવા પ્રયાસ કરે તે ઈચ્છનીય છે.

‘અશ્વમેધ’ શબ્દના સ્થાને ગુજરાતમાં ‘અશ્વમેઘ’ લખાતું અને બોલાતું જોવા મળે છે.

‘મેધાવી’ શબ્દ ઉપર ધ્યાન આપો. કોઈ શિક્ષક કે વિદ્યાર્થી ‘મેઘાવી’ કઈ રીતે હોઈ શકે ?

આપણા વિજ્ઞાન પ્રદર્શનોમાં ઘણી જગ્યાએ જોવા મળે છે - ઊર્જાના સ્ત્રોતો. શબ્દકોષમાં ‘સ્ત્રોત’ શબ્દ શોધવા જાય તો મળે ખરો ? સાચો શબ્દ છે ‘સ્રોત’.

ગણિતમાં ૦.૦૦૫ માટે કેટલાક લોકો ઉચ્ચારણ કરે છે. પાંચ સહસ્ત્રાંશ - સાચો ઉચ્ચાર થશે - પાંચ સહસ્રાંશ. કારણ હજાર માટેનો શબ્દ છે - સહસ્ર. સહસ્ત્ર એ ખોટો ઉચ્ચાર છે.

વિદ્યાલય કે વિદ્યા - આ શબ્દના લેખનમાં ભૂલ નથી. પણ તેનું ઉચ્ચારણ સાર્વત્રિક રીતે ‘ધ્ - ય’નું જ થાય છે. ખરેખર તો ‘દ્ - ય’ હોઈ તે એ પ્રમાણે જ બોલાય તે આવશ્યક છે.

# કથન અને શ્રવણ

પ્રાથમિક શાળામાં ભઆષા શીખવવાનો હેતુ સમસ્યાના ઉકેલ માટે વિચારપ્રક્રિયાને યોગ્ય દિશામાં ઝડપથી કામ કરતી કરવાનો છે.

ધારો કે બાળક એક દિવસ સારા મગ ખાય છે, બીજે દિવસે મૂછો વાળા. ‘મૂછોવાળા મગ’ માટે ‘ફણગાવેલા મગ’ એવો નવો શબ્દ શીખે છે. શા માટે ફણગાવેલા ? ફણગવું એટલે ? આ સમસ્યાને ઉકેલવામાં ભાષા દ્વારા અપાતી સમજ તેની વિચારપ્રક્રિયાને અનુભવ સુધી પહોંચાડે છે.

એટલે ભાષાનું શિક્ષણ એ કોઈ વિષયનું શિક્ષણ નથી પણ વ્યક્તિની નવું નવું શીખવા માટેની આવડતનું સાધન છે.

બાળક ભાષા સાંભળી સાંભળીને શીખે છે, પ્રશ્નો પૂછીને (ભાષાનો વાતચીત કે કથન રૂપે ઉપયોગ કરીને) શીખે છે, વાંચીને શીખે છે.

બાળકને બરાબર સાંભળતાં આવડે એનો અર્થ એ કે તેણે જે સાંભળ્યું છે તેનો અર્થ અથવા મર્મ સમજતાં આવડે. ભાષાશિક્ષણની જ નહીં કોઈ પણ શિક્ષણની શરૂઆત સાંભળવા સાથે શરૂ થાય છે. ફણગવું અથવા ખીલવુંનો પ્રત્યક્ષ અનુભવ શક્ય નથી પરંતુ ‘ઊગવું’નો પ્રત્યક્ષ અનુભવ શક્ય છે. સૂર્ય કે ચંદ્ર ઊગે છે એ તેને પ્રત્યક્ષ બતાવી શકાય છે. એ પ્રક્રિયા ભલે ધીમે ધીમે થતી હોય પણ એનો પ્રત્યક્ષ અનુભવ શક્ય છે. જ્યારે ફણગવાની કે ખીલવાની પ્રક્રિયાની એણે ધારણા કરવાની હોય છે. આ ધારણા ઊગવાની પ્રત્યક્ષ થયેલી પ્રક્રિયાની સરખામણીની મદદથી તે જ્યારે કરે છે ત્યારે ‘ભાષા’ એને મદદ કરે છે. એટલે કે પરિચિત પ્રક્રિયાનો, ક્રિયાઓ, ઘટનાઓ વગેરેની મદદથી ભાષા દ્વારા, એટલે કે ભાષામાં એ બધું રજૂ કરીને એના અનુભવોને વિસ્તારવાની, વિચારપ્રક્રિયા અને સમજણને ગતિશીલ કરવાની કામગીરી ભાષા કરે છે.

આમ, સાંભળવું એટલે સતત વિચારતા રહેવું. જ્યારે વાર્તાકથનથી શિક્ષક બાળકના શ્રવણકૌશલને કેળવતો હોય છે ત્યારે વાર્તાકથન એ પ્રયોજન નથી પણ એક શૈક્ષણિક પ્રયુક્તિ છે.

મા-બાપ કે દાદા-દાદી વાર્તા કરે છે તેનું પ્રયોજન મોટે ભાગે મનોરંજન અને આડપેદાશ રૂપે સંસ્કારઘડતર હોય છે. શિક્ષક વાર્તા કહે છે ત્યારે ભૌતિક જગતના અનુભવોના વિસ્તરણની કામગીરી ચાલે છે, એટલે કે ભાષાશિક્ષણ ઉપરાંત પર્યાવરણ શિક્ષણ પણ ચાલે છે ગણિતશિક્ષણ માટે પણ વાર્તાકથનનો ઉપયોગ કરી શકાય.

ભાષાશિક્ષણનું પ્રથમ મહત્ત્વનું સોપાન વાર્તાકથન હોવાથી માન્ય ભાષાના ઉપયોગ તરફ ધીમી છતાં ચોક્કસ ગતિએ બાળકને લઈ જવાનો હેતુ પણ છે તેથી શિક્ષકનાં પોતાનાં ઉચ્ચારણો, લઢણો, લય-લહેકાઓ બાળકનાં ઉચ્ચારણો, લઢણો, લય-લહેકાઓથી સાવ અપરિચિત નહીં છતાં, તબક્કાવાર માન્ય ભાષા શીખવનારાં હોય.

વિવિધ શારીરિક-માનસિક સ્થિતિ ધરાવતા બાળસમૂહને વાર્તા સાંભળવા એકાગ્ર કરવો, એકાકાળ કરવાં એ ધીરજનું કામ છે.

જોડકણાં, પદ્યવાર્તાઓ, બાળગીતો, પ્રાર્થનાઓ પણ શ્રવણકૌશલમાં ઉપયોગી છે. મધુર કંઠ ન હોય તોય સારું ગાઈ શકવાનો પ્રયત્ન કરી શકે. સમૂહને સાથે સાથે ગવડાવી શકે. ભાષાના લય ઉપરાંત ઉચ્ચારણોની ચોકસાઈ પણ પદ્યશ્રવણથી બાળકો શીખી શકે. પુનરાવર્તનો ખૂબ મદદરૂપ થાય.

શ્રવણની સાથે સાથે જ કથનનું કૌશલ પણ કેળવવાનો ઉદ્યમ શિક્ષક કરી શકે. શરૂઆતમાં સમૂહમાં બાળકો ગાય, પછી પસંદગીનાં બાળકોને બે-ત્રણના જૂથમાં અને અંતે એકલાં ગાવાનું સૂચવી શકાય. એ જ રીતે એક પછી એક બાળકોને વાર્તા કહેવાનું પણ સૂચવી શકાય. બાળક વાર્તા કહેતું હોય ત્યારે વચ્ચે વચ્ચે વાર્તાના વિષયવસ્તુને યાદ કરાવવામાં શિક્ષક મદદ કરે ત્યારે ત્યારે ઉચ્ચારણ અને લયને યોગ્ય દિશામાં ગતિ આપવાનો પ્રયત્ન શિક્ષક કરી શકે. જો કે ઉચ્ચારણ અને લય વિશે બહુ સહજ રીતે બાળકને સભાન કરવાં જોઈએ, એ વિશેની સૂચનાઓ ટીકાત્મક કે સુધારણાલક્ષી ન હોય તેની ખાસ કાળજી રાખવી.

ઉચ્ચારણ સુધારણા માટેની એક વ્યૂહરચના શ્રવણ-કથનના મહાવરા સમયે ગોઠવાતી રમતો બની શકે. દરેક બાળક ગમે તે એક વાક્ય મોટેથી બોલે. એના ઉચ્ચારણમાં અને લયમાં શો સુધાર શક્ય છે તે વિશે એના પછી બોલવા ઊભું થનાર બાળક કહે. શિક્ષક એમાં મદદ કરે. એ રમત દિવસમાં એકાદવાર એકાદ તાસમાં રમાડી શકાય. પાંચમા કે છઠ્ઠા ધોરણમાં આવી રમતો ગોઠવી શકાય.

કવિતા કે વાર્તાનું આકલન બરાબર થયું છે તે જાણવા માટે તેમાં કયાં પાત્રો છે, કોની વાત સૌથી મહત્ત્વની છે, તેમાંથી શો બોધ અથવા કઈ માહિતી મળી જેવા પ્રશ્નો પણ પૂછી શકાય.

શ્રવણ અને કથનના કૌશલની સાથે સંકળાયેલું ત્રીજું કૌશલ વાચન છે. ચિત્રો દોરવાં અને ચિત્રો જોવાં એની ટેવ નાનપણથી હોય તો આકારોને યાદ રાખવાની ટેવ સહજ બની રહે.

ધ્વનિઓને લિપિચિહ્નોની મદદથી વાંચતાં શીખવવા માટે 'અક્ષરમાળાના અક્ષરોને અલગ અલગ રીતે અને શબ્દોમાંથી ઓળખે' એ રીતના પરિચયથી શરૂઆત કરાવવામાં આવે છે. કાર્ડની મદદથી, તેની રમતની મદદથી, પ્લાસ્ટિકનાં રમકડાં જેવા વર્ણોની મદદથી આ ઓળખ કરાવી શકાય.

વર્ણપરિચય થયા પછી સાદા પરિચિત શબ્દો અને ટૂંકાં સરળ વાક્યો વાંચવાનો મહાવરો કરાવી શકાય.

એ પછી વાંચેલી સામગ્રીમાંથી વિચારોના અર્થગ્રહણનો તબક્કો શરૂ થાય છે.

શરૂઆતમાં મુખવાચન (મોટેથી વાંચવું) સમૂહમાં અને પછી વ્યક્તિગત ધોરણે કરાવી શકાય. તે સમયે તેમને ઉચ્ચારણ વાક્યલય અને વિરામચિહ્નો વિશે સભાન કરી શકાય. આ તબક્કે શિક્ષકે કાળજી એ રાખવાની કે બાળકો એ વિશે અતિસભાન ન બને અથવા પોતે અશુદ્ધ કે ખોટું વાચન કરે છે તેવી લઘુતાગ્રંથિમાં ન સપડાય તે જરૂરી છે.

જૂથવાચનનો તબક્કો થોડો લંબાવી શકાય અને એ દરમિયાન બાળકો પોતાનાં ઉચ્ચારણો અને લયથી સભાન થાય તેવી રમતો ગોઠવી શકાય.

વાક્યપદ્ધતિએ વાચનશિક્ષણ શરૂ કરતી વખતે શબ્દોને પણ આખાં વાક્યો ગણીને વંચાવવાનું ગોઠવવું જોઈએ. દા.ત., રમ, જમ, નમ, વડ, પડ વગેરે.

વાક્યમાં રજૂ થયેલી માહિતી અથવા વિચારને એ બરાબર સમજે છે કે કેમ તેમની ચકાસણી પણ શિક્ષકે સતત કર્યા કરવી જોઈએ.

આખો પરિચ્છેદ વાંચ્યા પછી એમાંથી કયું વાક્ય ન હોય તો પણ ચાલે ? અથવા એમાંનું કયું વાક્ય આખા પરિચ્છેદની મુખ્ય વાતને રજૂ કરે છે ? તેવા પ્રશ્નો પૂછી શકાય.

આખી વાર્તા અથવા આખો પાઠ વંચાવ્યા પછી એમાંનો મુખ્ય વિષય અથવા અગત્યની માહિતી કઈ, તે શોધી કાઢવાનું સૂચવવું જોઈએ. આમ મહાવરો કરાવવાથી 'વાંચીને સારગ્રહણની' શક્તિ કેળવાય.

લખાણ વાંચીને એમાંના મહત્ત્વના શબ્દો નીચે લીટી દોરવાનો મહાવરો કરાવી શકાય. એ મહત્ત્વના શબ્દો ભેગા કરીને નવેસરથી લખતાં આખા લખાણનો સાર એમાં સમાઈ જાય એમ બનતું હોય છે.

લખાણનો સાર સમજી શકે તો 'સાંભળેલી કે વાંચેલી વિગતમાંથી વિચારો તથા ઘટનાઓ વચ્ચેનો કાર્યકારણનો સંબંધ' બાળક તારવી શકે. આ સમજણ પાકી કરવા માટે ખાલી જગ્યા પૂરો, ટૂંકા જવાબ આપો, જેવા પ્રશ્નો પૂછી શકાય.

વાર્તા કે પાઠને અને તેમાં આપેલાં ચિત્રોને એકબીજા સાથે સાંકળીને સમજી શકે, તેને વિશે પ્રશ્નો પૂછી શકે તો માનવું કે બાળકે મનમાં વાંચેલું (મૂકવાચન) બરાબર ધ્યાનથી વાંચ્યું છે ને સમજ્યું છે.

એટલું જ નહીં વાર્તા કે પાઠમાં આવતા કેટલાક ખાસ શબ્દોના અર્થ કોશમાં કે ટિપ્પણમાં આપ્યા હોય તેનાથી પણ કંઈક જુદા થાય છે, તે બાળક સમજે તો જાણવું કે તે ખરેખર સમજ્યું છે. દા.ત. 'લુચ્ચો વરસાદ'માંનો લુચ્ચોનો અર્થ ચતુર, છેતરપિંડી કરનાર નથી જ, માત્ર ટીખળ ખાતર પજવનાર જ થાય.

(સૌજન્ય : ડૉ. યોગેન્દ્ર વ્યાસ)

## લેખન-કૌશલ્ય

લેખન-કૌશલ્યમાં પરિચ્છેદ-લેખન, નિબંધ-લેખન, પત્ર-લેખન, સાર-લેખન અથવા સંક્ષેપીકરણ, વિચારવિસ્તાર, અહેવાલ-લેખન વગેરે અનેક બાબતોનો સમાવેશ થાય છે. પરંતુ આ બધી બાબતોમાં કૌશલ્ય હાંસલ કરવા માટે પહેલાં શુદ્ધલેખન પરત્વે પૂરતું ધ્યાન આપવાની જરૂર છે. વિદ્યાર્થીની ભાષા અશુદ્ધ હશે તો લેખન-કૌશલ્યની એની પ્રગતિ રૂંધાઈ જશે. એટલે પ્રથમ ભાષાશુદ્ધિ માટે એમને જાગ્રત કરવા જોઈશે એટલું જ નહિ, ભાષાશુદ્ધિ માટે એમને પૂરતી તાલીમ આપવી પડશે. એટલે અહીં સર્વપ્રથમ ભાષાશુદ્ધિ માટે કેટલાક નિયમોની સમજૂતી આપી છે. અહીં આપેલાં દૃષ્ટાંતો કેવળ નમૂનારૂપ છે. માત્ર આટલાં દૃષ્ટાંતોથી ભાષાશુદ્ધિ સાધી ન શકાય. શિક્ષકોએ પોતાની મેળે આવાં દૃષ્ટાંતો શોધી વિદ્યાર્થીઓને સતત મહાવરો કરાવવો જોઈશે.

**ભાષાશુદ્ધિ : કેટલાક નિયમો :**

- વિભક્તિના પ્રત્યયો જે-તે શબ્દ સાથે જોડીને લખવામાં આવે છે.
- ગીતાએ આજે નિશાળમાં સરસ ગીત ગાયું.
- ગીતાથી આજે ગળાશે નહિ.
- શિરીષ ચિત્રોમાં ગાંધીજીને જુએ છે.
- દાદાજી બાળકોને વાર્તા કહે છે.
- કેટલાક લોકો ગણિતના દાખલા મોઢેથી ગણી શકે છે.
- દાદાજી સવારમાં વહેલા-વહેલા ફરવા નીકળે છે.
- આ મૂર્તિના મુખ પર નાખુશીના ભાવ કેમ છે ?
- હું વડોદરાથી સાત વાગ્યે નીકળ્યો છું.
- એણે ખિસ્સામાંથી કાગળ કાઢ્યો.
- મને ગણિતનો દાખલો ન આવડ્યો.
- મારા જમણા કાનમાં મોતીની એક વાળી હતી.

- મારા ખમીસનું બટન તૂટી ગયું છે.
- નામયોગીઓ જે-તે શબ્દ પછી છૂટા લખાય.
- સમાચાર ટપાલથી મોકલજો.
- સમાચાર ટપાલ મારફત મોકલજો.
- એ અનુભવ સૌને ઉત્સાહપ્રેરક નીવડ્યો.
- એ અનુભવ સૌ માટે ઉત્સાહપ્રેરક નીવડ્યો.
- વડે, વતી, થકી, મારફત, દ્વારા, સાથે, સિવાય, વિના, લીધે, કારણે, તરીકે, પેઠે, માફક, મારે, કાજે, સારુ, ખાતર, કરતાં, તણું, કેરું, પાસે, તરફ, સામું, અંદર, બદાર, ઉપર, નીચે, આગળ, સુધી, વિશે - વગેરે નામયોગી પદો છે.

**વિરામચિહ્નો :**

- વિરામચિહ્નો મુખ્યત્વે અર્થની સ્પષ્ટતા માટે વપરાય છે.
- વિરામચિહ્નો વિશિષ્ટ અર્થનો બોધ કરાવવામાં વાચકને સહાયરૂપ થાય છે.
- **અલ્પવિરામ :** અલ્પવિરામ પ્રમાણમાં વધારે વપરાતું અને વિશેષ કાળજી માગી લેતું વિરામચિહ્ન છે.
- અવતરણચિહ્નોવાળા વાક્યમાં અવરતણચિહ્ન પહેલાં અલ્પવિરામ મુકાય છે.
- તેણે કહ્યું, 'હું આવીશ.'
- 'કે' પછી અને 'વગેરે' પહેલાં કેટલાંક પુસ્તકોમાં અલ્પવિરામ મુકાયેલું જોવા મળે છે, પરંતુ હવે આ રીતે અલ્પવિરામ મૂકવાનું બિનજરૂરી માનવામાં આવે છે.
- 'અને' 'તે' 'તથા' પહેલાં અલ્પવિરામ મૂકવાનું હવે બિનજરૂરી માનવામાં આવે છે.
- અમે મૂર્તિઓ, થાંભલા, છત વગેરે જોયાં.

ઉપરના વાક્યમાં મૂર્તિઓ, થાંભલા, - શબ્દો પછી અલ્પવિરામ મુકાયું છે. પણ વગેરે પહેલાં મુકાયું નથી.

- **અવતરણ ચિહ્નો :** એકવડાં વાપરવાં કે બેવડાં તે અંગે ચોક્કસ નિયમ નથી. પરંતુ હવે સામાન્ય રીતે એકવડાં અવતરણચિહ્નો વપરાય છે. અલબત્ત, અવતરણચિહ્નવાળા વાક્યમાં અંદર બીજું અવતરણચિહ્ન વપરાયું હોય ત્યારે વાક્યની શરૂઆતમાં બેવડું અને પછી અંદર એકવડું અવતરણચિહ્ન વાપરવું જોઈએ. જેમ કે,

  'સાહેબ, તમે મને 'સરસ્વતીચંદ્ર'નો પહેલો ભાગ આપશો ?'
- કોઈ શબ્દ કે શબ્દસમૂહ પર ખાસ ભાર મૂક્યો હોય ત્યારે એવા શબ્દ કે શબ્દસમૂહને અવતરણચિહ્નમાં મૂકવામાં આવે છે.

  નર્મદે કહ્યું, 'નિબંધ' લખવો એ જેવીતેવી વાત નથી.'

- પ્રશ્ન વાક્યમાં સામાન્ય રીતે પ્રશ્નચિહ્ન પછી અવતરણચિહ્ન મુકાય છે, જેમ કે તેણે પૂછ્યું, ‘તમે આવો છો ?’ પરંતુ અહીં તેણે પર ભાર છે. પરંતુ ‘પૂછ્યું’ પર ભાર હોય તો ? તેણે પૂછ્યું ‘તમે આવો છો’ ? - પ્રશ્નચિહ્ન પહેલાં અવતરણચિહ્ન આવે.
- પુસ્તકો, સામયિકો, વર્તમાનપત્રો, વગેરેનાં નામ, ગાડી, આગબોટ, વિમાન વગેરેનાં નામ, લેખકોનાં ઉપનામ, વિશિષ્ટ અર્થમાં થતા શબ્દપ્રયોગો અવતરણ ચિહ્નોમાં લખાય છે.
- **અર્ધવિરામ :** ‘અર્ધવિરામ’ બે કે વધારે પૂર્ણવિધાનોને જુદાં પાડવા માટે વપરાય છે, જેમ કે, મારો વાંધો યંત્રોની ઘેલછા સામે છે, યંત્રો સામે નહિ.
- **ગુરુવિરામ :** એક કથન પછી ખાસ ધ્યાનમાં લેવા માટેનું કથન આવે ત્યારે પહેલા કથન પછી ગુરુવિરામ મુકાય છે.

  તમે એક જ વ્રત લો : સ્વદેશીવ્રત.

  ગણતરી કરવી હોય, યાદી આપવી હોય કે વર્ણન કરવું હોય ત્યારે ગુરુવિરામ મુકાય છે.

  પુરુષાર્થ ચાર છે : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.
- **લઘુરેખા - ગુરુરેખા :**

  લઘુરેખા બે શબ્દો વચ્ચે મુકાય : રામ-લક્ષ્મણ. ગુરુરેખા - ચાલુ કથનમાં કશોક ઉમેરો કરવામાં આવે ત્યારે એ ઉમેરા તરફ ધ્યાન ખેંચવા માટે વપરાય છે.

  એ આવ્યો - આવ્યો એટલું જ નહિ, એણે પૂરી સક્રિયતાથી મીટિંગમાં ભાગ લીધો.
- **પ્રશ્નચિહ્ન - ઉદ્‌ગારચિહ્ન :**

  આ બે ચિહ્નો વાપરવામાં ઓછી ભૂલ થાય છે, પરંતુ કેટલીક વાર પ્રશ્નસૂચક શબ્દથી દોરવાઈ ઉદ્‌ગાર ચિહ્નની જગ્યાએ પ્રશ્નચિહ્ન મૂકી દેવાય છે, જેમાં, તમે બોલાવો તો હું કેમ ન આવું ?’ એવું લખાતું જોવા મળે છે, ખરેખર અહીં ભાવ પ્રગટ થયો છે એટલે ‘તમે બોલાવો તો હું કેમ ન આવું !’ એમ લખાય.
- **પૂર્ણવિરામ :** વાક્ય પૂરું થાય ત્યારે છેડે પૂર્ણવિરામ મુકાય તે તમે જાણો છો.

**નોંધ :** વિરામચિહ્નોનો અતિરેક ન થાય તે જોવું જોઈએ. અર્થગ્રહણમાં સુગમતા લાવવા માટે જ વિરામચિહ્નો છે તે યાદ રાખો.

- **અનુસ્વાર :**

  મીટિંગમાં લખાયું છે તે અહીં મૂક્યું.
- શું છૂટું લખવું ? શું ભેગું લખવું ?
- ‘જ’ છૂટો લખવો. પરંતુ ‘અને’ના અર્થમાં ‘તેમજ’ આવે ત્યારે ‘તેમજ’ એમ ‘જ’ ભેગો લખવો.
- કુટુંબીજનો તેમજ પડોશીઓ તેને ઘેર એકઠાં થયાં. આમ છતાં, ‘હું કહું તેમ જ તમારે કરવાનું છે.’ ત્યાં ‘જ’ છૂટો લખાય.
- ‘ય’ ‘અ’ ભેગા લખાય.

  ‘તમેય આવજો’ પણ એ જ અર્થનો શબ્દ ‘પણ’ છૂટો લખાય. ‘તમે પણ આવજો.’

- વિભક્તિના પ્રત્યયો ભેગા લખાય - નામયોગીઓ છૂટા લખાય.
- ‘તોપણ’, ‘જોકે’, ‘જેમકે’, ‘કેમકે’ ભેગા લખાય. (‘જેમકે’, ‘કેમકે’ છૂટા લખવાની રૂઢિ પણ છે.) પણ ‘કારણ કે’માં ‘કે’ છૂટો લખવો. (‘કારણકે’માં ‘કે’ ભેગો લખવાનો અભિપ્રાય પણ છે.) આવા બે અભિપ્રાયો હોય ત્યાં કોઈ પણ એક પ્રમાણે લખવું - પરંતુ પછી એકવાક્યતાથી એ નિયમ જાળવી રાખવો.
- સામાસિક શબ્દો ભેગા લખવા. આવા શબ્દોમાં બે ઓછા પ્રચલિત શબ્દો જોડાયા હોય તો બે શબ્દો વચ્ચે લઘુરેખા (-) મૂકવી. દા.ત. સ્ત્રી-ભ્રૂણ - પણ સ્ત્રીભ્રૂણ-હત્યા લખો તો એ લઘુરેખા મૂકવાને બદલે દર્શાવ્યા પ્રમાણે લખવું.
- ‘ને’ વિભક્તિના પ્રત્યય તરીકે આવે ત્યારે શબ્દની સાથે લખાય તે અગાઉ જોયું, પરંતુ ‘ને’ જ્યારે કોઈ લહેકારૂપે આવે કે પ્રશ્નાર્થ ક્રિયાપદ જોડે ‘હકાર’ કે અનુરોધ સૂચવવા માટે વપરાય ત્યારે ‘ને’ અલગ લખાય, જેમકે,
- એ અત્યારે ભલે ને, ના કહે, એ આવશે જ.

  (આવા પ્રયોગમાં ‘ને’ પછી અલ્પવિરામ અચૂક મૂકવું.)
- મેં કહ્યું હતું ને ?

**વાક્યરચના :**

(૧) વાક્યમાં ક્રિયાપદ હમેશાં કર્તાને અનુસરે છે.

(૧-ક) વાક્યમાં એકથી વધારે કર્તા હોય અને જુદી જુદી જાતિના હોય તો ક્રિયાપદ નાન્યતર જાતિના બહુવચનનું રૂપ લે છે.

- નદીકિનારે ફરીને પુરુષો, સ્ત્રીઓ અને બાળકો પાછાં ફર્યાં.

(ખ) વાક્યમાં કર્તા વધારે હોય અને તે ‘કે’ અથવા ‘અથવા’થી છૂટા પડતા હોય તો ક્રિયાપદ છેલ્લા કર્તાના જાતિવચનનું રૂપ લે છે, જેમ કે,

- ઑફિસમાં ખુરશી, ટેબલ કે સોસ પડ્યો છે.

(ગ) વાક્યમાં જો જુદા જુદા પુરુષોના કર્તા હોય તો પહેલા પુરુષના કર્તાને મુખ્ય સમજી ક્રિયાપદ પહેલા પુરુષ બહુવચનમાં મૂકવું, જેમ કે,

હું અને મારા ભાઈ મજામાં છીએ. પહેલા પુરુષનો કર્તા હોય જ નહિ તો બીજા પુરુષના કર્તા પ્રમાણે ક્રિયાપદને જાતિવચન લગાડવાં, જેમકે, તમે અને તમારાં પત્ની સાંજે આવશો ?

એક કરતાં વધારે કર્તા હોય તો ક્રિયાપદ બહુવચનમાં જ હોય, જેમકે,

રમેશ અને રાધા આવ્યાં નહિ.

(૨) વાક્યમાં ક્રિયાપદનું રૂપ કર્તરિ પ્રયોગમાં કર્તાનાં, કર્મણિપ્રયોગમાં કર્મનાં જાતિવચન લે છે. ભાવે પ્રયોગમાં ભાવનાં જાતિવચન લે છે. (ભાવ હંમેશાં નાન્યતર જાતિના એકવચનમાં હોય છે.)

- અમે રમવા જઈએ છીએ. (કર્તરિ)

- વિદ્યાર્થીઓએ પોતાનું ઘરકામ શિક્ષકને બતાવ્યું. (કર્મણિ)
- મારે હવે વાંચવું નથી. (ભાવે)

**ખાસ સૂચના :** 'થવું', 'હોવું' વગેરે ક્રિયાપદવાળા વાક્યમાં ક્રિયાપદના મુખ્ય કર્તાનાં જાતિવચન લાગે છે. 'શાકુંતલ' નાટકમાં માસ્ટર અમૃતલાલ શકુંતલા <u>થતા</u> (થતી નહિ.)

(૩) 'દરેક', 'પ્રત્યેક', 'હરેક' હમેશાં એક-વચન જ સૂચવે છે. એટલે તેની સાથે એકવચનનો પ્રયોગ જ થવો જોઈએ.

દરેક વિદ્યાર્થી ('વિદ્યાર્થીઓ' નહિ) સાંજે પાંચ વાગે પ્રાર્થનાખંડમાં આવે.

(૪) વાક્યમાં બે ક્રિયાપદો હોય અને તે દરેક કર્તાનું જુદું જુદું રૂપ સ્વીકારે તો કર્તાનાં જુદાં રૂપો વપરાય છે. જેમ કે,

રમેશ શાળામાં આવ્યો અને તેણે પોતાનું નામ નોંધાવ્યું.

(૫) 'શું' વિકારી પદ છે એટલે જે શબ્દ સાથે જોડાય તેનાં જાતિવચન પ્રમાણે તેનાં રૂપ થાય. શો પ્રશ્ન - શી વાત - શું કામ - શાં કામ.

(૬) 'થાઓ', 'જાઓ', 'ખાઓ' એમ લખાય. 'થાવ', 'જાવ', 'ખાવ' એમ બોલાય છે, અને તે પ્રમાણે લખાય પણ છે - જે ખોટા પ્રયોગો છે.

(૭) 'જોયેલું', 'ગયેલું' - વગેરેમાં 'ય' આવે, 'એ' નહીં. 'જોએલું', 'ગએલું' સાચા પ્રયોગો નથી.

(૮) કેટલાક શબ્દો ખોટી રીતે પ્રયોજાય છે, જેમ કે,

- 'સરતચૂક'ના સ્થાને 'શરતચૂક'.
- 'સહસ્ર'ના સ્થાને 'સહસ્ત્ર'.
- 'સ્રોત'ના સ્થાને સ્ત્રોત

(સંદર્ભ : 'ભાષાશુદ્ધિ' - રતિલાલ સાં. નાયક)

★ ★ ★

# જોડણી

## જોડણીના નિયમો

જોડણી એટલે લેખનપદ્ધતિ, શબ્દોમાં કયા અક્ષરો લખવા-જોડવા તેની રીત. જોડણીના નિયમો એટલે શબ્દો કેમ લખવા એ અંગેના નિયમો. (એટલે કે શબ્દની અંદર જે અક્ષર જેમ બોલાતા હોય તેમ લખાય.)

કોઈ એમ કહે કે શબ્દો જેમ બોલાતા હોય એમ લખાય. એટલે કે શબ્દની અંદર જે અક્ષર જેમ બોલાતા હોય તેમ લખાય. એમાં વળી નિયમોની શી જરૂર ? પણ આવું નથી. ભાષા બોલાય છે એમ હંમેશાં લખાતી નથી, લખી શકાતી પણ નથી. કોઈ પણ પ્રજામાં બોલચાલના ઘણા ભેદ હોય છે. બોલાતું હોય એમ લખાય તો એકનું લખેલું બીજો સમજી ન શકે એવું પણ બને. તેથી શિષ્ટ વ્યવહાર માટે એક ચોક્કસ લેખનપદ્ધતિ નિપજાવવી પડે છે અને જોડણીના નિયમો પણ કરવા પડે છે.

તમે ગુજરાતી ભાષા લખતાં શીખ્યા છો. એમાં આડકતરી રીતે તમે જોડણીના ઘણા નિયમો પણ શીખી ચૂક્યા હશો. પરંતુ હવે આપણે મહત્ત્વના નિયમોનો વ્યવસ્થિત રીતે અને દાખલાઓ સાથે પરિચય કરીએ, જેથી તમે તમારું લેખન પૂરેપૂરું શુદ્ધ બનાવી શકો. એ ખ્યાલમાં રાખશો કે ગુજરાતીમાં કેટલાક શબ્દોની જોડણી સામાન્ય નિયમોથી જુદી રીતની પણ સ્વીકારવામાં આવી છે. એટલે કેટલેક ઠેકાણે નિયમની સાથે આપણે અપવાદો પણ નોંધવાના રહેશે.

## શબ્દો : તત્સમ, તદ્ભવ અને અન્ય

ગુજરાતી ભાષાના ઘણા શબ્દો સંસ્કૃત ભાષામાંથી ઊતરી આવેલા છે, પણ એમના સ્વરૂપમાં ઓછોવત્તો ફેરફાર પણ થઈ ગયેલો હોય છે. જેમકે, સંસ્કૃતમાં ‘પિચ્છ’ શબ્દ હતો તેમાંથી ગુજરાતીનો ‘પીંછું’ શબ્દ આવ્યો છે. આ રીતે ફેરફાર થઈને ઊતરી આવેલા શબ્દોને ‘તદ્ભવ’ (તેમાંથી - મૂળ ભાષામાંથી બનેલા - ફેરફાર સાથે ઊતરી આવેલા) શબ્દો કહે છે. એટલે કે ‘પીંછું’ એ તદ્ભવ શબ્દ કહેવાય. પણ એનો અર્થ એવો નથી કે ગુજરાતી ભાષામાં સંસ્કૃત શબ્દો એના મૂળ સ્વરૂપમાં વપરાતા નથી. આપણે ‘પિચ્છ’ શબ્દ પણ વાપરી શકીએ છીએ. આ રીતે મૂળ સ્વરૂપમાં વપરાતા શબ્દો ‘તત્સમ’ શબ્દો કહેવાય. ‘પિચ્છ’, ‘શૂન્ય’, ‘વિદ્યુત્’ વગેરે તત્સમ શબ્દો છે.

એ જ રીતે ગુજરાતી ભાષામાં અંગ્રેજી તથા ફારસી ભાષામાંથી પણ ઘણા શબ્દો આવ્યા છે. તેમાં પણ આવો તત્સમ અને તદ્ભવ શબ્દોનો ભેદ હોવાનો. ‘ડોક્ટર’ તત્સમ શબ્દ છે, ‘દાક્તર’ તદ્ભવ શબ્દ છે, ‘મુફ્ત’ તત્સમ શબ્દ છે. ‘મફત’ તદ્ભવ શબ્દ છે.

આ ઉપરાંત, ગુજરાતી ભાષામાં એવા પણ શબ્દો છે, જે ક્યાંથી ઊતરી આવ્યા છે તેની ખાતરી નથી. ‘ડુંગર’ વગેરે આ જાતના શબ્દો છે.

શબ્દોના આ પ્રકારો વિશેની માહિતી એટલા માટે કામની છે કે તત્સમ શબ્દોની અને તદ્ભવ તથા અન્ય શબ્દોની જોડણી માટે આપણે જુદી વ્યવસ્થા સ્વીકારેલી છે. તદ્ભવ અને અન્ય શબ્દોની જોડણી કેટલાક નિયમો અનુસાર કરવામાં આવે છે, જ્યારે તત્સમ શબ્દોની જોડણી સામાન્ય રીતે મૂળ પ્રમાણે રાખવામાં આવે છે.

હવે આપણે જોડણીના મહત્ત્વના નિયમો જોઈએ.

## ‘ઇ’, ‘ઉ’ અને ‘ઈ’, ‘ઊ’
### (ક) તદ્‌ભવ શબ્દોમાં

જોડણીની બાબતમાં આપણી સૌથી મોટી ગૂંચવણ ક્યાં હ્રસ્વ ‘ઇ’, ‘ઉ’ (િ, ુ) વાપરવા અને ક્યાં દીર્ઘ ‘ઈ’, ‘ઊ’ (ી ૂ) વાપરવા તે અંગેની છે. તદ્‌ભવ શબ્દોમાં આ માટે ચોક્કસ વ્યવસ્થા નિપજાવવામાં આવી છે. પહેલાં આપણે તે જોઈએ.

**૧. સૌ પ્રથમ એક સીધો, સરળ નિયમ લઈએ. જોડાક્ષર એટલે કે સંયુક્ત વ્યંજન પહેલાંના ‘ઇ’, ‘ઉ’ હંમેશાં હ્રસ્વ લખાય છે. જેમકે,**

- સિક્કો, ચિત્તો, સિત્તેર, ટિપ્પણ, પિસ્તાળીસ, ઇસ્પિતાલ, પાકિસ્તાન
- ચુસ્ત, ભુસ્કો, લુચ્ચો, સુધ્ધાં, ડુક્કર, ધુમ્મસ, હુલ્લડ

૨. અનુસ્વારવાળા ‘ઇ’, ‘ઉ’ની જોડણીના નિયમો જાણતાં પહેલાં એક વાત સમજી લેવાની રહે છે. ગુજરાતીમાં જેને આપણે અનુસ્વારના ચિહ્નથી દર્શાવીએ છીએ તે ખરેખર બે જાતનાં ઉચ્ચારણ છે. ‘કાંતવું અને કાંતિ’ આ શબ્દોનાં ઉચ્ચારણો તપાસો. તમે જોશો કે ‘કાંતવું’ ના ‘કાં’માં હળવું અનુનાસિક ઉચ્ચારણ છે, જ્યારે ‘કાંતિ’ના ‘કાં’માં સબળ અનુનાસિક ઉચ્ચારણ છે. ‘કાંતિ’ને આપણે ‘કાન્તિ’ એમ લખી શકીએ છીએ, પણ ‘કાંતવું’ને ‘કાન્તવું’ એમ લખી શકતા નથી. ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ જોઈએ તો ‘કાંતવું’માં ‘આ’ સ્વરનું સાનુનાસિક ઉચ્ચારણ છે, જ્યારે ‘કાંતિ’માં ‘આ’ પછી અનુનાસિક વ્યંજન ‘ન્.’ છે. ‘કાંતવું’માં પોચો અનુસ્વાર છે. ‘કાંતિ’માં તીવ્ર અનુસ્વાર છે. ‘લૂંટ’, ‘સેંથો’, ‘હીંચકો’ વગેરેમાં પોચો અનુસ્વાર છે, ‘કંકુ’, ‘પિંજર’, ‘ઝુંડ’, ‘ચંબલ’ વગેરેમાં તીવ્ર અનુસ્વાર છે. ખરેખર તો ‘કંકુ’ વગરેમાં ઙ, ગ, ણ, મ્ એ અનુનાસિક વ્યંજનો છે અને એ શબ્દોને આપણે ‘કઙ્કુ’, ‘પિઞ્જર’, ‘ઝુણ્ડ’, ‘ચમ્બલ’ એમ પણ લખી શકીએ છીએ.

હવે આપણે અનુસ્વારવાળાં ‘ઇ’, ‘ઉ’ની જોડણીના નીચે પ્રમાણે નિયમો આપી શકીએ.

**(૧) શબ્દને અંતે આવતા અનુસ્વારવાળા ‘ઈ’ હંમેશાં દીર્ઘ લખાય છે અને ‘ઉ’ હ્રસ્વ લખાય છે. (શબ્દને અંતે પોચો અનુસ્વાર જ આવે.)** જેમ કે,

- અહીં, દહીં
- તું, શું, છું, ખોખું, પીંછું, બધું, કર્યું, કૂતરું, લપટું, વાસીદું, કરશું, કરવું

તમે જોઈ શકશો કે અંત્ય ‘ઉ’ મોટે ભાગે તો નપુંસકલિંગનું ચિહ્ન છે અથવા ક્રિયાપદના કાળા અર્થના પ્રત્યયમાં આવેલા છે.

**(૨)અંત્ય સિવાયના સ્થાને પોચા અનુસ્વારવાળા ‘ઈ’, ‘ઊ’ દીર્ઘ લખાય છે, જેમ કે,**

- ઈંટ, ખીંટી, રીંછ, શીંકું, જીંથરું, પીંખવું, હીંચકો, ચીંદરડી, ડીંડવાણું, હીંસારવ
- ઊંઘ, ગૂંચ, ઢૂંઢવું, સૂંઠ, ઘૂંટણ, રૂંવું, લૂંટારો, મૂંઝવણ, હૂંડિયામણ

**(૩)અંત્ય સિવાયના સ્થાને તીવ્ર અનુસ્વારવાળા ‘ઇ’, ‘ઉ’ હ્રસ્વ લખાય છે. જેમ કે,**

- ડિંગો, બિંદી, હિંદ, એરિંગ, ઓચિંતું, લવિંગ, કિંમત, જિંદગી, સિંદૂર, ઓશિંગણ, ટિંગાટોળી
- કુંજો, ઝુંડ, બુંદ, લુંગી, ડુંગર, ઝુંબેશ, મુંબઈ, રતુંબડું, પુંડરીક

૩. અનુસ્વાર વગરના અને પાછળ જોડાક્ષર ન હોય તેવા 'ઇ', 'ઉ'ની જોડણી અક્ષરસંખ્યા અને અક્ષરસ્થાન પર આધારિત છે. એટલે પહેલાં અક્ષરસંખ્યાની ગણતરી કેવી રીતે થાય છે તે સમજી લઈએ.

આમાં બે મુદ્દા ધ્યાનમાં લેવાના રહે છે :

(ક) બે શબ્દો જોડાય એટલે કે એનો સમાસ થાય ત્યારે મૂળ શબ્દોની જોડણી કાયમ રહે, અક્ષરસંખ્યા અને અક્ષરસ્થાન બદલવાથી બદલાય નહિ. જેમ કે, 'ભૂલ' અને 'થાપ' મળીને 'ભૂલથાપ' બને તેમાં 'ભૂ' એમ ને એમ જ રહે, હવે પછી આપણે જોઈશું કે છેલ્લેથી ચોથા સ્થાનનો 'ઉ' હ્રસ્વ થાય છે તેમ 'ભૂ'નો 'ભુ' નહિ થઈ જાય.

(ખ) ક્રિયાપદમાં 'શીખવું', મૂકવું વગેરે વિધ્યર્થનાં રૂપોની નહિ પણ 'શીખ', 'મૂક' એ મૂળ ધાતુની અક્ષરસંખ્યા જ ધ્યાનમાં લેવાય છે, કર્મણિમાં 'શીખા', 'મુકા'ની તથા પ્રેરકમાં 'શીખવ', 'મુકાવ'ની.

હવે આપણે અનુસ્વાર વગરના અને પાછળ જોડાક્ષર ન હોય તેવા શબ્દોની જોડણીના નિયમો જોઈએ :

**(૧) અનુસ્વાર વગરનો 'ઈ' શબ્દના છેલ્લા અક્ષરમાં હોય ત્યારે હંમેશાં દીર્ઘ લખાય છે. જેમ કે,**

- ઘી, છી, જી, બી,
  કઢી, ધાણી, બેલી, વીંછી,
  ઉપરી, ગળચી, વાટકી,
  આપવીતી, ગળથૂથી, સલામતી

'ઈ', 'ઉ' શબ્દના છેલ્લા અક્ષરમાં હોય ત્યારે એની પાછળ જોડાક્ષર આવવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી એ તમે સમજી શકશો. છેલ્લા સ્થાનના અનુસ્વારવાળા 'ઈં' પણ દીર્ઘ લખાય છે. ('અહીં') એ તમે આગળ ભણી ગયાં છો.

**(૨) અનુસ્વાર વગરનો 'ઉ' એકાક્ષરી શબ્દના છેલ્લા અક્ષરમાં આવે ત્યારે દીર્ઘ અને એકથી વધુ અક્ષરના શબ્દમાં છેલ્લા અક્ષરમાં આવે ત્યારે હ્રસ્વ લખાય છે. જેમ કે,**

- જૂ, થૂ, લૂ, રૂ
- ખેડુ, ચરુ, સાસુ, હજુ,
  કમાઉ, ગાંગડુ, ફાલતું,
  ફરમાસુ

આ નિયમમાં અપવાદરૂપ કેટલાક શબ્દો તમને દેખાશે -

કાબૂ, રજૂ, શરૂ, આબરૂ, ઉર્દૂ, વગેરે. આ ફારસી શબ્દો છે અને નિયમાનુસાર એની મૂળ જોડણી રાખવામાં આવી છે.

**(૩) અનુસ્વાર વગરના અને પાછળ જોડાક્ષર ન હોય તેવા 'ઈ', 'ઉ' છેલ્લેથી બીજા અક્ષરમાં આવે ત્યારે એ દીર્ઘ લખાય છે. જેમ કે,**

- ઝીણું, દીવો, બીક, લીટી,
  શીખ(વું), ઓશીકું, ખરીદ,
  મુનીમ, મણીકો, નસીક(વું),
  તવારીખ, સુડતાળીસ
- ચૂરો, ભૂલ, લૂખું, સૂડી,
  અંગૂઠો, ખેડૂત, ઘડૂલો, ધડૂક(વું),
  મજૂર, કરતત, તરબૂચ, વર્તણૂક

એ ધ્યાનમાં રાખવાનું છે કે - 'ઇય' - વાળા શબ્દોમાં 'ઇ' હ્રસ્વ લખાય છે તે હવે પછી તમે જોશો એટલે આવા શબ્દોમાં છેલ્લાથી બીજા અક્ષરનો 'ઇ' પણ હ્રસ્વ જ રહે છે. જેમ કે, કડિયો, ઢાળિયું, ધમાલિયું વગેરે. ક્રિયાપદનાં રૂપો 'જુએ', 'જુઓ' વગેરે પણ આ નિયમમાં આવતાં નથી.

ઉપરાંત, આ નિયમના અપવાદ રૂપે કેટલાક શબ્દોમાં છેલ્લેથી બીજા અક્ષરના 'ઈ', 'ઉ' દીર્ઘને બદલે હ્રસ્વ જ લખાય છે. જેમકે, કિલકિલ, ડિલ, મહિનો, વિશે, અંગુર, કારકુન, કાનુડો, જાંબુડો, જુદ્દું, ટહુકો, મહુડો, મેહુલો વગેરે.

**(૪) અનુસ્વાર વગરના અને પાછળ જોડાક્ષર ન હોય તેવા 'ઈ', 'ઉ' છેલ્લેથી ત્રીજા અક્ષરમાં હોય ત્યારે (ક) પાછળ જો દીર્ઘ અક્ષર હોય ત્યારે હ્રસ્વ લખાય છે અને (ખ) પાછળ હ્રસ્વ અક્ષર હોય ત્યારે દીર્ઘ લખાય છે. (દીર્ઘ અક્ષર એટલે આ, ઈ, ઊ, એ, ઐ, ઓ, ઔ-વાળા અક્ષર, બાકીના તે હ્રસ્વ અક્ષર) જેમ કે,**

- (ક) કિનારો, ઘિલોડું, દિવાળી, નિભાવ(વું), પનિહારી, બલિહારી
- (ક) ઉનાળો, ધુમાડો, સુતાર, ભુલાવ(વું)
- (ખ) કીમિયો, દીકરો, લીમડો, નીકળ(વું), શીખવ(વું), અડીખમ, કોઠીમડું
- (ખ) કૂતરો, ઘૂમટો, સૂતળી, કુતૂહલ, હકૂમત

અહીં પણ - 'ઈય' - વાળા શબ્દોમાં પાછળ હ્રસ્વ અક્ષર હોય ત્યાં પણ 'ઈ' હ્રસ્વ જ રહેશે. જેમ કે, ઇયળ, દિયર, મહિયર, સહિયર વગેરે.

આ જોડણી નિયમમાં અપવાદરૂપ પણ કેટલાક શબ્દો છે. જેમકે, દીવાન, દીવાનો, દીવાલ, બીમાર વગેરે ફારસી શબ્દોમાં પાછળ દીર્ઘ અક્ષરવાળા 'ઈ' હ્રસ્વ હોવા જોઈએ તેને બદલે દીર્ઘ છે. ઉપર, ઉપલું, કુલડી, કુમળું, ઘુવડ, ઝટકો, ટુકડો, ટુચકો, મુગટ, મુજબ, મુદત વગેરેમાં પાછળ હ્રસ્વ અક્ષર હોવા છતાં 'ઉ' દીર્ઘને બદલે હ્રસ્વ લખાય છે.

**(૫) છેલ્લેથી ચોથા કે તેથી ઉપરના અક્ષરમાં આવતા 'ઈ', 'ઉ' હંમેશાં હ્રસ્વ લખાય છે. જેમકે,**

- ખિસકોલી, નિસરણી, સિફારસ વિલાયત, શિખવાડ(વું), કિલકિલાટ
- ઉભડક, ભુલામણું, સુવાવડ, ઉતરામ, ગુલમહોર, સુડતાળીસ

'શૂરાતન' આ નિયમના અપવાદરૂપ છે. એમાં છેલ્લાથી ચોથા અક્ષરમાં 'ઉ' હ્રસ્વ હોવાને બદલે દીર્ઘ છે.

૪. અક્ષરના સ્થાન સાથે સંબંધ ધરાવતા આ નિયમો મૂળ શબ્દો માટેના છે, સાધિત એટલે કે એક શબ્દ પરથી બનેલા બીજા શબ્દ (કર્તરિમાંથી કર્મણિ કે પ્રેરક ક્રિયાપદ, ક્રિયાપદ પરથી સંજ્ઞા, સંજ્ઞા પરથી વિશેષણ)ને એ હંમેશાં આમ જ લાગુ પડતા નથી. એમાં કેટલાક ફેરફાર જોવા મળે છે.

**(૧) મૂળ ધાતુ પરથી કર્મણિ બને ત્યારે 'ઈ', 'ઉ' ઉપરના નિયમ મુજબ જ ફેરફાર પામે છે. છેલ્લેથી બીજા સ્થાને 'ઈ', 'ઉ' હ્રસ્વ બને છે કેમ કે પાછળ દીર્ઘ સ્વર આવે છે. જેમ કે,**

- રીઝ(વું)-રિઝા(વું)
  શીખ(વું)-શિખા(વું)
  નસીક(વું)-નસિકા(વું)
  નીપજ(વું)-નિપજા(વું)
- ઊડ(વું)-ઉડા(વું)
  મૂક(વું)-મુકા(વું)
  ઝઝૂમ(વું)-ઝઝુમા(વું)
  ઊતર(વું)-ઉતરા(વું)

એ નોંધપાત્ર છે કે કર્મણિના અર્થવાળા ધાતુઓમાં પણ 'ઇ', 'ઉ' હ્રસ્વ જ છે. જેમ કે, 'ચિડા(વું)', 'ખિજા(વું)', 'સુકા(વું)' વગેરે.

પણ છેલ્લેથી ત્રીજા સ્થાનના 'ઈ', 'ઉ' પાછળ હ્રસ્વ કે દીર્ઘ અક્ષર આવતા હોય તો તે મુજબ હ્રસ્વ કે દીર્ઘ રહે છે. જેમકે,

- નીપજ(વું) - નિપજાવ(વું)
  ઉકાળ(વું) - ઉકાળા(વું)
- ઊતર(વું) - ઊતરા(વું)
  મુકાવ(વું) - મુકાવા(વું)

અપવાદરૂપે પીડા(વું), પૂજા(વું), ખરીદા(વું), ખીજવા(વું), જીરવા(વું), નીકળા(વું), ઊચકા(વું), ઊજવા(વું), સૂચવા(વું) - વગેરે કર્મણિમાં પણ દીર્ઘ 'ઈ', 'ઊ' ચાલુ રહે છે.

**(૨) મૂળ ધાતુ પરથી પ્રેરક બને ત્યારે શબ્દસંખ્યામાં ફેરફાર થતાં 'ઇ', 'ઉ'નું સ્થાન બદલાતાં જોડણીના સામાન્ય નિયમ મુજબ ફેરફાર થાય છે. જેમકે,**

- રીઝ(વું) - રીઝવ(વું) - રિઝાવ(વું)
  શીખ(વું) - શીખવ(વું) - શિખવાડ(વું)
  પીરસ(વું) - પિરસાવ(વું)
- ભૂલ(વું) - ભુલાવ(વું) - ભૂલવ(વું)
  ઝૂક(વું) - ઝુકાવ(વું)
  ઊકલ(વું) - ઉકેલ(વું)

**(૩)ક્રિયાપદ પરથી સંજ્ઞા, વિશેષણ વગેરે બને ત્યારે પણ 'ઇ', 'ઉ'નું સ્થાન બદલાતાં નિયમ મુજબ ફેરફાર થાય છે. જેમકે,**

- શીખ(વું) - શિખાઉ
  શીખવ(વું) - શિખવણી
  છૂટ(વું) - છુટકારો
  ધ્રૂજ(વું) - ધ્રુજારી
  ભૂલ(વું) - ભુલકણું
- ઊતર(વું) - ઉતરાણ
  ઊગ(વું) - ઉગમણું

અપવાદ રૂપે 'પૂજ(વું)' - 'પૂજારી'માં 'ઉ' હ્રસ્વ થતો નથી.

**(૪) સંજ્ઞા પરથી વિશેષણ બને ત્યારે પણ નિયમ મુજબના ફેરફાર થાય છે. જેમકે,**

- જીભ-જિભાળું
  રીસ-રિસાળ
  ખીચડી-ખિચડિયું
  સૂતર-સુતરાઉ
- દૂધ-દુધાળું
  ચૂનો-ચુનારો
  ઘૂઘરી-ઘુઘરિયાળ

**(૫) ક્રિયાપદોનાં કૃદંતરૂપોમાં મૂળ જોડણી ચાલુ રહે છે. જેમકે,**

- રીઝ(વું)-રીઝેલ, રીઝનાર
  રિઝા(વું)-રિઝાયેલ, રિઝાનાર
  રીઝવ(વું)-રીઝવેલ, રીઝવનાર
- ઊડ(વું)-ઊડેલ, ઊડનાર
  ઉડા(વું)-ઉડાયેલ, ઉડાનાર
  ઉડાવ(વું)-ઉડાવેલ, ઉડાવનાર

**(૬) વિશેષણ પરથી સંજ્ઞા બને ત્યારે પણ મૂળ શબ્દની જોડણી ચાલુ રહે છે. જેમ કે,**

- ઝીણું-ઝીણવટ
  મીઠું-મીઠાશ
  અધીર-અધીરપ
  ગરીબ-ગરીબાઈ
- જૂઠું-જૂઠાણું
  જૂનું-જૂનવટ
  અધૂરું-અધૂરપ
  ઊજળું-ઊજળાશ

એ ધ્યાનમાં રાખવું જોઈએ કે સાધિત શબ્દોમાં પણ અનુસ્વારવાળા 'ઇ', 'ઉ'ની મૂળ જોડણીમાં ફેરફાર થતો નથી. પોચા અનુસ્વારવાળા 'ઈ', 'ઊ' લખાય છે એ આપણે આગળ નોંધેલો નિયમ અહીં કામ કરે છે. જેમકે,

- પીંખ(વું)-પીંખા(વું)-પીંખાવ(વું)
  હૂંફ-હૂંફાળું
  ચૂંટ(વું)-ચૂંટણી
- ભૂંસ(વું)-ભૂંસા(વું)-ભૂંસાવ(વું)

૫. ગુજરાતીમાં કેટલાક પ્રત્યયોમાં 'ઇ' કે 'ઉ' આવે છે. એમાં હ્રસ્વ કે દીર્ઘ 'ઇ', 'ઉ' છે તે ખ્યાલમાં રાખ્યું હોય તો એ પ્રત્યયોવાળા બધા શબ્દોની જોડણીમાં કામ આવે.

જુઓ :

- ઈક : પોતીકું, બાપીકું, મણીકો
  ઈલ : કોડીલું, ઝેરીલું, મોજીલું
  ઇય : ગામડિયું, દિવેલિયું, રસોઇયો
  ઇયલ : કોઢિયલ, દમિયલ
  ઇયાળ : રમતિયાળ
- ઊક : દંડૂકો
  ઊડ : દંતૂડી, બાપૂડું
  ઊલ : ઘડૂલો, દડૂલો

જોકે આમાંના ઘણા શબ્દો જોડણીના સામાન્ય નિયમમાં આવી જાય છે. આવા કિસ્સાઓમાં 'ઉ'ની બાબતમાં ઘણા અપવાદો છે એ નોંધવું જોઈએ : મટુકી, કાનુડો, જાંબુડો, બાળુડું, મહુડો, મેહુલો વગેરે.

**(ખ) સંસ્કૃત - શબ્દોમાં**

૧. ગુજરાતીમાં વપરાતા સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણી સંસ્કૃતમાં જેમ થતી હતી તેમ જ રાખવામાં આવે છે. એને ગુજરાતી જોડણીના નિયમો લાગુ પાડવામાં આવતા નથી. સંસ્કૃત શબ્દોની જોડણી એ શબ્દો જે રીતે બનેલા હોય તેના પર આધાર રાખે છે. એમાં ગુજરાતીના જેવા વ્યાપક નિયમો તારવી શકાતા નથી. પણ ધ્યાનથી જોતાં કેટલાંક વ્યાપક વલણો તારવી શકાય છે. સાચી જોડણી કરવામાં મદદરૂપ થાય એ હેતુથી એવાં કેટલાંક વલણો અહીં નોંધીએ, પણ એ સાર્વત્રિક નિયમો નથી એ ખાસ ખ્યાલમાં રાખવું જોઈએ.

**(૧) ('ર'ના જોડાક્ષર સિવાય) જોડાક્ષર પહેલાં સંસ્કૃતમાં પણ સામાન્ય રીતે હ્રસ્વ 'ઇ', 'ઉ' આવે છે. જેમ કે,**

- ઇચ્છા, ઇન્દ્ર, ચિહ્ન, દિવ્ય,
  નિષ્ઠા, બિમ્બ, વિન્ધ્ય, શિષ્ટ,
  દરિદ્ર, પવિત્ર, સંક્ષિપ્ત
- ઉગ્ર, ક્ષુદ્ર, ગુપ્ત, તુચ્છ,
  દુષ્ટ, બુદ્ધ, મુક્ત, મુગ્ધ,
  આદિત્ય, ઉત્સવ, પુષ્કળ

'ન', 'મ' વગેરે અનુનાસિકો ગુજરાતીમાં અનુસ્વારના ચિહ્નથી દર્શાવાય છે. ('બિંદુ', 'બિંબ' વગેરે) એ યાદ કરો એટલે એમ પણ કહી શકાય કે **(તીવ્ર) અનુસ્વારવાળા 'ઇ', 'ઉ' હ્રસ્વ લખાય છે.** એનાં બીજાં ઉદાહરણો પણ જુઓ :

- પિંડ, લિંગ, સિંહ
- કુંડ, ઉત્તુંગ, કુંજન

'પરીક્ષા', 'રવીન્દ્ર', 'સૂક્તિ' વગેરે શબ્દો આમાં અપવાદરૂપ જણાશે, પરંતુ એ શબ્દોમાં પરિ-ઈક્ષા, રવિ-ઇન્દ્ર, સુ-ઊક્તિ એમ સંધિ થયેલી છે. ઈક્ષા નો દીર્ઘ 'ઈ' પણ અપવાદમાં જ આવે. 'તીવ્ર', 'શીઘ્ર', 'ગ્રીષ્મ', 'સૂત્ર', 'સૂક્ષ્મ', 'તીક્ષ્ણ', 'શૂન્ય' વગેરે બીજા પણ ઘણા અપવાદો છે.

**(૨) 'ર'ના જોડાક્ષર પૂર્વે દીર્ઘ 'ઈ', 'ઊ' આવે છે. જેમકે,**

- ઈર્ષા, જીરણ, દીર્ઘ, પ્રકીર્ણ, વિસ્તીર્ણ, શીર્ષક, આશીર્વાદ
- ઊર્ધ્વ, પૂર્ણ, ધૂર્ત, પૂર્વ મૂર્ચ્છા, સ્ફૂર્તિ, મુહૂર્ત મૂર્ધન્ય

૨. સંસ્કૃતમાં ઘણા શબ્દો આગળપાછળ પ્રત્યય લાગીને બનેલા હોય છે. જે પ્રત્યયોમાં 'ઇ' કે 'ઉ' હોય એમને જાણી લીધા હોય તો એ પ્રત્યયોવાળા બધા શબ્દોની જોડણી હાથવગી થઈ જાય. નીચે 'ઇ' અને 'ઉ' વાળા મહત્ત્વના પ્રત્યયો, દૃષ્ટાંતરૂપ શબ્દો સાથે, આપ્યા છે તે બરાબર ધ્યાનમાં રાખો :

**અધિ :** અધિક, અધિકાર, અધિપતિ, અધિવેશન.

(પણ અધિ + ઈત = અધીત, અધિ + ઈન = અધીન)

**અભિ :** અભિકોણ, અભિજિત, અભિનય, અભિરુચિ

(પણ અભિ + ઈપ્સા = અભીપ્સા, અભિ + ઈષ્ટ = અભીષ્ટ)

**આવિસ્ :** આવિષ્કાર, આવિર્ભાવ

**નિ :** નિકટ, નિધિ, નિરૂપણ, નિષેધ

**નિ :** / નિશ્ / નિષ્ / નિસ્ / નિર્ / ની : નિઃસ્વાર્થ, નિશ્ચય, નિષ્કામ, નિસ્તેજ, નિરક્ષર, નિરુપમ, નિર્દય, નિર્ણાયક, નીરવ, નીરસ, નીરોગી, નીડર

**પરિ :** પરિચય, પરિણામ, પરિભ્રમણ, પરિશ્રમ

(પણ પરિ + ઈક્ષા =પરીક્ષા)

**પ્રતિ :** પ્રતિકૂળ, પ્રતિનિધિ, પ્રતિમા, પ્રતિષ્ઠા)

(પણ પ્રતીક્ષા, પ્રતીક, પ્રતીત)

**વિ :** વિકટ, વિઘ્ન, વિભૂતિ, વિવેક

**અનુ :** અનુકૂલ, અનુજ્ઞા, અનુરૂપ, અનુયાયી

ઉત્ / ઉદ્ / ઉન્ / ઉલ્ : ઉત્કટ, ઉત્તમ, ઉત્સાહ, ઉત્તમ, ઉત્સાહ, ઉદ્ઘાટન, ઉદાહરણ, ઉદ્ધત, ઉન્નયન, ઉન્માદ, ઉલ્લેખ, ઉલ્લંઘન

**ઉપ :** ઉપહાર, ઉપાધિ, ઉપયોગ, ઉપવાસ

**કુ :** કુકર્મ, કુપુત્ર, કુવિચાર, કુસંસ્કાર

**દુ :** / દુષ્ / દુસ્ / દુર્ : દુઃશાસન, દુષ્કર, દુસ્તર, દુરાગ્રહ, દુરુપયોગ, દુર્જન

**અનીય :** દર્શનીય, મનનીય, રમણીય, વંદનીય

**ઈક / ઈકા :** આધુનિક, ધનિક, વૈજ્ઞાનિક, સામાજિક, અંબિકા, કણિકા, ગાયિકા, પ્રણાલિકા, માર્ગદર્શિકા (પણ રમણીક)

**ઈત :** અંકિત (આજ્ઞાંકિત), ગણિત, પૂજિત, સુશોભિત

(પણ અતિ + ઈત =અતીત, કલ્પનાતીત, ઉપરાંત 'નીત' વાળા નવનીત, નિર્ણીત, પરિણીત)

**ઈન :** અર્વાચીન, કુલીન, ગ્રામીણ, નવીન

(પણ થોડાક શબ્દોમાં 'ઇન' : કટિન, નલિન, મલિન)

**ઈ / ઈની :** (સંસ્કૃતમાં 'ઇન્' પ્રત્યય છે, પણ પુલ્લિંગમાં એનો 'ઈ' થાય છે. સ્ત્રીલિંગમાં 'ઇની' થાય છે.) તરંગી-તરંગિણી, માની-માનિની, વિદ્યાર્થી-વિદ્યાર્થિની, સ્વામી-સ્વામિની, ઉપયોગી, પ્રવાહી, સંવાદી, સંસ્કારી, પક્ષી, પ્રાણી, શશી, તારિણી, નલિની, મંદાકિની

('ત્વ', 'તા' પ્રત્યય 'સ્વામિ' વગેરેને લાગે છે. તેથી, સ્વામિત્વ, ઉપયોગિતા, સંવાદિત્વ, સંવાદિતા, સંસ્કારિતા વગેરે)

**ઈમ :** અગ્રિમ, અંતિમ, કૃત્રિમ, પશ્ચિમ

**ઈમા :** ગરિમા, મહિમા, નીલિમા

**ઈય / કીય :** આત્મીય, બંધારણીય, રાષ્ટ્રીય, પ્રજાકીય, રાજકીય

**ઈલ :** અખિલ, ઊર્મિલ, જટિલ, સલિલ

**તિ (સંધિને કારણે 'ટિ', 'ઢિ', 'થિ', 'ધિ', 'નિ') :** ઉન્નતિ, સંમતિ, કીર્તિ, નીતિ, સ્થિતિ, મુક્તિ, શ્રુતિ, આહુતિ, દૃષ્ટિ, પુષ્ટિ, સૃષ્ટિ, રૂઢિ, ગ્રંથિ, બુદ્ધિ, શુદ્ધિ, ગ્લાનિ, હાનિ.

(પણ એકમત + ઈ =એકમતી, બહુમત + ઈ =બહુમતી)

**મતી/વતી :** ઇન્દુમતી, ચારુમતી, રૂપમતી, કલાવતી, ભગવતી, સરસ્વતી

**વી/વિની :** (સંસ્કૃતમાં 'વિન્' પ્રત્યય છે, જેનું પુલ્લિંગમાં 'વી' અને સ્ત્રીલિંગમાં 'વિની' થાય છે.)

તેજસ્વી-તેજસ્વિની, મનસ્વી-મનસ્વિની, માયાવી-માયાવિની

૩. સંસ્કૃતમાં 'કૃ' ને 'ભૂ' ધાતુનાં રૂપો સંજ્ઞા કે વિશેષણની સાથે જોડવામાં આવે છે ત્યારે વચ્ચે ઉમેરાતો 'ઈ' દીર્ઘ હોય છે. જેમ કે,

- એકીકરણ, વર્ગીકરણ, સ્વીકાર
- બાષ્પીભવન, ભસ્મીભૂત

૪. હવે ગુજરાતીમાં વપરાતા બીજા કેટલાક શબ્દો જોઈએ જેમાં 'ઇ', 'ઉ'ની જોડણી ગુજરાતી તદ્ભવ શબ્દોની જોડણીના નિયમો અનુસાર ન થતી હોય કે જેની જોડણી વિશે આપણે કાળજી રાખવાની જરૂર હોય :

- અસ્થિ, પતિ, પત્ની, રવિ, રુચિ, લિપિ, અંજલિ,
  તિથિ, અતિથિ, નિધિ, ઉદધિ, ઉપાધિ, વ્યાધિ
  ભાવિ/ભાવી, રજનિ/રજની, રાત્રિ/રાત્રી, સૂચિ/સૂચી
  ઈશ, ઈશ્વર, અધીશ, ગિરીશ, જગદીશ, જગદીશ્વર
  ઈક્ષા, સમીક્ષા, દીક્ષા, ભિક્ષા, શિક્ષા
  શિલા (- પથ્થર), શીલા (નામ), શિર, શીર્ષ
  દિન (- દિવસ), દીન (- ગરીબ), લીલા, સલિલ
  ચિર (- લાંબું), ચીર (- વસ્ત્ર), હિત, પિતા
  જીર્ણ, જીર્ણશીર્ણ, પ્રકીર્ણ

- રુધિર, સચિવ, આશિષ, આશીર્વાદ, બીભત્સ
  ઉર, ઉષા, ધ્રુવ, પુર (- શહેર), પૂર (- મોટો પ્રવાહ), સુર (- દેવ), સૂર (- ધ્વનિ) સુત
  વ્યૂહ, શૂન્ય, સ્ફુટ, સ્થૂળ, સૂક્ષ્મ
  અરુણ, કરુણા, તરુણ, અદ્‌ભુત, ઉદ્‌ભૂત, અવધૂત
  કુલ, આકુલ, અનુકૂલ, પ્રતિકૂલ, આહુતિ
  શ્રીયુત, વિદ્યુત્, ભુવન, રુદન, સ્ફુરણા, સ્ફૂર્તિ
  નિરુપાય, નિરુપમ, નિરૂપણ

**(ગ) ફારસી અને અંગ્રેજી શબ્દોમાં**

ફારસી અને અંગ્રેજી શબ્દોની જોડણી સામાન્ય રીતે મૂળ પ્રમાણે રાખવામાં આવે છે. ઘણા શબ્દોમાં 'ઈ', 'ઉ'ની જોડણી ગુજરાતી જોડણીના નિયમોમાં બંધ બેસી જાય છે, પણ કેટલાક શબ્દોની જોડણી એનાથી જુદા પ્રકારની થાય છે. વધારે વપરાશના તેવા શબ્દો નોંધીએ.

૧. પહેલાં એવા ફારસી શબ્દો :

- દિલ, કોશિશ, મસ્જિદ, મુફલિસ, માહિતી
  ફિકર, જિગર, શિકલ, દીવાન, દીવાલ
- ઉર્દૂ, દારૂ, શરૂ, જાજરૂ, રૂબરૂ, હૂબહૂ, રૂમાલ
  ગુનો, ચાબુક, નાજુક, કારકુન, તરજુમો, બહાદુર
- ઉમર, કુલડી, ખુમચો, ખુશબો, ખુરશી
  બુરખો, મુદત, મુજબ, હુકમ, હુમલો

૨. હવે અંગ્રેજી શબ્દો :

- કિલો, ડિગ્રી, મિલ, હિરો, સિટી, યુનિવર્સિટી, કમિટી
  એપ્રિલ, એન્જિન, ઑફિસ, ટેનિસ, નોટિસ,
  સર્વિસ, મેટ્રિક, પરમિટ, પ્લાસ્ટિક
  ઇંગ્લિશ, ટિકિટ, ટિફિન, મિનિટ, સિવિલ, વિટામિન
  મિશન, લિટર, મિટર, કિલોમિટર, સ્ટીમર
  ફર્નિચર, હોસ્પિટલ, ટેલિવિઝન, ટેલિફોન

એ ધ્યાનમાં રાખવાનું છે કે અંગ્રેજી શબ્દોમાં અંત્ય 'ઈ' ગુજરાતીમાં હંમેશાં દીર્ઘ લખવામાં આવે છે, એને એ શબ્દના ખરા ઉચ્ચારણ સાથે સંબંધ નથી. ઉપર એના દાખલા તમે જોઈ શકશો.

**'ઇય' અને 'ઈઅ'**

શબ્દના મૂળ ઘડતરમાં જ 'ઈ' પછી સ્વર આવતો હોય તો બંનેને બદલે 'ઈઅ' નહિ પણ 'ઇય' લખવામાં આવે છે. ફારસી અને અંગ્રેજી શબ્દોની જોડણીમાં પણ આ વ્યવસ્થા સ્વીકારવામાં આવી છે. જેમકે,

- બિયું, દિયર, કડિયો, ધોતિયું, ગરાસિયો
  સહિયર, કાઠિયાવાડ, કંગાલિયત
- તકિયો, દરિયો, દુનિયા, કજિયો, કીમિયો
- રેડિયો, સ્ટુડિયો, રેડિયમ, શેક્સપિયર, થિયેટર

સંસ્કૃતમાં પણ ઘણે સ્થાને આ સ્થિતિ દેખાય છે :

- પ્રિય, ક્રિયા, નિયતિ, નિયામક, ક્ષત્રિય, ઇન્દ્રિય

પણ વચન, વિભક્તિ કે કાળ-અર્થના પ્રત્યયો હોય ત્યાં ઉપર મુજબ ફેરફાર નથી થતો. જેમ કે,

- નદીઓ, અંજલિઓ, દીકરીઓ
  નદીએ, અંજલિએ, દીકરીએ
- કરીએ, બોલીએ, હસીએ

**'ઋ', 'રુ' અને 'ર'**

સંસ્કૃતમાં 'ઋ' સ્વર હતો અને એનું ઉચ્ચારણ 'રુ'થી જુદું હતું. ગુજરાતીમાં પણ રુ તરીકે જ બોલાય છે. વળી કેટલીક વાર 'ઋ' અને જોડાક્ષરમાં આવેલા 'ર'ની ભ્રાંતિ પણ થાય છે. એટલે ક્યાં 'ઋ', 'રુ' અને 'ર' છે એ જરા કાળજીથી યાદ રાખવું જોઈએ. નીચેના શબ્દો જુઓ :

- ઋણ, ઋષિ, ગૃહ, દૃષ્ટિ, દૃશ્ય
  કૃત્ય, કૃત, સ્મૃતિ, ધૃતરાષ્ટ્ર
- રુધિર, ક્રુદ્ધ
- દ્રષ્ટા, ગ્રહ (આકાશનો)

તદ્ભવ, અંગ્રેજી કે ફારસી શબ્દોમાં 'ઋ' ન આવે 'રુ' જ આવે. જેમકે,

- ગ્રુપ

**'ળ', 'ડ', 'ર' ને 'ય'**

કેટલીક વાર બોલચાલમાં શબ્દની વચ્ચે આવતા 'ળ', 'ડ', 'ર'ને બદલે 'ય' બોલાય છે. જેમકે, ગળણીને બદલે 'ગયણી', 'ખાંડણી'ને બદલે 'ખાંયણી', 'બારણું'ને બદલે 'બાયણું', પણ લેખનમાં 'ગળણી', 'ખાંડણી', 'બારણું' એ જોડણી જ સ્વીકારવામાં આવી છે.

-

કેટલાક શબ્દોમાં કેટલીક વાર વ્યંજનની સાથે 'હ' બોલાતો જોવા મળે છે. જેમકે, 'ન્હાનું', 'બ્હેન', 'મ્હોં', 'મ્હારું' વગેરે. પણ આ રીતે 'હ' જોડીને લખવાની પદ્ધતિ સ્વીકારવામાં નથી આવી. કેટલાક શબ્દોમાં 'હ' છૂટો લખવામાં આવે છે. જેમકે,

- ચહેરો, પહાડ, પહેરો, પહોંચ, પહોળું, બહોળું, બહેન, મહેર, બહેરું, વહેણ, વહાલું, સહેજ, નાહવું, મોહવું વગેરે.

કેટલાક શબ્દોમાં 'હ' લખવામાં આવતો નથી. જેમકે,

- જયાં, ત્યાં, મારું, તારું, નાનું, મોટું, ઊનું, બીક, મોં વગેરે

**'દ્ધ' ને'ધ્ધ' વગેરે**

સંસ્કૃતમાં 'બુદ્ધિ', 'યુદ્ધ' જેવા શબ્દોમાં દ્ - ધ (અલ્પપ્રાણ - મહાપ્રાણ વ્યંજન છે.) પણ ગુજરાતી તદ્ભવ અધ્ધર, સુધ્ધાં જેવા શબ્દોમાં બેવડો ધ (મહાપ્રાણ) છે. એટલે બંનેમાં અહીં બતાવ્યા પ્રમાણે જુદી રીતે લેખન કરવાનું હોય છે.

સંસ્કૃતિમાં અલ્પપ્રાણ ને મહાપ્રાણ જોડાઈને આવી શકતા, પરંતુ ગુજરાતીમાં બે મહાપ્રાણ જ આવી શકે છે. જેમકે, 'પત્થર' નહિ, પણ 'પથ્થર', 'ચિઠ્ઠી' નહિ પણ 'ચિઠ્ઠી', 'ચોકખું' નહિ પણ 'ચોખ્ખું' વગેરે. પણ 'અચ્છેર' વગેરેમાં 'ચ્છ' લખવામાં આવે છે.

**'ષ્ટ' અને 'ષ્ઠ'**

સંસ્કૃતમાં ભૂતકૃદંતનો 'ત' પ્રત્યય તથા સંજ્ઞા બનાવનાર 'તિ' પ્રત્યય સંધિને કારણે 'ટ' તથા 'ટિ' થાય છે, જે ધાતુના છેલ્લા 'શ્ સાથે મળતાં 'ષ્ટ' થાય છે. બીજે પણ 'ષ્ટ' એ જોડાક્ષર આવે છે. જેમકે,

- ઈષ્ટ, અનિષ્ટ, ઉદ્દિષ્ટ, ક્લિષ્ટ, મિષ્ટ, શિષ્ટ, પરિશિષ્ટ, વિશિષ્ટ, શ્લિષ્ટ, હૃષ્ટપુષ્ટ, ઉત્કૃષ્ટ, દુષ્ટ, દૃષ્ટિ, સૃષ્ટિ, અષ્ટ, સ્પષ્ટ

બીજુ બાજુથી અધિકતા બતાવનાર 'ઈષ્ઠ' પ્રત્યય છે તથા બીજા શબ્દોમાં પણ 'ષ્ઠ' એ જોડાક્ષર આવે છે. જેમકે,

- રોગિષ્ઠ, સ્વાદિષ્ઠ, કનિષ્ઠ, જયેષ્ઠ, શ્રેષ્ઠ, વરિષ્ઠ, પાપિષ્ઠ, ધર્મિષ્ઠ, વસિષ્ઠ, શર્મિષ્ઠા, કાષ્ઠ, પરાકાષ્ઠા, નિષ્ઠા, નૈષ્ઠિક, પૃષ્ઠ, પ્રતિષ્ઠા, સુષ્ઠુ

'ષ્ટ' અને 'ષ્ઠ'નો આ ભેદ ધ્યાનમાં રાખવો જોઈએ.

**અનુસ્વાર**

ઘણા ગુજરાતી શબ્દોના બંધારણમાં જ અનુસ્વાર છે. એ શબ્દો કોશના ઉપયોગથી જાણી લેવા જોઈએ. ખાસ કરીને અંતે અનુસ્વારવાળા શબ્દો તરફ વિશેષ ધ્યાન આપવું જોઈએ. તે ઉપરાંત, નીચેના મહત્ત્વના નિયમો પણ તમને અનુસ્વારના દોષમાંથી બચવામાં મદદરૂપ થશે.

એકવચનમાં નપુસંકલિંગનાં વિકારી સંજ્ઞા, વિશેષણ, કૃદંત અનુસ્વારવાળાં હોય છે.

જેમકે,

- આ છોકરું ડાહ્યું છે.
- આવું મજાનું પુસ્તક તમને ન ગમ્યું ?

પણ પાછળ પ્રત્યય લાગેલો હોય તો અનુસ્વાર આવતો નથી. જેમકે,

- આ ડાહ્યા છોકરાને વઢશો નહિ.
- આવા મજાના પુસ્તકમાં તમને રસ ન પડ્યો ?

બહુવચનમાં નપુંસકલિંગનાં વિકારી સંજ્ઞા, વિશેષણ, કૃદંત, હંમેશાં અનુસ્વારવાળાં હોય છે. જેમકે,

- આ છોકરાં ડાહ્યાં છે.
- આ ડાહ્યાં છોકરાંને વઢશો નહિ.
- આવાં મજાનાં પુસ્તકો તમને ન ગમ્યાં ?
- આવાં મજાનાં પુસ્તકોમાં તમને રસ ન પડ્યો ?

બે જુદાં જુદાં લિંગની સંજ્ઞાઓ માટે સમાન રીતે વપરાતાં વિકારી વિશેષણો, કૃદંતો પણ અનુસ્વારવાળાં આવે છે. જેમકે,

- રામસીતા વનમાં ગયાં.
- મેં થાળીવાટકો ખરીદ્યાં.
- આ ભાઈબહેન ઘણાં ભલાં છે.
- એ ભલાં ભાઈબહેનને તમે કેમ બોલાવ્યાં નહિ ?

સ્ત્રીલિંગમાં માનાર્થે બહુવચન હોય ત્યારે પણ વિકારી વિશેષણ ને કૃદંત અનુસ્વાર સાથે આવે છે. જેમકે,

- મારાં મોટાં બહેન મુંબઈથી આવ્યાં છે.

ગુજરાતીમાં અંતે 'ઉ' વાળાં નામો અનુસ્વાર વગરનાં તેમજ અનુસ્વારવાળાં - એમ બંને પ્રકારનાં છે તે લક્ષમાં રાખવા જેવું છે. દા.ત., 'તાંબુંમાં અંતે અનુસ્વારવાળો 'ઉ' છે, 'લીંબુ'માં અનુસ્વાર વગરનો. તમે જોશો કે, 'તાંબું' વિકારી સંજ્ઞા છે, એને પ્રત્યય લગાડતાં 'તાંબાથી', 'તાંબાનું' એમ થઈ જાય છે, પણ 'લીંબું' અવિકારી સંજ્ઞા છે, એને પ્રત્યય લગાડીએ ત્યારે 'લીંબુથી', 'લીંબુનું' એમ જ રહે છે. એટલે કે વિકારી 'ઉ' - કારાન્ત નામોમાં અનુસ્વાર હોય, પણ અવિકારી 'ઉ' કારાન્ત નામોમાં ન હોય. 'સોનું', 'રૂપું', 'ખોખું', 'ગોબરું', 'તુંબડું' વગેરે વિકારી નામો છે એટલે અનુસ્વારવાળાં છે ને 'રખડુ', 'ગોખરુ', 'ગાંગડુ', 'હાકેડુ' વગેરે અવિકારી નામો છે એટલે અનુસ્વાર વગરનાં છે.

**છેવટે કોશનો ઉપયોગ**

જોડણીના નિયમો ઘણા છે ને જલદીથી યાદ રહે તેવા નથી. નિયમો જાણવા માત્રથી જોડણીશુદ્ધિ આવે પણ નહિ. એ તો મહાવરાથી અને કોશનો ઉપયોગ કરતા રહેવાથી જ આવે. એટલે જોડણીની ખાતરી માટે વારંવાર જોડણીકોશ જોતા રહેવાની ટેવ પાડવી જોઈએ.

*સૌજન્ય : ગુજરાત શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.*

★ ★ ★

# દાર્શનિક પાઠ

## ધોરણ-૬

**એકમ : રેલવે સ્ટેશન (ચિત્રપાઠ)**

(અહીં મૂકવામાં આવેલ દાર્શનિક પાઠ એક નમૂનારૂપ છે. શિક્ષક પોતાની આગવી આવડતથી એમાં યોગ્ય ફેરફાર કરી પાઠને વધુ અસરકારક બનાવી શકે છે.)

**વિશિષ્ઠ હેતુઓ :**

- પ્રવૃત્તિઓ, મુલાકાતો, પૂછપરછ, પ્રોજેક્ટ કાર્ય દ્વારા સમજ કેળવે.
- પરિચિત પ્રસંગો, સ્થળો અને પરિસ્થિતિનું વર્ણન કરે.
- ચિત્રવર્ણન કરે અને લખે.
- સાંકેતિક બોર્ડ, સમયપત્રક, ટ્રાફિક સિગ્નલ, નકશા, પ્રતીકો, ચિહ્નો વગેરે ઓળખે અને તેને અનુસરે.
- ચિત્રોના આધારે વાર્તાકથન કરે.

**પદ્ધતિ / પ્રયુક્તિ / પ્રવિધિ :**

- નિદર્શન પદ્ધતિ
- કથન પદ્ધતિ
- ચર્ચા પદ્ધતિ
- પ્રશ્નોત્તર પદ્ધતિ
- પ્રોજેક્ટ પદ્ધતિ
- પ્રવાસ / પર્યટન / મુલાકાત

**શૈક્ષણિક સાધનો :**

- રેલવે સ્ટેશનનું ચિત્ર
- સંકેતો, સૂત્રોનો ચાર્ટ
- રેલવે કે બસના ટાઈમટેબલનો નમૂનો
- રેલવે કે બસની ટિકિટના નમૂના
- વિડિયો ક્લીપ

**વિષયાભિમુખ :**

(૧) તમારા ગામમાં/શહેરમાં કયાં-કયાં જાહેર સ્થળો છે ?

(૨) આ જાહેર સ્થળોમાંથી તમે કયાં-કયાં જાહેર સ્થળો જોયાં છે ?

(૩) તમે રેલવે સ્ટેશન જોયું છે ? ત્યાં ગયા છો ?

ઉપરોક્ત પ્રશ્નોત્તરી દ્વારા શિક્ષક વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરશે. (આ ઉપરાંત ચિત્ર કે વિડિયો ક્લીપ બતાવીને પણ વિષયાભિમુખ કરાવી શકાય.

**વિષયવસ્તુની રજુઆત :**

- ચિત્ર નિદર્શન (વિદ્યાર્થીઓ ચિત્રને ઝીણવટથી જોશે.)




- ચિત્રનું મૌખિક વર્ણન
- ચિત્રના આધારે શબ્દોનું લેખન
- ચિત્રનું લેખિત વર્ણન
- સાંકેતિક બોર્ડ, પ્રતીકોની ઓળખ
- રેલવે સ્ટેશન/બસ સ્ટેશનના સમયપત્રકનું વાચન
- ચિત્ર આધારિત પ્રશ્નોત્તરી

**વિષયાંગની સ્પષ્ટતા**

આ એકમના ચિત્રનું નિદર્શન કરાવી ચિત્રવર્ણન, ચિત્રવાંચન કરાવવું. આ ઉપરાંત ચિત્રના આધારે બે પાત્રો વચ્ચે શી વાતચીત ચાલતી હશે ? જેવા વિચાર પ્રેરક પ્રશ્નો પૂછી બાળકોને વિચારતા કરવા.

જાહેર સ્થળોએ જોવા મળતી સૂચનાઓ, સૂત્રો, સંકેતો, સમયપત્રકનું અવલોકન કરાવી તેને લગતી પ્રવૃત્તિઓ કરાવવી. આ સાથે સ્થાનિક સ્થળો જેવાં કે બસસ્ટેશન, મંદિર, નદીકિનારો, પંચાયત ઘર વગેરેની મુલાકાત ગોઠવી પ્રોજેક્ટ કાર્ય કરાવવું. ચિત્રવાર્તા મેળવી તેનું વાચન તથા લેખન કરાવવું. ચિત્ર પઝલ મેળવી પઝલ તૈયાર કરાવવી. વર્તમાનપત્રોની બાળપૂર્તિમાંથી અને બાળ સામયિકોમાંથી ચિત્ર પ્રવૃત્તિ કરાવવી. પોતાના ગામમાં આવતી બસ કે રેલવેનું સમયપત્રક બનાવવું.

**મૂલ્યાંકન :**

(૧) **ઉદાહરણ મુજબ શબ્દ બનાવો :**

રેલવે - રેલવે સ્ટેશન

વિમાન - .....................

બસ - .....................

રિક્ષા - .....................

(૨) **ઉપરના શબ્દોનો ઉપયોગ કરી એક-એક વાક્ય બનાવો.**

**સ્વાધ્યાય :**

(૧) એકમમાં આપેલ ચિત્રના આધારે અંગ્રેજી શબ્દોની નોંધ કરો.
(૨) આ શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.
(૩) તમારા ગામના બસસ્ટેન્ડ વિશે ત્રણ-ચાર વાક્યોમાં વર્ણન લખો.

**સ્થાનિક સ્રોત :**

- નજીકના બસ સ્ટેશન / મંદિર, નદીકિનારો, આસપાસનાં પરિચિત સ્થળોની મુલાકાત કરાવવી તેનું વર્ણન કરાવવું.
- જાહેર સ્થળો પર ફરજ બજાવતી વ્યક્તિઓની મુલાકાત ગોઠવવી.

**સંદર્ભ સાહિત્ય :**

- રેલવે સ્ટેશનનું સમયપત્રક/ચિત્ર
- બસ સ્ટેશનનું સમયપત્રક/ચિત્ર
- ટિકિટ / રિઝર્વેશન ફોર્મ
- જાહેર સ્થળોને લગતાં સૂચનો

**લાયબ્રેરીની મુલાકાત :**

- વર્તમાનપત્રોની બાળપૂર્તિમાંથી અને બાળ સામયિકોમાંથી વિગતો લઈ તેના આધારે ચિત્ર પ્રવૃત્તિ કરાવવી.
- ગુજરાતનાં મોટાં રેલવે સ્ટેશનોની માહિતી મેળવવી.
- ચિત્રવાર્તા મેળવી વાચન તથા રજૂઆત કરાવવી.

**મૂલ્ય શિક્ષણ :**

- જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવી.
- જાહેર સંપત્તિનો વિવેકપૂર્વક ઉપયોગ કરી તેની જાળવણી કરવી.
- જાહેર સ્થળોએ શિષ્ટ વ્યવહાર કરવાની સમજ આપવી.
- બસમાં કે રેલવેમાં મુસાફરી કરીએ ત્યારે ટિકિટ અવશ્ય લેવી એવી સમજ કેળવવી.

**પ્રસંગ :**

એક પિતા અને તેની ૮મા ધોરણમાં ભણતી દીકરી સાથે બસમાં મુસાફરી કરે છે. પિતાની ઈચ્છા દીકરીની અડધી ટિકિટ લેવાની હોય છે તેથી દીકરીને કહે કે, 'કંડક્ટર પૂછે તો તું કહેજે કે હું છઠ્ઠા ધોરણમાં ભણું છું.' ત્યારે દીકરી કહે કે, 'પણ પપ્પા હું તો ૮મા ધોરણમાં ભણું છું !''

(આ પ્રસંગ દ્વારા ફલિત થાય છે કે, બાળકો ક્યારેય મૂલ્યવિહોણા હોતા નથી. જરૂર હોય છે, સાચી સમજની.)

**જીવન કૌશલ્ય :**

જાહેર સ્થળોની જાળવણી / તેનો વિવેક પૂર્વકનો ઉપયોગ / તેની સ્વચ્છતા જાળવવાની સભાનતા કેળવે.

**પ્રોજેક્ટ કાર્ય :**

રેલવે સ્ટેશન / બસ સ્ટેશન અથવા કોઈ જાહેર સ્થળની મુલાકાત

**પ્રોજેક્ટ કાર્યનાં પગથિયાં :**

- જે તે સ્થળની પૂર્વમંજૂરી
- આયોજન
- વર્ગના વિદ્યાર્થીઓનું જૂથ વિભાજન
- જૂથને કાર્ય વહેંચણી
- જે તે સ્થળની મુલાકાત
- પ્રોજેક્ટને લગતી જરૂરી બાબતો / ચિત્રો / વસ્તુઓ એકત્ર કરવી.
- સંદર્ભ સામગ્રી / સાહિત્યનો ઉપયોગ
- જાહેર સ્થળ પર જોવા મળેલ સૂત્રો / ચિહ્નો / પ્રતીકો વગેરે લખવાં.
- સમગ્ર કાર્યનો અહેવાલ તૈયાર કરીને પ્રોજેક્ટ ફાઈલ બનાવવી.
- અહેવાલમાં જરૂરી ચિત્રો / જરૂરી વિવિધ સામગ્રીને સાથે જોડવી.
- જરૂરી પ્રશ્નોત્તરી દ્વારા પ્રતિભાવ મેળવવા.

**અન્ય પ્રવૃત્તિઓ :**

- **ચિત્ર પઝલ :** ચિત્ર પઝલ મેળવી પઝલ તૈયાર કરાવવી.
- **ચિત્ર પૂર્તિ : રંગપૂરણી :** કોઈપણ વસ્તુનો નિષેધ દર્શાવતાં પ્રતીકો દોરી તેને લગતાં સૂત્રો લખી અને રંગપૂરણી કરાવવી.
- **ટિકિટ અને સમયપત્રક :** બસ કે રેલવેની ટિકિટો મેળવવી તેમજ ગામમાં આવતી બસ કે રેલવેનું સમયપત્રક બનાવવું.
- **ચિત્ર પ્રદર્શન :** એકમને અનુરૂપ ચિત્રો ભેગાં કરી પ્રદર્શન ગોઠવવું.

# ભાષાસજ્જતા : ધોરણ-૬

**સંજ્ઞા :**

વ્યક્તિ, પ્રાણી, પદાર્થ કે વસ્તુને સૂચવે તે સંજ્ઞા કહેવાય.

**સંજ્ઞાના પ્રકાર :**

(૧) **જાતિવાચક સંજ્ઞા :**

નદી, ઝાડ, પર્વત, સરોવર, પશુ, પંખી, નગર, ફૂલ

ઉપર આપેલાં નામો (સંજ્ઞા) તે નામથી ઓળખાતા આખા સમૂહને લાગુ પડે છે. તેમજ તેમાંના દરેકને લાગુ પડે છે આથી તેને જાતિવાચક સંજ્ઞા કહેવાય.

(૨) **વ્યક્તિવાચક સંજ્ઞા :**

ગાંધીજી, પ્રિયા, હિમાલય, ગંગાનદી, ભાવનગર

આ બધી સંજ્ઞાઓ કોઈ ચોક્કસ વ્યક્તિની તથા સ્થળની ઓળખ આપે છે. એટલે કે તે નામથી ઓળખાતી એક વ્યક્તિ અથવા એક સ્થળને જ લાગુ પડે છે. આથી તેને વ્યક્તિવાચક સંજ્ઞા કહે છે.

(૩) **દ્રવ્યવાચક સંજ્ઞા :**

દૂધ, ઘી, ચોખા, તાંબું, સોનું, પાણી

આ બધી સંજ્ઞાઓ પ્રવાહી, ખનીજ, અનાજ વગેરે દ્રવ્યો માટે વપરાય છે. આથી તે દ્રવ્યવાચક સંજ્ઞા કહેવાય.

(૪) **સમૂહવાચક સંજ્ઞા :**

સભા, ટોળું, સરઘસ, સૈન્ય, ઝૂમખું

આ બધી સંજ્ઞાઓ અમુક એક સમૂહ માટે વપરાય છે. તેથી તે સમૂહવાચક સંજ્ઞા કહેવાય. એ સંજ્ઞા જે સમૂહ દર્શાવે છે તેમાંથી કોઈ એક વ્યક્તિ કે પદાર્થને એ શબ્દ લાગુ પડતો નથી. પરંતુ સમગ્ર સમૂહ માટે જ વપરાય છે એ ધ્યાનમાં રાખવું.

(૫) **ભાવવાચક સંજ્ઞા :**

ખટાશ, ડહાપણ, ઊંઘ, પ્રેમ, સુખ, દુઃખ, આનંદ

ઉપરની સંજ્ઞાઓ વિવિધ ભાવ બતાવે છે. આવી સંજ્ઞાઓને ભાવવાચક સંજ્ઞાઓ કહે છે.

**નોંધ :** વ્યાકરણ અલગથી શીખવવાનું નથી. પરંતુ જે તે એકમની સાથે તેનું શિક્ષણ આપવાનું છે.

★ ★ ★

## દાર્શનિક પાઠ

## ધોરણ - ૭

**એકમ : જીવનપાથેય**

**હેતુઓ :**

- પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં વક્તવ્યો, વાતચીત, સંવાદ કે ચર્ચા સાંભળે, વાંચે અને સમજે.
- વિશેષ વ્યક્તિ કે સંસ્થાની મુલાકાત કરી સંવાદ લેખન કરે.
- આત્મવિશ્વાસપૂર્વક પોતાના વિચારો, અનુભવો તથા મંતવ્યો રજૂ કરે.

**પ્રયુક્તિ/પ્રવિધિ :**

- નાટ્યીકરણ
- સંવાદ
- કથન
- ચર્ચા
- પ્રશ્નોત્તરી

**શૈક્ષણિક સાધનો :**

- રોજનીશીના નમૂના - દૈનિક નોંધપોથી
- પાઠમાં આવતા અંગ્રેજી શબ્દોનો ચાર્ટ
- કાકા કાલેલકરનો ફોટો

**વિષયાભિમુખ :**

- અહીંયાં આત્મકથા પ્રકારના વિષયપ્રવેશ કરાવવા શિક્ષક નીચેના જેવા પ્રશ્નો કરશે. શિક્ષકશ્રી આત્મકથાખંડ વિશે બાળકો અભિમુખ થાય તેવો પ્રયત્ન કરશે.

  **પ્રશ્નો :**

  (૧) કાલે તમે ઘરનાં કેવાં-કેવાં કામ કર્યાં ?

  (૨) કાલે તમે શું ભણ્યા હતા ?

  (૩) તમારો યાદગાર પ્રસંગ કયો છે ?

  (૪) આપણે સવારથી સાંજ સુધી જે કામ કરીએ તેને શું કહેવાય ?

  (૫) રોજનીશી તમે જોઈ છે ?

**વિષયવસ્તુના મુદ્દાઓ :**

- આદર્શ પઠન
- સૂચના અનુસરે, નિર્ણય કરે
- વર્ણન
- મુખવાચન, મૂકવાચન
- પ્રશ્નોત્તરી
- લેખન
- મૂલ્યાંકન
- સ્થાનિક સ્રોતનો ઉપયોગ

**વિષયાંગની સ્પષ્ટતા :**

અહીં બાળકોએ આપેલા જવાબો સ્વીકારી શિક્ષક વિષયાંગની સ્પષ્ટતા કરશે. કદાચ અપેક્ષા મુજબના જવાબ ન પણ મળે પરંતુ વિષયાંગની સ્પષ્ટતા કરી એકમનું શુદ્ધ ઉચ્ચારણ સાથેનું આદર્શ વાચન કરશે. વ્યક્તિને લખતાં-વાંચતાં આવડે, હોશિયારી વધે, વિષયનું જ્ઞાન વિકસે, તાલીમ મળે, માણસ અમુક ક્ષેત્રનો નિષ્ણાત થાય એ બધા શિક્ષણના લાભ છે, અને તે જરૂરી છે, સારા છે, પણ પાયાની બાબત એ છે કે માણસ સારો બને, સાચો બને, વિવેકી બને, સારા-નરસાને ઓળખે અને સારી બાબત ગ્રહણ કરી પોતાનું વ્યક્તિત્વ તેજસ્વી બનાવે. માત્ર તેની બુદ્ધિ ન વિકસે, આત્મા, હૃદય અને સમજ પણ ખીલે. બહુ જ સાદા પ્રસંગ દ્વારા, પોતાના જીવનના સાચા અનુભવ દ્વારા લેખકે કેળવણીના એક મોટા વિચારને સરળતાથી પ્રગટ કર્યો છે. નિખાલસ રીતે પોતાના મનોભાવોને રજૂ કર્યા છે અને પિતાની શિખામણનો ખ્યાલ આપી તેના ભવ્ય સ્વભાવની ઝલક આપી છે.

અહીં એકમના વિકાસક્રમની સાથે-સાથે નીચેની પ્રવૃત્તિઓ પણ એ પ્રક્રિયાના ભાગરૂપે કરાવવી.

**પ્રવૃત્તિ :**

- શિક્ષક વિદ્યાર્થીઓ પાસે આખા એક દિવસની રોજનીશી લખાવશે.
- વિદ્યાર્થીઓએ લખેલી રોજનીશી અરસ-પરસ વંચાવશે.
- રોજનીશી આધારે કયાં-કયાં કામ કર્યાં તેની ચર્ચા કરાવશે.

**પ્રવૃત્તિ :**

- એકમના કોઈ એક ફકરાનું યોગ્ય આરોહ-અવરોહ, વિરામચિહ્નોના ઉપયોગ સાથે શ્રુતલેખન કરાવશે.

**પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓ મામલતદાર સાહેબની મુલાકાત લેશે, અને નીચેના જેવા પ્રશ્નો પૂછીને માહિતી મેળવશે, અને નોંધશે.
- સાહેબ ! આપ તાલુકામાં કેવાં-કેવાં વિકાસનાં કામો કરાવી શકો ?
- સાહેબ ! આપની શાખામાં પ્રાથમિક શિક્ષણ અંતર્ગત કઈ-કઈ બાબતોનો સમાવેશ થાય છે ?
- સાહેબ ! જનસેવા કેન્દ્રની કામગીરી વિશે માહિતી આપશો ?

જે વિદ્યાર્થીઓ દ્વારા મામલતદાર સાહેબની મુલાકાત કરવામાં આવી છે તે વિદ્યાર્થીઓ એ બાબતે પ્રાર્થના કાર્યક્રમમાં તમામ વિદ્યાર્થીઓને તે માહિતી આપશે.

**પ્રવૃત્તિ :**

- રમેશ રમે <u>છે</u>.
- રમેશ રમ્યો <u>હતો</u>.
- રમેશ <u>રમશે</u>.

ઉપરોક્ત વિધાનો વાંચી, વાક્યોના ફેરફારને સમજશે, અને આવાં વાક્યોની સભાનતા પ્રત્યે એકાગ્ર થાય તે માટે જરૂરી ઉદાહરણો શિક્ષક વિદ્યાર્થીઓ પાસેથી મેળવશે અને કાળની સંકલ્પના દૃઢ કરાવશે.

**મૂલ્યાંકન :**

અહીં શિક્ષક નીચેની પ્રવૃત્તિઓ જેવી કે વક્તવ્ય, લેખનકાર્ય જેવી બાબતોથી મૂલ્યાંકન કરશે.

(૧) તમારા બાળપણના યાદગાર પ્રસંગ વિશે પાંચ-સાત વાક્યો લખો.

**અથવા**

(૧) તમારા બાળપણના યાદગાર પ્રસંગ વિશે વક્તવ્ય આપો.

(૨) વિદ્યાર્થીઓ દ્વારા વિશેષ વ્યક્તિની મુલાકાતના અંશો તમારા શબ્દોમાં પાંચ વાક્યમાં લખો.

(૩) નીચે આપેલાં વિધાનો યોગ્ય શબ્દ મૂકી પૂરાં કરો :

(૧) ગઈકાલે શુક્રવાર .................... .

(૨) આજે શનિવાર .................... .

(૩) આવતીકાલે રવિવાર .................... .

**મૂલ્યાંકન : (C.C.E. પત્રક)**

| ક્રમ | નામ | આત્મવિશ્વાસ પૂર્વક પોતાના વિચારો અનુભવો તથા મંતવ્યો રજૂ કરે. | વિશેષ વ્યક્તિ કે સંસ્થાની મુલાકાત કરી સંવાદ લખે. | પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં વક્તવ્યો, વાતચિત ચર્ચા સાંભળે, સમજે. | ✔ | ✕ | ? |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મિનેષકુમાર વાળંદ | ✔ | ✔ | ✔ | ૩ | — | — |
| ૨. | પ્રકાશભાઈ ભટ્ટી | ✔ | ✔ | ✔ | ૩ | — | — |
| ૩. | મણિલાલ લાડ | ? | ✔ | ✕ | ૧ | ૧ | ૧ |
| ૪. | વિક્રમભાઈ શિયાળ | ✕ | ✔ | ✔ | ૨ | ૧ | — |
| ૫. | જીતેન્દ્રભાઈ કાપડિયા | ✔ | ? | ✕ | ૧ | ૧ | ૧ |

**સ્વાધ્યાય :**

- વિદ્યાર્થીઓને જે-તે દિવસની દિનચર્યા લખવા આપવી.
- હું મામલતદાર હોઉં તો...., હું એન્જિનિયર હોઉં તો... એ વિષય પર નિબંધ લેખન.
- 'સત્યના પ્રયોગો'ના પ્રસંગ વાંચી તેને આ ખંડ સાથે સરખાવે.

**સ્થાનિક સ્રોત :**

અહીં સ્થાનિક સ્રોતમાં એકમના અનુસંધાને વિશેષ વ્યક્તિની મુલાકાત, રેલવે સ્ટેશન, આર્ટસ્ કૉલેજ, એન્જિનિયર કૉલેજ વગેરે મુલાકાત ગોઠવીને વિશેષ માહિતી મેળવી શકાય.

**સંદર્ભ સાહિત્ય :**

શિક્ષકશ્રી વિદ્યાર્થીઓને પુસ્તકાલયની મુલાકાત લેવડાવી નીચેના જેવાં પુસ્તકો વાંચવા પ્રેરશે. અને એમાંનો કોઈ એક પ્રસંગ પ્રાર્થનાસભામાં રજૂ કરવા કહેશે.

| | |
|---|---|
| ● 'સંસ્મરણો' | ● રવીન્દ્રનાથ ટાગોર |
| ● 'સત્યના પ્રયોગો' | ● ગાંધીજી |
| ● 'મારી જીવનયાત્રા' | ● બબલભાઈ મહેતા |
| ● 'વનાંચલ' | ● જયંત પાઠક |
| ● 'અલપઝલપ' | ● પન્નાલાલ પટેલ |
| ● 'આત્મકથા' (ભાગ-૧થી ૪) | ● ઈન્દુલાલ યાજ્ઞિક |

**મૂલ્ય શિક્ષણ :**

આ એકમ અંતર્ગત બાળકોમાં પ્રામાણિકતાના ગુણ ખીલે એ અપેક્ષિત છે. આના માટે શાળા કક્ષાએ 'ખોયાપાયા'ની પ્રકૃતિ દ્વારા આ ગુણ ખીલવવાનો પ્રયત્ન કરવો.

છાપામાં આવતા પ્રામાણિકતાના કિસ્સાનું કટિંગ કરી બુલેટીન બોર્ડ પર લગાડાવવાં.

**ક્ષેત્રીય કાર્ય :**

ક્ષેત્રીય કાર્યમાં મામલતદાર, એન્જિનિયર, વકીલ જેવા વ્યક્તિવિશેષને શાળામાં બોલાવી અથવા મુલાકાત ગોઠવી માહિતી મેળવવી.

★ ★ ★

# દાર્શનિક પાઠ

## ધોરણ - ૮

**એકમનું નામ : આભમાં ઝીણી ઝબૂકે વીજળી**

**સામાન્ય હેતુ :**

૧.૪ પ્રાદેશિક ગીતો અને કથાઓ સમજે અને જાણે.

૨.૨ કાવ્યનો મુખપાઠ કરી ભાવવાહી પઠન કરી સાર રજૂ કરે.

૫.૧ સારી, નરસી બાબતો અંગે ચિંતન કરી યોગ્ય નિર્ણય લે.

**વિશિષ્ટ હેતુઓ :**

- પ્રાદેશિક ગીતો અને કથાઓ સમજે અને જાણે.
- કાવ્યનો મુખપાઠ કરી ભાવવાહી પઠન કરી સાર રજૂ કરે.
- વાંચેલી સામગ્રીમાંથી કાર્યકારણ સંબંધોને આધારે વધારે માહિતી મેળવવા માટે - શા માટે, કેવી રીતે જેવા પ્રશ્નો પૂછે.

આ ઉપરાંત આ એકમ શીખવતી વખતે નીચેની બાબતો પણ ધ્યાનમાં રાખવી અત્યંત જરૂરી છે :

- અર્થગ્રહણ શક્તિ અને અભિવ્યક્તિનો વિકાસ થાય.
- બાળકોની તર્ક, કલ્પના અને વિચારશક્તિનો વિકાસ થાય.
- તાર્કિક ચિંતન અને તુલનાત્મક અભ્યાસ કરવાનાં કૌશલ્યો કેળવાય.
- સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય.
- પ્રાપ્ત કરેલ સમજનું વ્યાવહારિક ઉપયોજન કરવાની શક્તિનો વિકાસ થાય.
- શબ્દ સમૃદ્ધિ વધે અને કાવ્યનો મુખ્ય વિચાર રજૂ કરવાની શક્તિ ખીલે.
- સ્થાનિક સંસાધનોનો ઉપયોગ કરી એકમને અનુબંધ કરવાનો વિચાર કેળવાય.

**પદ્ધતિ, પ્રયુક્તિ, પ્રવિધિ :**

- કાવ્યપઠન
- કાવ્યગાન
- કાવ્યચર્ચા

**વિષયાભિમુખ :**

કોઈ અજ્ઞાત કવિ દ્વારા રચાયેલા અને લોકજીવનના સરળ વેધક સંવેદનાનું પરંપરાગત આલેખન કરતા સુગેય ગીતને લોકગીત કહેવાય છે. આ ગીતો વર્ષોથી લોકજીભે રમતાં રહ્યાં છે. લોકકંઠે ગવાતાં રહ્યાં છે.

આવો, આજે આપણે એક એવા લોકગીત વિશે શીખીએ કે જેમાં રાજાની ચાકરી માટે બહાર જઈ રહેલા પતિને સંબોધીને પત્ની પોતાના હૃદયના ભાવો વ્યક્ત કરે છે. એ પતિના સહવાસને ઇચ્છે છે. એથી વર્ષાઋતુમાં પતિને એનો પ્રવાસ મુશ્કેલ બનશે એવાં કારણો બતાવે છે. નારી પોતાના પતિ પ્રત્યેનો પ્રેમ દાખવતું આ લોકગીત પ્રકૃતિનાં ચિત્રોથી પણ પ્રણયભાવને બહલાવે છે.

**આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે,**
**કે ઝીણા ઝરમર વરસે મેહ**
**ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે ? આભમાં... ૧**

**ભીંજાય હાથી ને ભીંજાય ઘોડલા રે,**
**કે ભીંજાય હાથીનો બેસતલ સૂબો :**
**ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે ? આભમાં... ૨**

**ભીંજાય મેડી ને ભીંજાય માળિયાં રે,**
**કે ભીંજાય મેડીની બેસતલ રાણી :**
**ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે ? આભમાં... ૩**

**તમને વ્હાલી દરબારી ચાકરી રે,**
**કે અમને વ્હાલો તમારો જીવ :**
**ગુલાબી ! નૈ જાવા દઉં ચાકરી રે... આભમાં... ૪**

કાવ્ય શિક્ષણ માટે ખાસ અગત્યની વાત એ છે કે કાવ્ય એ કાનનું ઘરેણું છે. તેથી વારંવાર બાળકોના કાને કાવ્યનું ગાન કે પઠન સંભળાય એ ખૂબ જરૂરી છે. કદાચ કવિતા ઓછી સમજાવાશે તો ચાલશે પરંતુ કાવ્યનું હાર્દ બાળક વારંવાર કાવ્ય વાગોળી-ગાઈને આત્મસાત કરે તે ખૂબ જરૂરી છે. પ્રાર્થના કાર્યક્રમમાં પણ કોઈ કવિતાને સ્થાન આપી શકાય.

**મૂલ્યાંકન :**

- **નીચેની પંક્તિનો અભ્યાસ કરી સાર લખો :**

  ભીંજાય હાથી ને ભીંજાય ઘોડલા રે,
  કે ભીંજાય હાથીનો બેસતલ સૂબો :
  ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે ?

- બાળકોને પોતાના પર્યાવરણમાં ગવાતાં અન્ય લોકગીતોનું વ્યક્તિગત ગાન કરાવવું અને લય, રાગ, તાલ, મુખપાઠ જેવી બાબતોનું મૂલ્યાંકન કરવું.

- **નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

  (૧) ઝરમર વરસાદથી શું-શું ભીંજાયાનું આ ગીતમાં વર્ણવાયું છે ?

  (૨) પતિને ચાકરીએ જતાં તેની પત્ની શા માટે રોકે છે ?

- **વિચારીને લખો :**

  (૧) કોઈ એક લોકગીતનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

  (૨) વર્ષાઋતુમાં મેળવેલ આનંદ વિશે તમારા શબ્દોમાં લખો.

- **સ્થાનિક સ્રોત :**
  - સ્થાનિક લોકગીત મેળવો અને ગાન કરો.
  - ગામમાં સારાં લોકગીત ગાનાર વ્યક્તિ પાસે લોકગીત ગાન.
  - ટી.વી./રેડિયો પર ગવાતાં લોકગીતો
- **સંદર્ભ સાહિત્ય : લાયબ્રેરી મુલાકાત :**
  - 'રઢિયાળી રાત' લોકગીત સંગ્રહ — ઝવેરચંદ મેઘાણી

**વિષયવસ્તુના મુદ્દાઓ :**

- **આદર્શ પઠન :** સૌ પ્રથમ બાળકોને શિક્ષકશ્રીએ લોકગીતનું આદર્શ પઠન સંભળાવવું.
- **આદર્શ ગાન :** આદર્શ પઠન બાદ લોકગીતનું ભાવવાહી ગાન શિક્ષકશ્રી દ્વારા કરાવવામાં આવશે. બાળકો ધ્યાનથી સાંભળશે.
- **અનુગાન :** શિક્ષક લોકગીતનું ભાવવાહી ગાન કરશે અને બાળકો તેને અનુસરશે.
- **સમૂહગાન :** અનુગાન બાદ વર્ગનાં તમામ બાળકો શિક્ષક સાથે લોકગીતનું ભાવવાહી સમૂહગાન કરશે.

**વિષયાંગના વિશિષ્ટ શબ્દોની સમજ :**

આ ગીતમાં વપરાયેલા કેટલાક શબ્દોના વિશિષ્ટ પ્રયોગ સમજવા જેવા છે.

(૧) **ગુલાબી :** 'ગુલાબી' શબ્દમાંથી પ્રેમ, માધુર્ય, નજાકત અને જાણે સુગંધ પણ, આપોઆપ પ્રગટે છે. પણ ગીતકારની સૂઝ તો 'ગુલાબી' શબ્દના કેન્દ્રનું ગુલાબ છે. પ્રિયતમ માટે બીજા કોઈ શબ્દની પસંદગીમાં આટલું સાહિત્ય લાલિત્ય પ્રગટી શક્યું હોત કે કેમ એ પ્રશ્ન છે.

(૨) **સૂબો :** આ શબ્દમાં વહાલસોયી પત્નીની આંખે પ્રિયતમનું એક ખુમારીભર્યું દર્શન છે. પતિની નોકરી ગમે તે કક્ષાની હશે પણ આ સ્ત્રીને મન તો એ 'સૂબો' જ છે. એ શબ્દ એવે સમયે અને એવી રીતે ઉચ્ચારાયો છે કે એની ઉચ્ચતા અનેક ગણી વધી ગઈ છે. સાથે માન-મર્તબો પણ ઉમેરાય છે.

(૩) **ભીંજાય :** તમારો અનુભવ હશે કે વાણીમાં એક શબ્દનું પુનરાવર્તન થયા કરે ત્યારે એ કર્કશ બની રહે છે. અહીં 'ભીંજાય' શબ્દ જેમ જેમ પુનરાવર્તન પામતો જાય છે તેમ તેમ એની મધુરપ ઉત્તરોત્તર વધતી જાય છે.

**પ્રોજેક્ટ વર્ક :**

- ક્ષેત્રીય મુલાકાત લઈ સ્થાનિક સ્રોતમાંથી મેળવેલ લગ્નગીતો, લોકગીતો એકત્ર કરી આ ગીતો કયા પ્રસંગે ગવાય છે તેની વિગતો સાથે સંગ્રહ તૈયાર કરવો. / ક્ષેત્રીય મુલાકાતના અહેવાલનું લેખન.

**મૂલ્ય શિક્ષણ :**

- લોકગીતમાં છલકાતું લોકજીવન જાણે અને માણે.

★ ★ ★

## ERAC પ્રવૃત્તિ

- તમારા નામના પ્રથમ અક્ષરથી બનતા ૨૫ શબ્દો લખો.
- ૨૫ શબ્દોમાંથી તમને વધુ પસંદ હોય તેવા ૧૦ શબ્દો પસંદ કરો.
- પસંદ કરેલા ૧૦ શબ્દો પૈકી પ્રત્યેક શબ્દનો ઉપયોગ કરી ૧૦ વાક્યો બનાવો.
- બનાવેલ વાક્યોમાં કોઈપણ ફેરફાર કર્યા વગર અર્થપૂર્ણ ફકરો તૈયાર કરો.
- તૈયાર કરેલા ફકરાને યોગ્ય શીર્ષક આપો.

★ ★ ★

# ભાષાસજ્જતા

**વાક્યપ્રયોગ :**

વાક્યના મુખ્ય બે પદો - કર્તા અને ક્રિયાપદ ઉપરાંત ત્રીજું પદ પણ સમાવિષ્ટ છે. તે કર્મ છે. વાક્યમાં પ્રયોજાતાં આ ત્રણેય પદોમાં કોની પ્રધાનતા છે, તેને આધારે વાક્યના ત્રણ પ્રકાર પાડી શકાય છે. (૧) કર્તરિ પ્રયોગ (૨) કર્મણિ પ્રયોગ (૩) ભાવે પ્રયોગ.

**કર્તરિ પ્રયોગ :**

- કર્તાની પ્રધાનતા હોય છે.
- જેમાં કર્તાના લિંગ, વચન મુજબ પ્રત્યયો ગોઠવાયેલા હોય છે.
  ઉદા. : જુમાએ શોખ ખાતર એક પાડો પાળ્યો.
- કશિશ સવારની પાંચ વાગે નીકળી.
- જે કર્તરિ પ્રયોગ સકર્મક હોય તેનું કર્મણિ પ્રયોગમાં અને અકર્મક હોય તેનું ભાવે પ્રયોગમાં રૂપાંતર કરી શકાય છે.

**કર્મણિ પ્રયોગ :**

- કર્મની પ્રધાનતા જોવા મળે છે.
- સકર્મક વાક્યરચના હોય છે.
- કર્મના લિંગ, વચન મુજબ પ્રત્યયો ગોઠવાયેલા હોય છે.
  ઉદા. : જુમાથી શોખ ખાતર એક પાડો પળાયો.
- કર્મણિ પ્રયોગમાં કેટલીક વાર કર્તા વગરની વાક્યરચના પણ જોવા મળે છે.
  ઉદા. : દાંત વગર ખાઈ શકાય ખરું ?

**ભાવે પ્રયોગ :**

- ક્રિયાપદની પ્રધાનતા હોય છે.
- અકર્મક વાક્ય રચના હોય છે.
  ઉદા. : જુમાથી સવારમાં ફરવા નીકળાયું.

**પ્રેરક વાક્ય પ્રયોગ :**

- ક્રિયાપદમાં જ્યારે ક્રિયા કરવા માટે પ્રેરવાનો અર્થ હોય ત્યારે પ્રેરક વાક્ય પ્રયોગ બને છે. પ્રેરક વાક્ય રચનામાં ક્રિયાપદનું પ્રેરક રૂપ વપરાય છે.

| **સાદું વાક્ય** | **પ્રેરક વાક્ય** |
|---|---|
| • જુમાએ પાણી પાયું. | • જુમાએ પાણી પિવડાવ્યું. |

વ્યાકરણ સ્વતંત્ર રીતે શીખવવાનું નથી. પણ જે-તે એકમની સાથે સાંકળીને તે શીખવવાનું છે. અહીં આ માત્ર ઉદાહરણરૂપે છે.

★ ★ ★

## ૬. સંદર્ભ સાહિત્ય

સ્થાનિક પરિસ્થિતિમાંથી વિષયવસ્તુને લગતી વિગતો મેળવી શિક્ષણકાર્ય સાથે જોડવી એ સ્થાનીય સંદર્ભ સાહિત્ય છે.

- જેમ કે કોઈ લોકગીત શીખવતા હોય ત્યારે -
  - સ્થાનીય લોકગીત મેળવવાં.
  - લોકગીત ગાનાર વ્યક્તિઓને ગામમાંથી શોધી લોકગીત ગાન કરાવવું.
  - લોકગીતમાં વ્યક્ત થતું લોકજીવન લોકો પાસેથી જાણવું.
  - ઓડિયો/વી.ડી.યો. સી.ડી./મોબાઈલ દ્વારા લોકગીત સંભળાવવાં.
- અહેવાલ લેખન શીખવતી વખતે :
  - સ્થાનિક સમાચારપત્ર મેળવી પોતાના ગામ કે તાલુકાના સમાચારનો અભ્યાસ કરવો.
  - શાળાકક્ષાની પ્રવૃત્તિઓના સમાચાર બનાવવા.
- પુસ્તકાલયમાંથી એકમ શિક્ષણને લગતા સાહિત્યનું વાચન કરી સારાંશ વર્ગખંડમાં રજૂ કરવો.
- લોકસેવક વિશેની વાત હોય ત્યાં પોતાના ગામની લોકસેવા કરનાર વ્યક્તિની મુલાકાત લઈ તેનો પરિચય લખે.
- સ્થાનીય સંદર્ભ સાહિત્ય માટેનાં ઉપરોક્ત જણાવેલ માત્ર ઉદાહરણો જ છે. આ ઉપરાંત એકમ શિક્ષણ વખતે આપણે એકમને અનુલક્ષીને હેતુસિદ્ધિ માટે સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ સ્થાનીય સંસાધનોનો ઉપયોગ કરી વિષયશિક્ષણને જીવંત બનાવવું.
- ચિત્રવર્ણન દ્વારા ચિત્રપાઠ અને અન્ય એકમમાં હેતુઓ સિદ્ધ કરવા માટે ઉપયોગ કરવો જરૂરી બને છે. શાળાની લાયબ્રેરી, શાળા તથા શાળા બહારના વાતાવરણમાંથી ચાર્ટ ચિત્રો મેળવી હેતુસિદ્ધિ માટે પ્રયત્ન કરવા.
- ક્ષેત્રીય મુલાકાત દરમિયાન રેલવે સ્ટેશન મુલાકાત જણાવેલ હોય પરંતુ રેલવે સ્ટેશન ગામમાં ન હોય તો બસ સ્ટેશનની મુલાકાત લઈ હેતુસિદ્ધિ માટે પ્રયત્ન કરવા. આ રીતે અન્ય એકમમાં પણ સ્થાનીય પરિસ્થિતિ મુજબ સંસાધનોનો ઉપયોગ કરવો.

★ ★ ★

# ૭. સંગીત

**ભાષા શિક્ષણ સાથે સંગીતનો અનુબંધ :**

- સંગીતને અલગ વિષય તરીકે ન શીખવતાં ભાષા શિક્ષણ સાથે એને જોડીને ભાષા શિક્ષણને વધુ અસરકારક અને સમૃદ્ધ બનાવી શકાય.
- કાવ્ય શિક્ષણ કરતી વખતે સંગીતનાં સાધનોનો ઉપયોગ કરી સંગીતમય વાતાવરણ ઊભું કરી શકાય.
- પ્રાર્થના સંમેલનમાં બાળકો પોતે સંગીતનાં સાધનોનો ઉપયોગ કરતા થાય તેવા પ્રયત્નો કરવા.
- પ્રાર્થના સંમેલનમાં પાઠ્યપુસ્તકનાં કાવ્યો સંગીતનાં સાધનો સાથે તાલબદ્ધ, લયબદ્ધ રીતે રજૂ થાય તે જરૂરી છે.
- જે તે એકમને અનુરૂપ સંદર્ભ ગીત, કાવ્યો, જોડકણાં, અભિનયગીત જોડીને સંગીતમય વાતાવરણ ઊભું કરી શકાય.

**(૧) સી.ડી. :**

કાવ્ય શિક્ષણ કરતી વખતે દરેક વ્યક્તિ સારું ગાઈ શકે એમ ન પણ બની શકે તેથી બાળક સુધી કાવ્યનો શક્ય હોય ત્યાં સુધી માન્ય ગેય, રાગ, પહોંચે તે હેતુથી બાળકોને કાવ્ય શિક્ષણમાં ઓડિયો/વિડિયો સી.ડી. દ્વારા કાવ્ય શિક્ષણ કરાવી શકાય. જેથી ભાષા શિક્ષણ રસપ્રદ કરી શકીએ અને બાળકને કાવ્ય માણતો કરી શકીએ.

**(૨) મોબાઈલ :**

કોઈ સારું ગાઈ શકે તેવી વ્યક્તિ પાસે ગીત કે કવિતા ગવરાવી તેનું રેકોર્ડિંગ કરી બાળકોને સંભળાવી શકાય. (શાળામાં મોબાઈલનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ છે.)

- બાળકોએ ગાન કરેલ કવિતાનું રેકોર્ડિંગ કરી આપણે બાળકોને સંભળાવીએ જેથી તેમણે કરેલ ભૂલો કે વિશેષતા વિશે તેઓનું પણ ધ્યાન દોરી શકીએ.

**(૩) ગાયક :**

આપણે હવે સ્થાનીય રિસોર્સનો ઉપયોગ જ્યારે કરવાના છીએ ત્યારે આપણા ગામમાં એવા અનેક લોકો છે કે જેઓ ખૂબ સરસ રીતે ગીતો ગાઈ શકે છે. એવી વ્યક્તિઓને આપણે આપણી શાળા સુધી લાવીએ અને તેઓની પાસે આપણે કવિતા કે ગીતો ગવરાવી શકીએ.

**(૪) સ્ટાફમાં કોઈ વ્યક્તિ પાસે :**

આપણી શાળામાં સારું ગાઈ શકતા હોય તેવા કોઈ શિક્ષક પાસે પણ આપણે આ કાર્ય કરાવી શકીએ.

કાવ્ય શિક્ષણ - સંગીત સાથે જોડાઈને કાનનું ઘરેણું બની રહે એ અપેક્ષિત બાબત છે. તેથી આપણાં કાવ્યો શાળા કક્ષાએ, વર્ગખંડ કક્ષાએ વધુમાં વધુ ગવાય તે ખૂબ જરૂરી છે અને બાળકને સંગીતની દુનિયામાં વિહરતો કરવાનો એક પ્રયાસ કરીએ જેથી ગામની શેરીઓ બાળકની મધુર ગવાતી વાણીથી ગુંજી ઊઠે !

★ ★ ★

## તાલીમ બાદ

(૧) તાલીમ બાદ તમે ભાષા શિક્ષણમાં શું પરિવર્તન લાવશો ?

..............................................................................

..............................................................................

..............................................................................

(૨) ભાષા શિક્ષક તરીકે તમે લોકબોલી/પ્રાદેશિકતા અને માન્ય ભાષાનો સમન્વય કેવી રીતે કરશો ?

..............................................................................

..............................................................................

..............................................................................

(૩) ભાષા શિક્ષણમાં તમે આ મોડ્યુલનો ઉપયોગ કેવી રીતે કરશો ?

..............................................................................

..............................................................................

..............................................................................

(૪) તમે એવું માનો છો કે વ્યાકરણ શિક્ષણને જે તે એકમના વિષયવસ્તુને આધારે શીખવવું જોઈએ કે એક અલગ મુદ્દા તરીકે ?

..............................................................................

..............................................................................

..............................................................................

(૫) એવું માની શકાય ખરું કે અન્ય વિષયો કરતાં ભાષા શિક્ષણ માટે ઓછા TLM ની જરૂર પડે છે ? હા કે ના ? શા માટે ?

..............................................................................

..............................................................................

..............................................................................

(૬) ભાષા શિક્ષણ કરતી વખતે કઈ-કઈ બાબતોનું ધ્યાન રાખશો ?

..............................................................................

..............................................................................

..............................................................................

(૭) તમે બાળકોને કૌશલ્યો શીખવશો કે એકમ ? શા માટે ?

.............................................................................

.............................................................................

.............................................................................

(૮) ભાષાનો વર્ગખંડ કેવો હશે ?

.............................................................................

.............................................................................

.............................................................................

(૯) વર્ગખંડમાં શિક્ષણકાર્ય કરતી વખતે તમે ભાષાનું કામ કરશો કે વિષયવસ્તુનું ? શા માટે ?

.............................................................................

.............................................................................

.............................................................................

(૧૦) વર્ગખંડની પ્રવૃત્તિ હેતુ આધારિત જ હોવી જોઈએ એવું તમે માનો છો ?

.............................................................................

.............................................................................

.............................................................................

(૧૧) શિક્ષણકાર્યમાં સ્થાનિક સ્રોતની જરૂરિયાત તમને લાગે છે ? જો હા, તો તેનો ઉપયોગ કેવી રીતે કરશો ?

.............................................................................

.............................................................................

.............................................................................

(૧૨) તમે માનો છો કે કાવ્ય એ માણવાનો વિષય છે ? જો હા, તો હવે તમે કાવ્ય શિક્ષણમાં કેવો બદલાવ લાવશો ?

.............................................................................

.............................................................................

.............................................................................

★ ★ ★

# ચર્ચાપત્ર

(૧) અન્ય વિષયોનું શિક્ષણ માતૃભાષા પર આધારિત છે ? શા માટે ?

☐ સંમત ☐ અસમંત ☐ અંશતઃ સંમત

(૨) ધોરણ ૬થી ૮માં માન્ય ભાષા ઉપર વધારે ભાર મૂકવો જોઈએ ? શા માટે ?

☐ સંમત ☐ અસમંત ☐ અંશતઃ સંમત

(૩) હેતુઓ તથા વિશિષ્ટ હેતુઓને ધ્યાનમાં રાખીને જ એકમ શિક્ષણ કરાવવું જોઈએ ? શા માટે ?

☐ સંમત ☐ અસમંત ☐ અંશતઃ સંમત

(૪) કવિતા એ કાનનું ઘરેણું છે ? શા માટે ?

☐ સંમત ☐ અસમંત ☐ અંશતઃ સંમત

(૫) જેની માતૃભાષા સારી એની બધી જ ભાષા સારી. શા માટે ?

☐ સંમત ☐ અસમંત ☐ અંશતઃ સંમત

(૬) સ્થાનિક સંસાધનના ઉપયોગથી ભાષા શિક્ષણ સુધારો લાવી શકાશે ? શા માટે ?

☐ સંમત ☐ અસમંત ☐ અંશતઃ સંમત

(૭) ભાષા શિક્ષણમાં પ્રવૃત્તિનો અવકાશ ઓછો છે ? શા માટે ?

☐ સંમત ☐ અસમંત ☐ અંશતઃ સંમત

(૮) વ્યાકરણ શિક્ષણ અલગથી કરવું જોઈએ ? શા માટે ?

☐ સંમત ☐ અસમંત ☐ અંશતઃ સંમત

★ ★ ★

**કન્વીનર : રાઘવજી માધડ**

જીસીઈઆરટી, ગાંધીનગર

| | | |
|---|---|---|
| (૧) | શ્રી મિનેષ એન. વાળંદ | વાલિન્ડા પ્રા. શાળા, તા. ધંધુકા, જિ. અમદાવાદ |
| (૨) | શ્રી પ્રકાશ બી. ભટ્ટી | સરંભડા પ્રા. શાળા, તા. અમરેલી, જિ. અમરેલી. |
| (૩) | શ્રી મહંમદરફીક એ. મન્સુરી | હરિપુરા (અ) પ્રા. શાળા, તા. ઈડર, જિ. સાબરકાંઠા |
| (૪) | શ્રી વિનોદભાઈ ત્રિવેદી | દેવલીયા પ્રા. શાળા, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૫) | શ્રી રમેશભાઈ કે. પારગી | ડાયડ, સંતરામપુર, જિ. પંચમહાલ. |
| (૬) | શ્રી મધુસૂદનભાઈ ઠક્કર | સી.આર.સી., રાજપુર, તા. પાટણ, જિ. પાટણ. |
| (૭) | શ્રીમતી રતનબેન કે. પરમાર | વાલ્મીકિ પ્રા. શાળા, તા. પેટલાદ, જિ. આણંદ. |
| (૮) | શ્રી જસવંતભાઈ કે. પરમાર | સુરેલી પ્રા. શાળા, તા. કાલોલ, જિ. પંચમહાલ. |
| (૯) | શ્રીમતી કપિલાબેન વી. ચૌધરી | સુરાલી પ્રા. શાળા, તા. બારડોલી, જિ. સુરત. |
| (૧૦) | શ્રી જીતેન્દ્ર જી. કાપડિયા | કાંટ સી.આર.સી., તા. ડીસા, જિ. બનાસકાંઠા. |
| (૧૧) | શ્રી વિક્રમભાઈ એન. શિયાળ | અણિયારી સીમ પ્રા. શાળા, તા. રાણાવાવ, જિ. પોરબંદર. |
| (૧૨) | શ્રી મણિલાલ લાડ | મોરા પ્રા. શાળા, તા. ચોર્યાસી, જિ. સુરત. |
| (૧૩) | શ્રી નટવરભાઈ આઈ. સુથાર | થરા-૨ સી.આર.સી., તા. કાંકરેજ, જિ. બનાસકાંઠા. |
| (૧૪) | શ્રી દિનેશભાઈ પ્રજાપતિ | દૂધસાગર સી.આર.સી., તા. રાધનપુર, જિ. પાટણ. |

★ ★ ★

# हिन्दी

## ( निम्नस्तर )

## उच्च प्राथमिक शिक्षा

## ( प्रथम सत्र )

# तालीम मोड्युल


-: कन्वीनर :-

**प्रकाश सोनी**

GCERT, गांधीनगर

-: सह कन्वीनर :-

**डॉ. जे. बी. जोशी**

DIET, पालनपुर

-: लेखन-संपादन :-

- रेवाभाई बी. प्रजापति — बामणोज, ता. दांता, जि. बनासकांठा
- मंगलभाई सी. गोहिल — लुवारा, ता. वागरा, जि. भरूच
- रमेशभाई एस. परमार — नगर प्रा. शा. बावला, जि. अहमदाबाद
- नुरोद्दीन ए. शाह — न.प्र.शा. नं. २४४, लिंबायत, सुरत
- गोविंदभाई एम. रोहित — ओरवाड़ा, ता. संखेड़ा, जि. वड़ोदरा
- हितेशकुमार वी. नायक — CRCC, बड़ोली, जि. साबरकांठा

# अनुक्रमणिका


१. अभिगम ........ ०

२. समझपत्र ........ ०

३. चर्चापत्र-१ (शैक्षिक उद्देश्य) ........ ०

४. चर्चापत्र-२ (गद्य शिक्षा) ........ ०

५. चर्चापत्र-३ (पद्य शिक्षा) ........ ०

६. चर्चापत्र-४ (रचना शिक्षा) ........ ०

७. चर्चापत्र-५ (शिक्षा में गतिविधि) ........ ०

८. चर्चापत्र-६ (अर्थग्रहण, अभिव्यक्ति) ........ ०

९. चर्चापत्र-७ (सर्जनात्मकता, व्यावहारिक उपयोजन, तार्किक चिंतन) ........ ०

१०. दार्शनिक पाठ (कक्षा-६ : समझदार नन्हीं : इकाई-३, कहानी) ........ ०

११. दार्शनिक पाठ (कक्षा-७ : हिन्द देश के निवासी : इकाई-५, काव्य) ........ ०

१२. दार्शनिक पाठ (कक्षा-८ : भरत : इकाई-६, एकांकी) ........ ०

# આર. ટી. ઈ. ૨૦૦૯ પછી મહત્ત્વનાં પરિવર્તન

**નીપજ :**

- માત્ર વાચન, લેખન, ગણન નહીં, પરંતુ સર્વાંગી શિક્ષણ
- દરેક સ્તરે નીપજ લાગુ પડે છે.

**પ્રક્રિયાઓ :**

- દ્વિ-માર્ગી, આંતરક્રિયાયુક્ત
- જ્ઞાનની રચના, (સર્જન)
- દરેક સ્ટેકહોલ્ડરની સામેલગીરી

**સંબંધો :**

- માત્ર સૂચનાનું પાલન નહીં પરંતુ સમાન સ્તરની ભાગીદારી
- જવાબદેહિતા; લાભ આપનાર હવે લાભાર્થી છે !

ચર્ચા કરી નોંધ કરો :

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

# નીપજ

| પ્રવર્તમાન સ્થિતિ | અપેક્ષિત પરિવર્તન |
|---|---|
| • સાક્ષરી વિષયો પર વધુ ભાર<br>• વાંચન, લેખન, ગણન (૩ આર), ક્ષમતા પર ભાર<br>• સૂચનાનું પાલન, નિર્દેશ મુજબ કરવા પર ભાર<br>• લઘુતમ સ્તર, બધા માટે સમાન | • સર્વાંગી વિકાસ પર ભાર<br>• ઉચ્ચ સ્તરીય કૌશલ્યો વિકસાવવાં<br>• શીખતાં શીખવું<br>• અધિકતમ, દરેકની જરૂરિયાત મુજબ |

**નીચેની બાબતો પર પ્રભાવ પડશે :**

- અભ્યાસક્રમ, પાઠ્યક્રમ, સામગ્રી
- વિવિધ સ્તરે તાલીમ અને તાલીમ સામગ્રી
- અધ્યયનનું આકલન (મૂલ્યાંકન)
- અભિવ્યક્તિનું આકલન
- કાર્યક્રમનું મૂલ્યાંકન

# પ્રક્રિયાઓ

| પ્રવર્તમાન સ્થિતિ | અપેક્ષિત પરિવર્તન |
|---|---|
| • એકમાર્ગી, વિદ્યાર્થી નિષ્ક્રિય<br>• જ્ઞાન મેળવવું<br>• સમજૂતી, ગોખણપટ્ટી<br>• બધા સરખી ઝડપે શીખે<br>• એડવાન્ટેજ છે તેની જ તરફેણ<br>• ભણનાર પર દોષારોપણ (કયા સમયે શું કરવાનું તે નક્કી નથી)<br>• બાળકના અનુભવો અને સ્થાનિક જ્ઞાનને અવગણવામાં આવે છે. | • સહભાગિતાયુક્ત, વિદ્યાર્થી સક્રિય,<br>• જ્ઞાનનું સર્જન<br>• ચિંતન, ઉપયોજન<br>• દરેકની જરૂરિયાત મુજબ શિક્ષણ<br>• વિશેષ કરીને વંચિતની તરફેણ<br>• બાળકનો અધિકાર, (કયા સમયે શું કરવાનું તે નક્કી છે)<br>• બાળકના જ્ઞાનનું મૂલ્ય, |

**પ્રક્રિયાઓમાં નીચેના ફેરફારો જરૂરી છે :**

- સ્પષ્ટ શૈક્ષણિક (પેડાગોજીકલ) મોડેલ
- વિવિધ ઘટકોનું આપસમાં સુનિયોજિત સંકલન
- અપેક્ષિત પ્રક્રિયાઓ ઉજાગર કરે તેવી તાલીમ
- શૈક્ષણિક માર્ગદર્શન તંત્ર તેને મદદ કરે
- દરેક જણને શિક્ષણના અધિકાર વિશે જાણકારી

# સંબંધો

| પ્રવર્તમાન સ્થિતિ | અપેક્ષિત પરિવર્તન |
|---|---|
| • હોદ્દા મુજબ પદ, ઊંચ-નીચ | • સહકારયુક્ત ભાગીદારી |
| • જવાબદારી ઉપરવાળા તરફ | • જવાબદારી નીચલા સ્તરે, બે-તરફી |
| • જવાબદાર ઠેરવવામાં આવે | • રિસ્પોન્સીવ (દરેક સ્થિતિને અનુરૂપ ફેરફારો કરી શકે) |
| • શિસ્તબદ્ધ વાતાવરણ | • સૌહાર્દપૂર્ણ અને આવકારયુક્ત માહોલ |
| • ગર્ભિત/પરોક્ષ પૂર્વગ્રહ | • ભેદભાવ-રહિત |

**આવા સંબંધો કેવી રીતે પ્રસ્થાપિત થઈ શકે ?**

- ઉપરથી શરૂ થાય; એવા લોકોને સન્માન મળે જે લોકો :
- આયોજન, વિકાસ, અમલીકરણ, મોનિટરિંગ અને રિપોર્ટિંગ વખતે વંચિતોના હિતમાં વિચારતા હોય.

**નીચેની બાબતો પર અસર પડશે :**

- પૅડાગોજી, વર્ગખંડ વ્યવસ્થા, આયોજન
- તાલીમની પદ્ધતિ અને અનુકાર્ય
- શાળા વ્યવસ્થાપન અને સમુદાયની સામેલગીરી

**ચર્ચા કરી નોંધ કરો :**

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

# R.T.E. - 2009 બાળકો માટે શિક્ષણનો અધિકાર

**બાળકો માટે :**

(૧) શિક્ષણ મેળવવું એ દરેક બાળકનો અધિકાર છે.

(૨) બાળકને નજીકની શાળામાં પ્રવેશ આપવો.

(૩) બાળકને વયકક્ષા મુજબ ધોરણમાં પ્રવેશ મળશે.
(દા.ત. કોઈ બાળક ૬ વર્ષનું હોય તો તેને ધોરણ ૧માં, ૭ વર્ષનું હોય તો તેને ધોરણ ૨માં પ્રવેશ, ૮ વર્ષનું હોય તો ધોરણ ૩માં પ્રવેશ આમ ક્રમશઃ ઉંમર મુજબ પ્રવેશ મળશે.)

(૪) બાળકને કક્ષા મુજબનું શિક્ષણ આપવા માટે વિશેષ શિક્ષણ આપી જે તે કક્ષા અનુસારના સ્તર પર લાવવામાં આવશે.
(પ્રશિક્ષણ ત્રણ મહિના કે રાજ્ય સરકાર દ્વારા નક્કી કરેલ સમય સુધી રહેશે.

(૫) પ્રત્યેક બાળકને TC - (TRANSFER CERTIFICATE) પ્રાપ્ત કરવાનો અને કોઈ પણ શાળામાં પ્રવેશ મેળવવાનો અધિકાર છે. TC ના અભાવમાં બાળકને પ્રવેશથી વંચિત રાખી શકાશે નહિ અને જે શાળા TC ના આપે તેના વિરુદ્ધ એવા નિયમો આધીન કાયદાકીય કાર્યવાહી થઈ શકે.

(૬) પ્રત્યેક બાળક માટે પ્રાથમિક શિક્ષણ માટે ૧ કિ.મી.ના અંતરમાં અને ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ માટે ૨ કિ.મી. અંતરમાં શાળા હશે. તેની જોગવાઈ રાજ્ય કક્ષાએ ત્રણ વર્ષ સુધીમાં કરવી.

(૭) પ્રવેશ મેળવવા માટે જન્મના દાખલા ન હોય તો પણ પ્રવેશ આપવો. બાળકની ઉંમરની સાબિતીના આધારે શાળામાં પ્રવેશનો ઈન્કાર કરી શકાશે નહિ.

(૮) ૩થી ૬ વર્ષનાં બાળકોને પ્રાથમિક શિક્ષણ માટે તૈયાર કરવા માટે પ્રારંભિક શિક્ષણની વ્યવસ્થા ઊભી કરવી.

(૯) Disadvantage group & Weaker section નાં બાળકો નજીકની શાળામાં (અનુદાનિત / ગેરઅનુદાનિત) નિઃશુલ્ક પ્રવેશ મેળવી શકશે. આવી શાળાઓની શરૂઆતના વર્ગોની સ્વીકૃતિની સંખ્યાના ૨૫% બાળકોને પ્રવેશ આપવો પડશે.

(૧૦) બાળકોનો શાળામાં પ્રવેશ રાજ્ય સરકાર દ્વારા નિશ્ચિત સમયમર્યાદા અથવા જરૂરિયાત મુજબ વર્ષ પર્યન્ત પણ કરી શકશે.

(૧૧) કોઈ પણ બાળકને પ્રાથમિક શિક્ષણ (૧ થી ૮) સુધી નાપાસ કરી શકાશે નહિ.

(૧૨) બાળકોને શારીરિક, માનસિક ઈત્યાદિ કોઈપણ પ્રકારની સજા કરી શકાશે નહિ.

(૧૩) બાળકોને તેમની રૂચિ, સ્તર અને ગતિ અનુરૂપ કાર્ય કરવાની તક મળશે.

(૧૪) બાળક પ્રાથમિક શિક્ષણ પૂરું કરે ત્યાં સુધીમાં બોર્ડની કોઈ પણ પરીક્ષા પાસ કરવાની રહેશે નહિ.

(૧૫) શિક્ષણનું માધ્યમ શક્ય હોય ત્યાં સુધી માતૃભાષામાં હશે.

**શિક્ષકો માટે :**

(૧) શિક્ષક કૌશલ્યપૂર્ણ હશે.

(૨) શિક્ષકો નિર્ધારિત યોગ્યતાધારી જ હશે.

(૩) શિક્ષકોએ નીચે મુજબનાં કાર્યો કરવાનાં રહેશે.

- નિયમિતતા અને સમય
- પાઠ્યક્રમ નક્કી કરેલ સમયમર્યાદામાં પૂરો કરવો.
- પ્રત્યેક બાળકના સ્તર અને ગતિ મુજબ જાણવું, નોંધવું અને શિક્ષણની યોજના બનાવવી.
- આવશ્યકતા અનુસાર વિશેષ વર્ગોનું આયોજન કરવું.
- વાલીઓને બાળકની નિયમિતતા અને પ્રગતિની માહિતી આપવી.
- સરકાર દ્વારા નિશ્ચિત અન્ય શૈક્ષણિક કાર્યો કરવાં.
- શિક્ષકની સમસ્યાઓનું નિશ્ચિત સમયમર્યાદામાં નિરાકરણ.
- શિક્ષકોને વસતિ ગણતરી, કુદરતી આફતો સમયે રાહતકાર્ય અને ચૂંટણી સંદર્ભની કામગીરી સિવાયની અન્ય કામગીરીથી મુક્ત કરવા.
- શિક્ષક ટ્યૂશન / પ્રાઈવેટ કોચિંગ કરી શકશે નહિ.

**સમુદાય / વાલી / S.M.C. માટે :**

(૧) પ્રત્યેક વાલીની જવાબદારી રહેશે કે પોતાના બાળકનો શાળામાં પ્રવેશ કરાવે અને શાળામાં નિયમિત મોકલશે.

(૨) શાળામાં School Management Committee (S.M.C.)ની રચના થશે. જેમાં ૩/૪ સભ્યો બાળકોના વાલીઓ હશે.

- Weaker Section / પછાત વર્ગનાં બાળકોનાં માતા-પિતાની તેમની સંખ્યાના અનુપાતમાં ભાગીદારી રહેશે.
- ૫૦% મહિલાઓ હશે.
- S.M.C. શાળાના કાર્યની દેખરેખ રાખશે.
- પ્રાપ્ત ગ્રાન્ટનો ખર્ચ કરશે અને મોનિટરિંગ પણ કરશે.
- S.M.C. શાળાની વિકાસ યોજના તૈયાર કરશે.

**પ્રશાસન માટે :**

(૧) રાજ્ય કક્ષા બાળકો માટે નજીકનાં સ્થળોમાં શાળાઓ ઉપલબ્ધ કરાવશે.

(૨) બાળકોમાં જાતિ, લિંગ અનુસાર કોઈ ભેદભાવ ન હોય અને પ્રાથમિક શિક્ષણ પૂરું કરવામાં કોઈ બાધા ન હોય તેની જવાબદારી રાજ્ય સરકારની રહેશે.

(૩) ભૌતિક અને માનવીય સુવિધાઓની ઉપલબ્ધિ કરાવવી.

(૪) ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ સુનિશ્ચિત કરવું.

(૫) શિક્ષકોને પ્રશિક્ષણ સુવિધા પૂરી પાડવી.

(૬) સ્થળાંતર (MIGRATED) બાળકોનો પ્રવેશ સુનિશ્ચિત કરવો.

(૭) અધિકારીએ શાળામાં મોનિટરિંગ કરવું.

(૮) શૈક્ષણિક કેલેન્ડર તૈયાર કરવું.

**પ્રાથમિક શિક્ષણ માટેનો પાઠ્યક્રમ અને મૂલ્યાંકન પ્રક્રિયા :**

(૧) પાઠ્યક્રમ અને મૂલ્યાંકન પ્રક્રિયા સંવિધાન સંદર્ભિત મૂલ્યો પર આધારિત હોવી જોઈએ.

(૨) બાળકનો સર્વાંગી વિકાસ થાય.

(૩) બાળકોમાં જ્ઞાન, અંતઃશક્તિ અને યોગ્યતાનું નિર્માણ થાય.

(૪) બાળકોની માનસિક અને શારીરિક ક્ષમતાઓનો વધુમાં વધુ વિકાસનો અવકાશ હોય.

(૫) શીખવા-શીખવવાની પ્રક્રિયા બાળકને અનુરૂપ પ્રવૃત્તિ આધારિત હશે.

(૬) શિક્ષણનું માધ્યમ માતૃભાષા આધારિત હશે.

(૭) શાળામાં ભયમુક્ત વાતાવરણ હશે. જેથી બાળકો સમજી વિચારીને નિર્ણય લઈ શકે.

(૮) શિક્ષણ પ્રક્રિયા દરમિયાન જ સતત સર્વગ્રાહી મૂલ્યાંકન (C.C.E.) થશે.

**અન્ય :**

(૧) કોઈ પણ શાળા દ્વારા પ્રવેશ પરીક્ષા લઈ શકાશે નહિ. જો આવું થાય તો પ્રથમ સ્તર પર રૂા. ૨૫,૦૦૦નો દંડ અને બીજી વાર કરે તો રૂા. ૫૦,૦૦૦નો દંડ અને ત્રીજી વાર કરે તો એ શાળાની માન્યતા રદ થશે.

(૨) કોઈ પણ શાળા દ્વારા પ્રવેશ ફી લેવામાં આવશે નહિ. પ્રવેશ ફી લેવા બદલ દસ ગણી રકમ દંડ સ્વરૂપે લેવામાં આવશે. (ખાનગી શાળાઓમાં આ પ્રાવધાન રાજ્ય સરકાર દ્વારા નીતિનિયમો અનુસાર લાગુ કરવામાં આવશે.)

(૩) પ્રત્યેક ખાનગી શાળાએ સરકાર તરફથી માન્યતાનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. માન્યતા ન લેવા પર અથવા માપદંડ દ્વારા ન કરવા બદલ શાળાની માન્યતા રદ કરવામાં આવશે.

**ચર્ચા કરી નોંધ કરો :**

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**નીચેના પ્રસંગો / કેસલેટનો અભ્યાસ કરો તેમાં દર્શાવેલ ઘટનાઓ RTE ના નિયમોનું કઈ રીતે ઉલ્લંઘન કરે છે ? દરેક પ્રસંગો / કેસલેટની તમારા કાર્યસંબંધે ચર્ચા કરો અને દરેક પ્રસંગ સામે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

| પ્રસંગો/કેસલેટ | ગુણવત્તાના પરિપ્રેક્ષ્યમાં શું બદલાવ જરૂરી લાગે છે ? તમારા કામ માટેનાં સૂચનો ક્યાં છે ? |
|---|---|
| **પ્રસંગ - ૧**<br>........ અગિયાર વર્ષની એક છોકરી ધોરણ ચારમાં ભણે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી તેને ઘરે એટલું બધું કામ રહે છે કે, તેને અભ્યાસમાં સમય મળતો નથી. એટલે તેને ધોરણ ચારમાં નાપાસ કરવામાં આવી છે. જો કે હજુ તે શાળાએ નિયમિત જઈ શકે તેમ નથી. વર્ગમાં તે પ્રશ્નોના જવાબ આપી શકતી નથી. એટલે તેને ક્યારેક માર પણ ખાવો પડે છે. આથી તે ભણવાનું છોડી દેવાનું વિચારે છે.<br>......... આઠ વર્ષની છે. અત્યાર સુધીમાં તે જે ગામમાં રહેતી હતી ત્યાં શાળા ન હતી. હવે તે મોટા ગામમાં રહેવા આવી છે અને ધોરણ એકમાં દાખલ થઈ છે. જ્યારે તેની મા તેને શાળા વિશે પૂછે ત્યારે તેની પાસે કહેવા માટે કશું હોતું નથી કારણ કે, શાળામાં જે થઈ રહ્યું છે તે તેને સમજાતું નથી, પાઠ્યપુસ્તકની ભાષા તેની ભાષા કરતાં જુદી છે. અને શિક્ષક તેની ભાષામાં વાત કરતા નથી. એવું નથી કે, એ અંતર્મુખી છોકરી છે, શરૂઆતમાં તે ખૂબ સક્રિય હતી અને બધાં સાથે વાત કરતી હતી. પણ એક દિવસ શિક્ષકે તેની જ્ઞાતિનું નામ દઈને કહ્યું કે, તે જ્ઞાતિના લોકો એટલાં બધાં વાતોડિયાં હોય છે કે, તેમની વાતોમાં કંઈ દમ ન હોય તો પણ ચુપ ન થાય. | • વર્ગખંડમાં ખરેખર શું થવું જોઈએ ?<br>• તે માટે બી.આર.સી./સી.આર.સી. એ શું પગલાં લેવાં ?<br>• બી.આર.સી./સી.આર.સી.ને રાજ્ય કક્ષાએથી કઈ રીતે સહાયતા આપી શકાય જેથી તેઓ આ પગલાં લઈ શકે ? |
| **પ્રસંગ - ૨**<br>આજે ધોરણ ત્રણમાં ભણતા નવ વર્ષના ............ માટે મહત્ત્વનો દિવસ છે. આજે પરીક્ષાનું પરિણામ છે. વાર્ષિક પરીક્ષાની ફી રૂપે તેના પિતાએ દસ રૂપિયા ચૂકવેલ છે. વર્ગના બધા વિદ્યાર્થી પાઠ્યપુસ્તકની બધી વિગતો યાદ રાખી લે તે માટે શિક્ષકે ખૂબ જ મહેનત કરી છે. શાળાના નિરીક્ષક કે, જેમણે પરીક્ષાના થોડા દિવસ પહેલાં શાળાની મુલાકાત લીધી હતી. તેઓ પણ વિદ્યાર્થીની વિગતો યાદ રાખવાની શક્તિથી પ્રભાવિત થયા હતા અને .......... ને પણ બધા જવાબો મોઢે હતા. જ્યારે પરિણામ આવ્યું ત્યારે તે ખૂબ જ ખુશ હતો, કેમ કે વર્ગમાં પ્રથમ આવ્યો હતો. | • વર્ગખંડ પ્રક્રિયામાં શું ક્ષતિ છે ? ખરેખર શું હોવું જોઈએ ?<br>• ઘણી બધી તાલીમ પછી પણ વર્ગખંડ આવો હોવા પાછળ તમને શું કારણ લાગે છે ?<br>• કાકાના પ્રશ્નમાં કઈ બાબત મહત્ત્વની છે ?<br>• અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક સાથે અહીં દર્શાવેલ મુદ્દાને કઈ રીતે જોડી શકાય ?<br>• નબળાં બાળકોના અભ્યાસ બાબતે શું કરવું ? |

જો કે તેના કાકાએ મજા બગાડી નાખી.
કાકાએ ........... ને પૂછ્યું, જો એકનંબરી છોકરા, જો મેં આઠ રૂપિયાનાં ટમેટાં લીધાં, પાંચ રૂપિયાનાં મરચાં ખરીદ્યાં, હજુ મારી પાસે સાત રૂપિયા છે, હવે મારી પાસે કેટલા રૂપિયા હશે ? પણ છોકરાંને આ જવાબ આવડતો ન હતો. તેણે કહ્યું, મારી ચોપડીમાં આવા દાખલા નથી. પછી મને કેવી રીતે આવડે ?
............ ના
શિક્ષકશ્રી ........... નાખુશ છે, તે કહે છે કે, હું ગમે તેટલી મહેનત કરું તો પણ બધાં બાળકો વ્યવસ્થિત શીખી શકતાં નથી. તેઓ એવાં પછાત વાતાવરણમાંથી આવે છે, જો કાચો માલ નબળી ગુણવત્તાનો હોય, તો સારી વસ્તુ કેવી રીતે બને અને પાછો મારે કેટલો બધો પાઠ્યક્રમ ભણાવવાનો હોય છે ? બધા નબળા અને મધ્યમ વિદ્યાર્થીઓ આવા પાઠ્યક્રમને ભણવા સક્ષમ નથી.

**પ્રસંગ - ૩**

શ્રી ............ ખૂબ અનુભવી શિક્ષક છે. તેમણે આશરે પંદર વર્ષ પહેલાં ધોરણ બાર પાસ કર્યું અને નોકરી મેળવી, જો કે રાજ્ય દ્વારા અપાતી એક વર્ષની તાલીમમાં તેમનો વારો આવ્યો નથી. જો કે નિષ્ઠાવાન શિક્ષક હોવાને કારણે પાઠ્યપુસ્તકમાં જે કાંઈ દર્શાવેલ છે, તે બધું જ તેઓ કરી છૂટે છે. તેઓ નિયમિત રીતે ???? તાલીમ કાર્યક્રમોમાં ભાગ લે છે. પણ આ કાર્યક્રમોમાં ઘણા મુદ્દા એક સાથે શીખવાય છે, તેઓ સમજી શકતા નથી કે, તેમને ખરેખર વર્ગખંડમાં શું જુદું કરવું ? તેમને એમ લાગે છે કે, જે કાંઈ તાલીમોમાં થાય છે તે, તાલીમ પૂરતું જ છે. તે વર્ગખંડ માટેનું નથી. કારણ કે તેમનો વર્ગખંડ તાલીમના વર્ગખંડ કરતાં જુદો છે. તેમના વર્ગખંડમાં વયવૈવિધ્ય છે. મોટા ભાગનાં બાળકો નિયમિત આવી શકે તેમ નથી. અને તજજ્ઞો જે વાતો કહે છે તે કરવાની જગ્યા કે સમય તેમની પાસે નથી.
શ્રી ............ પણ સંતુષ્ટ નથી કારણ કે તેમણે જ્યારે બી.આર.સી./સી.આર.સી.ના રિસોર્સ પર્સન તેમની શાળાની મુલાકાતે આવે ત્યારે શ્રી ........... તેમને વિનંતી કરે છે કે, તમે તાલીમ દરમિયાન જેવી અપેક્ષાઓ અમારી પાસે રાખો છો તેવું વર્ગખંડ શિક્ષણનું નિદર્શન કરી બતાવો. પરંતુ રિસોર્સ પર્સન કદી નિદર્શન કરતા નથી. છેલ્લાં કેટલાંક વર્ષોથી રિસોર્સ પર્સન પોતાનો મોટાભાગનો સમય જુદાં જુદાં પત્રકો ભરવા અને માહિતી મેળવવા કે

- શું તમે બી.આર.સી./સી.આર.સી. અને તાલીમ અંગેના આ શિક્ષકના મંતવ્ય સાથે સંમત છો ?
- શું તમને લાગે છે કે, તે નિષ્ઠાવાન શિક્ષક છે ?
- આવા શિક્ષકને સાચે જ અસરકારક બનાવવા શું કરી શકાય ?
- રાજ્ય-જિલ્લા-તાલુકા કક્ષાએ કેવાં પગલાં લેવાં જોઈએ ?

અન્ય બાબતમાં વિતાવે છે. હવે તેઓએ તેમાં ધ્યાન આપવાનું બંધ કર્યું છે. અથવા જો તેમણે ખ્યાલ આવે કે, રિસોર્સ પર્સન શાળામાં આવી રહ્યા છે, તેઓ શાળાએ પણ જતા નથી.

થોડાક સમય બાદ શ્રી ............ આચાર્ય બની ગયા છે, તેઓ સામાન્ય રીતે નિષ્ઠાવાન શિક્ષક છે. (મોટેભાગે શાળાએ નિયમિત જાય છે અને આખો દિવસ શાળામાં રહે છે.) તેથી તેમની શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા સારી છે, ૨૦૦ વિદ્યાર્થીઓથી થોડી વધારે. પણ છેલ્લાં ત્રણ વર્ષથી તેમની શાળામાં તેમના સહિત ત્રણથી વધુ શિક્ષક હોતા નથી. જો તેમણે આ ગામમાં જ લગ્ન ન કર્યાં હોત તો તેઓ પણ આ ગામમાંથી બદલી કરી લેત. (જે અઘરું નથી.) શ્રી ............. ને લાગે છે કે, તાલીમ ઉપયોગી ન બનવાનું એક કારણ શિક્ષક વિદ્યાર્થી રેશિયો પણ છે. જ્યારે એક શિક્ષક પાસે આટલા બધા વિદ્યાર્થી હોય ત્યારે શું થાય ? તેથી તેઓ ખુશ છે કે, એક વર્ષની તાલીમ માટે તેમનો વારો આવ્યો નથી કેમ કે તો છેવટે સમયની બરબાદી જ થાત.

**ચર્ચા કરી નોંધ કરો :**

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

# N.C.F. - 2005 (રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા) મુખ્ય બાબતો :

N.C.F. - 2005 માં બાળકોની શીખવા - શીખવવાની તથા જીવનમૂલ્યોના વિકાસ માટેની નીચે જણાવેલ બાબતો દર્શાવવામાં આવી છે.

- પ્રત્યેક બાળક મહત્ત્વપૂર્ણ છે.
- પ્રત્યેક બાળકની શીખવાની પોતાની ગતિ હોય છે.
- પ્રત્યેક બાળકનું પોતાનું સ્તર હોય છે.
- રચનાવાદ અનુસાર બાળક પોતાના જ્ઞાનનું નિર્માણ જાતે કરે છે.
- જ્ઞાનને શાળા બહારના વાતાવરણ સાથે જોડવું.
- ગોખણપટ્ટીવાળી પરીક્ષાઓનો ત્યાગ કરવો.
- માત્ર પાઠ્યપુસ્તક આધારિત નહિ પણ તેથી આગળ જઈ શકે તેવી તક આપે એવો અભ્યાસક્રમ - પાઠ્યક્રમ
- પરીક્ષાપદ્ધતિને વધારે લચીલી બનાવવી.
- કક્ષાને જીવન સાથે જોડવું.
- શીખવાની પ્રક્રિયા સાથે જ્ઞાન.
- બાળક જ્ઞાનની રચના કરે છે તેનો ઉપભોક્તા નથી.
- વિષયો વચ્ચે સંકલન સ્થાપિત કરવું કે જેથી વિદ્યાર્થી સમગ્ર જ્ઞાનનો આનંદ મેળવી શકે.
- બાળકેન્દ્રી શિક્ષણ હોય.
- બાળકની સક્રિય ભાગીદારી હોય અને તેના વ્યક્તિત્વનો સ્વીકાર થાય.
- બાળકો એવા વાતાવરણમાં ભણી શકે છે કે જેમાં તેમને લાગે છે કે તેમને મહત્ત્વપૂર્ણ ગણવામાં આવે છે.

### કોણ અને કેવાં છે આપણાં બાળકો ?

આપણી દુનિયા મહદ્અંશે મોટાઓ માટેની છે, બાળકો માટેની નહિ. બાળકોને નિયંત્રણમાં રાખવા માટે આ દુનિયાએ જાતજાતની વ્યવસ્થા કરી છે, જે આપણી વાતચીત અને વ્યવહારમાં વારંવાર જોવા મળે છે. આજે પણ આપણી શાળામાં કેટલીક ધારણાઓ નજરે ચઢે છે જેવી કે -

- છોકરાં તો મોટે ભાગે બગડેલાં જ, હોય એ લોકોને સુધારવા માટે શાળામાં મોકલવામાં આવે છે.
- છોકરાં પર સતત નજર ન રાખીએ તો તે બગડી જ જાય.
- છોકરાંઓને શીખવવા માટે કડક શિસ્ત લાદવી જ જોઈએ.
- વર્ગમાં છોકરાંઓ અંદરોઅંદર જે વાતચીત કરે છે તે તેમના શીખવામાં સૌથી મોટું વિઘ્ન છે.

બાળકો વિશેની આપણી વિચારણા જ આપણા કાર્ય અને વ્યવહારને પ્રભાવિત કરે છે. મોટાઓને જે કામ કરવું ન ગમે તે કામ બાળકોને કરવાની મજા આવે છે. બાળકો શું વિચારીને શું શું નવું કરે છે તેની નોંધ આપણે રાખવી જોઈએ.

## બાળકો પોતાના કામને પ્રદર્શિત કરવાની ઇચ્છા ધરાવે છે :

બાળકો પોતાની ઉંમર અને જ્ઞાન કરતાં થોડાં વધારે આગળ છે તેવું બતાવવાની કોશિશ કરતાં હોય છે અને તેમના કામનાં વખાણ કરવાથી તેઓ ખૂબ ખુશ થાય છે. આનો અર્થ એ કે **શિક્ષકે બાળકોને સ્વતંત્રતાથી કામ કરવાની અને બોલવાની તક આપવી જોઈએ. તેઓની વાત સાંભળવી જોઈએ અને તેમના પ્રત્યેક કામની પ્રશંસા કરવી જોઈએ.** આમ, બાળકોને તેઓના વિચારો પ્રગટ કરવા દો પણ તમારા વિચારો તેમના પર લાદશો નહિ.

બાળકોમાં બાળપણનાં વર્ષોમાં શીખવાની ક્ષમતા વધારે હોય છે. શરૂઆતનાં સાત આઠ વર્ષોમાં તો તેઓ ઘર, પરિવાર, મિત્રમંડળ અને પર્યાવરણમાંથી ઘણું વધુ, ઘણી ઝડપથી શીખી લેતાં હોય છે. તેઓ પૂછપરછ કરતાં કરતાં અને અનુભવોમાંથી પોતાની રીતે શીખી લેતાં હોય છે. આ રીતે તેઓ પોતાના જૂના જ્ઞાન સાથે નવી જાણકારી જોડતાં રહે છે. શરૂઆતનાં આ વર્ષો દરમિયાન શીખેલું સઘળું તેઓના મગજમાં લાંબા સમય સુધી અંકિત થઈ જાય છે. બાળકોની ખોટી ટેવો, દૃષ્ટિકોણ અને સ્વભાવમાં ફેરફાર કરી શકાય પણ એ અઘરી વાત છે.

## બાળક કોરી સ્લેટ નથી :

કેટલાક વિચારકોએ કહ્યું છે કે બાળક કોરી સ્લેટ છે કે ખાલી ઘડો છે. એ સ્લેટ કે ઘડાને શિક્ષકે પોતાના જ્ઞાન અને અનુભવથી ભરવાનો છે. આ માન્યતા બદલવાની જરૂર છે. કારણ કે આપણે એવું નથી ઈચ્છતા કે બધાં બાળકોને એક જ બીબામાં ઢાળવામાં આવે. બાળકોની શીખવાની ક્ષમતા જુદી જુદી હોય છે અને તેઓને કોઈ એક સીમામાં બાંધવા પણ મુશ્કેલ હોય છે. ખરેખર તો બાળક એક કુમળો છોડ છે જેને અનુકૂળ વાતાવરણ આપવામાં આવે તો તે સ્વતંત્ર રીતે વિકસે છે. એટલે આપણું કામ તો બાળકોને શીખવા માટેની તક અને અનુકૂળ વાતાવરણ પૂરું પાડવાનું છે. આપણે એવી પરિસ્થિતિ અને અનુભવો પૂરા પાડીએ જેની મદદથી તેઓ પોતાનો વિશ્વાસ વધારવા માટે સક્ષમ બને.

બાળકોને મોટાઓના અનુકરણમાંથી શીખવાનું ગમતું હોય છે. કેટલીક બાબતો તેઓ જાતે અનુભવ કરીને અને એક બીજા સાથે વાતો કરીને પણ શીખી લેતાં હોય છે. બાળક જેમાંથી કશું જ ન શીખી શકે તેવી કોઈ ચીજ કે પરિસ્થિતિ હોતી જ નથી તેથી એમને તો પરિસ્થિતિ અને તક પૂરી પાડવી જોઈએ.

## બાળકો એકધારાપણાથી કંટાળે છે :

બાળકોને નવી નવી ચીજો જાણવાની તીવ્ર ઉત્સુકતા હોય છે. તેઓ જે કંઈ જુએ તેને સમજવાનો પ્રયત્ન કરે છે. જે કામમાં તેમને મજા આવે તે થાક્યા વગર કલાકો સુધી કરતા રહે છે. એમને વૈવિધ્ય પસંદ છે. એકધારાપણાથી તેઓ તરત કંટાળી જાય છે. બાળકો મૂલતઃ જિજ્ઞાસુ હોય છે. તેઓ હંમેશાં કંઈક ને કંઈક શીખવા અને કરવા તત્પર હોય છે અને કેવી રીતે શીખવું એ પણ તેઓ શોધી કાઢતાં હોય છે. **બાળકો કોઈપણ વસ્તુનો સામાન્ય અર્થ લેતા નથી** કારણ કે તેઓ કલ્પનાશીલ હોય છે. બીજાને ચીડવવા અને જોડકણાં જોડી કાઢવાં, રમતોના નિયમો બનાવવા, જરૂરિયાત પ્રમાણે તેમાં ફેરફાર કરવા એ બધુ તેઓ કરતાં જ રહે છે.

**બાળકો જાતે ઘણું શીખે છે :**

નાના સમૂહોમાં મિત્રો સાથે કંઈ ને કંઈ પ્રવૃત્તિ કરતાં કરતાં બાળકો શીખતાં રહે છે. **સમૂહમાં તેઓની શીખવાની ઝડપ પણ વધે છે.** તેઓ બીજાના અને ખાસ કરીને મોટાંઓની શીખવવાની રીતોને બદલે પોતાની રીતો શોધી કાઢે છે. સમાજ રચનાની જેમ જ બાળકો પણ પોતાની ટોળીઓ જમાવીને રમતગમતમાં એક બીજા સાથે હળીમળીને શીખતાં રહે છે.

સાતથી અગિયાર વર્ષની ઉંમરનાં બાળકો કોઈ ક્રિયા અને તેની અશર વચ્ચેનો સંબંધ શોધી શકે છે. ઘટના બન્યા બાદ પણ તેઓ ચર્ચા, સંવાદ કરતાં રહે છે અને દેશ દુનિયાની જાણકારીનું વિશ્લેષણ કરતાં રહે છે. મોટાંઓની વાતોમાં તેઓ પણ કૂદી પડે છે. રમી, રખડીને પાછાં આવ્યા પછી દરેક બાળક પાસે કહેવા માટે કંઈ ને કંઈ નવી વાત તો હોય જ છે.

**બાળકોના જગતમાં કશું જ અઘરું નથી :**

ઘણીવાર આપણને એવું લાગે છે કે કેટલાંક કામ બાળકને અઘરાં પડશે. પરંતુ બાળકો માટે ઘણીબધી બાબતો સરળ હોય છે. પાંચ વર્ષનું બાળક ભલે વિમાન ન ઉડાડી શકે પણ કમ્પ્યૂટર તો શીખી જ જાય છે. **આપણે વસ્તુ અનુસાર બાળકને ઢાળવાને બદલે બાળકને અનુરૂપ વસ્તુઓ, પ્રવૃત્તિઓ અને અનુભવો પૂરાં પાડવાં જોઈએ.** આમ કરવાથી તેઓ કંટાળશે નહિ અને તેમની શીખવાની ક્ષમતામાં વધારો થશે.

**બાળકોના મનમાં પૂર્વગ્રહ ન રોપીએ :**

સારાં બાળકો અને ખરાબ બાળકો એવી વિભાવના મોટાઓના મનની પેદાશ છે. બાળકના મનમાં આ વાત તેમની કુમળી વયથી જ નાખવામાં આવે છે અને સમય જતાં બાળકોના મનમાં પૂર્વગ્રહ ઘર કરી જાય છે જેમાંથી બહાર નીકળવું બાળક માટે કઠિન બની જાય છે. આવી ખતરનાક ધારણાઓનો આપણે ત્યાગ કરવો જોઈએ.

**પ્રત્યેક બાળક અનન્ય છે :**

એક બાળકની અન્ય સાથે સરખામણી કરવાથી તેમનો વિકાસ રુંધાય છે. **દરેક બાળકની પોતાની ખૂબી હોય છે. તે કદાપિ કોઈનું પ્રતિબિંબ હોઈ શકે નહિ.** અલબત્ત, બાળક અમુક અંશે અન્ય કોઈના જેવું લાગે ખરું.

સાચી વાત તો એ છે કે બાળકોમાં સહજ રીતે જ સર્જનશીલતા અને સ્વતંત્ર વિચારણાની ક્ષમતાઓ છુપાયેલી હોય છે. જો બાળકને સ્વતંત્ર રીતે કામ કરવાની તક આપવામાં આવે તો એ પોતાની કલ્પનાશીલતા અને જિજ્ઞાસાથી નવું નવું, નવી નવી રીતે શીખવા માંડશે. આ રીતે તેઓની અનન્યતાનો સ્વીકાર અને વિકાસ થઈ શકે છે.

**બાળકોને અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ આપીએ :**

બાળક પડકારયુક્ત સ્થિતિમાં વધુ શીખે છે તેથી તે શિક્ષકે વર્ગના વાતાવરણ અને વર્ગવ્યવહારોમાં બાળકો સમક્ષ પડકારો રજૂ કરવા જોઈએ.

**બાળકોની અભિરુચિ, કુતૂહલ, આકર્ષણ અને ઉત્સુકતા પર ધ્યાન આપવું જોઈએ.** બાળકોની અનુભવમાં ઊતરવાની પદ્ધતિને તેઓની શીખવાની ક્રિયા સાથે જોડી દેવી જોઈએ. આ રીતે બાળકના સહજ સ્વાભાવિક

વિકાસમાં સહાયતા થઈ શકે છે. મહત્ત્વની વાત એ છે કે આપણે જે કંઈ, જે કોઈ રીતે કરીએ છીએ તેમાંથી બાળક કંઈ ને કંઈ સંકેત પકડે છે. આપણે જો કોઈ નાની વાત પણ ચૂકી જઈએ તો બાળકના શીખવામાં મુશ્કેલી પડે છે.

**શીખવું - શીખવવું :**

આપણાં બાળકો મોટા ભાગે ૫થી ૧૪ વયજૂથનાં હોય છે. તેમની રુચિઓ છે - ખેલકૂદમાં આનંદ, બોર્ડ પર લખવું, દેકારો કરવો, જાતે કરવું, દરેક વાતમાં સવાલ પૂછવો, જલદી ઝઘડવું - જલદી ભેગા થવું, એક બીજાની મદદ માંગવી અને એક બીજાને મદદ કરવી, સાચી વાત કહેવી, શિક્ષકની નકલ કરવી, પોતાની રમતની યોજના ઘડવી. મિત્રો સાથે રમવું, આસપાસની જાણકારી મેળવવી, જે કરે છે તેને સાચું માનવું, ખૂબ વાતો કરવી, બહાનું બતાવવું, ટોળામાં ફરવું. આમ, બાળક પોતાના અનુભવથી વધારે શીખે છે.

**શીખવાની સાચી પ્રક્રિયા, માનસિક રીતે સક્રિય બનાવી રાખવાની છે :**

માનસિક સક્રિયતા શીખવાનો સંકેત છે. તેને વધારવી જોઈએ. તેના માટે બધા જ પ્રકારના ક્રિયાકલાપો વિચારવા પડશે. ક્રિયાકલાપોમાં સહજતા, રહસ્ય અને રોચકતા હોય, વર્તમાન સાથે સંબંધિત હોય તો તે અસરકારક રહે છે. તેનો ક્રિયાકલાપોની રીતો, સામગ્રીનો ઉપયોગ કરવાની પદ્ધતિમાં સમાવેશ થવો જોઈએ. જો આમ થાય તો દરેક સ્તર ઉપર માનસિક સક્રિયતા ટકી રહે છે. જે શીખવા માટેની સૌથી મોટી જરૂરિયાત છે.

શીખવાની પ્રક્રિયામાં પૂર્ણ સ્વતંત્રતા હોવી જોઈએ જેથી દરેક સ્તરનાં બાળકો માનસિક ક્રિયા કરી શકે. માનસિક પ્રક્રિયાઓ બોજારૂપ ન બને તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

**કઠિન બિંદુઓ સરળતા તરફ :**

શિક્ષણ દરમિયાન શિક્ષકે અધ્યયન સામગ્રીઓનાં કઠિન બિંદુઓને સરળ કરવા વિવિધતાસભર શિક્ષણ પદ્ધતિઓ અપનાવવી પડે છે. અઘરાપણું એ વિષયોમાં નહીં પણ તેની શિક્ષણ પદ્ધતિમાં હોય છે. માટે જ બાળકોને અઘરા લાગતા મુદ્દાઓ સરળતાથી વિવિધ શિક્ષણ પદ્ધતિ દ્વારા બાળકોને શિખવાડવા જોઈએ.

**શિક્ષકનો વિશ્વાસ બાળકોની શીખવાની ગતિ વધારે છે :**

બાળક પર કોઈપણ પ્રકારનું લેબલ લગાવવાથી તેમને બદલી શકાતા નથી. માટે તે જે છે, જેવું છે તેવા સ્તર પર જઈને શિક્ષકે કામ કરવું પડે. જેથી તે ઝડપથી શીખી શકે. તેમને તેમની ગતિથી શીખવામાં મદદ કરવી જોઈએ. તદ્ઉપરાંત જે પાછળ રહી ગયા છે તેમનાં કારણો જાણીને તે અનુસાર તેમને મદદ કરવી જોઈએ.

**પ્રવૃત્તિ દ્વારા શીખવાનાં સોપાન :**

શીખવાની પ્રક્રિયા આપણી અંદર થાય છે. વસ્તુની લેવડ-દેવડ કરવા જેવી પ્રક્રિયા શિક્ષણ પ્રક્રિયા હોતી નથી. તેથી શિક્ષણના ક્ષેત્રમાં શીખવવું અને જ્ઞાન આપવા જેવા શબ્દોનું સ્થાન હોઈ શકે નહિ. શીખવાની પ્રક્રિયા સ્વયં થાય છે. આપણે આપણા જ અનુભવોનું ક્રમિક વિશ્લેષણ કરીને શીખીએ છીએ. આપણા મસ્તિષ્કમાં શીખવાની પ્રક્રિયા નીચે મુજબનાં સોપાનો દ્વારા થાય છે.

**અનુભવ :**

- પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા પડકારયુક્ત અને ક્રિયા કરવા માટે પ્રેરે તેવો રોચક અનુભવ
- T.L.M. નો ઉચિત ઉપયોગ
- પરિચિત ચિત્ર - મૂર્ત વસ્તુઓ, પ્રતીકોનો ઉપયોગ

**ચિંતન, વિચાર વિશ્લેષણ :**

- કામને ઊંડાણથી કરવું, અને તેના અંગે વિચારવું.
- એ વિશે વિવિધ પ્રકારના સવાલ ઊભા કરવા.
- પૂર્વાનુભવ સાથે આ અનુભવનું સંધાન કરવું.

**ઉપયોજન : વિવિધ પદ્ધતિઓ વડે અભ્યાસ, પ્રયોગ તથા ઉપયોગ કરવો :**

- પહેલાંના અનુભવના આધારે પ્રાપ્ત અનુભવમાં જોડાવું.
- સર્જાયેલા જ્ઞાનને નવીન પરિસ્થિતિમાં ઉપયોજવું.

**નિષ્કર્ષ : સમેટવું, પરિણામ મેળવવું, શીખવું :**

- અનુભવ, ચિંતન અને ઉપયોજનનું સંકલન કરવું અને તેને દૃઢ કરવું.
- સ્થાનિક જ્ઞાન, સ્થાનિક સામગ્રી, સ્થાનિક સ્તર પર સમજનું સામાજિક નિર્માણ.
- શીખવાની આખી પ્રક્રિયાને આ ચક્ર દ્વારા સમજાવી શકાય.




**પ્રવૃત્તિઓ :**

અહીં અનુભવ પૂરા પાડવા માટે પ્રવૃત્તિ (ક્રિયા, ગતિવિધિ)ને માધ્યમ તરીકે સમજવાની છે.

આ પ્રવૃત્તિને નાની-નાની રોચક ક્રિયાઓને એક શૃંખલાના રૂપમાં ગોઠવી શકાય. આ પ્રવૃત્તિઓ માનસિક ચિંતનને એક વિશિષ્ટ દિશા તરફ દોરી જાય.

આવી ક્રિયાઓથી સમજદારીપૂર્વક સાચી બાબતો ઝડપથી શીખી શકાય કારણ કે એમાં પોતાની જાતને સામેલ કરેલી હોય છે. બધાંને તક મળે છે અને બધાં ક્રિયાઓ કરી રહ્યાં હોય છે એટલે પરસ્પર એક તંદુરસ્ત હરીફાઈ થાય છે. ક્રિયાઓ જલદી કરવાનો પડકાર પણ હોય છે.

આ ક્રિયાઓ શીખવાનાં પગથિયાંઓને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવે છે. શીખવાના ચારે ચરણોને (પગથિયાંઓને) ધ્યાનમાં રાખીને નક્કી કરેલી ક્રિયાઓની હારમાળાને જ પ્રવૃત્તિઓ કહેવામાં આવે છે.

## ચિંતન અને ગોઠવણીની ક્ષમતા સાથે, પ્રવૃત્તિઓનો સંબંધ :

આપણે એવું માનીને ચાલીએ છીએ કે એક વર્ગમાં એક જ સ્તરનાં બાળકો હોય છે અને બધાં બાળકો નિયમિત હોય છે. આ માન્યતાના આધાર પર જ શિક્ષણ પદ્ધતિ ચાલી રહી છે. આ કારણે જ શિક્ષણની ગુણવત્તામાં સતત ઘટાડો જોવા મળે છે અને બાળકો શાળા છોડી જાય છે.

આપણું વહીવટીતંત્ર આદેશાત્મક તંત્રના રૂપમાં ચાલી રહ્યું છે. પરિણામે શિક્ષક વધારે કામ કરવા માટે ઉપરથી આવતા આદેશો પર આધારિત રહે છે. શિક્ષકો પાસે પાઠ્યપુસ્તકો હોય છે અને તેને જ સાધ્ય માનીને પોતાનો પૂરો સમય પુસ્તકને ગોખાવવામાં જ વાપરી નાખે છે. વર્ગમાં બાળકોને જાતે કરવાનો કે શીખવાનો મોકો મળતો નથી. કેટલાંક બાળકો જેમ તેમ કરીને કાંઈક કરે છે પરંતુ મોટા ભાગનાં બાળકો વધારે સમય માટે નવરાં રહે છે. બધાં જ બાળકોને યોગ્ય કામ મળે એવું આપણું આયોજન હોવું જોઈએ.

દરેક શીખવાવાળો સીધે સીધું નથી શીખતો. પરંતુ કાંઈક કરીને પોતાની સમજ વિકસાવે છે. આપણું કામ છે સમજ વિકસાવવામાં બાળકોની મદદ કરવાનું.

જો આપણે વર્ગમાં બાળકોને શીખવામાં મદદ કરવા ઇચ્છતા હોઈએ, તો તેમને કાંઈક કરીને શીખવાની તકો આપવી પડશે. અને તે માટે શિક્ષકે યોગ્ય આયોજન કરવું પડશે. પ્રવૃત્તિઓ બાળકોને શીખવાની તક આપે છે. એક પ્રવૃત્તિમાં જુદી જુદી જાતનાં બાળકો જોડાઈ શકે છે અને ઘણું બધું શીખી શકે છે.

આવી રીતે શિક્ષકને લક્ષ્ય આપવામાં આવે, પરંતુ પદ્ધતિઓ/રીતો તે પોતે જ શોધે. તેમનામાં જાતે જ કરવાની ક્ષમતા હોય, તો વર્ગ જીવંત અને સક્રિય બની શકે છે. તેથી શિક્ષકે પ્રવૃત્તિઓની પસંદગી વિશે ગંભીરતાથી વિચારવું પડશે.

પ્રવૃત્તિઓમાં બાળકો અને શિક્ષકો બંનેની સમસ્યાઓનો ઉકેલ હોય છે. બાળકો જાતે જ શીખે છે, તેમને શીખવવું પડતું નથી. ઇંતેજારીનો સમય ઘટે છે અને શીખવાનો સમય વધે છે. આપણું કામ અભ્યાસક્રમને ઘેરી લેવાનું / બંધિત કરવાનું નથી પરંતુ તેને ખુલ્લો કરવાનું છે. પ્રવૃત્તિ અભ્યાસક્રમને પૂર્ણ કરવામાં મદદગાર છે, કારણ કે બાળકો જાતે જ શીખતાં શીખતાં આગળ વધે છે. પ્રવૃત્તિમાં કેટલીય વસ્તુઓ એક સાથે શીખવી શકાય છે તેમાં સમગ્ર સમૂહનું ચિંતન હોય છે. શિક્ષક અને બાળકો બંને માટે સફળતા અને સ્વતંત્રતાની અનુભૂતિ થાય છે. આપણને પોતાની ક્ષમતા પ્રદર્શિત કરવાની પૂરી તક મળે છે.

નીચલાં ધોરણો માટે મનોરંજક પ્રવૃત્તિઓ અને ઉપલાં ધોરણો માટે ચિંતન પ્રેરક પ્રવૃત્તિઓ હોવી જોઈએ.

## પડકાર પ્રવૃત્તિઓને રોચક બનાવે છે :

ઉદ્દેશ્યપૂર્ણ શીખવામાં પ્રવૃત્તિ સાચી રીતે મદદગાર નીવડે છે. જોકે આપણા અને બાળકોના લક્ષ્યમાં તફાવત હોઈ શકે છે એટલા માટે ખુલ્લાપણું એ પ્રવૃત્તિની પહેલી જરૂરિયાત છે.

પ્રવૃત્તિ પડકારરૂપ હોવી જોઈએ. તેમાં શિક્ષકની ભાગીદારી ઓછી અને બાળકોની ભાગીદારી વધુ હોવી જોઈએ. આ પડકાર યુક્ત પ્રવૃત્તિ બાળકોની ઉંમર, વર્ગ અને સ્તરને ધ્યાનમાં રાખીને કરવાની હોય

છે. એક સારી પ્રવૃત્તિ માનસિક સક્રિયતામાં વધારો કરનારી હોય છે. એનો અર્થ સ્પષ્ટ છે કે નક્કી કરેલી પ્રવૃત્તિ બાળકોને વિચારવાની અને ચિંતન કરવાની તક પૂરી પાડતી હોય તો તેને પરિણામે બાળકો પણ કાંઈક નવું શીખી શકશે. આ માટે શિક્ષક અને બાળકો વચ્ચે ભાવાત્મક સંબંધ વધારવો જરૂરી છે. જેથી એક બીજાની જરૂરિયાત, વિશેષતાઓ કે ખામીઓને જાણી શકાય. તો પણ તેમાં શીખવાવાળાની મુખ્ય ભાગીદારી હોય.

પ્રવૃત્તિમાં બધાની ભાગીદારી હોય ત્યારે એ સાચા અર્થમાં પ્રવૃત્તિ બને છે. પ્રવૃત્તિ દરમિયાન એક-બે બાળકો કામ કરે અને બાકીના બધા પ્રેક્ષક બનીને બેસી રહે, એ સ્થિતિ યોગ્ય નથી. એક પ્રવૃત્તિથી ઘણી બધી વસ્તુઓ શીખી શકાય છે. એથી ઊલટું, એક વસ્તુ શીખવા માટે અનેક પ્રવૃત્તિઓ હોઈ શકે છે.

- બાળક પોતાના તાલુકાના લોકજીવન અને સાંસ્કૃતિક તથા ઐતિહાસિક વારસાથી પરિચિત થાય છે.

**પૂર્વતૈયારી :**

- શાળા પુસ્તકાલયમાંથી સંદર્ભપુસ્તક 'મારો જિલ્લો' અને અન્ય પુસ્તકોના માધ્યમથી માહિતી મેળવશે.
- તાલુકાના મેળા અને ઐતિહાસિક સ્થળો અંગે ઈ-મટીરિયલનો ઉપયોગ કરી માહિતી મેળવી શકાય.
- લોકજીવનના સંદર્ભમાં મેળા અને ઐતિહાસિક સ્થળોની માહિતી મેળવવાની છે.
- ગ્રામ્ય કક્ષાએ તાલુકાના મેળા અને ઐતિહાસિક સ્થળો અંગે જ્ઞાન ધરાવતી વ્યક્તિને તજજ્ઞ તરીકે શાળામાં બોલાવી કામ કરાવી શકાય.
- ઐતિહાસિક સ્થળ અને મેળાની મુલાકાત ગોઠવી શકાય.
- સમાચારપત્રોમાં આવતા લેખમાંથી પણ સંદર્ભ લઈ શકાય.

**હવે પછી શું ? શા માટે ? કેવી રીતે ?**

આપણે હવે શિક્ષણના ક્ષેત્રમાં બદલાવ લાવવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ ત્યારે આપણે આપણામાં, આપણા કામમાં, બાળકોમાં, શાળામાં, સમાજમાં, કયા બદલાવ લાવવા પડશે, એ અંગે થોડું ચિંતન કરીએ. સમાજ શિક્ષણના હેતુને સાચી અને સારી રીતે સમજે તે માટે આપણે શું ફાળો આપી શકીએ ? એક શિક્ષક તરીકે ભારતના ભાવિ નાગરિકને સમયના પ્રવાહ અને માંગ સામે ટકી રહેવા માટે કેવી રીતે સક્ષમ બનાવી શકીએ ? આ અંગે વિચાર કરી આપણા કામને યોગ્ય ગતિ આપીએ. તો આ માટે આપણે શું કરીશું ?

**શિક્ષક માટેનું ગૃહકાર્ય :**

(૧) **લખવું :**

(ક)

- ગુજરાતી મૂળાક્ષરોમાંથી કોઈપણ એક મૂળાક્ષર લો.
- આ મૂળાક્ષરથી શરૂ થતા દસ શબ્દો બનાવો.
- દરેક શબ્દ માટે એક-એક વાક્ય બનાવો.
- આ દસ વાક્યને ક્રમમાં ગોઠવી એક ફકરો બનાવો.
- આ ફકરાને અનુરૂપ શીર્ષક આપો.
- આ ફકરાને સંબંધિત ચિત્ર બનાવો.

(ખ) બાળકોની વિવિધ પ્રવૃત્તિઓનું અવલોકન કરી તેની નોંધ કરો જેમ કે, તેમની વાતો કેવી હોય છે ? તેઓ એકલા હોય ત્યારે શું કરે છે ? રમત રમતી વખતે નિર્ણય કેવી રીતે લે છે ? રમતમાં થતા ઝઘડાનું નિરાકરણ કેવી રીતે લાવે છે ? પોતાની વાત બીજાની સામે કેવી રીતે રજૂ કરે છે ? વગેરે...

(ગ) તમારી આસપાસના વિસ્તારનાં બાળકો દ્વારા રમાતી રમતની યાદી તૈયાર કરો.

(ઘ) તમારા સ્થાનિક જ્ઞાનનો રેકોર્ડ તૈયાર કરો, જેમ કે તમારા વિસ્તારમાં બોલાતા રૂઢિપ્રયોગો, કહેવતો, વ્યવહારને લગતી વાતો, સંગીત, નૃત્ય, વાદ્ય, શિલ્પ, સ્થાપત્ય, ઐતિહાસિક અને ધાર્મિક સ્થળ વગેરે...

(૨) **વાંચવું :**

(ક) જૂનાં પાઠ્યપુસ્તકો વાંચવાં અને તેના આધારે નીચેની બાબતો તારવવી.

- તાલીમમાં થયેલી ચર્ચાના સમર્થન માટે પાઠ્યપુસ્તકમાં શું છે ?
- તાલીમમાં થયેલી ચર્ચાની વિરુદ્ધમાં જતી બાબતો કઈ છે ?

(ખ) ગિજુભાઈ બધેકા, રવીન્દ્રનાથ ટાગોર, ગાંધીજીના શિક્ષણ સંબંધિત વિચારોને સ્પર્શતાં પુસ્તકો વાંચવાં.

(ગ) એન.સી.એફ.-૨૦૦૫ અને આર.ટી.ઈ.નો અભ્યાસ કરવો.

(૩) **આટલું કરવું :**

(ક) સમુદાયના બે પરિવારને દત્તક લઈ તેને ભણતરના સાચા અર્થની સમજ આપવી.

★ ★ ★

# અંગ્રેજી ભાષા શિક્ષણ - સમજપત્ર

મિત્રો, આપણે સૌ શિક્ષણના વ્યવસાય સાથે જોડાયેલા છીએ ત્યારે વ્યાવસાયિક તરીકે અને તે ઉપરાંત એક સામાજિક વ્યક્તિ તરીકે તમારા મનમાં કેટલીક આશાઓ અને ચિંતાઓ હશે. શિક્ષણ આપણને સૌને આમ સ્પર્શે જ છે. ખાસ કરીને ઔપચારિક શિક્ષણની વાત હોય ત્યારે.

અમે, ગુજરાત રાજ્યના રાજ્ય સંસાધન જૂથ (SRG, State Resource Group) ના સભ્યો આ પત્ર દ્વારા એટલે જ તમારી સાથે આ સંવાદ લઈને આવ્યા છીએ. કેટલીક કાર્યશિબિરોમાં સઘનચર્ચા અને અમારા વ્યાવસાયિક અનુભવોને ચિંતનની એરણે ચઢાવીને એક પરિપાક અમે તારવ્યો છે, જે અહીં તમારી સાથે વહેંચવો છે. અત્રે અમે અંગ્રેજી વિષયની વાત માંડી છે. શું તમને લાગે છે કે બાળકના ઔપચારિક શિક્ષણમાં અંગ્રેજી વિષયનો અભ્યાસ જરૂરી છે ? તમારાં મંતવ્યો નીચે બ્લોકમાં લખો.

જો તમારો જવાબ 'ના' હશે તો આગળ પત્ર વાંચ્યા પછી તમે તમારા મંતવ્ય પર પુનઃવિચારણા કરવા જરૂરથી પ્રેરાશો. જો તમારો જવાબ 'હા' છે તો તે માટેનાં કારણો સાથે તમે તમારી સમજ અમારી સમજમાં ઉમેરતા જશો. એ માટે આ પત્રમાં જ્યાં મંતવ્યો રજૂ કરવા બ્લોક્સ મૂક્યા છે ત્યાં તમારાં મંતવ્યો નોંધો.

નીચે અંગ્રેજી ભાષાની અગત્યતાના સંદર્ભમાં કેટલાક મુદ્દા આપેલા છે. તેને તમારી દૃષ્ટિએ યોગ્યક્રમમાં ગોઠવો. તેને નીચે આપેલ બ્લોકમાં તે ઉપરાંતના મુદ્દા તમે ઉમેરો.

**અંગ્રેજીની જરૂરિયાત શા માટે ?**

- ☐ અંગ્રેજી એ વિદેશી ભાષા છે.
- ☐ અંગ્રેજી એક Link Language છે.
- ☐ અંગ્રેજી આંતરરાષ્ટ્રીય ભાષા છે.
- ☐ અંગ્રેજી કમ્પ્યૂટર અને ઈન્ટરનેટના ઉપયોગની ભાષા છે.
- ☐ અંગ્રેજી તબીબી, ઇજનેરીજ્ઞાન મેળવવાની ભાષા છે.
- ☐ અંગ્રેજી અદ્યતન શોધ અને સંશોધનોથી માહિતગાર રહેવા માટે જરૂરી છે.
- ☐ વૈશ્વિક જ્ઞાન (વિશ્વની ભૂગોળ, સંસ્કૃતિ, ઇતિહાસ વગેરે) મેળવવા માટે ઉપયોગી છે.
- ☐ વૈશ્વિક વ્યાપાર માટે જરૂરી છે.
- ☐ વિશ્વના વિચારો જાણવામાં મદદરૂપ થાય છે.
- ☐ પોતાના વિચારો વિશ્વ સમક્ષ મૂકવા માટે જરૂરી છે.

- [ ] વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે મદદરૂપ બને છે.
- [ ] શિક્ષણ ક્ષેત્રના નૂતન સંશોધનો અને પ્રવાહો જાણવા માટે જરૂરી છે.
- [ ] વિશ્વની શ્રેષ્ઠ સાહિત્યકૃતિઓના રસાસ્વાદ માટે જરૂરી છે.
- [ ] પોતાના હુન્નર, કલા અને વ્યવસાયની સજ્જતા કેળવવા માટે જરૂરી છે.
- [ ] રોજબરોજના જીવન વ્યવહાર માટે જરૂરી છે.
- [ ] અસરકારક પ્રત્યાયન કરવા માટે મદદરૂપ બને છે.
- [ ] સાધનો, વસ્તુઓ અને યંત્રોની સુચારૂ પસંદગી અને યોગ્ય ઉપયોગ માટે મદદરૂપ થાય છે.
- [ ] અંગ્રેજી ભાષા વહીવટ અને કાયદાની ભાષા છે તે માટે.

નીચે આપેલ બ્લોકમાં ઉપર આપેલા મુદ્દા ઉપરાંતના તમારા મુદ્દા ઉમેરો.

તો, જોયું ને ! અંગ્રેજી આપણા વ્યક્તિગત, સામાજિક અને આર્થિક પાસાંને કેટલું નજીકથી સ્પર્શે છે ! આટલું મહત્ત્વ ધરાવતો એક વિષય, વિશેષ કરીને એક ભાષાને ઔપચારિક શિક્ષણમાં ન સમાવાય તો જ નવાઈ !

પણ, જેટલી વધુ અગત્યતા એટલું જ વધુ તેના વિશેનું ચિંતન. આપણે બાળકને અંગ્રેજી શીખવવા તો માંગીએ છીએ પણ તેની શરૂઆત ક્યાંથી કરવી ? પહેલા ધોરણથી, પાંચમા ધોરણથી કે આઠમા ધોરણથી ? અને તેવું નક્કી કરવાના માપદંડો શા ?

આ તબક્કે અમે તમારી સમક્ષ કેટલાંક તથ્યો મૂકવા માંગીએ છીએ.

- એ સર્વવિદિત છે કે શરૂઆતનાં વર્ષોમાં માતૃભાષા એ શિક્ષણના માધ્યમ તરીકે શ્રેષ્ઠ પસંદગી છે.
- મનુષ્યના વિકાસની પ્રક્રિયા એક નિશ્ચિત ક્રમમાં થાય છે. આ ક્રમ એકસરખી ગતિથી નહીં પણ ઝડપી-ધીમો થતો રહે છે. આ ઝડપી-ધીમા ચરણો સામાન્યતઃ આ મુજબના તબક્કામાં વહેંચાયેલા છે. (૧) બાલ્યાવસ્થા ૦ થી ૧ વર્ષ (૨) બાળપણ ૨ થી ૫ વર્ષ (૩) કિશોરાવસ્થા ૬ થી ૧૨ વર્ષ (૪) તરુણાવસ્થા ૧૨ થી ૧૮ વર્ષ (૫) વયસ્ક ૧૮ વર્ષથી વધુ
- બાળપણનાં વર્ષોમાં બાળકની શીખવાની ઝડપ ઘણી વધારે હોય છે. આ વર્ષોમાં તેનો જ્ઞાનાત્મક વિકાસ ખૂબ ઝડપી હોય છે.
- ૬ થી ૧૧ વર્ષો દરમિયાન બાળકના બૌદ્ધિક વિકાસની પ્રક્રિયાની ઝડપ બાળપણની સરખામણીમાં ધીમી પડે છે. સાથે સાથે બાળપણનો જ્ઞાનાત્મક વિકાસ અહીં ઊંડાણ પકડવા તરફ જાય છે.
- તરૂણકાળ પ્રમાણમાં ઝડપથી થતી વૃદ્ધિનો કાળ છે. બાળપણ દરમિયાન થયેલો ભાવાત્મક વિકાસ અહીં સ્થિરતા પકડવા પ્રયત્ન કરે છે.

આ તથ્યોને આધારે અમે નક્કી કર્યું છે કે અંગ્રેજી ભાષાશિક્ષણની શરૂઆત ધોરણ-૫થી કરી શકાય.

**આ ઉપરાંત અંગ્રેજીનું અનૌપચારિક શિક્ષણ ધોરણ-૩ થી શરૂ કરી શકાય.**

અંગ્રેજી એટલે શું ? આ સંદર્ભમાં નીચે કેટલાક વિધાનો આપ્યા છે તેની સામેનો યોગ્ય વિકલ્પ પસંદ કરી અને તમારા મંતવ્યો આપો.

| **વિધાનો** | **સહમત** | **અસહમત** | **અંશતઃસહમત** | **તટસ્થ** |
|---|---|---|---|---|
| અંગ્રેજી એક વિષય માત્ર છે. | | | | |
| અંગ્રેજી એક ભાષા છે. | | | | |
| અંગ્રેજી એક સાધન છે. | | | | |
| અંગ્રેજી એક માધ્યમ છે. | | | | |
| અંગ્રેજી એક કડી છે. | | | | |
| અંગ્રેજી વ્યક્તિત્વનું એક પાસું છે. | | | | |

નીચે આપેલા બ્લોકમાં તમે 'અંગ્રેજી' એટલે શું ? એ વિશે તમારી સમજને વ્યક્ત કરતાં વિધાનો ઉમેરી શકો છો.

આ તબક્કે, વિનંતી કે અંગ્રેજીની જરૂરિયાતો વિશે આગળ આપવામાં આવેલી યાદી તમે ફરીથી જોઈ લો. તેના પરથી સમજી શકાય છે કે 'અંગ્રેજી' એક વિષય માત્ર નથી, તે એક ભાષા અને એક શૈક્ષણિક માધ્યમ પણ છે. જો એમ હોય તો, તેનું શિક્ષણ કઈ રીતે આપવું ? તે બાબત વિચારણા માગી લે એમ છે.

તમને યાદ જ હશે કે અત્યારની પેઢી અગાઉની તમામ પેઢીની સરખામણીએ અંગ્રેજીને કાં તો વ્યવહારૂ અનુભવો વડે કાં તો વ્યાકરણના નિયમો ગોખીને શીખી છે. આટલા લાંબા ગાળાના અનુભવ પછી એ તારણ મળ્યું છે કે વ્યાકરણના નિયમો ગોખીને અંગ્રેજી શીખેલ વ્યક્તિ અંગ્રેજીનો વ્યવહારૂ ઉપયોગ કરી શકતી નથી. પણ, અંગ્રેજીનો જરાપણ શૈક્ષણિક અનુભવ ના હોય છતાં, મોટી ઉંમરે પણ જો વ્યક્તિને 'અંગ્રેજી વાતાવરણ' મળે તો તે વ્યવહારૂ અંગ્રેજી તો શીખી જ જાય છે. આટલી વાત પછી નીચે આપેલા વિકલ્પોમાંથી કોઈ એક વિકલ્પની પસંદગી કરો :

(૧) એવું અંગ્રેજી શિક્ષણ જે વ્યાકરણના નિયમો અને શબ્દોની યાદી તો શીખવી દે પણ તે વ્યવહારમાં બોલવા, વાંચવા અને સમજવામાં ઉપયોગી ન હોય.

(૨) એવું અંગ્રેજી શિક્ષણ કે જે વ્યાવહારિક ઉપયોજન માટે વ્યક્તિને સક્ષમ બનાવે પણ તેમાં વ્યાકરણ માટેનો દુરાગ્રહ ન હોય.

અમે ધારીએ છીએ કે તમે બીજો વિકલ્પ જ પસંદ કરશો. જે કામ ન લાગે તે જ્ઞાન શા ખપનું ? આથી જ, અમે Communicative Approach ને અંગ્રેજી શિક્ષણના અભિગમ તરીકે સ્વીકાર્યો છે. આ અભિગમ અનુસાર શરૂઆતમાં બાળકને અંગ્રેજી શ્રવણ અને કથનના ભરપૂર અનુભવો અને તકો આપવામાં આવે, ત્યારબાદ બાળકને અંગ્રેજી produce કરવાની ઘણીબધી વૈવિધ્યપૂર્ણ તકો આપવામાં આવે. વિશ્વભરમાં થયેલાં સંશોધનો સાક્ષી પૂરે છે કે ભાષા શિક્ષણના ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવામાં Communicative Approach ખૂબ જ અસરકારક રહ્યો છે.

મિત્રો, પ્રાથમિક શિક્ષણની સામાજિક અને રાષ્ટ્રિય અગત્યતા આપણા નેતાઓ, બુદ્ધિજીવીઓ અને શિક્ષણવિદોએ સ્વીકારી છે. એટલે જ ૨૦૦૯થી ૬ થી ૧૪ વર્ષની ઉંમર સુધીના શિક્ષણને 'મૂળભૂત અધિકાર' તરીકે આપવાનો કાયદો - Right To Education (RTE) ઘડવામાં આવ્યો છે. આ અગાઉ ૨૦૦૫માં ઘડાયેલા રાષ્ટ્રીય અભ્યાસક્રમના માળખા (NCF - 2005) માં પણ પ્રાથમિક શિક્ષણની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવેલ હતો.

રાષ્ટ્રીય કક્ષાના આ સુધારાઓ શિક્ષણને એક જરૂરિયાત રૂપે જુએ છે. સાથે સાથે શિક્ષણની પ્રક્રિયાની અગત્યતા પણ એટલી જ સ્વીકારે છે. ઘણાં સંશોધનો અને અનુભવોએ સૂચવ્યું છે કે દરેક માનવ (બાળક સહિત) પોતાના જ્ઞાનનો ઘડવૈયો છે. જ્ઞાન વ્યક્તિગત હોય છે કેમ કે, કોઈ એક ઘટનાને જોવાની અને તેમાંથી અનુભવોને તારવવાની રીત વ્યક્તિ વ્યક્તિએ જુદી-જુદી હોય છે.

શું કહે છે તમારો અનુભવ ? શું એકસરખા અનુભવ કે વાતાવરણમાં રહેલી બે વ્યક્તિઓ એકસરખી જ હોય છે ?

એટલે જ અમે શિક્ષણ પદ્ધતિ તરીકે knowledge construction નો અભિગમ સ્વીકાર્યો છે. આ અભિગમ મુજબ બાળકને તેના પ્રત્યેક અનુભવ ઉપર રસપ્રદ રીતે અને મજાથી ચિંતન કરવા પ્રોત્સાહિત કરવો અને બાળકને તેણે સર્જેલ જ્ઞાનને ઉપયોગમાં મૂકવાની તક તરત જ આપવી તે ખૂબ જરૂરી છે. આમ થવાથી, જે જ્ઞાન બાળકે પોતાના માટે ઘડ્યું તે જ્ઞાનને સ્થાયી થવાની તક મળશે. વળી, અહીં બાળકે જાતે જ્ઞાન સર્જ્યું છે ! અને સર્જનહાર માટે પોતાની રચના ભૂલવી આસાન નથી. આ જ ખરું શિક્ષણ છે એવું તમને નથી લાગતું ? માટે અંગ્રેજી શિક્ષણમાં Communicative Approach ની સાથે knowledge construction અભિગમને સાંકળી લેવાયો છે.

અમે તમામ વિષયના SRG એ Constructive Approach ને ગુજરાતના અભ્યાસક્રમ માળખાના પુનઃગઠનની ધરી અને ધુરા તરીકે સ્વીકાર્યો છે. અહીં વાત Social Reconstruction છે. વ્યક્તિ વિકસશે તો સમાજ વિકસશે. એક આગળ વધી રહેલી વ્યક્તિ પોતાની સામાજિક, રાષ્ટ્રિય જવાબદારી સ્વીકારી કોઈપણ કારણોસર પાછળ પડી જતી વ્યક્તિને વિકસાવવામાં ટેકો બનશે. અનુભવો પર ચિંતન કરીને જાતે પોતાના માટે ઘડેલું જ્ઞાન સમાજમાં પ્રવર્તતી મૂલ્યવિષય ચિંતાઓનો ઉકેલ બની જશે.

વળી, આ અભિગમ 'શિક્ષણ અધિકાર' અને બાળમાનસના અભ્યાસોને પણ આવરી લે છે. જે બાળક જ્ઞાનને સર્જી શકતું હોય એને 'ઊતરતું' ન જ ગણી શકાય. નવી પેઢીનાં બાળકો આપણી જેમ ડરીને, **શિસ્તના નામે સંકોચાઈને, વિદ્યાર્થી તરીકે શ્રવણકર્તા બનીને, પરીક્ષાર્થી તરીકે પોપટિયા જ્ઞાનના વમનકર્તા તરીકે નહીં ભણે.** આ પેઢીનાં બાળકો જ્ઞાનના સર્જન માટે પોતાને મળેલા શૈક્ષણિક ભાવાવરણનો ભરપૂર ઉપયોગ કરશે. આ બધી બાબતો સામાજિક બદલાવ તરફ દોરી જશે. અને સમાજની ભૂમિકા પણ બદલાશે.

ભાવિ સમાજ વર્ગખંડ-શાળાનું Extension બનશે. તે ઔપચારિક શિક્ષણ પ્રક્રિયામાં એક ઉપભોગતા તરીકે નહીં પરંતુ, ભાગીદાર, સહાયક અને માર્ગદર્શક તરીકે શિક્ષણજગતનો હિસ્સો બનશે.

આ બધી આપણી ભાવિ આકાંક્ષાઓને સાકાર કરવા માટે આપણા ભાવિ અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો, મૂલ્યાંકન પ્રથા વગેરે સાથે મળીને બાળકને તેનામાં પડેલી અસીમ શક્યતાઓ પ્રમાણે વિકસવામાં સહાયભૂત થશે તેવી આશા અને શ્રદ્ધા પણ છે.

શું લાગે છે તમને ? જોડાવું છે ને આ બાળવિકાસ યાત્રામાં સહયાત્રી તરીકે ? તો આવો, તમારું સ્વાગત છે !

★ ★ ★

# વર્ગખંડ દૃશ્યો - અવલોકનો

સમજપત્ર વાંચ્યા પછી ચાલો આપણે જયાં અંગ્રેજી શિક્ષણ થઈ રહ્યું હોય તેવા કેટલાક વર્ગખંડોમાં જઈએ.

| વર્ગખંડ દૃશ્યો | તમારી ચર્ચાના મુદ્દા |
|---|---|
| દિલીપભાઈ ધોરણ-૭માં અંગ્રેજીનો તાસ લઈ રહ્યા છે. તેમને અંગ્રેજીમાં એક વાર્તા કહી તેના આધારે પ્રશ્નોત્તરી કરી રહ્યા છે.<br>દિલીપભાઈ : Jayesh cut his mouth. Where did he go ?<br>રીતા : He **go** hospital.<br>દિલીપભાઈ : Very good Rita ! Jayesh **went to** the hospital.<br>દિલીપભાઈ : Doctor removed the stitches from Jayesh's mouth. What were Jayesh's first words ?<br>કશ્યપ : He say ! **play (પ્લાય)** football.<br>દિલીપભાઈ : Yes, Kashyap is right. Jayesh is fond of playing football. So, when the doctor removed stitches. He says, "I will **PLAY (પ્લે)** football. | દિલીપભાઈ જે રીતે વિદ્યાર્થીઓની ભૂલ સુધારી રહ્યા છે તે યોગ્ય છે ? જો હા, તો કેમ ? જો ના, તો કેમ ? |
| ધોરણ-૬માં રાગિણીબેનનો અંગ્રેજીનો તાસ જોઈએ.<br>રાગિણીબેન : ચાલો હવે હું પ્રશ્નો પૂછું છું, જેને આવડતો હોય તે આંગળી ઊંચી કરે. અને હું પૂછું તે જ બોલવાનું છે. બોલો, "What is your name ?" હા, મહેશ તું બોલ.<br>મહેશ : Your name are Mahesh.<br>રાગિણીબેન : ખોટું, નોટ કાઢો, મેં કાલે લખાવ્યું હતું ને કે Your થી પ્રશ્ન પુછાય તો તેનો જવાબ My થી આપવો. અને To be ના રૂપ તૈયાર કરો. To be ના રૂપ ત્રણ છે - Am, is અને are. અહીં ત્રીજો પુરુષ એકવચન છે એટલે to be નું રૂપ are નહીં is આવે. હવે બોલ...<br>મહેશ : My name..... My name.... | શું રાગિણીબેન જે રીતે વિદ્યાર્થીની ભૂલ સુધારી રહ્યાં છે તે યોગ્ય છે ? તમે તેમની જગ્યાએ હોત તો મહેશની ભૂલ સુધારી હોત ? કેવી રીતે ? |

| | |
|---|---|
| રાગિણીબેન : શું My name... My name...<br>કરે છે ? આગળ બોલ... My name is Mahesh.<br>બેસી જા !<br>(મહેશ બેસી જાય છે.)<br>રાગિણીબેન : આટલી વખત પાકું કરવાનું કહ્યું<br>પણ કઈ કરતાં જ નથી. ચાલો બધા નોટ કાઢી<br>તૈયાર કરી દો પછી પ્રશ્ન પૂછીશ. | |
| (ધોરણ-૮ અંગ્રેજીનો તાસ. શિક્ષક સ્વપ્નીલભાઈ)<br>સ્વપ્નીલભાઈ : Good Morning, class.<br>વિદ્યાર્થીઓ : Good Morning, sir.<br>સ્વપ્નીલભાઈ : દલપતરામની એક કવિતામાં કોઈ<br>એક પ્રાણીના અઢાર અંગ વાંકા કહ્યા છે - તે પ્રાણી<br>કયું ?<br>આશિકા : ઊંટ<br>સ્વપ્નીલભાઈ : Yes, it is the camel. Can you<br>name the body parts of the camel ?<br>પ્રકાશ : પગ<br>સ્વપ્નીલભાઈ : Yes, the legs.<br>સેજન : Neck<br>દિનેશ : Teeth<br>સંજય : Mouth<br>શારદા : પેલું પીઠ પર હોય તે ખૂંધ...<br>સ્વપ્નીલભાઈ : Yes, the hump. Ok.<br>We have a story about how the camel gets its<br>hump. Would you like to listen it ?<br>બધા વિદ્યાર્થીઓ વાર્તા સાંભળવા તૈયાર થઈ જાય<br>છે. સ્વપ્નીલભાઈ આખી વાર્તા અંગ્રેજીમાં હાવભાવ,<br>અભિનય, આરોહ-અવરોહ સાથે સંભળાવે છે. તેમને<br>વાર્તા કહેતી વખતે ચિત્રોનો ઉપયોગ કર્યો. જે વાત<br>ચિત્રોથી સ્પષ્ટ ના થતી હોય ત્યારે તેમણે ચહેરાના<br>હાવભાવ અને આંગિક ચેષ્ટાઓથી રજૂ કરી.<br>આ રીતે વાર્તા કહેવાઈ. | સ્વપ્નીલભાઈ એ જે રીતે વાર્તા કહી તે યોગ્ય છે ?<br>હા, તો કેમ ? ના, તો કેમ ?<br>સ્વપ્નીલભાઈએ આખી વાર્તા અંગ્રેજીમાં જ કહી<br>તેને બદલે તેમને વાર્તાનો અનુવાદ કરાવી દીધો<br>હોત તો તે અંગ્રેજી શિક્ષણ માટે ફાયદાકારક થાત<br>કે નહીં ? કારણ આપો.<br>સ્વપ્નીલભાઈએ વાર્તા વિદ્યાર્થીઓ સુધી<br>પહોંચાડવા શું કર્યું તેની યાદી બનાવો.<br>સ્વપ્નીલભાઈએ જે રીતે વાર્તા કહી તે માટે<br>તેમનો હેતુ શું હશે ? |

# અંગ્રેજી ભાષા શીખવતાં પહેલાં આટલું જાણીએ

અંગ્રેજી ભાષાના શિક્ષણ માટે તમારી ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે. કેટલાક મૂળભૂત સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને ભાષા સાથે કામ કરશો તો તમારું કામ વધુ અસરકારક બનશે.

**૧. શરૂઆતના તબક્કે વિદ્યાર્થીને પુષ્કળ શ્રવણનો મહાવરો આપો.**

ભાષામાં શ્રવણ એ પાયાની શરત છે. અંગ્રેજી ભાષા સાંભળવાનો મોકો તમારા વર્ગખંડ સિવાય ઓછો મળે છે તે વાતને ધ્યાનમાં રાખીએ. વિદ્યાર્થીને હું અંગ્રેજીમાં બોલું છું તે નથી સમજાતું તેવું તમને લાગશે પણ તેનાથી તમે બોલવાનું બંધ ના કરશો. દરેક નવી ભાષા પ્રથમ વખતે કાને પડે ત્યારે આ સામાન્ય બાબત છે. આપ જેવું ઈનપુટ આપશો તેવું અને તેટલા પ્રમાણમાં જ વિદ્યાર્થી ભાષાને યોગ્ય રીતે રજૂ કરી શકશે.

**૨. વિદ્યાર્થીને બોલવાની તક આપો.**

વર્ગખંડમાં ફક્ત તમે જ બોલતા હો તેવું ચિત્ર પણ યોગ્ય નથી. જ્યાં સુધી બાળક જાતે ભાષાનો ઉપયોગ કરતો નહિ થાય ત્યાં સુધી તેને ભાષા આવડશે નહિ. તો કેટલાક તબક્કે અટકીને તેને બોલવા પ્રોત્સાહિત કરો. હા ! તે અંગ્રેજી બોલવો જ જોઈએ તેવો આગ્રહ કરતાં પહેલાં તમે તેને કેટલું અંગ્રેજી સાંભળવાનો મોકો આપ્યો છે તે ચોક્કસ નજરમાં રાખજો.

**૩. વિદ્યાર્થીની ભૂલો તરત અને બધી ભૂલો એકસાથે જ સુધારવાની ટાળો.**

ભાષા તેના મહાવરાથી આવડશે તે જરૂરી છે. મહાવરો કરવા માટે પ્રેરાય તે માટે તેનામાં આત્મવિશ્વાસ કેળવાય તે મહત્ત્વનું છે. શરૂઆતમાં વિદ્યાર્થીની ભૂલો થાય તો તેને તરત સુધારવાનું ટાળો. તે માટે યોગ્ય સમયની રાહ જુઓ. તેની ભૂલો સુધારવાનો શ્રેષ્ઠ ઉપાય તમારા દ્વારા થતો ભાષાનો સાચો ઉપયોગ છે.

ધારો કે તમે વિદ્યાર્થીને પૂછો : Where is the pen ? જો તેનો જવાબ વિદ્યાર્થી Pen in the pocket is. એવો આપે તો તેને રોકવાને બદલે તેનો ઉત્તર સ્વીકારી કહો કે Very good ! The pen is in the pocket. આમ કરવાથી વિદ્યાર્થી ધીમે ધીમે પોતાની ભાષા પ્રત્યે સભાન થતો જશે. પણ જો આપણે તેને અટકાવી ભૂલ સુધારવાનો પ્રયત્ન કરીશું તો તે ભાષા મને આવડતી જ નથી એમ વિચારી તેનો ઉપયોગ કરવાનું ટાળશે.

આવું જ બધી ભૂલો સુધારવામાં પણ છે. બધી ભૂલો એકસાથે સુધારવાને બદલે એક વખતે જે અત્યંત જરૂરી હોય તેવી ભૂલ સાહજિક રીતે સુધારવાનું કામ કરો. આખરે આપણે પણ ભાષા ભૂલ કરીને જ શીખ્યા છીએ તે યાદ રાખીએ.

**૪. ભાષાના બંધારણ કરતાં તેના અર્થ પર વધુ ધ્યાન આપો.**

ભાષાનો ઉપયોગ એ આપણે માટે મહત્ત્વપૂર્ણ હોય ત્યારે તેમાંથી નીકળતો અર્થ મહત્ત્વનો બને છે. એક વ્યક્તિ સવારમાં મળે ત્યારે તમને Hello ! Good Evening ! કહે છે તે ભાષાના બંધારણની રીતે યોગ્ય છે પણ સંદર્ભની દૃષ્ટિએ ખોટું છે. બીજી વ્યક્તિ કહે, "I am Godhra from" એવું કહે તો તે બંધારણની દૃષ્ટિએ ખોટું છે પણ તે પોતાને પુછાયેલ "Where are you from ?" પ્રશ્નનો અર્થપૂર્ણ જવાબ તો આપે છે. **ભાષા શીખવાના પ્રથમ તબક્કામાં ફક્ત અર્થ પર વધુ ધ્યાન આપવાથી તે પછીના તબક્કે પોતે બંધારણ મુજબ ભાષા પ્રયોગ કરતો થઈ જશે.**

૫. **બધી બાબતોના અનુવાદથી બચો**

જ્યારે અંગ્રેજીની વાત હોય ત્યારે આપણી પહેલી ફરિયાદ હોય છે કે વિદ્યાર્થીઓ અંગ્રેજી સમજતા નથી માટે બધી બાબતોનો અનુવાદ કરવો જ પડે છે. મિત્રો, આમ કરવાથી વિદ્યાર્થી જે - તે વાર્તા અથવા અન્ય કોઈ બાબત તો સમજી જાય છે પણ ભાષા શીખતો નથી. જો કોઈ તમારી સામે ઉર્દૂ ભાષામાં વાર્તા કહે અને તેના દરેક વાક્ય પછી તરત તેનો ગુજરાતીમાં અનુવાદ કરે તો વાર્તાના અંતે તમે વાર્તા જાણશો ઉર્દૂ ભાષા નહિ !

હા ! જરૂર જણાયે ગુજરાતીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરી શકાય. **મૂળ અંગ્રેજી શબ્દની આસપાસ માતૃભાષાનો ઉપયોગ કરી તેને Context આપવાનો પ્રયત્ન કરાય.** જેમ કે વિદ્યાર્થીને Mason શબ્દનો અર્થ ખબર નથી અને તમારી પાસે તેનું કોઈ ચિત્ર કે અન્ય કોઈ મૂર્ત સામગ્રી ઉપલબ્ધ નથી - તો એટલે કડિયો એમ લખાવી દેવાથી કે ગોખાવી દેવાથી આપણું કામ નહિ થાય. એને બદલે તેમને કહો આપણું ઘર Mason બનાવે છે. આપણા ગામના રંગીતભાઈ Mason છે. તમને ખબર છે તમારું ઘર કયા Mason એ બનાવ્યું છે ? આમ, વિદ્યાર્થી ભાષાના સંદર્ભથી તેનો અર્થ તારવી લેશે અને તેનો વ્યવહારમાં પણ ઉપયોગ કરતો થશે. બીજા તબક્કે તે જ શબ્દને અંગ્રેજીમાં Rangitbhai is a mason એમ કહેશો ત્યારે તે સરળતાથી સમજી શકશે.

૬. **આધુનિક વાંચન સામગ્રીનો ઉપયોગ કરો.**

**ભાષા એ એક વિષયની જેમ ભણાવવાની વસ્તુ નથી.** તેના માટે અંગ્રેજીમાં ઉપલબ્ધ સામગ્રીનો વર્ગખંડમાં ઉપયોગ કરો. તે પુસ્તક સ્વરૂપે જ હોય તે જરૂરી નથી. અંગ્રેજી સમાચાર પત્રો, જુદી જુદી વસ્તુઓના રેપર, ઈલેક્ટ્રોનિક વસ્તુઓના ઉપયોગના મેન્યુઅલ બિલ, ફોર્મ, મોબાઈલ મેસેજ, ઈ-મેઈલ વગેરે પણ આપણા ભાષા શિક્ષણનો હિસ્સો બનાવવો જોઈએ. જેથી વિદ્યાર્થી શીખેલી ભાષાને પોતાના રોજબરોજના જીવનમાં ઉપયોગ કરી શકે.

૭. **વિદ્યાર્થીને જૂથમાં, જોડીમાં અને જાતે શીખવાનો મોકો આપો.**

આપણે જાણીએ છીએ કે વિદ્યાર્થી શીખવેલું જ શીખતો નથી તે પોતે પણ જ્ઞાનનું સર્જન કરે છે. એવા તબક્કે ભાષાના વર્ગખંડમાં વિદ્યાર્થી-વિદ્યાર્થી, વિદ્યાર્થી-શિક્ષક વચ્ચે વાર્તાલાપ થતો રહે. તે ઉપરાંત એવાં કાર્યો પણ અપાય કે જેમાં તેને જૂથમાં કામ કરવું પડે. કેટલીકવાર તે પોતે પુસ્તકાલયનો ઉપયોગ કરી માહિતી એકત્ર કરે. જોડીમાં સંવાદ કરે. આ પ્રકારના કાર્ય બાદ તેનો ભાષા પ્રત્યેનો ડર દૂર થશે. તે ભાષાના ઉપયોગ માટે તત્પર બનશે.

આપણે આપણા અભ્યાસક્રમમાં અંગ્રેજી ભાષા શિક્ષણ માટે મુખ્ય પાંચ હેતુઓ ધ્યાને રાખ્યા છે.

અર્થગ્રહણ (comprehension)

ઉપયોજન (application)

અભિવ્યક્તિ (expression)

પ્રત્યાયન (communication)

સર્જનાત્મકતા (creativity)

તે દરેક માટે ફાળવેલ સમય નીચે મુજબ છે.

**હેતુ મુજબ અને ધોરણવાર ફાળવેલ સમય કલાકમાં**

| ધોરણ | અર્થગ્રહણ | પ્રત્યાયન | ઉપયોજન | અભિવ્યક્તિ | સર્જનાત્મકતા | કુલ સમય |
|---|---|---|---|---|---|---|
| ૫ | ૧૬ | ૨૮ | ૧૯ | ૧૨ | ૫ | ૮૦ |
| ૬ | ૨૦ | ૩૦ | ૨૫ | ૧૫ | ૧૦ | ૧૦૦ |
| ૭ | ૨૫ | ૨૫ | ૨૫ | ૧૫ | ૧૦ | ૧૦૦ |
| ૮ | ૨૫ | ૨૦ | ૨૫ | ૧૫ | ૧૫ | ૧૦૦ |

★ ★ ★

# ધોરણ ૬ : હેતુઓ

| | | | |
|---|---|---|---|
| **૧. અર્થગ્રહણ ૨૦ કલાક** | ૧. વાર્તાઓ સાંભળે અને ટૂંકમાં કહે છે | ૧૨૦ મિનિટ | 30 x 4 = 120 |
| | ૨. ટૂંકા સંવાદો, સૂચનો અભિવાદન સાંભળે અને તેનો પ્રતિભાવ આપે. | ૧૮૦ મિનિટ | 20 x 9 = 180 |
| | ૩. શ્રવણની માહિતીને આધારે પ્રાણી, પક્ષી, વસ્તુના ચિત્ર દોરે. | ૬૦ મિનિટ | 20 x 3 = 60 |
| | ૪. અર્થપૂર્ણ સંદર્ભમાં રહેલા શબ્દો અને વાક્યોનું મૂકવાચન અને મુખ વાંચન કરે. | ૧૬૦ મિનિટ | 20 x 8 = 160 |
| | ૫. વાર્તા પરિચ્છેદનું અર્થગ્રહણ કરે. | ૬૦ મિનિટ | 30 x 2 = 60 |
| | ૬. આપેલી વિગતોમાંથી અતાર્કિક અંશો દૂર કરે અને તેને સુધારે (odd man out માત્ર શબ્દ સુધારવા પડે તેવી પ્રવૃત્તિઓ) | ૪૦ મિનિટ | 20 x 2 = 40 |
| | ૭. વસ્તુ, પદાર્થોના કાળ, વજન, આકાર, કિંમત અને ઉપયોગિતાને આધારે સરખામણી કરે. | ૬૦ મિનિટ | 30 x 2 = 60 |
| | ૮. ચિત્ર અને શબ્દો પરથી વર્ગીકરણ કરે. (ઉદા. ચિત્રોમાં રહેલ વસ્તુઓનું વર્ગીકરણ/ આપેલા શબ્દોનું વર્ગીકરણ.) | ૩૦ મિનિટ | 30 x 1 = 30 |
| | ૯. અનાયાસે અર્થપૂર્ણ વાંચન અને લેખન કરે. | ૯૦ મિનિટ | 30 x 3 = 90 |
| | ૧૦. નાનાં/સાદાં વાક્યોનું અનુલેખન કરે. | ૬૦ મિનિટ | 20 x 3 = 60 |
| | ૧૧. સાદાં વાક્યોનું શ્રુતલેખન કરે. | ૯૦ મિનિટ | 30 x 3 = 90 |
| | ૧૨. ઘટના, વાર્તા પાત્રો, સ્થળોની વિગતો તારવે. | ૧૨૦ મિનિટ | 30 x 4 = 120 |
| | ૧૩. શબ્દકોષનો ઉપયોગ કરે. | ૯૦ મિનિટ | 30 x 3 = 90 |
| | ૧૪. ટેબલ, ગ્રાફ નકશાની માહિતીને વાક્ય સ્વરૂપે રજૂ કરે. | ૪૦ મિનિટ | 20 x 2 = 40 |
| **૨. પ્રત્યાયન ૩૦ કલાક** | ૧. પરિચિત સ્થિતિમાં પ્રસંગને અનુરૂપ અભિવાદન કરે અને અભિવાદનનો પ્રતિભાવ આપે. | ૧૨૦ મિનિટ | 20 x 6 = 120 |
| | ૨. વિનંતી કરે અને વિનંતીનો પ્રતિભાવ આપે, | ૬૦ મિનિટ | 20 x 3 = 60 |
| | ૩. સૂચનાઓ આપે, આપેલ સૂચના મુજબ વર્તન કરે. | ૧૮૦ મિનિટ | 20 x 9 = 180 |

| | | | |
|---|---|---|---|
| | ૪. Is that/this - are these/those - is/are there have જેવા ઊલટા પ્રશ્નો પૂછે અને તેનો જવાબ આપે (બોલે/લખે.) | ૩૬૦ મિનિટ | 30 x 12 = 360 |
| | ૫. માહિતી મેળવવા who, what, where, when, whose, how many જેવા પ્રશ્નો પૂછે અને તેનો જવાબ આપે. | ૪૮૦ મિનિટ | 30 x 16 = 480 |
| | ૬. ઘટના, વાર્તાને યોગ્ય ક્રમમાં ગોઠવે. | ૨૪૦ મિનિટ | 30 x 8 = 240 |
| | ૭. પરિચિત પરિસ્થિતિમાં સામાન્ય સંવાદ કરે. | ૩૬૦ મિનિટ | 30 x 12 = 360 |
| **૩. વ્યવહારુ ઉપયોજન ૨૫ કલાક** | ૧. સ્થાનિક લોન વર્ડઝ અને આશરે ૨૦૦ થી ૨૫૦ જેટલા અંગ્રેજી શબ્દો જાણે | ૧૮૦ મિનિટ | 15 x 12 = 180 |
| | ૨. કુટુંબના, સભ્યો, શિક્ષકો, મિત્રોનો, અન્ય પરિચિતોનો સામાન્ય પરિચય મેળવે અને આપે. | ૧૫૦ મિનિટ | 30 x 5 = 150 |
| | ૩. પોતાના પરિચય ક્ષેત્રમાં બનતી ક્રિયાઓ અને બનેલા પ્રસંગોની ટૂંકમાં રજૂઆત કરે. | ૧૮૦ મિનિટ | 30 x 6 = 180 |
| | ૪. સ્થાનિક વ્યવસાયકારોનો પરિચય મેળવે અને આપે. | ૧૮૦ મિનિટ | 30 x 6 = 180 |
| | ૫. સ્થાનિક પર્યાવરણમાં ઉપલબ્ધ અંગ્રેજી વાંચે (wrappers/hordings/visiting cards) | ૧૮૦ મિનિટ | 30 x 6 = 180 |
| | ૬. પુસ્તકાલયનો ઉપયોગ કરે. | ૧૨૦ મિનિટ | 30 x 4 = 120 |
| | ૭. ટેબલગ્રાફ નકશાની માહિતીને વાક્ય સ્વરૂપે રજૂ કરે. | ૧૨૦ મિનિટ | 20 x 6 = 120 |
| | ૮. ટૂંકી ચિઠ્ઠી લખે. | ૬૦ મિનિટ | 30 x 2 = 60 |
| | ૯. વાક્યોમાં પદક્રમ, વિરામ ચિહ્નોનો યોગ્ય રીતે ઉપયોગ કરે. | ૧૮૦ મિનિટ | 15 x 12 = 180 |
| | ૧૦. પરિચિત ગાણિતિક સંજ્ઞાઓ (=, +, x, -) અને ભૌમિતિક આકારો દર્શાવે, દિશાઓ દર્શાવે. | ૩૦ મિનિટ | 10 x 3 = 30 |
| | ૧૧. લાખ સુધીની સંખ્યાવાચક, ક્રમદર્શક સંખ્યા દર્શાવે. | ૧૨૦ મિનિટ | 30 x 4 = 120 |
| **૪. અભિવ્યક્તિ ૧૫ કલાક** | ૧. (Cat-man-rat જેવા શબ્દો) ઉચ્ચારના ધ્વનિ અને શબ્દ વાંચન વચ્ચે સંબંધ તારવે. | ૩૯૦ મિનિટ | 30 x 13 = 390 |

| | | | |
|---|---|---|---|
| | ૨. વસ્તુ, પ્રાણી, પક્ષી વ્યક્તિઓના પોતાને ગમતા લક્ષણોને રંગ, અંગોની સંખ્યા, કાળ, વ્યક્તિ વાચક વિશેષણો અને પસંદ -ના પસંદ સ્વરૂપે કહે. | ૧૮૦ મિનિટ | 15 x 12 = 180 |
| | ૩. ચિત્ર કે વસ્તુઓનું ત્રણથી પાંચ વાક્યોમાં વર્ણન કરે. | ૧૫૦ મિનિટ | 15 x 10 = 150 |
| | ૪. ઘટના, વાર્તાનાં પાત્રો, પાત્રોનાં લક્ષણો, સ્થળ, સમયની મુખ્ય વિગતો તારવે. | ૧૮૦ મિનિટ | 15 x 12 = 180 |
| **૫. સર્જનાત્મકતા ૧૦ કલાક** | ૧. જોડકણાં, અભિનય ગીતો rhymes માં અંગ્રેજીના લયપ્રાસનો રસાસ્વાદ માણે. | ૧૨૦ મિનિટ | 15 x 8 = 120 |
| | ૨. શ્રવણને આધારે ચિત્રો બનાવે. | ૧૮૦ મિનિટ | 30 x 6 = 180 |
| | ૩. શ્રવણને આધારે રમકડાં અને અન્ય વસ્તુઓ બનાવે. | ૧૮૦ મિનિટ | 30 x 13 = 390 |
| | ૪. જાણીતા શબ્દોના આધારે નવા શબ્દો બનાવવાની પ્રવૃત્તિમાં ભાગ લે. | ૧૨૦ મિનિટ | 20 x 6 = 120 |

★ ★ ★

# ધોરણ - ૭ : હેતુઓ

| | | | |
|---|---|---|---|
| ૧. અર્થગ્રહણ | ૧. વાર્તાઓ સાંભળે અને ટૂંકમાં કહે છે | ૧૨૦ મિનિટ | 30 x 4 = 120 |
| | ૨. સૂચનાઓ, અભિવાદન સાંભળે અને તેનો પ્રતિભાવ આપે. | ૧૪૦ મિનિટ | 20 x 7 = 140 |
| | ૩. અર્થપૂર્ણ સંવાદ કરે. | ૧૪૦ મિનિટ | 20 x 7 = 140 |
| | ૪. શ્રવણની માહિતીને આધારે વાર્તાનાં પાત્રો, સ્થળનું ચિત્ર દોરે. | ૯૦ મિનિટ | 30 x 3 = 90 |
| | ૫. અર્થપૂર્ણ સંદર્ભમાં રહેલા શબ્દો, વાક્યો અને પરિચ્છેદનું મૂક વાંચન અને મુખ વાચન કરે. | ૧૦૦ મિનિટ | 20 x 5 = 100 |
| | ૬. વાર્તા - પરિચ્છેદનું અર્થગ્રહણ કરે. | ૯૦ મિનિટ | 30 x 3 = 90 |
| | ૭. આપેલ વિધાનમાંથી અતાર્કિક અંશો તારવે અને વિધાન સુધારે. | ૪૦ મિનિટ | 20 x 2 = 40 |
| | ૮. પરિચ્છેદમાંની અતાર્કિક વિગતો તારવે અને સુધારે. | ૯૦ મિનિટ | 30 x 3 = 90 |
| | ૯. વાક્યો, ચિત્ર, ટેબલ કે ગ્રાફના આધારે વિગતોની સરખામણી કરે. | ૬૦ મિનિટ | 20 x 3 = 60 |
| | ૧૦. વાક્યો, ચિત્ર, ટેબલ કે ગ્રાફના આધારે વિગતોનું વર્ગીકરણ કરે. | ૯૦ મિનિટ | 30 x 3 = 90 |
| | ૧૧. ફકરાનું અનુલેખન કરે. | ૯૦ મિનિટ | 30 x 3 = 90 |
| | ૧૨. ફકરાનું શ્રુત લેખન કરે. | ૯૦ મિનિટ | 30 x 3 = 90 |
| | ૧૩. ઘટના, વાર્તાનાં પાત્રો, પાત્રોની લાક્ષણિકતા, સ્થળો, મુખ્ય ઘટના, ઘટનાક્રમની વિગતો તારવે. | ૧૫૦ મિનિટ | 30 x 5 = 150 |
| | ૧૪. શબ્દકોશનો ઉપયોગ કરે. | ૧૫૦ મિનિટ | 15 x 10 = 150 |
| | ૧૫. ટેબલ, ગ્રાફ, નકશા, વાક્યોની માહિતી આ પ્રકારનાં બીજાં સ્વરૂપોમાં (ટેબલ-ગ્રાફ/ગ્રાફટેબલ/નકશા-ટેબલ) રજૂ કરે. | ૬૦ મિનિટ | 30 x 2 = 60 |
| ૨. પ્રત્યાયન | ૧. પરિચિત-અપરિચિત પરિસ્થિતિમાં પ્રસંગને અનુરૂપ અભિવાદન કરે અને અભિવાદનનો પ્રતિભાવ આપે. | ૬૦ મિનિટ | 20 x 3 = 60 |
| | ૨. વિનંતી કરે અને વિનંતીનો પ્રતિભાવ આપે. | ૬૦ મિનિટ | 15 x 4 = 60 |

| | | | |
|---|---|---|---|
| | ૩. સૂચનાઓ આપે. આપેલ સૂચના મુજબ વર્તન કરે. | ૧૮૦ મિનિટ | 30 x 6 = 180 |
| | ૪. ઊલટ પ્રશ્નો પૂછે (Have/Has Is this/that, are there) અને તેના જવાબ આપે. | ૨૪૦ મિનિટ | 30 x 8 = 240 |
| | ૫. માહિતી મેળવવા Who, What, Where, When, how many, whose, How જેવા પ્રશ્નો પૂછે અને તેના જવાબ આપે. | | |
| | ૬. પરિચિત અને અપરિચિત પરિસ્થિતિમાં સંવાદ કરે. | ૨૪૦ મિનિટ | 30 x 8 = 240 |
| | ૭. ઘટનાને - વાર્તાને યોગ્ય ક્રમમાં ગોઠવે. | ૧૮૦ મિનિટ | 30 x 6 = 180 |
| | ૮. પરિચિત્ર ક્ષેત્ર (ઘર, શાળા, વિસ્તાર)ના અનુભવો અવલોકનનું આદાન-પ્રદાન કરે. | ૧૮૦ મિનિટ | 30 x 6 = 180 |
| ૩. વ્યાવહારિક ઉપયોજન | ૧. પરિચિત વ્યક્તિઓનો પરિચય આપવામાં લાગણી વ્યક્ત કરે. | ૧૮૦ મિનિટ | 30 x 6 = 180 |
| | ૨. અપરિચિત વ્યક્તિઓનો સામાન્ય પરિચય મેળવે અને આપે. | ૧૨૦ મિનિટ | 30 x 4 = 120 |
| | ૩. પોતાના પરિચય ક્ષેત્રમાં બનતી ક્રિયાઓ અને બનેલા પ્રસંગોની ટૂંકમાં રજૂઆત કરે. | ૧૮૦ મિનિટ | 30 x 6 = 180 |
| | ૪. ભવિષ્યની સંભાવનાઓ, આયોજનોનું વર્ણન કરે. | ૧૨૦ મિનિટ | 30 x 4 = 120 |
| | ૫. સ્થાનિક ક્ષેત્ર ઉપરાંતના વ્યવસાયકારોનો પરિચય મેળવે અને આપે. | ૧૨૦ મિનિટ | 30 x 4 = 120 |
| | ૬. સ્થાનિક પર્યાવરણમાં ઉપલબ્ધ અંગ્રેજી (bills, forms, advt. licence, etc.) વાંચે | ૧૮૦ મિનિટ | 30 x 6 = 180 |
| | ૭. પુસ્તકાલયમાં વાર્તા, વાક્યોની માહિતી આ પ્રકારનાં બીજાં સ્વરૂપોમાં રજૂ કરે. | ૩૦૦ મિનિટ | 30 x 10 = 300 |
| | ૮. ટેબલ, ગ્રાફ, નકશા, વાક્યોની માહિતી આ પ્રકારનાં બીજાં સ્વરૂપોમાં રજૂ કરે. | ૧૨૦ મિનિટ | 30 x 4 = 120 |
| | ૯. પરિચિત સ્થિતિ વિશે પત્ર લખે અને પત્રનો જવાબ લખે. | ૧૨૦ મિનિટ | 30 x 4 = 120 |
| | ૧૦. વિજ્ઞાનના સાધનો-પદાર્થોના નામ, વ્યવહારમાં વાપરતાં સૂચનો અને સંજ્ઞાઓ (ટ્રાફિક, રસ્તા પરના સૂચનો, જાહેર સ્થળો પરનાં સૂચનો) ઓળખે. | ૬૦ મિનિટ | 15 x 4 = 60 |

| | | | |
|---|---|---|---|
| **૪. અભિવ્યક્તિ** | ૧. ઉચ્ચારના ધ્વનિ અને શબ્દો વચ્ચે સંબંધ તારવે. (tongue, twister, know-knife...) | ૧૨૦ મિનિટ | 20 x 6 = 120 |
| | ૨. વસ્તુ, પ્રાણી, પક્ષી વ્યક્તિઓના પોતાને ગમતા લક્ષણો, પસંદ, નાપસંદ, પોતાની લાગણીઓ સાથે કહે. | ૩૦૦ મિનિટ | 30 x 10 = 300 |
| | ૩. ઘટના, પ્રસંગ કે ચિત્રનું વર્ણન કરે. | ૧૮૦ મિનિટ | 30 x 6 = 180 |
| | ૪. ઘટના, વાર્તાનાં પાત્રો, પાત્રોનાં લક્ષણો, સ્થળ, સમયની વિગતો તારવે. | ૧૨૦ મિનિટ | 20 x 6 = 120 |
| | ૫. શબ્દો, શબ્દસમૂહો, અન્ય માહિતી પરથી પરિચ્છેદ લખે. | ૧૮૦ મિનિટ | 20 x 9 = 180 |
| **૫. સર્જનાત્મક** | ૧. અંગ્રેજીના લયનો રસાસ્વાદ માણે | ૧૮૦ મિનિટ | 20 x 9 = 180 |
| | ૨. જોડકણાં, ગીતો, ACTION SONGS, RHYMES ગાય અને તેને આગળ વધારે. | ૧૮૦ મિનિટ | 30 x 6 = 180 |
| | ૩. અધૂરી વાર્તાના વિકાસ માટે આગળની ઘટનાઓને રજૂ કરે અથવા વિકલ્પોમાંથી વિકલ્પ પસંદ કરે. | ૨૪૦ મિનિટ | 30 x 8 = 240 |

★ ★ ★

# ધોરણ - ૮ : હેતુઓ

| | | | |
|---|---|---|---|
| **૧. અર્થગ્રહણ ૨૫ કલાક** | ૧. વાર્તાઓ સાંભળે, ટૂંકમાં કહે. | ૧૨૦ | 40 x 3 = 120 |
| | ૨. અભિવાદન સાંભળે તેનો યોગ્ય પ્રત્યુતર આપે. | ૧૦૫ | 15 x 7 = 105 |
| | ૩. અર્થપૂર્ણ સંવાદ કરે. | ૧૪૦ | 20 x 7 = 140 |
| | ૪. અર્થપૂર્ણ સંદર્ભમાં રહેલા શબ્દો, વાક્યો અને પરિચ્છેદનું મૂક વાચન અને મુખ વાચન કરે. | ૧૪૦ | 20 x 7 = 140 |
| | ૫. વાર્તા, પરિચ્છેદ, કાવ્યનું અર્થગ્રહણ કરે. | ૧૨૦ | 40 x 3 = 120 |
| | ૬. પરિચ્છેદમાંથી અતાર્કિક વિગતો તારવે અને સુધારો કરે. | ૬૦ | 20 x 3 = 60 |
| | ૭. ચિત્રો, ટેબલ, ગ્રાફ, નકશો, વાર્તા ઘટના કે પરિચ્છેદની વિગતોની સરખામણી કરે. | ૯૦ | 30 x 3 = 90 |
| | ૮. ચિત્રો, ટેબલ, ગ્રાફ, નકશો, વાર્તા, ઘટના કે પરિચ્છેદની વિગતોનું વર્ગીકરણ કરે. | 90 | 30 x 3 = 90 |
| | ૯. ફકરાનું અનુલેખન કરે. | 40 | 20 x 2 = 40 |
| | ૧૦. ફકરાનું શ્રુતલેખન કરે. | 60 | 20 x 3 = 60 |
| | ૧૧. ઘટના, વાર્તાનાં પાત્રો, પાત્રોની લાક્ષણિકતા, સ્થળો, મુખ્ય ઘટના, ઘટના ક્રમની વિગતો તારવે. | 150 | 30 x 5 = 150 |
| | ૧૨. ચોક્કસ પ્રક્રિયા માટેની સૂચનાઓ અનુસરે અને તે પ્રકારની સૂચનાઓ આપે. | 60 | 20 x 3 = 60 |
| | ૧૩. સાધન-સામગ્રી પરની સૂચનાઓ, વિગતોનું ઉપયોજન કરે. | 120 | 30 x 4 = 120 |
| | ૧૪. એક પ્રકારની માહિતી બીજા સ્વરૂપે રજૂ કરે (ટેબલ, ગ્રાફ, નકશા, કાર્ડ, ફોર્મ) (નકશા પરથી ફકરો...) | 70 | 35 x 2 = 70 |
| | ૧૫. શબ્દકોશનો ઉપયોગ કરે. | 135 | 15 x 9 = 135 |
| **૨. પ્રત્યાયન ૨૦ કલાક** | ૧. ઊલટ પ્રશ્નો પૂછે અને તેના જવાબ આપે. | 180 | 30 x 6 = 180 |
| | ૨. માહિતી મેળવવા whose, how, which, what, who, where, when, hos many જેવા પ્રશ્નો પૂછે અને જવાબ આપે. | 360 | 30 x 12 = 360 |

| | | | |
|---|---|---|---|
| | ૩. નાટકીય સંવાદો, વ્યાવહારિક સંવાદો કરે | 240 | 30 x 8 = 240 |
| | ૪. ઘટના, વાર્તા, પ્રક્રિયાની વિગતો તાર્કિક ક્રમમાં ગોઠળે. | 180 | 30 x 6 = 180 |
| | ૫. અનુભવો, અવલોકનોના આદાનપ્રદાન દ્વારા નવા ક્ષેત્રની વિગતો જાણે અને રજૂ કરે. | 240 | 30 x 8 = 240 |
| **૩. વ્યવહારુ ઉપયોજન ૨૫ કલાક** | ૧. ઘટના, પ્રસંગ, વ્યક્તિ, સ્થળ અંગે પોતાની લાગણીઓ રજૂ કરે. | 180 | 30 x 6 = 180 |
| | ૨. અપરિચિત વ્યક્તિનો સામાન્ય પરિચય મેળવે | 180 | 30 x 6 = 180 |
| | ૩. પોતાના પરિચય ક્ષેત્રમાં બનતી ક્રિયાઓ અને બનેલા પ્રસંગોની રજૂઆત કરે. | 240 | 30 x 8 = 240 |
| | ૪. ભવિષ્યની સંભાવનાઓ, આયોજનોનું વર્ણન કરે. | 60 | 30 x 2 = 60 |
| | ૫. સ્થાનિક પર્યાવરણમાં ઉપલબ્ધ અંગ્રેજી (bills, forms, advt.) વાંચે. | 180 | 30 x 6 = 180 |
| | ૬. સ્થાનિકક્ષેત્ર ઉપરાંતના વ્યવસાયકારોનો પરિચય મેળવે અને આપે. | 60 | 30 x 2 = 60 |
| | ૭. પુસ્તકાલયમાં પુસ્તકો, સામયિકો, વર્તમાનપત્રો વાંચે, internet નો ઉપોયગ કરે. | 300 | 30 x 10 = 300 |
| | ૮. ટેબલ, ગ્રાફ, નકશા, કાર્ડ, ફોર્મ, પરિચ્છેદની માહિતી આ પ્રકારના બીજા સ્વરૂપોમાં રજૂ કરે. | 120 | 30 x 4 = 120 |
| | ૯. પત્ર, Email લખે અને તેનો જવાબ આપે. | 120 | 30 x 4 = 120 |
| | ૧૦. ભૌગોલિક વિગતો, વહીવટી તંત્રનાં સ્થળો, પદાધિકારીઓ, અધિકારીઓ જેવી સામાજિક વિજ્ઞાનની વ્યવહારમાં વપરાતી સંકલ્પનાઓ ઓળખે. | 60 | 30 x 2 = 60 |
| **૪. અભિવ્યક્તિ ૧૫ કલાક** | ૧. ઉચ્ચારના ધ્વનિ અને શબ્દો વચ્ચે સંબંધ તારવે. (TONGUE TWISTER) | 90 | 15 x 6 = 90 |
| | ૨. વસ્તુ, પ્રાણી, પક્ષી, વ્યક્તિઓના, પોતાને ગમતા લક્ષણો, પોતાની પસંદ-નાપસંદ, લાગણીઓ કહે. | 120 | 15 x 8 = 120 |
| | ૩. કાલ્પનિક સંભાવનાઓ (ઉદા. જો હું... તો...) રજૂ કરે. | 180 | 60 x 3 = 180 |
| | ૪. ઘટના - વાર્તાની મુખ્ય વિગતો અને કાર્ય-કારણ સંબંધ તારવે. | 120 | 60 x 2 = 120 |

| | | | |
|---|---|---|---|
| | ૫. શબ્દો, શબ્દ સમૂહો અન્ય માહિતી પરથી પરિચ્છેદ લખે. | 150 | 30 x 5 = 150 |
| | ૬. ટેબલ, ગ્રાફ, નકશા, કાર્ડ, ફોર્મની માહિતી બીજા સ્વરૂપે રજૂ કરે. | 120 | 30 x 4 = 120 |
| | ૭. વાર્તા, અહેવાલ કે વર્ણન લખે. | 120 | 60 x 2 = 120 |
| **૫. સર્જનાત્મકતા** | ૧. અંગ્રેજીના લયનો રસાસ્વાદ માણે. | 180 | 20 x 9 = 180 |
| **૧૫ કલાક** | ૨. જોડકણાં, ગીતો, Action songs, Rhymes ગાય અને તેને આગળ વધારે. | 120 | 20 x 6 = 120 |
| | ૩. અધૂરી વાર્તાના વિકાસ માટે આગળની ઘટનાઓ રજૂ કરે અથવા આપેલા વિકલ્પોમાંથી વિકલ્પ પસંદ કરે, નવો અંત રજૂ કરે. | 360 | 30 x 12 = 360 |
| | ૪. વાર્તા, ઘટનાનાં પાત્રોની અદલાબદલી કરી તેને નવા સ્વરૂપે રજૂ કરે. | 240 | 30 x 8 = 240 |

ઉપરોક્ત પાંચ હેતુઓની સિદ્ધિ માટે આ પાઠ્યપુસ્તકમાં કેટલીક પ્રવિધિઓનો સમાવેશ કરેલ છે. તે પ્રવિધિઓનું ભાષા શિક્ષણમાં શું મહત્ત્વ છે અને તેને વર્ગખંડમાં કરાવતી વખતે શું ધ્યાનમાં રાખીશું ? એ વિશે કેટલાક અગત્યના મુદ્દાઓ જાણીએ.

# પ્રવિધિઓ

- વાર્તા
- સંવાદ
- વાંચન માટેના ફકરાઓ
- કાવ્યો - જોડકણાં
- જૂથ કાર્ય
- મુલાકાત અને અહેવાલ
- પ્રોજેક્ટ
- ભાષાકીય રમતો
- મૌખિક પ્રવૃત્તિઓ
- લેખિત પ્રવૃત્તિઓ

**(૧) વાર્તા :**

વાર્તા એ કોઈપણ ભાષાના શિક્ષણનું અગત્યનું અંગ છે. વાર્તા સહજ રીતે વિદ્યાર્થીને આકર્ષિત કરે છે અને તે રીતે તે ભાષા સાથે જોડાય છે.

આપણા પુસ્તકમાં આપેલ વાર્તાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષા સાંભળવાની તક મળે તે છે. ભાષા શીખવાની શરૂઆત તેના શ્રવણથી જ થાય છે તે આપ સૌ જાણો છો.

**● પુસ્તકમાં વાર્તાઓ બે રીતે છે.**

(૧) વિદ્યાર્થી આવૃત્તિમાં

(૨) શિક્ષક આવૃત્તિમાં

શિક્ષક આવૃત્તિમાં આપેલી વાર્તાઓ વિદ્યાર્થીને વાંચવા માટે નથી. તે વાર્તાઓ તમારે તેને સંભળાવવાની છે.

સૌ પ્રથમ તો જે તે વાર્તાને તમે બે-ત્રણ વખત વાંચી જઈને આત્મસાત કરી લો. વિદ્યાર્થીઓ સમક્ષ ચિત્ર-હાવભાવ-અવાજના ઉતાર ચઢાવ-અભિનયની મદદથી વાર્તાને રજૂ કરો. (જો કોઈ વાર્તા મૌખિક રીતે રજૂ ન કરી શકાય, તો શિક્ષક આવૃત્તિમાંથી તેનું મોટેથી વાંચન કરી વિદ્યાર્થીઓને સંભળાવો.)

વાર્તા કહેતી વખતે દરેક વાક્ય અને શબ્દને માતૃભાષામાં કહેવાનું ટાળો. તેને વાર્તા નહીં સમજાય તો ? એવી શંકા રાખ્યા વિના **આપણો ઉદ્દેશ્ય વાર્તાની સમજ નહીં પણ ભાષાનો INPUT આપવાનો છે તે ધ્યાનમાં રાખીએ.**

આ જ પ્રક્રિયા વિદ્યાર્થી આવૃત્તિમાં આપેલ વાર્તાઓમાં કરવી. ત્યારબાદ વિદ્યાર્થીઓ તે વાર્તાને વાંચે તે અપેક્ષિત છે.

વિદ્યાર્થીઓ સમક્ષ પ્રથમ તે વાર્તા વાંચવામાં રસ પડે તેવી પૂર્વભૂમિકા બાંધીને જ વાર્તા વાંચવા આપો. તેમને વાંચતી વખતે અઘરા લાગતા શબ્દોને સમજવા માટે શબ્દકોષનો છૂટથી ઉપયોગ કરવા દો.

વિદ્યાર્થી આવૃત્તિમાં આપેલ કેટલીક વાર્તાઓ અધૂરી મૂકેલ છે, કેટલીક જગ્યાએ વાર્તાની વચ્ચે ચિંતનાત્મક પ્રશ્નો મૂકેલ છે તેનો ઉદ્દેશ્ય - સાચા જવાબો - સાચી વાર્તા નથી. તે વિદ્યાર્થીને ભાષાનો ઉપયોગ કરવાની પ્રેરણા મળે તે છે ક્યારેય તેમને આવા પ્રશ્નોના જવાબ લખાવી ન દેવા. હા, જરૂર જણાયે તેમને પોતાના વિચારોને અંગ્રેજીમાં રજૂ કરવામાં મદદરૂપ બનો.

**યાદ રાખીએ દરેક વિદ્યાર્થીએ વાર્તા પૂર્ણ કરવા આપેલા વિકલ્પો જુદા-જદા હોઈ શકે.**

**૨ સંવાદ :**

ભાષા એ ઉપયોગ કરીને જ શીખવાની બાબત છે. જેમ કે તમારે તરતાં શીખવું હોય તો પાણીમાં ઊતરવું જ પડે. જો તમે કિનારે ઊભા રહીને વિચાર કરો કે મને તરતાં આવડી જાય પછી જ પાણીમાં ઊતરું ! તો એમ તમને ક્યારેય તરતાં નહિ આવડે ! હા ! તરવા વિશેની વિવિધ માહિતી જ ભેગી કરી શકશો. તો શું તે તરતાં આવડ્યું કહેવાય ? ના ! આવું જ ભાષા વિશે છે. ભાષા આવડી જાય પછી જ તેનો ઉપયોગ કરીશ એમ વિચારવાથી તો ભાષા નહીં આવડે. તેના માટે તમારે ભાષાનો ઉપયોગ કરવો જ પડશે.

ભાષાનો વ્યવહારમાં ઉપયોગ કરવો એટલે તે ભાષામાં પ્રત્યાયન કરવું. આમ, પુસ્તકમાં આપેલ સંવાદો વિદ્યાર્થીને ખરા અર્થમાં ભાષાનો ઉપયોગ કરતાં શીખવે છે.

પુસ્તકમાં સંવાદ બે રીતે આપેલ છે.

● જે તે પરિસ્થિતિને અનુરૂપ સંવાદ આપેલ હોય તે વાંચી-સાંભળીને સંવાદ કરવો.

● આપેલ પરિસ્થિતિમાં કેવો સંવાદ થઈ શકે તે વિચારી પોતાની રીતે સંવાદ કરવો.

વાંચીને સંવાદ કરાવતા પહેલા - તે સંવાદને તમે વિદ્યાર્થીને વાંચી સંભળાવો. ત્યારબાદ વિદ્યાર્થીનાં જૂથ બનાવી તેમને જે તે સંવાદને રજૂ કરવા માટે તૈયારીનો સમય આપો. જ્યારે વિદ્યાર્થીઓ સંવાદ રજૂ કરતા હોય ત્યારે તેઓ કોઈ ભૂલ કરે તો તેને અટકાવવાને બદલે તેને સંવાદ પૂરો કરવા પ્રોત્સાહિત કરો. આપણું લક્ષ્ય તે સંવાદને પૂરો કરવાનું નહિ પણ તેને ભાષાનો અર્થપૂર્ણ ઉપયોગ કરતાં શીખવવાનો છે.

જ્યારે આપેલ પરિસ્થિતિને અનુરૂપ સંવાદ કરવાનું કામ સોંપો ત્યારે વિદ્યાર્થી પર તમારા વિચારો થોપવાને બદલે - તે સંવાદ વિદ્યાર્થીનો બની રહે તે ધ્યાન રાખો. તેમાં તમે સંવાદો લખાવી દો તેવું તો ના જ બનવું જોઈએ. તો જ વિદ્યાર્થીમાં હું અંગ્રેજી બોલી શકું છું તેવો આત્મવિશ્વાસ ઉત્પન્ન થશે.

**૩. વાંચન માટેની સામગ્રી :**

વાંચન એ ભાષા સજ્જતા કેળવવા માટેનું અગત્યનું અંગ છે. જેટલું વાંચન વધુ તેટલી તેની ભાષાકીય સજ્જતા અને વૈચારિક સમૃદ્ધિ વધશે. આમ, વાંચન એ ફક્ત એક યાંત્રિક રીતે થતી ક્રિયા નથી. વિદ્યાર્થી જે વાંચે તેનો અર્થ તારવે અને તે લખાણ તેના સંકેતો શું કહેવા માગે છે તે સમજે છે. આપણે વાંચનને ત્રણ રીતે જોઈ શકીએ.

● આપેલ લિપિના સંકેતોને ઓળખવા.

● તે શબ્દ-વાક્ય કે ફકરામાં રહેલા હાર્દને સમજવું. તેનું અર્થગ્રહણ કરવું તથા તે દ્વારા પ્રાપ્ત કરેલ માહિતી-જ્ઞાનને વ્યવહારમાં પ્રયોજવું. તે દ્વારા ભાષાકીય સજ્જતા કેળવવી.

● વાંચન દ્વારા ભાષાનો સૌંદર્ય બોધ માણવો.

પુસ્તકમાં વાંચન માટેની સામગ્રીરૂપે - કેટલાક ફકરા, વાર્તાઓ, સંવાદો, સૂચનાઓ, કાવ્યો, વાસ્તવિક ઘટનાઓ, વર્ણનો આપેલા છે.

વિદ્યાર્થીઓને વાંચન કરાવતા પૂર્વે તમે તેનાથી પૂરા અવગત થાય તે ખૂબ જરૂરી છે. વર્ગખંડમાં વિદ્યાર્થી સમક્ષ પ્રથમ આદર્શ વાંચન કરો. ત્યારબાદ વિદ્યાર્થીઓ તેને વાંચે તે માટે પ્રેરો. તે દરમિયાન તેમને જે શબ્દો વાંચતાં ના આવડતા હોય તેની નીચે લીટી દોરી રાખવાનું સૂચન કરો. વિદ્યાર્થીનું વાંચન પૂરું થાય પછી તેમને અઘરા લાગેલ શબ્દોને સામૂહિક રીતે સમજાવો. શબ્દો સમજાવવા માટે તેને સંદર્ભ સહિત વાક્યમાં ઉપયોગ કરી બતાવો, તેને અનુરૂપ ચિત્ર કે વસ્તુ બતાવવું, તેને શબ્દકોષમાંથી શોધી બતાવવા જેવી રીતોનો ઉપયોગ કરવો.

આ પછી તેમને તે સામગ્રી ફરી વાંચી તેને આધારે અર્થગ્રહણની પ્રવૃત્તિ કરવાનું કામ સોંપો.

**૪. કાવ્યો :**

ભાષા શીખવાની મજા તેના લય ઓળખી તેનો રસાસ્વાદ કરવામાં છે અને ભાષાનું આવું સ્વરૂપ એટલે કાવ્ય !

આપણા પુસ્તકમાં બે પ્રકારે કાવ્યોનો સમાવેશ કરેલ છે. ફક્ત ગાવા માટે અને કાવ્યનું પઠન કરી તેનો આસ્વાદ માણવા માટે.

તમે કાવ્યને વિદ્યાર્થીઓને ગાઈ સંભળાવો. જો ઉપલબ્ધ હોય તો તેનું સી.ડી. દ્વારા પણ શ્રવણ કરાવી શકાય. ત્યારબાદ તમે તેનું ઝીલ ગાન કરાવો. હવે તમારી મદદ વગર તે કાવ્યનું સમૂહગાન અને વ્યક્તિગત ગાન કરાવો.

કાવ્ય પઠન કરાવ્યા બાદ તેની દરેક પંક્તિ સમજાવવાને બદલે વિદ્યાર્થીઓ તે કાવ્યમાંથી શું અર્થ તારવે છે તે મહત્ત્વનું છે. તેમને જૂથ કાર્ય સોંપી તે કાવ્યનો અર્થ તારવવા પ્રેરો.

પુસ્તકમાં કાવ્યને અંતે Rhyming words શોધવાનું કાર્ય આપેલ છે, જેનો ઉદ્દેશ્ય શબ્દોના ધ્વનિઓ તારવી તેને તે મુજબ નવા શબ્દોનું વાંચન કરી શકે છે.

### ૫. જૂથ કાર્ય :

ભાષાનો સાહજિક રીતે ઉપયોગ થાય અને આ માટે આત્મવિશ્વાસ કેળવાય તે માટે જૂથ ચર્ચા ખૂબ જ જરૂરી છે.

જૂથ કાર્ય માટે પુસ્તકમાં ચિંતનાત્મક પ્રશ્નો, અધૂરી વાર્તા પૂર્ણ કરવી, જો અને તો પ્રકારની ઘટનાઓ વગેરે આપેલ છે.

જેમાં તમારો રોલ એક સુવિધાકર્તા તરીકેનો જ રહે છે. વિદ્યાર્થીઓ જૂથ કાર્ય કરતાં હોય તે દરમિયાન દરેક જૂથમાં ફરી ક્યા વિદ્યાર્થીઓ ચર્ચામાં સક્રિય નથી તેની નોંધ રાખો. તે વિદ્યાર્થીઓને વધુ સક્રિય બનાવવા માટેના પ્રયત્નો પણ કરવા. જૂથ રચના વખતે જેન્ડર બાયસ અને અન્ય કોઈ બાયસ ના રાખવો. દરેક વખતે જુદા જુદા વિદ્યાર્થીઓના જૂથ બને તેવી પણ કાળજી રાખવી.

જૂથ કાર્ય પછી વર્ગમાં તેની રજૂઆત થાય તે અત્યંત જરૂરી છે. તમામને તમારા અભિનંદનની પણ જરૂર પડશે. તમારું અભિનંદન તેમને હવે પછીના જૂથ કાર્યને વધુ સારી રીતે કરવાનું પ્રેરકબળ પૂરું પાડશે.

### ૬. પ્રોજેક્ટ :

જ્ઞાનને જીવન સાથે જોડવા માટે પ્રોજેક્ટ મહત્ત્વનું અંગ છે. તેમાં વિદ્યાર્થી પોતાની જાતે શોધ-ખોળ કરે, સ્થળ મુલાકાત લે, જુદી-જુદી વ્યક્તિને મળે, પુસ્તકાલય અને ઈન્ટરનેટનો ઉપયોગ કરે તે અભિપ્રેત છે.

પ્રોજેક્ટ સોંપતાં પહેલાં તેને અનુરૂપ પૂર્વ તૈયારી અને તેના હેતુઓનું સ્પષ્ટીકરણ તમારા પક્ષે ખૂબ જ અગત્યનું છે. વિદ્યાર્થીએ શું કરવાનું છે અને કેમ કરવાનું છે તે બંને બાબતો તેમને સમજાવવી તે તમારું કાર્ય છે.

ત્યારબાદ વિદ્યાર્થીઓને જાતે જ પોતાના પ્રોજેક્ટ માટે કોણ શું કરશે તેની વહેંચણી કરશે જેમ કે માહિતી કોણ એકત્ર કરશે ? પ્રશ્નોત્તરી કોણ કરશે ? મુલાકાત વખતે કોણ નોંધ રાખશે ? તેનો અહેવાલ કોણ તૈયાર કરશે ?

પૂર્ણ કરેલ પ્રોજેક્ટનો અહેવાલ શાળા અને શક્ય હોય તો સમાજ સુધી પણ પહોંચાડો.

### ૭. ભાષા રમતો :

રમવાનું કોને ના ગમે ? રમત વખતે વપરાતી ભાષા નૈસર્ગિક હોય છે.

જો તેનો ઉપયોગ ભાષા શિક્ષણમાં કરવો હોય તો ? તેના માટે જ પુસ્તકમાં આવી રમતો આપેલ છે. જેમાં વિદ્યાર્થી ભાષાનાં કૌશલ્યોને અનાયાસે - અનૌપચારિક રીતે શીખે છે.

આવી રમત કરાવતી વખતે રમવાની મજાની સાથે ભાષાના ઉદ્દેશ્યો પાર પડે તે જોવાની જવાબદારી આપણી છે. વિદ્યાર્થીઓની રમતમાં ખલેલ ના પડે તે માટે - તે અંગેની સૂચનાઓ રમત પહેલાં જ સ્પષ્ટ કરાવવી. જરૂર જણાય તો એક વખત ડેમો કરાવી શકાય.

## ૮. મૌખિક પ્રવૃત્તિઓ :

ભાષાના પાયાનાં બે કૌશલ્યો - શ્રવણ અને કથનને ખીલવવા માટે આ પ્રકારની પ્રવૃત્તિઓ મહત્ત્વની બને છે.

પુસ્તકમાં ચિત્ર વર્ણન, ચિત્ર આધારિત પ્રશ્નોત્તરી, સામગ્રીના ઉપયોગથી ચર્ચા, સંવાદો, કોયડા ઉકેલ, રોલ પ્લે વગેરેનો સમાવેશ કરેલ છે.

તે કરાવતી વખતે વિદ્યાર્થીઓની accuracy નહિ પણ fluency પર ભાર મૂકવો. એટલે કે તે પોતાની વાત અસ્ખલિત પણે કહેતો થાય તે જરૂરી છે નહિ તે વ્યાકરણની રીતે સાચું બોલે તે !

## ૯. લેખિત પ્રવૃત્તિઓ :

ભાષાની અભિવ્યક્તિ બે પ્રકારે થાય છે - મૌખિક અને લેખિત.

લેખિત કાર્ય એ ભાષાનું અંતિમ કૌશલ્ય છે. સારા લેખન કૌશલ્ય માટે સારું શ્રવણ અને વાંચન પણ જરૂરી બને. લેખન કૌશલ્યનો અર્થ સારા હસ્તાક્ષર જ નહિ. પોતાના વિચારને લેખિત સ્વરૂપ આપવું એમ પણ. ભાષામાં મૌલિક સર્જન કરવું.

પુસ્તકમાં પ્રશ્નોના જવાબ, સંવાદ અને વાર્તા પૂર્ણ કરવા, ચિત્ર, સ્થળ, વ્યક્તિનું વર્ણન, ફકરાનું લેખન, પત્ર લેખન કરવું જેવી લેખિત પ્રવૃત્તિઓ આપેલ છે.

આ પ્રવૃત્તિઓ કરાવતી વખતે વિદ્યાર્થીને પોતાની જાતે તે કરવાની સ્વતંત્રતા આપો. જરૂર જણાયે તેમને શબ્દો અને વાક્ય રચના સંદર્ભે મદદ કરવી. તેમાં પૂર્વશરત વિદ્યાર્થીની જરૂરિયાત છે.

★ ★ ★

## Demonstration Lessons
# Standard 6 : Unit - 1

**હેતુક્રમાંક : ૨.૫, ૨.૬**

૨.૫ માહિતી મેળવવા who, what, where, when, whose, how many જેવા પ્રશ્નો પૂછે અને તેના જવાબ આપે.

૨.૬ ઘટના વાર્તાને યોગ્ય ક્રમમાં ગોઠવે.

### YES, WE HAVE MADE IT !

Jigar, Darshil, Pappu and Swapnil were players of Team Jigar. They were very happy. Finally they had a cricket ball, a bat and stumps of their own. It took almost six months for this. They save every single rupee for it.

They put them at Jigar's house. They decided to play a cricket match next morning.

Jigar's younger sister Maitri liked the ball and started playing with it. When Jigar was not at home, accidentlly, the ball fell into the fire. She did not say anything to Jigar.

Next day, Jigar woke up early in the morning. He was very excited. He got ready quickly and rushed to the store room for the ball, the bat and the stumps. He got the bat and stumps easily but could not find the ball around. He was very worried.

Soon, the friends shouted, "Jigar, come fast. We are getting late for the cricket match". But there was no reply. All the friends entered into the room and asked, "what happened Jigar ?" Jigar was speechless.

Kinjal, Jigar's elder sister knew about the yesterday's incident. She told everything. All were shocked to hear that the ball was lost. "Now what... ? Our friends are waiting..." said Darshil.

"Don't worry boys, let's make another ball", said Kinjal. "But how ?' asked Swapnil. Please, go and bring some waste papers and a bicycle tube", said Kinjal. They made paper balls from the waste papers. They cut the tube into the small pieces like a ring shape. They placed the pieces one by one on the paper ball.

Wow ! They made a cricket ball ! They shouted, "Hurrah ! We have made it."

Pappu asked Kinjal, "Do you like to play cricket ?" Kinjal said, "Of course. But who will allow me in the team ?"

"We", exclaimed all the boys with joy.

વાર્તા સંભળાવ્યા બાદ શિક્ષક નીચેનાં વાક્યોની પટ્ટી વિદ્યાર્થીઓને ક્રમમાં ગોઠવવા આપશે અને તેના આધારે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરશે.

(1) Kinjal suggested to make a new ball.

(2) Team Jigar decided to keep the ball, the bat and the stumps at Jigar's house ?

(3) Kinjal joined with the Jigar's Team.

(4) Team Jigar saved money.

(5) Jigar was shocked.

(6) Team Jigar bought the ball, the bat and the stumps.

(7) They made the ball using bicycle tube and waste paper.

શિક્ષક વિદ્યાર્થીઓને નીચે આપેલા પ્રશ્નોના મૌખિક જવાબ મેળવશે.

(1) What did Team Jigar do to buy cricket kit ?

(2) Where did Team Jigar keep the ball, the bat and the stumps ?

(3) Who damaged the ball ?

(4) How was the ball demaged ?

(5) What was Jigar worry about ?

(6) What did Kinjal suggest ?

(7) How did Kinjal help Jigar ?

(8) How did they make the ball ?

(9) Who allowed Kinjal in the team ?

જ્યારે વિદ્યાર્થીઓ વાક્યપટ્ટીઓ વાર્તાક્રમમાં ગોઠવતા હશે ત્યારે જે યોગ્ય રીતે ગોઠવે તે વિદ્યાર્થીના નામ સામે ✔, ન ગોઠવી શકે તેને '✗' અને અનિર્ણયાત્મક સ્થિતિ હોય તો '?' કરશે. આવી જ રીતે વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછતી વખતે પણ આ CCE શીટ હાથમાં રાખવી અને '✔', '✗', '?' કરવું.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | હેતુક્રમાંક | |
|---|---|---|---|
| | | ૨.૫ | ૨.૬ |
| ૧. | | | |
| ૨. | | | |
| ૩. | | | |
| ૪. | | | |
| ૫. | | | |

★ ★ ★

**ચર્ચા પ્રશ્નો :**

**હવે નીચેના પ્રશ્નોની ચર્ચા જૂથમાં કરી તમારા મોડ્યુલમાં નોંધો.**

(૧) અહીં હેતુક્રમાંક ૨.૬ ચકાસવા માટે વાક્યપટ્ટીઓનો ઉપયોગ થયો. આજ હેતુ ચકાસવા માટે બીજી કઈ પ્રવૃત્તિઓનો ઉપયોગ થઈ શકે ?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

(૨) કમ્પ્યૂટર લેબમાં E-stories માંથી વાર્તા સંભળાવ્યા બાદ કઈ પ્રવૃત્તિઓ દ્વારા આ હેતુ ચકાસશો ?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

(૩) આ જ વાર્તા દ્વારા બીજા કયા હેતુઓની ચકાસણી થઈ શકે ? કોઈ બે હેતુઓ નોંધો અને તેની પ્રવૃત્તિઓ પણ બનાવો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

(૪) જો મોટાભાગના વિદ્યાર્થીઓ વાર્તા યોગ્ય ક્રમમાં ન ગોઠવી શકે તો શું કરશો ? અહીં નોંધો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

★ ★ ★

# Standard 6 : Unit - 2

**હેતુક્રમાંક :** ૪.૩, ૨.૪

**જરૂરી સામગ્રી :** ધોરણ ૬નું અંગ્રેજી પાઠ્યપુસ્તક

૪.૩ ચિત્ર કે વસ્તુઓનું ત્રણથી પાંચ વાક્યોમાં વર્ણન કરે.

2.4 Is that / this, are these / those, is / are there, have જેવા ઊલટ પ્રશ્નો પૂછે અને તેના જવાબ આપે.



- ચિત્રનું વર્ણન અહીં લખો. જેમ કે,
- There is a fort in the picture. The fort is near the river. There is a bridge on the river.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

- વિદ્યાર્થીઓને પોતાના પુસ્તકમાં ચિત્ર જોવાનું કહો અને વર્ણન સાંભળે તેવી સૂચના આપો. ત્યારબાદ નીચે આપેલા પ્રશ્નો પૂછો. જે જવાબ મળે તેને બોર્ડ પર નોંધી લો. આ રીતે નોંધાયેલો ફકરો ચિત્રવર્ણન તરીકે વંચાવો.

  1. Is there a plane ?
  2. Are there six buses in the picture ?
  3. How many men/trees/houses/shops/farms are there in the pictures ?
  4. Is there a pond ?
  5. Where is the fort/museum/stadium/bus station/railway station ?

- વર્ણન દરમિયાન આવતા શબ્દો બોર્ડ પર નોંધતા જાઓ. જેમ કે, a fort, a bridge, a museum,

  ..............................................................................

  ..............................................................................

  ..............................................................................

  ..............................................................................

  ..............................................................................

- ઉપર આપેલી પ્રવૃત્તિ કરાવવા માટેની નોંધ તૈયાર કરો.

  ..............................................................................

  ..............................................................................

  ..............................................................................

  ..............................................................................

  ..............................................................................

આ પ્રવૃત્તિ દરમિયાન હેતુ આધારિત CCE કેવી રીતે તૈયાર કરશો તેની શીટ તૈયાર કરો.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | હેતુક્રમાંક | |
|---|---|---|---|
| | | 4.3 | 2.4 |
| ૧. | | | |
| ૨. | | | |
| ૩. | | | |
| ૪. | | | |
| ૫. | | | |

★ ★ ★

**ચર્ચા પ્રશ્નો :**

હવે નીચેના પ્રશ્નોની ચર્ચા જૂથમાં કરી તમારા મોડ્યુલમાં નોંધો.

(૧) અહીં ચિત્રવર્ણન દ્વારા ૪.૩ હેતુ સિદ્ધ કરી શકાયો, વર્ગખંડના ચિત્રવર્ણન દ્વારા આ હેતુ સિદ્ધ કરી શકાય ? હા, તો કેમ ? ના, તો કેમ ?

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

- આ પ્રવૃત્તિ આધારિત અન્ય પ્રશ્નો બનાવી જૂથમાં ચર્ચા કરો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................
- વિદ્યાર્થીઓને વાર્તા એક વાર વાંચી સંભળાવો. નવા શબ્દોનો અર્થ જાતે ડિક્શનરીમાંથી શોધવા કહો.
- આવી અન્ય વાર્તાઓ ચિત્રોની મદદથી વર્ગ સમક્ષ કહો.
- વર્તમાનપત્રો / સામયિકો / ટી.વી. / કમ્પ્યૂટરની મદદથી અન્ય વાર્તાઓ મેળવીને વર્ગ સમક્ષ રજૂ કરો.

- **Can you imagine a camel without a hump ? Here is the story.**

Long years ago, there was a camel who did not work but said ‘Humph !’ The dog, the horse and the ox asked him to trot, fetch and plough. “Humph !” said the camel and no more.



Then came the Djinn - the ruler of all deserts. “Djinn” said the horse, “Is is right for anyone to be lazy ?”

“Certainly not” said the Djinn. “Well”, said the hourse, there is a camle that never works. He only says, “Humph !”

“The Djinn found the camel. “My friend”, said the Djinn, “What is it that I hear ? You seem to do no work ?” “Humph !” said the camel. “I would not say that again if I were you”, said the Djinn.



And the camel said "Humph !" once again. But no sooner had the said it, he saw his back puffing up into a big jump. And from that day the camel always wears a hump. Over the centuries he has learnt to work hard-but the 'Hump' is still there.



- **Read the above story silently. Tell the story to the class :**

  **Repeat after your teacher :**

  Trot, fetch, plough, lazy, puffing, hump, Djinn

  **Select any five words from the story. Find their English synonyms. Use the dictionary. Write them down :**

  (1) ....................................................................................................

  (2) ....................................................................................................

  (3) ....................................................................................................

  (4) ....................................................................................................

  (5) ....................................................................................................

- ઉપરની પ્રવૃત્તિ કરાવવા માટેની નોંધ તૈયાર કરો.

  ....................................................................................................

  ....................................................................................................

  ....................................................................................................

  ....................................................................................................

  ....................................................................................................

  ....................................................................................................

- આ પ્રવૃત્તિ દરમિયાન હેતુ આધારિત CCE કેવી રીતે કરશો તે માટેની શીટ તૈયાર કરો.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | હેતુક્રમાંક | |
|---|---|---|---|
| | | 1.1 | 4.4 |
| ૧. | | | |
| ૨. | | | |
| ૩. | | | |
| ૪. | | | |
| ૫. | | | |

**ચર્ચા પ્રશ્નો :**

(૧) આ વાર્તાના અર્થગ્રહણ માટે બીજી કઈ પ્રવૃત્તિ કરાવશો ?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

(૨) શબ્દકોષનો ઉપયોગ વિદ્યાર્થીઓ કરે તે માટે બીજી કઈ પ્રવૃત્તિઓ કરાવશો ?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

(૩) જો મોટાભાગના વિદ્યાર્થીઓ વાર્તાનું અર્થગ્રહણ ન કરી શક્યા તો અનુકાર્ય માટે શું કરશો ?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

★ ★ ★

# અંગ્રેજી તાલીમ મોડ્યુલ

**(ધોરણ - ૬, ૭, ૮)**

**વર્ષ : ૨૦૧૨**

-: માર્ગદર્શક :

- ડૉ. જયેશભાઈ સુતરીયા, ડાયટ, અમરેલી
- શ્રી રોહિતભાઈ વાળંદ, ડાયટ, આણંદ

-: લેખન :-

- રાજેશ્રી ટંડેલ, સી.આર.સી., બીગરી, તા. ગણદેવી, જિ. નવસારી
- સલીમ વહોરા, વડીયા (રાયપુર) પ્રા. શાળા, તા. સંખેડા, જિ. વડોદરા
- રાકેશ પટેલ, નવાનદીસર પ્રા. શાળા, તા. ગોધરા. જિ. પંચમહાલ
- સંગીતા ખુમાણ, નવા તવરા પ્રા. શાળા, તા. જિ. ભરૂચ
- રાકેશ પરમાર, પ્રભુનગર પ્રા. શાળા, તા. ઓલપાડ, જિ. સુરત

# શિક્ષક તાલીમ
# સાહિત્ય-સામગ્રી

## ધોરણ : ૬ થી ૮

## સંસ્કૃત

**: લેખક :**

**નરેન્દ્ર રાવલ**

સિનિ. લેક્ચરર,

ડાયેટ, ગાંધીનગર

**કલ્પેશ પટેલ**

સીઆરસી કો.ઓ.

નવા, તા. હિંમતનગર

# અનુક્રમ


૧. તાલીમ આયોજન ........................................

૨. થોડુંક વિચારીએ ........................................

૩. અભિગમ ........................................

૪. સમજપત્રક ........................................

૫. સંસ્કૃત શા માટે ? ........................................

૬. સંસ્કૃત શિક્ષણના હેતુઓ........................................

૭. અપેક્ષિત ગુણવિકાસ........................................

૮. શીખવાનાં લક્ષ્યો ........................................

૯. પાઠ્યપુસ્તક અને શિક્ષક આવૃત્તિ........................................

૧૦. શિક્ષણ પદ્ધતિ ........................................

૧૧. શુદ્ધ સુવાચ્ય લેખનની રીતો ........................................

૧૨. વ્યાવહારિક વ્યાકરણ ........................................

# સમય તાલીમ આયોજન

| સત્ર | વિગત | સમય |
|---|---|---|
| (૧) | ગીત અને અભિગમ ચર્ચા | ૩૦ મિનિટ |
| (૨) | શ્લોક, સુભાષિતગાન, સમજપત્રની ચર્ચા | ૩૦ મિનિટ |
| (૩) | ONLINE દાર્શનિક પાઠ | ૫૦ મિનિટ |
| (૪) | વ્યાવહારિક વ્યાકરણ | ૧ કલાક |
| (૫) | વ્યાવહારિક વ્યાકરણ | ૧ કલાક |
| (૬) | સંભાષણ પદ્ધતિ પ્રવૃત્તિ અને ચર્ચા | ૧ કલાક |
| (૭) | તાલીમાર્થી/શિક્ષકો દ્વારા પાઠ આયોજન અને નિદર્શન | ૯૦ મિનિટ |
| (૮) | સુભાષિતો, મંત્રો, ગીત, શ્લોક, સૂક્તિઓનું ગાન | ૫૦ મિનિટ |
| (૯) | મૂંઝવણો અને ઉકેલો | ૧ કલાક |

# તાલીમ આયોજન

**સત્ર-૧ ૩૦ મિનિટ ગીત : ૫ મિનિટ + ચર્ચા ૨૫ મિનિટ**

**અભિગમ :**

**સત્ર-૨ ૩૦ મિનિટ શ્લોક સુભાષિત ગાન ૫ મિનિટ + ચર્ચા ૨૫ મિનિટ**

**સમજપત્ર :**

**ચર્ચા :** ૧૫ મિનિટ

**તાલીમ કાર્યક્રમમાં નીચેના પ્રશ્નો અંગે મુક્ત ચર્ચા કરવી જોઈએ :**

(૧) સંસ્કૃત ભાષા હાલમાં સામાન્ય રીતે કઈ રીતે શીખવવામાં આવે છે ?

સંભાષણ / અનુવાદ પદ્ધતિ / અન્ય કોઈ ?

(૨) સંસ્કૃત ભાષા શીખવા માટે વિવિધ નામોનાં રૂપો તેમજ ક્રિયાપદોના પ્રત્યયો ગોખવા અનિવાર્ય છે ?

સંમત / અસંમત શા માટે ?

(૩) માતૃભાષા સિવાયની અન્ય ભાષાઓ અનુવાદ કર્યા વગર સમજાવી ન જ શકાય ?

સંમત / અસંમત શા માટે ?

ઉપરોક્ત પ્રશ્નોની ચર્ચામાં આવતા મુદ્દાઓની નોંધ તાલીમાર્થીઓ અને તજજ્ઞોએ કરવી અને આ પ્રશ્નો અંગે ચિંતન કરવું.

(૧) અનુવાદ પદ્ધતિથી અનુસ્નાતક કે એ કરતાં વધારે અભ્યાસ કરનાર વ્યક્તિઓ સંસ્કૃત ભાષામાં બોલી શકે છે ? સમજી શકે છે ?

(૨) સંસ્કૃત ભાષાના અનન્ય સાહિત્ય વૈભવમાંનો શ્લોક એનું ગાન કરવાથી જેટલો આનંદ આપે છે, તેટલો આનંદ એનો અનુવાદ વાંચવાથી આવે ખરો ?

**સત્ર-3 (ONLINE) દાર્શનિક પાઠ ૫૦ મિનિટ**

**પાઠનો સમય :** ૨૦ મિનિટ

**પાઠના મુદ્દાઓની ચર્ચા :** ૩૦ મિનિટ

સંસ્કૃત ધોરણ-૬ પાઠ-૭ 'करोतु' નું નિદર્શન કરવામાં આવશે.

(૧) વિદ્યાર્થીઓ પાસે કેટલું પૂર્વજ્ઞાન હતું ? તેની ચકાસણી કરવા શિક્ષકે કેવી કેવી પ્રયુક્તિઓ યોજી ? પ્રશ્નો પૂછ્યા, ચિત્રો દર્શાવ્યાં તેમજ પ્રત્યક્ષ વસ્તુઓ દર્શાવી ?

(૨) વિષયવસ્તુના અધ્યાપનકાર્ય દરમિયાન શિક્ષકે કેવી કેવી પ્રવૃત્તિઓ કરાવી ?

- પ્રત્યક્ષ ક્રિયાઓ કરી બતાવી.
- વિદ્યાર્થીઓને પ્રવૃત્તિઓમાં જોડ્યા.
- વિદ્યાર્થીઓ પાસે વિવિધ ક્રિયાઓના અભિનય કરાવવામાં આવ્યા.
- એકમમાં વપરાયેલ તમામ ક્રિયાપદો વિદ્યાર્થીઓ યોગ્ય રીતે આત્મસાત કરી શક્યા ?

(૩) મૂલ્યાંકન પણ પ્રવૃત્તિના માધ્યમથી કરી શકાયું ?

વિદ્યાર્થીઓ પાસે વિવિધ ક્રિયાઓના અભિનય કરાવી सः / सा किं करोति ? આ પ્રશ્નના માધ્યમથી મૂલ્યાંકન કરવામાં આવ્યું ?

(૪) જો આ પાઠ માત્ર શબ્દો લખાવી દઈ અને અનુવાદ કરીને સમજાવવામાં આવ્યો હોય તો શું થયું હોત ?

(૫) આ પ્રકારે પાઠનું શિક્ષણકાર્ય કરવા માટે શિક્ષક પાસે કેવી સજ્જતાની અપેક્ષા રહે ?

**સત્ર-૪ અને સત્ર-૫ : વ્યાવહારિક વ્યાકરણ ૨ કલાક**

**ગીત/શ્લોક અથવા સુભાષિત ગાન** - ૫ મિનિટ

**Online** - ૩૦ મિનિટ

**વ્યાકરણના કેટલાક મુદ્દાઓનું નિદર્શન** -

જેમ કે - પરિચય

- मम् नाम् ........... । भवतः/भवत्याः नाम किम् ?

  अहं शिक्षकः । भवान्/भवती कः/का ?

- एषः एषा, सः, सा, कः, का જેવાં સર્વનામોનો પરિચય.

- पुरतः, पृष्ठतः, अत्र, तत्र, कुत्र જેવા અવ્યયોનો પરિચય.

**Ofline** - ૯૦ મિનિટ

ઓનલાઈનમાં બતાવ્યા પ્રમાણેના મુદ્દાઓનું પુનરાવર્તન શિક્ષકોએ પોતાના સ્થાન ઉપર કરવાનું રહેશે.

**સત્ર-૬ : સંભાષણ પદ્ધતિ ૧ કલાક**

પાઠ્યપુસ્તક તેમજ વિવિધ કૌશલ્યોના વિકાસની પ્રવૃત્તિઓની ચર્ચા.

**સત્ર-૭ : તાલીમાર્થી/શિક્ષકો દ્વારા પાઠ આયોજન અને નિદર્શન ૯૦ મિનિટ**

- એક જૂથમાં ચારથી પાંચ શિક્ષકો આવે તે પ્રમાણે જૂથરચના કરવી. દરેક જૂથને સ્વતંત્ર એકમ આપવો અને પાઠની યોજના તૈયાર કરાવવી.
- બે જૂથો દ્વારા પાઠનું નિદર્શન થાય, જેમાં બાકીના શિક્ષકો વિદ્યાર્થીની ભૂમિકામાં રહે.
- પાઠના વિવિધ પાસાઓની ચર્ચા કરવામાં આવે.

**સત્ર-૮ : સુભાષિત-મંત્ર-ગીત-શ્લોક-સૂક્તિઓનું ગાન ૫૦ મિનિટ**

- ધોરણ ૬ થી ૮નાં ત્રણેય પાઠ્યપુસ્તકોમાં આપેલાં ગીતો-શ્લોકો-સુભાષિતોનું પઠન અને ગાન.
- કાવ્યશિક્ષણમાં ગાનનું મહત્ત્વ.

**સત્ર-૯ : મૂંઝવણો અને ઉકેલો ૧ કલાક**

શિક્ષકોના પ્રશ્નોની રજૂઆત તેમજ તેના ઉકેલ.

★ ★ ★

# આ તાલીમ અંગે...

આપણે જાણીએ છીએ કે પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે છેલ્લાં વીસ વર્ષમાં અનેકવિધ પ્રયાસો થયા છે. આ પ્રયાસો એટલા માટે થયા છે કે દરેક બાળક ગુણવત્તાલક્ષી પ્રાથમિક શિક્ષણ મેળવી શકે. આપણને એ પણ ખબર છે કે આટલા બધા પ્રયાસો પછી પણ આપણે બધાં બાળકોને ગુણવત્તાલક્ષી શિક્ષણ પૂરું પાડી શક્યા નથી. આપણા આ પ્રયાસોમાં મદદરૂપ બનવા હવે પ્રાથમિક શિક્ષણને બાળકનો અધિકાર બનાવવામાં આવ્યો છે. બાળકને શિક્ષણનો અધિકાર આપવામાં શિક્ષક તરીકે આપણી ભૂમિકામાં પણ કેટલાક મહત્ત્વના ફેરફાર આવી રહ્યા છે. આપણે મોટેભાગે સાક્ષરી વિષયો પર ભાર આપતા હોઈએ છીએ, હવે બાળકના સર્વાંગી વિકાસ પર ભાર મૂકવાનો છે. બાળક જે વિષયવસ્તુ શીખે છે એ નહીં, પણ કેવી રીતે શીખે છે એ પ્રક્રિયા વધુ અગત્યની છે. બાળકને કેટલી માહિતી યાદ છે એ નહીં પણ એ કેટલું વિચારી શકે છે એના પર વધુ ભાર મુકાઈ રહ્યો છે.

આર.ટી.ઈ. ૨૦૦૯ને લીધે આવી રહેલાં આવાં પરિવર્તનોને ચરિતાર્થ કરવા માટે ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ બદલવામાં આવી રહ્યો છે. અભ્યાસક્રમની સાથે સાથે પાઠ્યપુસ્તકો અને શીખવા-શીખવવાની સામગ્રીમાં તેમજ પ્રવૃત્તિમાં પણ બદલાવ થઈ રહ્યો છે.

આપ સૌ આ પરિવર્તન પ્રક્રિયાના ધૂરાવાહકો છો.

મિત્રો, રાજ્યનાં લાખો બાળકો માટે આ વર્ષે નવો અભ્યાસક્રમ અમલી બની રહ્યો છે. એને સફળ બનાવવા દિલથી મહેનત કરીએ. રાજ્યનાં લાખો બાળકોની મીટ આપની સફળતા તરફ મંડાયેલી છે. આપ સૌ ચોક્કસ સફળ થશો જ એવી શ્રદ્ધા છે. વિકાસની આ પ્રક્રિયામાં આપનાં સૂચનો આવકાર્ય છે. આપનાં સૂચનો આપણા અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોને વધુ બહેતર બનાવવામાં મદદરૂપ બનશે.

★ ★ ★

# આર. ટી. ઈ. ૨૦૦૯ પછી મહત્ત્વનાં પરિવર્તન

**નીપજ :**

- માત્ર વાચન, લેખન, ગણન નહીં, પરંતુ સર્વાંગી શિક્ષણ
- દરેક સ્તરે નીપજ લાગુ પડે છે.

**પ્રક્રિયાઓ :**

- દ્વિ-માર્ગી, આંતરક્રિયાયુક્ત
- જ્ઞાનની રચના, (સર્જન)
- દરેક સ્ટોકહોલ્ડરની સામેલગીરી

**સંબંધો :**

- માત્ર સૂચનાનું પાલન નહીં પરંતુ સમાન સ્તરની ભાગીદારી
- જવાબદેહિતા; લાભ આપનાર હવે લાભાર્થી છે !

ચર્ચા કરી નોંધ કરો :

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

## નીપજ

| પ્રવર્તમાન સ્થિતિ | અપેક્ષિત પરિવર્તન |
| --- | --- |
| • સાક્ષરી વિષયો પર વધુ ભાર<br>• વાંચન, લેખન, ગણન (૩ આર), ક્ષમતા પર ભાર<br>• સૂચનાનું પાલન, નિર્દેશ મુજબ કરવા પર ભાર<br>• લઘુતમ સ્તર, બધા માટે સમાન | • સર્વાંગી વિકાસ પર ભાર<br>• ઉચ્ચ સ્તરીય કૌશલ્યો વિકસાવવાં<br>• શીખતાં શીખવું<br>• અધિકતમ, દરેકની જરૂરિયાત મુજબ |

**નીચેની બાબતો પર પ્રભાવ પડશે :**

- અભ્યાસક્રમ, પાઠ્યક્રમ, સામગ્રી
- વિવિધ સ્તરે તાલીમ અને તાલીમ સામગ્રી
- અધ્યયનનું આકલન (મૂલ્યાંકન)
- અભિવ્યક્તિનું આકલન
- કાર્યક્રમનું મૂલ્યાંકન

## પ્રક્રિયાઓ

| પ્રવર્તમાન સ્થિતિ | અપેક્ષિત પરિવર્તન |
| --- | --- |
| • એકમાર્ગી, વિદ્યાર્થી નિષ્ક્રિય<br>• જ્ઞાન મેળવવું<br>• સમજૂતી, ગોખણપટ્ટી<br>• બધા સરખી ઝડપે શીખે<br>• એડવાન્ટેજ છે તેની જ તરફેણ<br>• ભણનાર પર દોષારોપણ (કયા સમયે શું કરવાનું તે નક્કી નથી)<br>• બાળકના અનુભવો અને સ્થાનિક જ્ઞાનને અવગણવામાં આવે છે. | • સહભાગિતાયુક્ત, વિદ્યાર્થી સક્રિય,<br>• જ્ઞાનનું સર્જન<br>• ચિંતન, ઉપયોજન<br>• દરેકની જરૂરિયાત મુજબ શિક્ષણ<br>• વિશેષ કરીને વંચિતની તરફેણ<br>• બાળકનો અધિકાર, (કયા સમયે શું કરવાનું તે નક્કી છે)<br>• બાળકના જ્ઞાનનું મૂલ્ય, |

**પ્રક્રિયાઓમાં નીચેના ફેરફારો જરૂરી છે :**

- સ્પષ્ટ શૈક્ષણિક (પેડાગોજીકલ) મોડેલ
- વિવિધ ઘટકોનું આપસમાં સુનિયોજિત સંકલન
- અપેક્ષિત પ્રક્રિયાઓ ઉજાગર કરે તેવી તાલીમ
- શૈક્ષણિક માર્ગદર્શન તંત્ર તેને મદદ કરે
- દરેક જણને શિક્ષણના અધિકાર વિશે જાણકારી

# સંબંધો

| પ્રવર્તમાન સ્થિતિ | અપેક્ષિત પરિવર્તન |
|---|---|
| • હોદ્દા મુજબ પદ, ઊંચ-નીચ | • સહકારયુક્ત ભાગીદારી |
| • જવાબદારી ઉપરવાળા તરફ | • જવાબદારી નીચલા સ્તરે, બે-તરફી |
| • જવાબદાર ઠેરવવામાં આવે | • રિસ્પોન્સીવ (દરેક સ્થિતિને અનુરૂપ ફેરફારો કરી શકે) |
| • શિસ્તબદ્ધ વાતાવરણ | • સૌહાર્દપૂર્ણ અને આવકારયુક્ત માહોલ |
| • ગર્ભિત/પરોક્ષ પૂર્વગ્રહ | • ભેદભાવ-રહિત |

**આવા સંબંધો કેવી રીતે પ્રસ્થાપિત થઈ શકે ?**

- ઉપરથી શરૂ થાય; એવા લોકોને સન્માન મળે જે લોકો :
- આયોજન, વિકાસ, અમલીકરણ, મોનિટરિંગ અને રિપોર્ટિંગ વખતે વંચિતોના હિતમાં વિચારતા હોય.

**નીચેની બાબતો પર અસર પડશે :**

- પૅડાગોજી, વર્ગખંડ વ્યવસ્થા, આયોજન
- તાલીમની પદ્ધતિ અને અનુકાર્ય
- શાળા વ્યવસ્થાપન અને સમુદાયની સામેલગીરી

**ચર્ચા કરી નોંધ કરો :**

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

# R.T.E. - 2009 બાળકો માટે શિક્ષણનો અધિકાર

**બાળકો માટે :**

(૧) શિક્ષણ મેળવવું એ દરેક બાળકનો અધિકાર છે.

(૨) બાળકને નજીકની શાળામાં પ્રવેશ આપવો.

(૩) બાળકને વયકક્ષા મુજબ ધોરણમાં પ્રવેશ મળશે.

(દા.ત. કોઈ બાળક ૬ વર્ષનું હોય તો તેને ધોરણ ૧માં, ૭ વર્ષનું હોય તો તેને ધોરણ ૨માં પ્રવેશ, ૮ વર્ષનું હોય તો ધોરણ ૩માં પ્રવેશ આમ ક્રમશઃ ઉંમર મુજબ પ્રવેશ મળશે.)

(૪) બાળકને કક્ષા મુજબનું શિક્ષણ આપવા માટે વિશેષ શિક્ષણ આપી જે તે કક્ષા અનુસારના સ્તર પર લાવવામાં આવશે.

(પ્રશિક્ષણ ત્રણ મહિના કે રાજ્ય સરકાર દ્વારા નક્કી કરેલ સમય સુધી રહેશે.

(૫) પ્રત્યેક બાળકને TC - (TRANSFER CERTIFICATE) પ્રાપ્ત કરવાનો અને કોઈ પણ શાળામાં પ્રવેશ મેળવવાનો અધિકાર છે. TC ના અભાવમાં બાળકને પ્રવેશથી વંચિત રાખી શકાશે નહિ અને જે શાળા TC ના આપે તેના વિરુદ્ધ એવા નિયમો આધીન કાયદાકીય કાર્યવાહી થઈ શકે.

(૬) પ્રત્યેક બાળક માટે પ્રાથમિક શિક્ષણ માટે ૧ કિ.મી.ના અંતરમાં અને ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ માટે ૨ કિ.મી. અંતરમાં શાળા હશે. તેની જોગવાઈ રાજ્ય કક્ષાએ ત્રણ વર્ષ સુધીમાં કરવી.

(૭) પ્રવેશ મેળવવા માટે જન્મના દાખલા ન હોય તો પણ પ્રવેશ આપવો. બાળકની ઉંમરની સાબિતીના આધારે શાળામાં પ્રવેશનો ઈન્કાર કરી શકાશે નહિ.

(૮) ૩થી ૬ વર્ષનાં બાળકોને પ્રાથમિક શિક્ષણ માટે તૈયાર કરવા માટે પ્રારંભિક શિક્ષણની વ્યવસ્થા ઊભી કરવી.

(૯) Disadvantage group & Weaker sectionનાં બાળકો નજીકની શાળામાં (અનુદાનિત / ગેરઅનુદાનિત) નિઃશુલ્ક પ્રવેશ મેળવી શકશે. આવી શાળાઓની શરૂઆતના વર્ગોની સ્વીકૃતિની સંખ્યાના ૨૫% બાળકોને પ્રવેશ આપવો પડશે.

(૧૦) બાળકોનો શાળામાં પ્રવેશ રાજ્ય સરકાર દ્વારા નિશ્ચિત સમયમર્યાદા અથવા જરૂરિયાત મુજબ વર્ષ પર્યન્ત પણ કરી શકશે.

(૧૧) કોઈ પણ બાળકને પ્રાથમિક શિક્ષણ (૧ થી ૮) સુધી નાપાસ કરી શકાશે નહિ.

(૧૨) બાળકોને શારીરિક, માનસિક ઈત્યાદિ કોઈપણ પ્રકારની સજા કરી શકાશે નહિ.

(૧૩) બાળકોને તેમની રૂચિ, સ્તર અને ગતિ અનુરૂપ કાર્ય કરવાની તક મળશે.

(૧૪) બાળક પ્રાથમિક શિક્ષણ પૂરું કરે ત્યાં સુધીમાં બોર્ડની કોઈ પણ પરીક્ષા પાસ કરવાની રહેશે નહિ.

(૧૫) શિક્ષણનું માધ્યમ શક્ય હોય ત્યાં સુધી માતૃભાષામાં હશે.

**શિક્ષકો માટે :**

(૧) શિક્ષક કૌશલ્યપૂર્ણ હશે.

(૨) શિક્ષકો નિર્ધારિત યોગ્યતાધારી હશે જ.

(૩) શિક્ષકોએ નીચે મુજબનાં કાર્યો કરવાનાં રહેશે.

- નિયમિતતા અને સમય
- પાઠ્યક્રમ નક્કી કરેલ સમયમર્યાદામાં પૂરો કરવો.
- પ્રત્યેક બાળકના સ્તર અને ગતિ મુજબ જાણવું, નોંધવું અને શિક્ષણની યોજના બનાવવી.
- આવશ્યકતા અનુસાર વિશેષ વર્ગોનું આયોજન કરવું.
- વાલીઓને બાળકની નિયમિતતા અને પ્રગતિની માહિતી આપવી.
- સરકાર દ્વારા નિશ્ચિત અન્ય શૈક્ષણિક કાર્યો કરવાં.
- શિક્ષકની સમસ્યાઓનું નિશ્ચિત સમયમર્યાદામાં નિરાકરણ.
- શિક્ષકોને વસતિ ગણતરી, કુદરતી આફતો સમયે રાહતકાર્ય અને ચૂંટણી સંદર્ભની કામગીરી સિવાયની અન્ય કામગીરીથી મુક્ત કરવા.
- શિક્ષક ટ્યૂશન / પ્રાઈવેટ કોચિંગ કરી શકશે નહિ.

**સમુદાય / વાલી / S.M.C. માટે :**

(૧) પ્રત્યેક વાલીની જવાબદારી રહેશે કે પોતાના બાળકનો શાળામાં પ્રવેશ કરાવે અને શાળામાં નિયમિત મોકલશે.

(૨) શાળામાં School Management Committee (S.M.C.)ની રચના થશે. જેમાં ૩/૪ સભ્યો બાળકોના વાલીઓ હશે.

- Weaker Section / પછાત વર્ગનાં બાળકોનાં માતા-પિતાની તેમની સંખ્યાના અનુપાતમાં ભાગીદારી રહેશે.
- ૫૦% મહિલાઓ હશે.
- S.M.C. શાળાના કાર્યની દેખરેખ રાખશે.
- પ્રાપ્ત ગ્રાન્ટનો ખર્ચ કરશે અને મોનિટરિંગ પણ કરશે.
- S.M.C. શાળાની વિકાસ યોજના તૈયાર કરશે.

**પ્રશાસન માટે :**

(૧) રાજ્ય કક્ષા બાળકો માટે નજીકનાં સ્થળોમાં શાળાઓ ઉપલબ્ધ કરાવશે.

(૨) બાળકોમાં જાતિ, લિંગ અનુસાર કોઈ ભેદભાવ ન હોય અને પ્રાથમિક શિક્ષણ પૂરું કરવામાં કોઈ બાધા ન હોય તેની જવાબદારી રાજ્ય સરકારની રહેશે.

(૩) ભૌતિક અને માનવીય સુવિધાઓની ઉપલબ્ધિ કરાવવી.

(૪) ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ સુનિશ્ચિત કરવું.

(૫) શિક્ષકોને પ્રશિક્ષણ સુવિધા પૂરી પાડવી.

(૬) સ્થળાંતર (MIGRATED) બાળકોનો પ્રવેશ સુનિશ્ચિત કરવો.

(૭) અધિકારીએ શાળામાં મોનિટરિંગ કરવું.

(૮) શૈક્ષણિક કેલેન્ડર તૈયાર કરવું.

**પ્રાથમિક શિક્ષણ માટેનો પાઠ્યક્રમ અને મૂલ્યાંકન પ્રક્રિયા :**

(૧) પાઠ્યક્રમ અને મૂલ્યાંકન પ્રક્રિયા સંવિધાન સંદર્ભિત મૂલ્યો પર આધારિત હોવી જોઈએ.

(૨) બાળકનો સર્વાંગી વિકાસ થાય.

(૩) બાળકોમાં જ્ઞાન, અંતઃશક્તિ અને યોગ્યતાનું નિર્માણ થાય.

(૪) બાળકોની માનસિક અને શારીરિક ક્ષમતાઓના વધુમાં વધુ વિકાસનો અવકાશ હોય.

(૫) શીખવા-શીખવવાની પ્રક્રિયા બાળકને અનુરૂપ પ્રવૃત્તિ આધારિત હશે.

(૬) શિક્ષણનું માધ્યમ માતૃભાષા આધારિત હશે.

(૭) શાળામાં ભયમુક્ત વાતાવરણ હશે. જેથી બાળકો સમજી વિચારીને નિર્ણય લઈ શકે.

(૮) શિક્ષણ પ્રક્રિયા દરમિયાન જ સતત સર્વગ્રાહી મૂલ્યાંકન (C.C.E.) થશે.

**અન્ય :**

(૧) કોઈ પણ શાળા દ્વારા પ્રવેશ પરીક્ષા લઈ શકાશે નહિ. જો આવું થાય તો પ્રથમ સ્તર પર રૂા. ૨૫,૦૦૦નો દંડ અને બીજી વાર કરે તો રૂા. ૫૦,૦૦૦નો દંડ અને ત્રીજી વાર કરે તો એ શાળાની માન્યતા રદ થશે.

(૨) કોઈ પણ શાળા દ્વારા પ્રવેશ ફી લેવામાં આવશે નહિ. પ્રવેશ ફી લેવા બદલ દસ ગણી રકમ દંડ સ્વરૂપે લેવામાં આવશે. (ખાનગી શાળાઓમાં આ પ્રાવધાન રાજ્ય સરકાર દ્વારા નીતિનિયમો અનુસાર લાગુ કરવામાં આવશે.)

(૩) પ્રત્યેક ખાનગી શાળાએ સરકાર તરફથી માન્યતાનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. માન્યતા ન લેવા પર અથવા માપદંડ પૂરા ન કરવા બદલ શાળાની માન્યતા રદ કરવામાં આવશે.

**ચર્ચા કરી નોંધ કરો :**

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**નીચેના પ્રસંગો / કેસલેટનો અભ્યાસ કરો તેમાં દર્શાવેલ ઘટનાઓ RTE ના નિયમોનું કઈ રીતે ઉલ્લંઘન કરે છે ? દરેક પ્રસંગો / કેસલેટની તમારા કાર્યસંબંધે ચર્ચા કરો અને દરેક પ્રસંગ સામે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

| પ્રસંગો/કેસલેટ | ગુણવત્તાના પરિપ્રેક્ષ્યમાં શું બદલાવ જરૂરી લાગે છે ? તમારા કામ માટેનાં સૂચનો કયાં છે ? |
|---|---|
| **પ્રસંગ - ૧**<br>........ અગિયાર વર્ષની એક છોકરી ધોરણ ચારમાં ભણે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી તેને ઘરે એટલું બધું કામ રહે છે કે, તેને અભ્યાસમાં સમય મળતો નથી. એટલે તેને ધોરણ ચારમાં નાપાસ કરવામાં આવી છે. જો કે હજુ તે શાળાએ નિયમિત જઈ શકે તેમ નથી. વર્ગમાં તે પ્રશ્નોના જવાબ આપી શકતી નથી. એટલે તેને ક્યારેક માર પણ ખાવો પડે છે. આથી તે ભણવાનું છોડી દેવાનું વિચારે છે.<br>......... આઠ વર્ષની છે. અત્યાર સુધીમાં તે જે ગામમાં રહેતી હતી ત્યાં શાળા ન હતી. હવે તે મોટા ગામમાં રહેવા આવી છે અને ધોરણ એકમાં દાખલ થઈ છે. જ્યારે તેની મા તેને શાળા વિશે પૂછે ત્યારે તેની પાસે કહેવા માટે કશું હોતું નથી કારણ કે, શાળામાં જે થઈ રહ્યું છે તે તેને સમજાતું નથી, પાઠ્યપુસ્તકની ભાષા તેની ભાષા કરતાં જુદી છે. અને શિક્ષક તેની ભાષામાં વાત કરતા નથી. એવું નથી કે, એ અંતર્મુખી છોકરી છે, શરૂઆતમાં તે ખૂબ સક્રિય હતી અને બધાં સાથે વાત કરતી હતી. પણ એક દિવસ શિક્ષકે તેની જ્ઞાતિનું નામ દઈને કહ્યું કે, તે જ્ઞાતિના લોકો એટલાં બધાં વાતોડિયાં હોય છે કે, તેમની વાતોમાં કંઈ દમ ન હોય તો પણ ચુપ ન થાય. | • વર્ગખંડમાં ખરેખર શું થવું જોઈએ ?<br>• તે માટે બી.આર.સી./સી.આર.સી. એ શું પગલાં લેવાં ?<br>• બી.આર.સી./સી.આર.સી.ને રાજ્ય કક્ષાએથી કઈ રીતે સહાયતા આપી શકાય જેથી તેઓ આ પગલાં લઈ શકે ? |
| **પ્રસંગ - ૨**<br>આજે ધોરણ ત્રણમાં ભણતા નવ વર્ષના ............ માટે મહત્ત્વનો દિવસ છે. આજે પરીક્ષાનું પરિણામ છે. વાર્ષિક પરીક્ષાની ફી રૂપે તેના પિતાએ દસ રૂપિયા ચૂકવેલ છે. વર્ગના બધા વિદ્યાર્થી પાઠ્યપુસ્તકની બધી વિગતો યાદ રાખી લે તે માટે શિક્ષકે ખૂબ જ મહેનત કરી છે. શાળાના નિરીક્ષક કે, જેમણે પરીક્ષાના થોડા દિવસ પહેલાં શાળાની મુલાકાત લીધી હતી. તેઓ પણ વિદ્યાર્થીની વિગતો યાદ રાખવાની શક્તિથી પ્રભાવિત થયા હતા અને .......... ને પણ બધા જવાબો મોઢે હતા. જ્યારે પરિણામ આવ્યું ત્યારે તે ખૂબ જ ખુશ હતો, કેમ કે વર્ગમાં પ્રથમ આવ્યો હતો. | • વર્ગખંડ પ્રક્રિયામાં શું ક્ષતિ છે ? ખરેખર શું હોવું જોઈએ ?<br>• ઘણી બધી તાલીમ પછી પણ વર્ગખંડ આવો હોવા પાછળ તમને શું કારણ લાગે છે ?<br>• કાકાના પ્રશ્નમાં કઈ બાબત મહત્ત્વની છે ?<br>• અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક સાથે અહીં દર્શાવેલ મુદ્દાને કઈ રીતે જોડી શકાય ?<br>• નબળાં બાળકોના અભ્યાસ બાબતે શું કરવું ? |

| | |
|---|---|
| જો કે તેના કાકાએ મજા બગાડી નાખી.<br>કાકાએ ........... ને પૂછ્યું, જો એકનંબરી છોકરા, જો મેં આઠ રૂપિયાનાં ટમેટાં લીધાં, પાંચ રૂપિયાનાં મરચાં ખરીદ્યાં, હજુ મારી પાસે સાત રૂપિયા છે, હવે મારી પાસે કેટલા રૂપિયા હશે ? પણ છોકરાને આ જવાબ આવડતો ન હતો. તેણે કહ્યું, મારી ચોપડીમાં આવા દાખલા નથી. પછી મને કેવી રીતે આવડે ?<br>............ ના<br>શિક્ષકશ્રી ........... નાખુશ છે, તે કહે છે કે, હું ગમે તેટલી મહેનત કરું તો પણ બધાં બાળકો વ્યવસ્થિત શીખી શકતાં નથી. તેઓ એવા પછાત વાતાવરણમાંથી આવે છે, જો કાચો માલ નબળી ગુણવત્તાનો હોય, તો સારી વસ્તુ કેવી રીતે બને અને પાછો મારે કેટલો બધો પાઠ્યક્રમ ભણાવવાનો હોય છે ? બધા નબળા અને મધ્યમ વિદ્યાર્થીઓ આવા પાઠ્યક્રમને ભણવા સક્ષમ નથી. | |
| **પ્રસંગ - ૩**<br>શ્રી ............ ખૂબ અનુભવી શિક્ષક છે. તેમણે આશરે પંદર વર્ષ પહેલાં ધોરણ બાર પાસ કર્યું અને નોકરી મેળવી, જો કે રાજ્ય દ્વારા અપાતી એક વર્ષની તાલીમમાં તેમનો વારો આવ્યો નથી. જો કે નિષ્ઠાવાન શિક્ષક હોવાને કારણે પાઠ્યપુસ્તકમાં જે કાંઈ દર્શાવેલ છે, તે બધું જ તેઓ કરી છૂટે છે. તેઓ નિયમિત રીતે ???? તાલીમ કાર્યક્રમોમાં ભાગ લે છે. પણ આ કાર્યક્રમોમાં ઘણા મુદ્દા એક સાથે શીખવાય છે, તેઓ સમજી શકતા નથી કે, તેમને ખરેખર વર્ગખંડમાં શું જુદું કરવું ? તેમને એમ લાગે છે કે, જે કાંઈ તાલીમોમાં થાય છે તે, તાલીમ પૂરતું જ છે. તે વર્ગખંડ માટેનું નથી. કારણ કે તેમનો વર્ગખંડ તાલીમના વર્ગખંડ કરતાં જુદો છે. તેમના વર્ગખંડમાં વયવૈવિધ્ય છે. મોટા ભાગનાં બાળકો નિયમિત આવી શકે તેમ નથી. અને તજજ્ઞો જે વાતો કહે છે તે કરવાની જગ્યા કે સમય તેમની પાસે નથી.<br>શ્રી ............ પણ સંતુષ્ટ નથી કારણ કે તેમણે જ્યારે બી.આર.સી./સી.આર.સી.ના રિસોર્સ પર્સન તેમની શાળાની મુલાકાતે આવે ત્યારે શ્રી ........... તેમને વિનંતિ કરે છે કે, તમે તાલીમ દરમિયાન જેવી અપેક્ષાઓ અમારી પાસે રાખો છો તેવું વર્ગખંડ શિક્ષણનું નિદર્શન કરી બતાવો. પરંતુ રિસોર્સ પર્સન કદી નિદર્શન કરતા નથી. છેલ્લાં કેટલાંક વર્ષોથી રિસોર્સ પર્સન પોતાનો મોટાભાગનો સમય જુદાં જુદાં પત્રકો ભરવા અને માહિતી મેળવવા કે | • શું તમે બી.આર.સી./સી.આર.સી. અને તાલીમ અંગેના આ શિક્ષકના મંતવ્ય સાથે સંમત છો ?<br>• શું તમને લાગે છે કે, તે નિષ્ઠાવાન શિક્ષક છે ?<br>• આવા શિક્ષકને સાચે જ અસરકારક બનાવવા શું કરી શકાય ?<br>• રાજ્ય-જિલ્લા-તાલુકા કક્ષાએ કેવાં પગલાં લેવાં જોઈએ ? |

| | |
|---|---|
| અન્ય બાબતમાં વિતાવે છે. હવે તેઓએ તેમાં ધ્યાન આપવાનું બંધ કર્યું છે. અથવા જો તેમણે ખ્યાલ આવે કે, રિસોર્સ પર્સન શાળામાં આવી રહ્યા છે, તેઓ શાળાએ પણ જતા નથી.<br>થોડાક સમય બાદ શ્રી ............ આચાર્ય બની ગયા છે, તેઓ સામાન્ય રીતે નિષ્ઠાવાન શિક્ષક છે. (મોટેભાગે શાળાએ નિયમિત જાય છે અને આખો દિવસ શાળામાં રહે છે.) તેથી તેમની શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા સારી છે, ૨૦૦ વિદ્યાર્થીઓથી થોડી વધારે. પણ છેલ્લાં ત્રણ વર્ષથી તેમની શાળામાં તેમના સહિત ત્રણથી વધુ શિક્ષક હોતા નથી. જો તેમણે આ ગામમાં જ લગ્ન ન કર્યાં હોત તો તેઓ પણ આ ગામમાંથી બદલી કરી લેત. (જે અઘરું નથી.) શ્રી ............. ને લાગે છે કે, તાલીમ ઉપયોગી ન બનવાનું એક કારણ શિક્ષક વિદ્યાર્થી રેશિયો પણ છે. જ્યારે એક શિક્ષક પાસે આટલા બધા વિદ્યાર્થી હોય ત્યારે શું થાય ? તેથી તેઓ ખુશ છે કે, એક વર્ષની તાલીમ માટે તેમનો વારો આવ્યો નથી કેમ કે તો છેવટે સમયની બરબાદી જ થાત. | |

**ચર્ચા કરી નોંધ કરો :**

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

# N.C.F. - 2005 (રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા) મુખ્ય બાબતો :

N.C.F. - 2005 માં બાળકોની શીખવા - શીખવવાની તથા જીવનમૂલ્યોના વિકાસ માટેની નીચે જણાવેલ બાબતો દર્શાવવામાં આવી છે.

- પ્રત્યેક બાળક મહત્ત્વપૂર્ણ છે.
- પ્રત્યેક બાળકની શીખવાની પોતાની ગતિ હોય છે.
- પ્રત્યેક બાળકનું પોતાનું સ્તર હોય છે.
- રચનાવાદ અનુસાર બાળક પોતાના જ્ઞાનનું નિર્માણ જાતે કરે છે.
- જ્ઞાનને શાળા બહારના વાતાવરણ સાથે જોડવું.
- ગોખણપટ્ટીવાળી પરીક્ષાઓનો ત્યાગ કરવો.
- માત્ર પાઠ્યપુસ્તક આધારિત નહિ પણ તેથી આગળ જઈ શકે તેવી તક આપે એવો અભ્યાસક્રમ - પાઠ્યક્રમ
- પરીક્ષાપદ્ધતિને વધારે લચીલી બનાવવી.
- કક્ષાને જીવન સાથે જોડવું.
- શીખવાની પ્રક્રિયા સાથે જ્ઞાન.
- બાળક જ્ઞાનની રચના કરે છે તેનો ઉપભોક્તા નથી.
- વિષયો વચ્ચે સંકલન સ્થાપિત કરવું કે જેથી વિદ્યાર્થી સમગ્ર જ્ઞાનનો આનંદ મેળવી શકે.
- બાળકેન્દ્રી શિક્ષણ હોય.
- બાળકની સક્રિય ભાગીદારી હોય અને તેના વ્યક્તિત્વનો સ્વીકાર થાય.
- બાળકો એવા વાતાવરણમાં ભણી શકે છે કે જેમાં તેમને લાગે છે કે તેમને મહત્ત્વપૂર્ણ ગણવામાં આવે છે.

### કોણ અને કેવાં છે આપણાં બાળકો ?

આપણી દુનિયા મહદ્અંશે મોટાઓ માટેની છે, બાળકો માટેની નહિ. બાળકોને નિયંત્રણમાં રાખવા માટે આ દુનિયાએ જાતજાતની વ્યવસ્થા કરી છે, જે આપણી વાતચીત અને વ્યવહારમાં વારંવાર જોવા મળે છે. આજે પણ આપણી શાળામાં કેટલીક ધારણાઓ નજરે ચઢે છે જેવી કે -

- છોકરાં તો મોટે ભાગે બગડેલાં જ હોય, એ લોકોને સુધારવા માટે શાળામાં મોકલવામાં આવે છે.
- છોકરાં પર સતત નજર ન રાખીએ તો તે બગડી જ જાય.
- છોકરાંઓને શીખવવા માટે કડક શિસ્ત લાદવી જ જોઈએ.
- વર્ગમાં છોકરાંઓ અંદરોઅંદર જે વાતચીત કરે છે તે તેમના શીખવામાં સૌથી મોટું વિઘ્ન છે.

બાળકો વિશેની આપણી વિચારણા જ આપણા કાર્ય અને વ્યવહારને પ્રભાવિત કરે છે. મોટાઓને જે કામ કરવું ન ગમે તે કામ બાળકોને કરવાની મજા આવે છે. બાળકો શું વિચારીને શું શું નવું કરે છે તેની નોંધ આપણે રાખવી જોઈએ.

### બાળકો પોતાના કામને પ્રદર્શિત કરવાની ઇચ્છા ધરાવે છે :

બાળકો પોતાની ઉંમર અને જ્ઞાન કરતાં થોડાં વધારે આગળ છે તેવું બતાવવાની કોશિશ કરતાં હોય છે અને તેમના કામનાં વખાણ કરવાથી તેઓ ખૂબ ખુશ થાય છે. આનો અર્થ એ કે **શિક્ષકે બાળકોને સ્વતંત્રતાથી કામ કરવાની અને બોલવાની તક આપવી જોઈએ. તેઓની વાત સાંભળવી જોઈએ અને તેમના પ્રત્યેક કામની પ્રશંસા કરવી જોઈએ.** આમ, બાળકોને તેઓના વિચારો પ્રગટ કરવા દો પણ તમારા વિચારો તેમના પર લાદશો નહિ.

બાળકોમાં બાળપણનાં વર્ષોમાં શીખવાની ક્ષમતા વધારે હોય છે. શરૂઆતનાં સાત આઠ વર્ષોમાં તો તેઓ ઘર, પરિવાર, મિત્રમંડળ અને પર્યાવરણમાંથી ઘણું બધુ, ઘણી ઝડપથી શીખી લેતાં હોય છે. તેઓ પૂછપરછ કરતાં કરતાં અને અનુભવોમાંથી પોતાની રીતે શીખી લેતાં હોય છે. આ રીતે તેઓ પોતાના જૂના જ્ઞાન સાથે નવી જાણકારી જોડતાં રહે છે. શરૂઆતનાં આ વર્ષો દરમિયાન શીખેલું સઘળું તેઓના મગજમાં લાંબા સમય સુધી અંકિત થઈ જાય છે. બાળકોની ખોટી ટેવો, દૃષ્ટિકોણ અને સ્વભાવમાં ફેરફાર કરી શકાય પણ એ અઘરી વાત છે.

### બાળક કોરી સ્લેટ નથી :

કેટલાક વિચારકોએ કહ્યું છે કે બાળક કોરી સ્લેટ છે કે ખાલી ઘડો છે. એ સ્લેટ કે ઘડાને શિક્ષકે પોતાના જ્ઞાન અને અનુભવથી ભરવાનો છે. આ માન્યતા બદલવાની જરૂર છે. કારણ કે આપણે એવું નથી ઇચ્છતા કે બધાં બાળકોને એક જ બીબામાં ઢાળવામાં આવે. બાળકોની શીખવાની ક્ષમતા જુદી જુદી હોય છે અને તેઓને કોઈ એક સીમામાં બાંધવા પણ મુશ્કેલ હોય છે. ખરેખર તો બાળક એક કુમળો છોડ છે જેને અનુકૂળ વાતાવરણ આપવામાં આવે તો તે સ્વતંત્ર રીતે વિકસે છે. એટલે આપણું કામ તો બાળકોને શીખવા માટેની તક અને અનુકૂળ વાતાવરણ પૂરું પાડવાનું છે. આપણે એવી પરિસ્થિતિ અને અનુભવો પૂરા પાડીએ જેની મદદથી તેઓ પોતાનો વિશ્વાસ વધારવા માટે સક્ષમ બને.

બાળકોને મોટાઓના અનુકરણમાંથી શીખવાનું ગમતું હોય છે. કેટલીક બાબતો તેઓ જાતે અનુભવ કરીને અને એક બીજા સાથે વાતો કરીને પણ શીખી લેતાં હોય છે. બાળક જેમાંથી કશું જ ન શીખી શકે તેવી કોઈ ચીજ કે પરિસ્થિતિ હોતી જ નથી તેથી એમને તો પરિસ્થિતિ અને તક પૂરી પાડવી જોઈએ.

### બાળકો એકધારાપણાથી કંટાળે છે :

બાળકોને નવી નવી ચીજો જાણવાની તીવ્ર ઉત્સુકતા હોય છે. તેઓ જે કંઈ જુએ તેને સમજવાનો પ્રયત્ન કરે છે. જે કામમાં તેમને મજા આવે તે થાક્યા વગર કલાકો સુધી કરતાં રહે છે. એમને વૈવિધ્ય પસંદ છે. એકધારાપણાથી તેઓ તરત કંટાળી જાય છે. બાળકો મૂલતઃ જિજ્ઞાસુ હોય છે. તેઓ હંમેશાં કંઈક ને કંઈક શીખવા અને કરવા તત્પર હોય છે અને કેવી રીતે શીખવું એ પણ તેઓ શોધી કાઢતાં હોય છે. **બાળકો કોઈપણ વસ્તુનો સામાન્ય અર્થ લેતા નથી** કારણ કે તેઓ કલ્પનાશીલ હોય છે. બીજાને ચીડવવા અને જોડકણાં જોડી કાઢવાં, રમતોના નિયમો બનાવવા, જરૂરિયાત પ્રમાણે તેમાં ફેરફાર કરવા એ બધું તેઓ કરતાં જ રહે છે.

## બાળકો જાતે ઘણું શીખે છે :

નાના સમૂહોમાં મિત્રો સાથે કંઈ ને કંઈ પ્રવૃત્તિ કરતાં કરતાં બાળકો શીખતાં રહે છે. **સમૂહમાં તેઓની શીખવાની ઝડપ પણ વધે છે.** તેઓ બીજાના અને ખાસ કરીને મોટાંઓની શીખવવાની રીતોને બદલે પોતાની રીતો શોધી કાઢે છે. સમાજ રચનાની જેમ જ બાળકો પણ પોતાની ટોળીઓ જમાવીને રમતગમતમાં એક બીજા સાથે હળીમળીને શીખતાં રહે છે.

સાતથી અગિયાર વર્ષની ઉંમરનાં બાળકો કોઈ ક્રિયા અને તેની અસર વચ્ચેનો સંબંધ શોધી શકે છે. ઘટના બન્યા બાદ પણ તેઓ ચર્ચા, સંવાદ કરતાં રહે છે અને દેશ દુનિયાની જાણકારીનું વિશ્લેષણ કરતાં રહે છે. મોટાંઓની વાતોમાં તેઓ પણ કૂદી પડે છે. રમી, રખડીને પાછાં આવ્યા પછી દરેક બાળક પાસે કહેવા માટે કંઈ ને કંઈ નવી વાત તો હોય જ છે.

## બાળકોના જગતમાં કશું જ અઘરું નથી :

ઘણીવાર આપણને એવું લાગે છે કે કેટલાંક કામ બાળકને અઘરાં પડશે. પરંતુ બાળકો માટે ઘણીબધી બાબતો સરળ હોય છે. પાંચ વર્ષનું બાળક ભલે વિમાન ન ઉડાડી શકે પણ કમ્પ્યૂટર તો શીખી જ જાય છે. **આપણે વસ્તુ અનુસાર બાળકને ઢાળવાને બદલે બાળકને અનુરૂપ વસ્તુઓ, પ્રવૃત્તિઓ અને અનુભવો પૂરાં પાડવાં જોઈએ.** આમ કરવાથી તેઓ કંટાળશે નહિ અને તેમની શીખવાની ક્ષમતામાં વધારો થશે.

## બાળકોના મનમાં પૂર્વગ્રહ ન રોપીએ :

સારાં બાળકો અને ખરાબ બાળકો એવી વિભાવના મોટાઓના મનની પેદાશ છે. બાળકના મનમાં આ વાત તેમની કુમળી વયથી જ નાખવામાં આવે છે અને સમય જતાં બાળકોના મનમાં પૂર્વગ્રહ ઘર કરી જાય છે જેમાંથી બહાર નીકળવું બાળક માટે કઠિન બની જાય છે. આવી ખતરનાક ધારણાઓનો આપણે ત્યાગ કરવો જોઈએ.

## પ્રત્યેક બાળક અનન્ય છે :

એક બાળકની અન્ય સાથે સરખામણી કરવાથી તેમનો વિકાસ રુંધાય છે. **દરેક બાળકની પોતાની ખૂબી હોય છે. તે કદાપિ કોઈનું પ્રતિબિંબ હોઈ શકે નહિ.** અલબત્ત, બાળક અમુક અંશે અન્ય કોઈના જેવું લાગે ખરું.

સાચી વાત તો એ છે કે બાળકોમાં સહજ રીતે જ સર્જનશીલતા અને સ્વતંત્ર વિચારણાની ક્ષમતાઓ છુપાયેલી હોય છે. જો બાળકને સ્વતંત્ર રીતે કામ કરવાની તક આપવામાં આવે તો એ પોતાની કલ્પનાશીલતા અને જિજ્ઞાસાથી નવું નવું, નવી નવી રીતે શીખવા માંડશે. આ રીતે તેઓની અનન્યતાનો સ્વીકાર અને વિકાસ થઈ શકે છે.

## બાળકોને અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ આપીએ :

બાળક પડકારયુક્ત સ્થિતિમાં વધુ શીખે છે તેથી તે શિક્ષકે વર્ગના વાતાવરણ અને વર્ગવ્યવહારોમાં બાળકો સમક્ષ પડકારો રજૂ કરવા જોઈએ.

**બાળકોની અભિરુચિ, કુતૂહલ, આકર્ષણ અને ઉત્સુકતા પર ધ્યાન આપવું જોઈએ.** બાળકોની અનુભવમાં ઊતરવાની પદ્ધતિને તેઓની શીખવાની ક્રિયા સાથે જોડી દેવી જોઈએ. આ રીતે બાળકના સહજ સ્વાભાવિક

વિકાસમાં સહાયતા થઈ શકે છે. મહત્ત્વની વાત એ છે કે આપણે જે કંઈ, જે કોઈ રીતે કરીએ છીએ તેમાંથી બાળક કંઈ ને કંઈ સંકેત પકડે છે. આપણે જો કોઈ નાની વાત પણ ચૂકી જઈએ તો બાળકના શીખવામાં મુશ્કેલી પડે છે.

### શીખવું - શીખવવું :

આપણાં બાળકો મોટા ભાગે ૫થી ૧૪ વયજૂથનાં હોય છે. તેમની રુચિઓ છે - ખેલકૂદમાં આનંદ, બોર્ડ પર લખવું, દેકારો કરવો, જાતે કરવું, દરેક વાતમાં સવાલ પૂછવો, જલદી ઝઘડવું - જલદી ભેગા થવું, એક બીજાની મદદ માંગવી અને એક બીજાને મદદ કરવી, સાચી વાત કહેવી, શિક્ષકની નકલ કરવી, પોતાની રમતની યોજના ઘડવી. મિત્રો સાથે રમવું, આસપાસની જાણકારી મેળવવી, જે કરે છે તેને સાચું માનવું, ખૂબ વાતો કરવી, બહાનું બતાવવું, ટોળામાં ફરવું. આમ, બાળક પોતાના અનુભવથી વધારે શીખે છે.

### શીખવાની સાચી પ્રક્રિયા, માનસિક રીતે સક્રિય બનાવી રાખવાની છે :

માનસિક સક્રિયતા શીખવાનો સંકેત છે. તેને વધારવી જોઈએ. તેના માટે બધા જ પ્રકારના ક્રિયાકલાપો વિચારવા પડશે. ક્રિયાકલાપોમાં સહજતા, રહસ્ય અને રોચકતા હોય, વર્તમાન સાથે સંબંધિત હોય તો તે અસરકારક રહે છે. તેનો ક્રિયાકલાપોની રીતો, સામગ્રીનો ઉપયોગ કરવાની પદ્ધતિમાં સમાવેશ થવો જોઈએ. જો આમ થાય તો દરેક સ્તર ઉપર માનસિક સક્રિયતા ટકી રહે છે. જે શીખવા માટેની સૌથી મોટી જરૂરિયાત છે.

શીખવાની પ્રક્રિયામાં પૂર્ણ સ્વતંત્રતા હોવી જોઈએ જેથી દરેક સ્તરનાં બાળકો માનસિક ક્રિયા કરી શકે. માનસિક પ્રક્રિયાઓ બોજારૂપ ન બને તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

### કઠિન બિંદુઓ સરળતા તરફ :

શિક્ષણ દરમિયાન શિક્ષકે અધ્યયન સામગ્રીઓનાં કઠિન બિંદુઓને સરળ કરવા વિવિધતાસભર શિક્ષણ પદ્ધતિઓ અપનાવવી પડે છે. અઘરાપણું એ વિષયોમાં નહીં પણ તેની શિક્ષણ પદ્ધતિમાં હોય છે. માટે જ બાળકોને અઘરા લાગતા મુદ્દાઓ સરળતાથી વિવિધ શિક્ષણ પદ્ધતિ દ્વારા બાળકોને શિખવાડવા જોઈએ.

### શિક્ષકનો વિશ્વાસ બાળકોની શીખવાની ગતિ વધારે છે :

બાળક પર કોઈપણ પ્રકારનું લેબલ લગાવવાથી તેમને બદલી શકાતા નથી. માટે તે જે છે, જેવું છે તેવા સ્તર પર જઈને શિક્ષકે કામ કરવું પડે. જેથી તે ઝડપથી શીખી શકે. તેમને તેમની ગતિથી શીખવામાં મદદ કરવી જોઈએ. તદ્ઉપરાંત જે પાછળ રહી ગયા છે તેમનાં કારણો જાણીને તે અનુસાર તેમને મદદ કરવી જોઈએ.

### પ્રવૃત્તિ દ્વારા શીખવાનાં સોપાન :

શીખવાની પ્રક્રિયા આપણી અંદર થાય છે. વસ્તુની લેવડ-દેવડ કરવા જેવી પ્રક્રિયા શિક્ષણ પ્રક્રિયા હોતી નથી. તેથી શિક્ષણના ક્ષેત્રમાં શીખવવું અને જ્ઞાન આપવા જેવા શબ્દોનું સ્થાન હોઈ શકે નહિ. શીખવાની પ્રક્રિયા સ્વયં થાય છે. આપણે આપણા જ અનુભવોનું ક્રમિક વિશ્લેષણ કરીને શીખીએ છીએ. આપણા મસ્તિષ્કમાં શીખવાની પ્રક્રિયા નીચે મુજબનાં સોપાનો દ્વારા થાય છે.

**અનુભવ :**

- પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા પડકારયુક્ત અને ક્રિયા કરવા માટે પ્રેરે તેવો રોચક અનુભવ
- T.L.M. નો ઉચિત ઉપયોગ
- પરિચિત ચિત્ર - મૂર્ત વસ્તુઓ, પ્રતીકોનો ઉપયોગ

**ચિંતન, વિચાર વિશ્લેષણ :**

- કામને ઊંડાણથી કરવું, અને તેના અંગે વિચારવું.
- એ વિશે વિવિધ પ્રકારના સવાલ ઊભા કરવા.
- પૂર્વાનુભવ સાથે આ અનુભવનું સંધાન કરવું.

**ઉપયોજન : વિવિધ પદ્ધતિઓ વડે અભ્યાસ, પ્રયોગ તથા ઉપયોગ કરવો :**

- પહેલાંના અનુભવના આધારે પ્રાપ્ત અનુભવમાં જોડાવું.
- સર્જાયેલા જ્ઞાનને નવીન પરિસ્થિતિમાં ઉપયોજવું.

**નિષ્કર્ષ : સમેટવું, પરિણામ મેળવવું, શીખવું :**

- અનુભવ, ચિંતન અને ઉપયોજનનું સંકલન કરવું અને તેને દૃઢ કરવું.
- સ્થાનિક જ્ઞાન, સ્થાનિક સામગ્રી, સ્થાનિક સ્તર પર સમજનું સામાજિક નિર્માણ.
- શીખવાની આખી પ્રક્રિયાને આ ચક્ર દ્વારા સમજાવી શકાય.




**પ્રવૃત્તિઓ :**

અહીં અનુભવ પૂરા પાડવા માટે પ્રવૃત્તિ (ક્રિયા, ગતિવિધિ)ને માધ્યમ તરીકે સમજવાની છે.

આ પ્રવૃત્તિને નાની-નાની રોચક ક્રિયાઓને એક શૃંખલાના રૂપમાં ગોઠવી શકાય. આ પ્રવૃત્તિઓ માનસિક ચિંતનને એક વિશિષ્ટ દિશા તરફ દોરી જાય.

આવી ક્રિયાઓથી સમજદારીપૂર્વક સાચી બાબતો ઝડપથી શીખી શકાય કારણ કે એમાં પોતાની જાતને સામેલ કરેલી હોય છે. બધાંને તક મળે છે અને બધાં ક્રિયાઓ કરી રહ્યાં હોય છે એટલે પરસ્પર એક તંદુરસ્ત હરીફાઈ થાય છે. ક્રિયાઓ જલદી કરવાનો પડકાર પણ હોય છે.

આ ક્રિયાઓ શીખવાનાં પગથિયાંને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવે છે. શીખવાનાં ચારે ચરણોને (પગથિયાંને) ધ્યાનમાં રાખીને નક્કી કરેલી ક્રિયાઓની હારમાળાને જ પ્રવૃત્તિઓ કહેવામાં આવે છે.

## ચિંતન અને ગોઠવણીની ક્ષમતા સાથે, પ્રવૃત્તિઓનો સંબંધ :

આપણે એવું માનીને ચાલીએ છીએ કે એક વર્ગમાં એક જ સ્તરનાં બાળકો હોય છે અને બધાં બાળકો નિયમિત હોય છે. આ માન્યતાના આધાર પર જ શિક્ષણ પદ્ધતિ ચાલી રહી છે. આ કારણે જ શિક્ષણની ગુણવત્તામાં સતત ઘટાડો જોવા મળે છે અને બાળકો શાળા છોડી જાય છે.

આપણું વહીવટીતંત્ર આદેશાત્મક તંત્રના રૂપમાં ચાલી રહ્યું છે. પરિણામે શિક્ષક વધારે કામ કરવા માટે ઉપરથી આવતા આદેશો પર આધારિત રહે છે. શિક્ષકો પાસે પાઠ્યપુસ્તકો હોય છે અને તેને જ સાધ્ય માનીને પોતાનો પૂરો સમય પુસ્તકને ગોખાવવામાં જ વાપરી નાખે છે. વર્ગમાં બાળકોને જાતે કરવાનો કે શીખવાનો મોકો મળતો નથી. કેટલાંક બાળકો જેમ તેમ કરીને કાંઈક કરે છે પરંતુ મોટા ભાગનાં બાળકો વધારે સમય માટે નવરાં રહે છે. બધાં જ બાળકોને યોગ્ય કામ મળે એવું આપણું આયોજન હોવું જોઈએ.

દરેક શીખવાવાળો સીધે સીધું નથી શીખતો. પરંતુ કાંઈક કરીને પોતાની સમજ વિકસાવે છે. આપણું કામ છે સમજ વિકસાવવામાં બાળકોની મદદ કરવાનું.

જો આપણે વર્ગમાં બાળકોને શીખવામાં મદદ કરવા ઇચ્છતા હોઈએ, તો તેમને કાંઈક કરીને શીખવાની તકો આપવી પડશે. અને તે માટે શિક્ષકે યોગ્ય આયોજન કરવું પડશે. પ્રવૃત્તિઓ બાળકોને શીખવાની તક આપે છે. એક પ્રવૃત્તિમાં જુદી જુદી જાતનાં બાળકો જોડાઈ શકે છે અને ઘણું બધું શીખી શકે છે.

આવી રીતે શિક્ષકને લક્ષ્ય આપવામાં આવે, પરંતુ પદ્ધતિઓ/રીતો તે પોતે જ શોધે. તેમનામાં જાતે જ કરવાની ક્ષમતા હોય, તો વર્ગ જીવંત અને સક્રિય બની શકે છે. તેથી શિક્ષકે પ્રવૃત્તિઓની પસંદગી વિશે ગંભીરતાથી વિચારવું પડશે.

પ્રવૃત્તિઓમાં બાળકો અને શિક્ષકો બંનેની સમસ્યાઓનો ઉકેલ હોય છે. બાળકો જાતે જ શીખે છે, તેમને શીખવવું પડતું નથી. ઇંતેજારીનો સમય ઘટે છે અને શીખવાનો સમય વધે છે. આપણું કામ અભ્યાસક્રમને ઘેરી લેવાનું / બંધિત કરવાનું નથી પરંતુ તેને ખુલ્લો કરવાનું છે. પ્રવૃત્તિ અભ્યાસક્રમને પૂર્ણ કરવામાં મદદગાર છે, કારણ કે બાળકો જાતે જ શીખતાં શીખતાં આગળ વધે છે. પ્રવૃત્તિમાં કેટલીય વસ્તુઓ એક સાથે શીખવી શકાય છે તેમાં સમગ્ર સમૂહનું ચિંતન હોય છે. શિક્ષક અને બાળકો બંને માટે સફળતા અને સ્વતંત્રતાની અનુભૂતિ થાય છે. આપણને પોતાની ક્ષમતા પ્રદર્શિત કરવાની પૂરી તક મળે છે.

નીચલાં ધોરણો માટે મનોરંજક પ્રવૃત્તિઓ અને ઉપલાં ધોરણો માટે ચિંતન પ્રેરક પ્રવૃત્તિઓ હોવી જોઈએ.

## પડકાર પ્રવૃત્તિઓને રોચક બનાવે છે :

ઉદ્દેશ્યપૂર્ણ શીખવામાં પ્રવૃત્તિ સાચી રીતે મદદગાર નીવડે છે. જોકે આપણા અને બાળકોના લક્ષ્યમાં તફાવત હોઈ શકે છે એટલા માટે ખુલ્લાપણું એ પ્રવૃત્તિની પહેલી જરૂરિયાત છે.

પ્રવૃત્તિ પડકારરૂપ હોવી જોઈએ. તેમાં શિક્ષકની ભાગીદારી ઓછી અને બાળકોની ભાગીદારી વધુ હોવી જોઈએ. આ પડકાર યુક્ત પ્રવૃત્તિ બાળકોની ઉંમર, વર્ગ અને સ્તરને ધ્યાનમાં રાખીને કરવાની હોય

છે. એક સારી પ્રવૃત્તિ માનસિક સક્રિયતામાં વધારો કરનારી હોય છે. એનો અર્થ સ્પષ્ટ છે કે નક્કી કરેલી પ્રવૃત્તિ બાળકોને વિચારવાની અને ચિંતન કરવાની તક પૂરી પાડતી હોય તો તેને પરિણામે બાળકો પણ કાંઈક નવું શીખી શકશે. આ માટે શિક્ષક અને બાળકો વચ્ચે ભાવાત્મક સંબંધ વધારવો જરૂરી છે. જેથી એક બીજાની જરૂરિયાત, વિશેષતાઓ કે ખામીઓને જાણી શકાય. તો પણ તેમાં શીખવાવાળાની મુખ્ય ભાગીદારી હોય.

પ્રવૃત્તિમાં બધાની ભાગીદારી હોય ત્યારે એ સાચા અર્થમાં પ્રવૃત્તિ બને છે. પ્રવૃત્તિ દરમિયાન એક-બે બાળકો કામ કરે અને બાકીના બધા પ્રેક્ષક બનીને બેસી રહે, એ સ્થિતિ યોગ્ય નથી. એક પ્રવૃત્તિથી ઘણી બધી વસ્તુઓ શીખી શકાય છે. એથી ઊલટું, એક વસ્તુ શીખવા માટે અનેક પ્રવૃત્તિઓ હોઈ શકે છે.

પ્રવૃત્તિઓ સમૂહોને પરસ્પર મદદ કરવાની તકો પૂરી પાડે છે. તો તેની સાથે સાથે વર્ગના વાતાવરણને પણ રસમય બનાવે છે. પ્રવૃત્તિઓ એવી હોય, કે જે સફળતાની ખાતરી કરાવે અને એમાંથી પ્રાપ્ત થતાં પરિણામો અંગે દરેક સહભાગી સંતોષ વ્યક્ત કરે.

### પ્રતિસ્પર્ધા અને પડકાર :

આપણી સૌથી મોટી હરીફાઈ આપણી જાત સાથે છે. આપણે કાલે જ્યાં હતા, ત્યાંથી આજે એનાથી આગળ કેવી રીતે જઈ શકીએ તે મહત્ત્વનો મુદ્દો છે. તેમાં ક્યારેય સરખામણીનો ભાવ હોવો જોઈએ નહીં. કારણ કે જેની સાથે સરખામણી થઈ રહી છે તે છેવટનું બિંદુ તો હોતું નથી !

### પડકારની નિષ્પત્તિ અને તેનું પ્રયોજન :

જ્યારે પ્રવૃત્તિ થોડી મુશ્કેલ હોય - ત્યારે પડકારનો જન્મ થાય છે. માટે બાળકોની સમજશક્તિને ઓળખીને શિક્ષકે પડકાર ઊભો થઈ શકે તેવી પ્રવૃત્તિ પસંદ કરવી જોઈએ. કારણ કે પડકારનું પ્રયોજન શીખનારની પ્રગતિ છે.

### ભાગીદારી અને તક :

પ્રવૃત્તિઓ બધાને ભાગીદારીની તક આપે છે. સમાન સ્તર પર બધા માટે એમાં કાંઈક ને કાંઈક કરવાની તક હોય છે. પ્રવૃત્તિઓ દરેકને પોતાની તક અનુસાર શ્રેષ્ઠ કામ કરવા માટેની તક પૂરી પાડે છે.

### પરિવર્તનશીલ માળખું :

પ્રવૃત્તિ એક ક્રિયાકેન્દ્રી માળખું છે. તે જડ માળખું નથી. પરંતુ પરિવર્તનશીલ માળખું છે. માટે તેને વિષય અને કક્ષા પ્રમાણે દરેક વખતે બદલીને કરાવવું જોઈએ. પ્રવૃત્તિ દરમિયાન ચારે ચરણમાં (E-R-A-C મુજબ) ક્રિયાઓ થાય તે અનિવાર્ય છે.

પ્રવૃત્તિનું એક સ્થિતિસ્થાપક માળખું હોય છે, તેથી ક્રિયાઓ - વિષય અને કક્ષા પ્રમાણે પરિવર્તિત થઈ શકે છે. પ્રવૃત્તિઓને આપણી જરૂરિયાત મુજબ ઢાળીને બહુવિકલ્પી બનાવી શકાય. પૂર્વ નિર્ધારિત નીપજો ઉપરાંત પણ અન્ય નીપજો ઉપલબ્ધ કરાવી શકે તેને સારી પ્રવૃત્તિ ગણાવી શકાય.

પ્રવૃત્તિઓ એક શૃંખલા સ્વરૂપે હોય જેથી વિવિધ વિષયોને સાહજિક રીતે એમાં અનુબંધિત કરી શકાય. એક સારી પ્રવૃત્તિ કરાવવાનો ઉદ્દેશ એક એવી શૃંખલાને વિકસિત કરવાનો છે જેમાં બધા વિષયોનો સમાવેશ કરી શકાય. પ્રવૃત્તિઓને સ્તર, વર્ગ અને વિષયને અનુરૂપ સરળ અથવા કઠિન બનાવી શકાય. પ્રવૃત્તિ દ્વારા કોઈ વિષયવસ્તુને શૃંખલામાં ઢાળીને વધારે રસપ્રદ રીતે શીખવામાં સરળ બનાવી શકાય છે.

**પ્રવૃત્તિનાં ચાર ચરણ :**

કોઈપણ પ્રવૃત્તિમાં નીચેનાં ચાર ચરણ હોય છે :

૧. અનુભવ (Expirience) : જીવન સંબંધિત

૨. ચિંતન / વિશ્લેષણ (Reflection / Analysis) : ઊંડા ઊતરવું

૩. અનુપ્રયોગ / ઉપયોજન (Application) : બાળકો જાતે કરે

૪. નિષ્કર્ષ / તારવણી (Consolidation) :

પ્રવૃત્તિ દરમિયાન ચિંતન માટે અવરોધન હેતુ બાળકો સમગ્ર પ્રક્રિયાનું સંકલન કરશે. ધારદાર સવાલોની જરૂરિયાત રહે છે. અધ્યયન બિંદુના લક્ષ્ય અનુસાર ચર્ચા થાય એ જરૂરી છે. પર્યાપ્ત ચિંતન બાદ અનુપ્રયોગ કરાવવામાં આવે. અનુપ્રયોગને અંતે બાળકો નિષ્કર્ષ તારવે તે જરૂરી છે. પ્રવૃત્તિ ઉપર્યુક્ત ચારેય ચરણો સુધી વિસ્તરવી ખૂબ જરૂરી છે.

અત્યાર સુધી કરાવેલી કોઈ પ્રવૃત્તિના આધારે નીચેના ખાનામાં પૂર્તિ કરો. તમે કયા કામને કયા ખાનામાં રાખવા ઇચ્છો છો ? શું કોઈ ખાનું છૂટી ગયું ? એમાં શું લખવા ઇચ્છો છો ?

| અનુભવ | ચિંતન | ઉપયોજન | નિષ્કર્ષ |
|---|---|---|---|
| વાતાવરણ નિર્માણ આગળના કામ સાથે જોડાણની પરિસ્થિતિ તૈયાર કરવી, સ્થાનિકતા અને શીખવાના લક્ષ્ય સાથેનું જોડાણ | થયેલા અનુભવોને વધારે ઊંડાણમાં લઈ જવા વિશ્લેષણ કરવું. ચિંતનને આગળ ધપાવવાના સવાલો મૂકવા. | જાતે કરવાની તકો હોય, મિત્રોની સાથે મળીને કરવું. અહીં અવલોકન અને મદદ કરવાની હોય છે. | અભ્યાસક્રમના લક્ષ્ય સુધી પહોંચાડવા માટે વિદ્યાર્થીને લઈ જવો. અહીં થોડા સ્પષ્ટી-કરણની જરૂરિયાત હોય છે. |

**પ્રવૃત્તિઓમાં શિક્ષક અને બાળકની ભૂમિકા :**

કોઈપણ વર્ગમાં શિક્ષક અને બાળક વચ્ચે કેટલીક પ્રક્રિયાઓ થાય છે જેવી કે -

| શિક્ષક | બાળકો |
|---|---|
| સૂચન કરવું | સાંભળવું, ન સમજાય તો પૂછવું |
| સૂચન દોહરાવવું, સૂચનાનું સ્પષ્ટીકરણ કરવું | બાળકો કામની શરૂઆત કરે છે |
| શિક્ષક નિરીક્ષણ અને મદદ કરે છે. | બાળકો કામને આગળ વધારવા લાગે છે, સમૂહમાં જાતે કામ કરવા લાગે છે |
| શિક્ષક નિરીક્ષણ, મૂલ્યાંકન કરે છે, મદદ કરે છે. (સમૂહમાં અને વ્યક્તિગત રીતે) | બાળકો કામ પૂરું કરે છે. |
| નિષ્કર્ષ / સમાપન | શીખવાનો વિસ્તાર કરે છે. |

### એક સારી પ્રવૃત્તિ વર્ગ અને શાળાની બહાર પણ ચાલતી રહે છે :

આપણી સામે મોટો પડકાર બાળકોને શીખવાનો સમય વધારવાનો છે. કોઈપણ પ્રવૃત્તિની પડકારયુક્ત અસર લાંબાગાળા સુધી રહે છે. એટલે કે બાળકો તેની સાથે ઓતપ્રોત રહે છે. બાળકો પોતાના મિત્રો સાથે એના નિયમો બદલીને પણ શીખતા રહે છે. પ્રવૃત્તિઓ માત્ર વર્ગખંડ સુધી જ મર્યાદિત રહેવી જોઈએ નહીં. તે વર્ગખંડની બહાર પણ ચાલતી રહે છે. બાળકો એમના ઘર પરિવારમાં રહીને રમતાં રમતાં પણ શીખતાં રહે છે.

### પ્રવૃત્તિઓનો પ્રકાર :

પ્રવૃત્તિઓ ત્રણ પ્રકારની હોય છે મૌખિક, લેખિત અને સાધન સામગ્રી આધારિત. વર્ગમાં થતી પ્રવૃત્તિઓના પણ ત્રણ પ્રકાર હોય છે. વ્યક્તિગત, નાનો સમૂહ અને મોટો સમૂહ અથવા આખા વર્ગ સાથે.

### ૧. મૌખિક પ્રવૃત્તિઓ :

એમાં સાંભળવાનું અને બોલવાનું વધારે હોય છે. નાનાં બાળકો સાથે શિક્ષકે સંવાદ (વાતચીત) કરવાનો હોય છે. આ પ્રવૃત્તિમાં સમય ઓછો લાગે છે, તે લાંબો સમય ચાલતી નથી. તેમાં જુદાં જુદાં સ્તરનાં બાળકોને સહભાગી કરવાનું સરળ હોય છે. મોટા સમૂહ સાથે કામ કરવામાં ઉપયોગી છે. આ હેતુથી બાળકોમાં સુરક્ષાનો ભાવ પેદા કરવો જરૂરી છે. કવિતા, વાર્તા વગેરેના શિક્ષણ કાર્યમાં ચર્ચા, ગાન જેવી પ્રવૃત્તિઓ મોટા સમૂહ અથવા સમગ્ર વર્ગ સાથે કરાવવામાં આવે છે. એનાં ખાસ લક્ષણો નીચે પ્રમાણે છે.

- ભાષાશિક્ષણમાં કથન એ અગત્યનું કૌશલ્ય છે. તેથી તેના શિક્ષણ માટે શરૂઆતનાં ધોરણોમાં પ્રવૃત્તિઓ દ્વારા સંકોચ/શરમ છોડાવવાં જરૂરી હોય છે.
- આવી પ્રવૃત્તિઓ દસ-પંદર મિનિટ સુધી મનોરંજક રીતે ચાલે તે માટે શિક્ષકે વધારે તૈયારી કરવી પડે છે. કારણ કે બાળકો પ્રવૃત્તિમાં ભાગીદારી વિના જલદીથી કંટાળી જતાં હોય છે.
- બધા માટે બોલવાની કહેવાની તક હોય છે. બધાં જ બાળકોનું મન બોલવા માટે તૈયાર થાય એવી પરિસ્થિતિ સર્જવી જોઈએ.
- ક્યારે, ક્યાં, કોણ, કેટલું વગેરે શબ્દોના પ્રયોગવાળા પ્રશ્નોમાં બોલવાની જરૂરિયાત ઓછી હોય છે જ્યારે કેવી રીતે, શા માટે, અને કયા-કયા શબ્દોના પ્રયોગવાળા પ્રશ્નોમાં બોલવાનું વિશેષ બને છે.

આ પ્રક્રિયા થોડી લાંબી હોય છે. શિક્ષક હરતાં ફરતાં દેખરેખ રાખે છે. નાના સમૂહમાં કામ કરતાં બાળકો એકબીજાને મદદ કરે છે. પોતાની વાતને અભિવ્યક્તિ કરતાં પહેલાં તેણે ચિંતન કરવું જરૂરી બને છે. પરંતુ એના માટે આપણી પાસે પ્રશ્નો તથા સામગ્રી હોવાં જોઈએ.

- બાળકોને જાતે અથવા નાના સમૂહમાં સૂચન પ્રમાણે કામ કરવાનું હોય છે તેથી સૂચનો સ્પષ્ટ હોવાં જોઈએ.
- આ પ્રવૃત્તિમાં બાળકોને જાતે કરવાની વધારે તક હોય છે. ૨૫થી ૩૦ મિનિટ સુધી આ પ્રવૃત્તિ પ્રભાવશાળી રીતે ચાલે છે.
- બાળકો એકબીજાના સહયોગથી કામ કરીને જાતે શીખે છે. ઉમંગથી કામ કરે છે. એટલા માટે જેમાં લખાણ આવતું હોય, એવા વ્યાવહારિક વિષયોની પસંદગી જરૂરી છે.

- શિક્ષક પાસે આયોજન અને બાળકોને મદદ કરવા માટેનો સમય હોય છે. આ સમયનો ઉપયોગ એ આગળના કામનું આયોજન કરવામાં તેમજ મંદગતિથી શીખતાં બાળકોને મદદ કરવામાં વાપરી શકે છે.

**સાધન સામગ્રી આધારિત પ્રવૃત્તિઓ :**

જે પ્રવૃત્તિ દરમિયાન સાધન સામગ્રીનો ઉપયોગ થાય છે તેને સાધન સામગ્રી આધારિત પ્રવૃત્તિ કહે છે. આ પ્રવૃત્તિમાં બાળકોના હાથમાં સામગ્રી હોય તે જરૂરી છે. આ પ્રવૃત્તિ માટે થોડો વધારે સમય ફાળવવો જરૂરી છે. શિક્ષકે વારંવાર સામગ્રી બાળકોને વહેંચવી પડે છે. બાળકો સમૂહમાં કામ કરે છે. જુદાં જુદાં સ્તરની પરિસ્થિતિમાં સાધન સામગ્રી આધારિત પ્રવૃત્તિ ખૂબ જ ઉપયોગી છે. સરળતાથી મળી શકે અને સસ્તી હોય, એવી સામગ્રીનો ઉપયોગ કરવો જોઈએ. જેમ કે, કાંકરા, કચૂકા, બીજ, દાણા, ઢાંકણાં, કાગળની ગોળીઓ વગેરે. આ પ્રવૃત્તિઓ વ્યક્તિગત રીતે અને સામૂહિક રૂપે અસરકારક રીતે કરી શકાય છે. તેના ખાસ ગુણો નીચે પ્રમાણે છે.

- બાળકોને સામગ્રીનો ઉપયોગ કરતાં કરતાં શીખવાનો મોકો મળે છે. એટલા માટે શીખવું વધારે સ્થાયી બને છે.
- સંકલ્પનાના સ્પષ્ટીકરણમાં આ પ્રવૃત્તિઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. કારણ કે એમાં બાળકને વસ્તુઓને સ્પર્શવાનું, એના સ્વરૂપને બદલવાનું અને તેની સાથે વિવિધ પ્રકારના પ્રયોગો કરવાની તક મળે છે.
- આ પ્રવૃત્તિઓમાં આયોજન મહત્ત્વપૂર્ણ હોય છે. શિક્ષકે જાતે જ આ પ્રવૃત્તિ કરીને ઉદાહરણ પૂરું પાડવાનું હોય છે. સાધન સામગ્રી આધારિત પ્રવૃત્તિ શીખવામાં બાળકો ૩૦-૪૦ મિનિટ સુધી હોંશથી જોડાયેલા રહે છે. શીખવાની ક્રિયા વધુ દૃઢ તેમજ વધારે આનંદદાયક બને છે. શિક્ષકને બાળકો સાથે સહયોગ કરવાનો અવસર મળે છે.
- આપણી આજુબાજુ શીખવાની અસંખ્ય સામગ્રી હાજર હોય છે તેથી શીખવા માટે સ્થાનિક વસ્તુઓનો ઉપયોગ વધારે અસરકારક બને છે.
- જેને બધાં જ બાળકો અડકી શકે, તેની સાથે ક્રિયાઓ કરી શકે એવી સામગ્રી સારી સામગ્રી ગણાય. સામગ્રી પૂરતા પ્રમાણમાં હોય તે જરૂરી છે.
- સરળતાથી, સહજતાથી અને સુલભતાથી મળી શકે તેવી અને કિંમતમાં સસ્તી હોય અને વધુ ઉપયોગી હોય તેવી પ્રવૃત્તિ માટે સામગ્રી પસંદ કરવી જોઈએ. કિંમતમાં મોંઘી હોય, વધારે સમય લે તેવી અને ઓછી ઉપયોગી હોય એવી કોઈ સામગ્રી પસંદ ન કરવી જોઈએ.
- આપણો હેતુ પ્રવૃત્તિ કરાવવાનો છે - નહીં કે સામગ્રીના પ્રદર્શનનો. તેથી જાણી લ્યો કે સામગ્રી એ પ્રવૃત્તિનો એક ભાગ છે. પ્રવૃત્તિઓમાં ઉપયોગમાં લેવાતી સામગ્રી સહજ રીતે મળી શકે તેવી હોવી જોઈએ. સામગ્રીનો વારંવાર ઉપયોગ થઈ શકે અને લાંબા સમય સુધી ટકી શકે તેવી પસંદ કરવી.

**પ્રવૃત્તિ યોજના :**

પ્રવૃત્તિની યોજના શીખવાનાં ચરણોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવે છે. એ ધ્યાન રાખો કે પ્રવૃત્તિ માટે કેટલો સમય જોઈશે ? તે સમય દરમિયાન અભ્યાસના કેટલા મુદ્દા ઉપર કામ થઈ શકશે ?

એ પ્રવૃત્તિ માટે કઈ-કઈ સામગ્રી જોઈશે ? કામનો ક્રમ શું હશે અને બધાંનું સંકલન કઈ રીતે કરવામાં આવશે ?

એક પ્રવૃત્તિ લઈને, નીચે આપેલા કોઠામાં તેની નોંધ કરો. આવો કોઠો તમે જાતે પણ બનાવી શકો છો. પરંતુ તે ધ્યાનમાં રાખો કે પ્રવૃત્તિની યોજનામાં ચારે ચરણનો સમાવેશ થવો જોઈએ.

| **ચરણ** | **સમય** | **ક્રિયા/રીત** | **સામગ્રી/અભિપ્રાય/સાવધાની** |
|---|---|---|---|
| અનુભવ (Expirience) | ૨૦-૩૦ મિનિટ | | |
| ચિંતન (Reflection) | ૧૦-૧૫ મિનિટ | | |
| ઉપયોજન (Application) | ૧૦-૧૫ મિનિટ | | |
| સંકલન (Consolidation) | ૫ મિનિટ | | |

પ્રવૃત્તિઓના સાપ્તાહિક સંકલનની જરૂરિયાત આ સંકલન : મૌખિક / લેખિત / સાધનસામગ્રી સાથે કરવું જોઈએ.

## દૈનિક સંકલનની જરૂરિયાત :

વ્યક્તિગત / નાના સમૂહ / મોટા સમૂહ અનુસાર કરવું જરૂરી છે.

જ્યારે આપણે બાળકો સાથે વર્ગમાં ઉપયોગ કરવા માટે પ્રવૃત્તિઓની પસંદગી કરીએ, ત્યારે પ્રવૃત્તિ શીખવાના ઉદ્દેશોને સ્પર્શતી હોય અને બાળકોની તેજસ્વિતાને ઉજાગર કરતી હોય એ જરૂરી પ્રવૃત્તિઓની પસંદગી અને એમની યોજના શીખવાનો મુદ્દો નક્કી કરે છે. શારીરિક અને માનસિક બંને તરફની સક્રિયતા વધવામાં મદદ કરે છે. એટલા માટે પ્રવૃત્તિઓની પસંદગી બાળકોની ઉંમર, અનુભવ અને સ્થાનિક વાતાવરણને ધ્યાનમાં રાખીને કરવી જોઈએ. પ્રવૃત્તિને વર્ગમાં પ્રદર્શિત કરવી એ સૌથી અગત્યનો મુદ્દો છે. શિક્ષક પૂરા ઉમંગથી બાળકોને સ્પષ્ટ નિર્દેશ કરે. એમને બતાવે કે ચરણવાર શું કરવાનું છે અને પોતે પણ પ્રવૃત્તિ કરવા માટે તૈયાર રહે એ મહત્ત્વનું છે.

પ્રવૃત્તિ કરવા દરમિયાન બેઠક વ્યવસ્થા કેવી હોય, કેટલા સમૂહ બનશે, કેવી સામગ્રી વહેંચાશે, સમૂહની કઈ જવાબદારી હશે, વગેરે બાબત ધ્યાનમાં લેવી જોઈએ, પ્રવૃત્તિમાં શીખવાનો ક્રમ ક્યાંથી શરૂ કરવો છે ? ક્યાં પૂરો કરવો છે ? હેતુ સ્પષ્ટ કરવો, સામગ્રી પૂરી પાડવી, સંક્રમણ અને જુદા જુદા વિષયો અને સ્તરો પર પ્રયોગ કરવો, વગેરે બાબતો શીખવા - શીખવવાની ક્રિયાને સરળ બનાવે છે.

★ ★ ★

# સમજપત્ર

## સંસ્કૃત શા માટે ?

પ્રવર્તમાન વર્ષ ગુજરાત રાજ્યના શિક્ષણમાં સંક્રાંતિકાળનું વર્ષ બની રહેવાનું છે. આ વર્ષમાં ધોરણ ૮ પ્રાથમિક વિભાગનું અભિન્ન અંગ બની રહે છે. તેની સાથે નવા અભિગમ સાથેનાં પાઠ્યપુસ્તકોનો અમલ થઈ રહ્યો છે. ગુજરાતમાં પહેલી જ વાર સેમિસ્ટર સિસ્ટમ મુજબ પાઠ્યક્રમ બનાવાયો છે. અને દરેક વિષયનાં પાઠ્યપુસ્તકો સાથે શિક્ષક આવૃત્તિ પણ આપણા હાથમાં મૂકવામાં આવે છે.

NCF 2005 તેમજ શિક્ષણ અધિકાર અધિનિયમને લક્ષમાં લેતાં આપણી વર્ગખંડની પ્રક્રિયાને વધારે અસરકારક, પ્રવૃત્તિમય, બાળકેન્દ્રી અને આનંદદાયી બની રહે તે જોવું અનિવાર્ય બની રહે છે. શિક્ષકોના અભિગમમાં પણ પરિવર્તન જરૂરી બની રહે છે. બાળક વિશેની આપણી માન્યતાઓ સ્પષ્ટ રીતે માનસમાં અંકિત કરવાની રહે છે. આ બાબતો લક્ષમાં રાખી અભ્યાસક્રમ અને પાઠ્યક્રમનું પુનર્ગઠન કરવામાં આવેલું છે. સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકના સંદર્ભમાં આ તમામ બાબતોનો આપણે વિચાર કરીશું.

## હેતુઓ :

- શિક્ષકો સંસ્કૃત ભાષાના શિક્ષણની જરૂરિયાતને સમજે.
- સંસ્કૃત ભાષાનાં પાઠ્યપુસ્તકોના અભિગમથી પરિચિત થાય.
- પાઠ્યપુસ્તક (શિક્ષક અને વિદ્યાર્થી આવૃત્તિ) વિશેષતાઓથી વાકેફ થાય.
- દરેક એકમની અધ્યાપન પ્રક્રિયાને સમજે.
- વર્ગખંડમાં સંસ્કૃત ભાષાનું શિક્ષણ અસરકારક રીતે આપતા થાય.

## સંસ્કૃત ભાષાનું શિક્ષણ શા માટે ?

આપણા અભ્યાસક્રમમાં ભાષા શિક્ષણ વિશે રજૂ કરવામાં આવેલી બાબત આ મુજબ છે :

ભાષાને વિચાર, અનુભવ અને અભિવ્યક્તિ સાથે સંબંધ છે. શરૂઆતમાં બાળક પોતાના ઘર અને સમાજમાંથી પ્રચલિત ભાષા શીખે છે. બાળકની ઘરની ભાષા માન્ય સ્વરૂપ કરતાં જુદી હોવાની. શાળામાં પ્રવેશતાંની સાથે બાળકને માન્ય ભાષાનો પરિચય થાય છે. શરૂઆતમાં બાળકોને ઘરની ભાષાનો સ્વીકાર કરવામાં આવશે અને એના દ્વારા એને શિક્ષણ પણ અપાશે.

બાળકો શબ્દો અને વાક્યોને સંદર્ભમાં સારામાં સારી રીતે સમજે છે. વર્ગમાં અને પાઠ્યપુસ્તકોમાં ભાષાના સંદર્ભને લાવવાનો પૂરો પ્રયત્ન કરવામાં આવશે. ચિત્ર, અભિનય, ગીત, વાર્તા વગેરેના સંદર્ભે જ નવા શબ્દો અને વાક્યોનું અર્થગ્રહણ કરાવવામાં આવશે.

ભાષાનાં બે પાસાં હોય છે : યાંત્રિક અને ચિંતનાત્મક. યાંત્રિક ભાષામાં લિપિ, જોડણી, ઉચ્ચારણ અને સુલેખન આવે છે. ભાષાનાં યાંત્રિક પાસાંઓ પર પરંપરાની પકડ હોય છે, જે સ્વીકાર્ય બનેલું છે અને એ જ સ્વરૂપે શીખવાનું હોય છે. એને વધુ ને વધુ મહાવરા સાથે સંબંધ હોય છે, જ્યારે બીજા પાસામાં વિચાર, કલ્પના, અભિપ્રાય, સૌંદર્ય જેવી બાબતો આવતી હોય છે. આ પાસામાં વિચાર અને કલ્પનાની સ્વતંત્રતા વિકસાવી શકાય છે. સાથે સાથે તર્કસંગતતા તરફ પણ લઈ જઈ શકાય છે. માટે આ પાસા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

**ભાષાશિક્ષણના મુખ્ય ઉદ્દેશો :**

- અર્થગ્રહણ
- અભિવ્યક્તિ અને પ્રત્યાયન
- તાર્કિક ચિંતન
- વ્યાવહારિક ઉપયોજન
- સર્જનાત્મકતા

ભાષાશિક્ષણની પ્રક્રિયાનું લક્ષ્ય પણ હોય છે અને સાધન પણ હોય છે. એના ઉપયોગો વિવિધ હોય છે. અનુભવ, ચિંતન, લાગણી અને સંદર્ભ સાથે એનો સીધો સંબંધ હોય છે. ભાષાના ઉપર દર્શાવેલા ઉદ્દેશો એનાં પાસાં જ છે. ભાષાશિક્ષણમાં એ દરેકનું મહત્ત્વ છે.

**અર્થગ્રહણ :**

વિદ્યાર્થીઓ સાંભળીને અર્થગ્રહણ કરે છે અને પછીના તબક્કે વાંચીને અર્થગ્રહણ કરે છે. જેની અર્થગ્રહણ પ્રક્રિયા મજબૂત થાય એને જ્ઞાનસાધનાનો માર્ગ ખૂલી જાય છે.

**અભિવ્યક્તિ અને પ્રત્યાયન :**

ભાષા વ્યક્તિનો અરીસો હોય છે. વિચારો, મંતવ્યો અને લાગણીઓનું માધ્યમ ભાષા છે. કથન અને લેખન એ એનાં માધ્યમો હોય છે. અભિવ્યક્તિ સબળ બને તેમ એનું પ્રત્યાયન અસરકારક બને છે.

**તાર્કિક ચિંતન :**

વિચારો અને લાગણીઓ અમૂર્ત હોય છે પણ એમને ભાષામાં રજૂ કરવામાં આવે છે. દુનિયાના અનુભવો, નિરીક્ષણોને મગજમાં ગોઠવવા માટે પણ આપણને ભાષાની જરૂર પડે છે. એમને વિશે વિચારવાનું જેટલું વ્યવસ્થિત રીતે થાય એટલું ચિંતન તર્કબદ્ધ થાય છે. એની ટેવ પાડવી પડે છે. કાર્યકારણ, અનુમાન અને ક્રમબદ્ધતા ભાષામાં આવેલી આવશ્યક હોય છે.

**વ્યાવહારિક ઉપયોજન :**

ભાષાનું કાર્ય જીવનવ્યવહાર ચલાવવાનું છે. ભાષાના ઉપયોગને, ઔપચારિક અને અનૌપચારિક, જાણીએ એટલું એનું ઉપયોજન અસરકારક થાય છે. આસપાસની પરિસ્થિતિ અને વ્યક્તિઓને ધ્યાનમાં રાખીને ભાષા પ્રયોજવાની હોવાથી એ બધાનો ખ્યાલ રાખવાનો હોય છે.

**સર્જનાત્મકતા :**

દરેક વ્યક્તિમાં સર્જનાત્મકતા હોય છે. જે વ્યક્તિને વધુ તક મળે એ વધુ સર્જન કરે છે. બાળકમાં રહેલ સર્જનશક્તિને પ્રોત્સાહન મળવું જોઈએ અને એ માટેની વધુ તકો ઊભી થવી જોઈએ.

**અન્ય વિષયો સાથે અનુબંધ :**

ભાષા એ વિષયોનું માધ્યમ હોવાથી દરેક વિષય સાથે એનો અનુબંધ હોય એ સ્વાભાવિક છે. ગણિત, વિજ્ઞાન, પર્યાવરણની વિવિધ સંકલ્પનાઓ સ્પષ્ટ થાય એ માટે અનુરૂપ ભાષાનું ઘડતર થવું જોઈએ. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ઊભો થાય તેમાં પણ ભાષા સહાયરૂપ બને છે. અન્ય ભાષાઓનું શિક્ષણ પણ એની માતૃભાષા સાથે સંલગ્ન હોય છે. અન્ય ભાષાઓને બાળક પોતાની માતૃભાષાના સંદર્ભે જ તુલનાથી શીખે છે. જેની માતૃભાષા સબળ એને માટે અન્ય ભાષા અને અન્ય વિષયો શીખવા સરળ હોય છે.

★ ★ ★

# સંસ્કૃત શા માટે ભણાવવું જોઈએ ?

સંસ્કૃત ભારતની સાંસ્કૃતિક રાષ્ટ્રભાષા છે. સમગ્ર રાષ્ટ્રને એકસૂત્રે બાંધનારી મહત્ત્વની કડી છે તેમજ માત્ર ભારતીય નહિ પણ વિશ્વની અનેક ભાષાઓની જનની છે. ઉપરાંત જગતની પ્રાચીનતમ ભાષા છે. જેથી ભારતીય શિક્ષણને સંસ્કૃતથી અલગ પાડીને જોવું એ અસંભવ છે. એટલે જ આપણા અભ્યાસક્રમમાં સંસ્કૃત ભાષાનું સ્થાન અચળ રહ્યું. વર્તમાન સમયમાં પ્રાથમિક કક્ષાએ સંસ્કૃત ભાષા શીખવવાના મહત્ત્વના હેતુઓ આ પ્રમાણે છે.

- સંસ્કૃત ભાષા માનવીય અને માનસિક વિકાસનું ઉત્તમ માધ્યમ બની શકે છે.
- ભાષાની પોતાની સંરચના વૈજ્ઞાનિક છે. જેથી કમ્પ્યૂટર વિજ્ઞાનિકો તેને કમ્પ્યૂટર માટેની સર્વોત્તમ ભાષા ગણે છે. સામાન્ય રીતે આ પ્રકારની શાસ્ત્રીય ભાષા અથવા શાસ્ત્રીય કલા અંગે અભ્યાસ થવાથી તેની અસર વ્યક્તિની વૈચારિક પ્રક્રિયા પર પડે છે અને તેનાથી માનસિક વિકાસ થાય છે. ઉપરાંત માનવીય વિકાસ માટે પણ એ જ વસ્તુ ઉપર્યુક્ત બને છે.
- સંસ્કૃત ભાષાના માધુર્ય અંગે કોઈ વિવાદને સ્થાન રહેતું નથી. આજે પણ અનેક પરિવારોમાં ગવાતી સ્તુતિઓ કે મંત્રોના જ્ઞાનથી વાતાવરણ સભર અને સરસ બને છે. આ જગ્યાએ અર્થબોધ ન થતો હોવા છતાં માત્ર ભાષાનાં માધુર્યથી આ પરિણામ આવે છે. આમ, ભાષાના માધુર્યને માણવા માટે પણ સંસ્કૃત ભાષાનું શિક્ષણ અનિવાર્ય રહે છે.
- સંસ્કૃત એ વિશ્વની સમૃદ્ધ ભાષાઓમાં અગ્રેસર છે તેમજ આપણી માતૃભાષા તેમજ રાષ્ટ્રભાષા ઉપરાંત અન્ય ભારતીય ભાષાઓ પણ શબ્દભંડોળ માટે સંસ્કૃત ભાષાની ઋણી છે. તેથી સંસ્કૃત ભાષા શીખવાને કારણે માતૃભાષા તેમજ રાષ્ટ્રભાષાની સમૃદ્ધિ આકસ્મિકપણે પ્રાપ્ત થાય છે. જેના કારણે અન્ય ભારતીય ભાષાઓ શીખવામાં પણ સંસ્કૃત ભાષાનું જ્ઞાન ઉપયોગી છે.
- સંસ્કૃત ભાષા પાસે અદ્વિતીય સાહિત્યસમૃદ્ધિ છે. આપણી તમામ ભારતીય ભાષાઓના સાહિત્ય ઉપર રામાયણ, મહાભારત જેવા ગ્રંથોની બહુ મોટી અસર જણાય છે. વર્તમાન સમયમાં પણ રચાતા અનેક સાહિત્યનું મૂળ આપણા આ મહાગ્રંથોમાં જોવા મળે છે. આ સાહિત્યને માણવા માટે ભાષાનું જ્ઞાન અનિવાર્ય થઈ પડે છે. જેથી તેનું સિંચન પ્રાથમિક કક્ષાએથી કરવામાં આવે એ જરૂરી છે.
- આપણા સમાજજીવનમાં અનેક સામાજિક પ્રસંગો તેમજ જાહેર સમારંભોમાં સંસ્કૃત ભાષાના મંત્રો, શ્લોકો તેમજ સ્તુતિઓનો ઉપયોગ થતો જોવા મળે છે. એ સૂચવે છે કે સંસ્કૃત એ આપણી સાંસ્કૃતિક ભાષા હોવા ઉપરાંત આપણા સમાજજીવનનું અભિન્ન અંગ છે.
- આપણા અનેક સરકારી વિભાગો, સંસ્થાઓ, જાહેર ક્ષેત્રોમાં શૈક્ષણિક અને અન્ય સંસ્થાઓ તેમજ ખાનગી ક્ષેત્રોમાં પણ એકાદ વાક્યને પોતાના ધ્યેયવાક્ય તરીકે મૂકવાની પ્રથા છે. આપણા રાષ્ટ્રના મુદ્રાલેખમાં सत्यमेव जयते લખાયેલું છે. આ પ્રમાણે મોટા ભાગના ધ્યેયવાક્ય તરીકે સંસ્કૃત ભાષાના સાહિત્યની કોઈ પંક્તિ કે સૂક્તિ મુકાયેલી જોવા મળે છે. જેમ કે - તાર, ટપાલ વિભાગની, જીવન વીમા નિગમની 'योगक्षेम वहाम्यहम्', ભારતીય સુપ્રીમ કોર્ટની આ પ્રમાણે લગભગ તમામ વિભાગોમાં સંસ્કૃત ભાષાનાં દર્શન થાય છે.

- ભારતીય જીવનપદ્ધતિ જેને સમગ્ર વિશ્વ આદરથી જુએ છે, તે તમામનાં મૂળ સંસ્કૃત ભાષામાં પડેલાં છે. માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, અતિથિદેવો ભવ વગેરે... તેના ઉદાહરણરૂપ છે.
- આપણા માનવીય વિકાસને પોષક અનેક મૂલ્યો સંસ્કૃત ભાષાના સાહિત્યમાં જોવા મળે છે. શિક્ષણનું ધ્યેય સુસંસ્કૃત માનવના નિર્માણનું પણ છે. આ ધ્યેયની સિદ્ધિ માટે વિચારનાં બીજ રોપવાનું કાર્ય સંસ્કૃત ભાષા સક્ષમ રીતે કરી શકે તેમ છે.
- પ્રસ્તુત હેતુઓ જોતાં સંસ્કૃત ભાષાને પ્રારંભિક તબક્કાથી સ્થાન આપવું શરૂ થતું હોવાથી ક્રમશઃ છઠ્ઠા ધોરણથી (૧૧ વર્ષની ઉંમરે) સંસ્કૃત ભાષાના શિક્ષણનો પ્રારંભ કરવામાં આવે તે ન્યાયપૂર્ણ બને છે.

★ ★ ★

## ધોરણ-૮ના અંતે વિદ્યાર્થીઓમાં અપેક્ષિત ગુણવિકાસ

- સંસ્કૃત ભાષા પ્રત્યે પ્રેમ અને ગૌરવ
- મૂલ્યોની સમજ
- રાષ્ટ્રપ્રેમ, માતૃપ્રેમ, અતિથિભાવના, આદરભાવ, સત્ત્વ, ચાતુર્ય, ધૈર્ય, વિનય, દયા, શ્રમ, કરૂણા, વિવેક, સમાનતા, સહિષ્ણુતા.
- ભાષા અભિવ્યક્તિ
- ઉચ્ચારશુદ્ધિ
- માધુર્યને માણે
- સંસ્કૃતિની ઓળખ
- અર્થગ્રહણ કૌશલ્યનો વિકાસ
- ભારતના વૈવિધ્યપૂર્ણ વારસાનું ગૌરવ
- સંસ્કૃત સંભાષણ

★ ★ ★

# શીખવાનાં લક્ષ્યો

- કક્ષા-૮ના અંતે વિદ્યાર્થીઓ ૫૦ જેટલાં સુભાષિતો, મંત્રો, શ્લોક, પ્રહેલિકા, ગીતો, કેટલીક ટૂંકી વાર્તાઓ, બોધકથા, પ્રસંગકથા સાંભળતો અને સમજતો થશે.
- સાદી સરળ વાતચીત, સંવાદ અને પાંચ-છ વાક્યોમાં સંસ્કૃત ભાષામાં વર્ણન કરતો થશે.
- સરળ પદ્યોનું શુદ્ધ ઉચ્ચાર સાથે પઠન કરતો થશે.
- સંધિયુક્ત શબ્દો સાથેનાં સ્વતંત્ર વાક્યો તેમજ નાના ફકરાનું શુદ્ધ વાંચન કરતો થશે.
- સાદા તથા જોડાક્ષરયુક્ત પદો સાથેના પરિચ્છેદનું શ્રુતલેખન કરતો થશે.
- સંસ્કૃતમાં વર્તમાનકાળ અને સામાન્ય ભવિષ્યકાળનો ઉપયોગ ભણતો થશે.
- હ્યસ્તન ભૂતકાળ, વિભક્તિની સમજ તથા સામાન્ય ઉપયોગી કૃદન્તનો વ્યાવહારિક ઉપયોગ જાણતો થાય.
- સ્વર સંધિ વિશે જાણતો થાય.
- પ્રારંભિક રીતે સંભાષણમાં જરૂરી એવાં સર્વનામો, વિશેષણો, અવ્યયોથી પરિચિત થશે.

★ ★ ★

# પાઠ્યપુસ્તક અને શિક્ષક આવૃત્તિ

આ વર્ષથી દરેક વિષયનાં પાઠ્યપુસ્તકો સાથે એ પાઠ્યપુસ્તકનું શિક્ષણકાર્ય કરવા ધ્યાનમાં રાખવાના મુદ્દાઓને આવરી લેતી શિક્ષક આવૃત્તિ આપવામાં આવી છે. પ્રસ્તુત પુસ્તકોની કેટલીક વિગતો આ પ્રમાણે છે :

- દરેક એકમમાં સરળ ભાષાનો ઉપયોગ થયો છે.
- એકમની રચના વખતે વિદ્યાર્થીને રોજબરોજના ઉપયોગમાં આવી શકે, તેવાં ભાષાબિંદુઓ તેમજ વાક્યરચનાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- વિદ્યાર્થીઓ માટેના પુસ્તકમાં સમાવિષ્ટ સ્વાધ્યાયની રચના પણ ધ્યાનપૂર્વક કરવામાં આવી છે. સ્વાધ્યાયમાં વિષયવસ્તુને બદલે વિદ્યાર્થી દ્વારા શીખવામાં આવેલ ભાષાનો ઉપયોગ કરવાનો થાય છે.
- 'ज्ञातव्यम्' શીર્ષક હેઠળ કેટલીક માહિતી આપવામાં આવી છે. આ માહિતી પાઠ્યપુસ્તકનો ભાગ નથી, મૂલ્યાંકનમાં તેની વિગતો સમાવવાની નથી, માત્ર વિશેષ જાણકારી મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ઉપયોગી બને તે હેતુ રહેલો છે.
- શિક્ષક આવૃત્તિમાં દરેક એકમનો વિકાસક્રમ આપવામાં આવ્યો છે. પ્રત્યેક તબક્કે શિક્ષકે કેવી રીતે આગળ વધવું તે તેમાં દર્શાવેલ છે.
- શિક્ષક આવૃત્તિના પ્રારંભનાં ચાર પાનાઓમાં પ્રારંભે સહચિંતન શીર્ષક હેઠળ સંસ્કૃત શિક્ષણની પદ્ધતિ અંગે ખ્યાલ આપવામાં આવ્યો છે. દરેક શિક્ષકે આ ભાગનું વાંચન કર્યા બાદ જ પાઠ્યપુસ્તકનો પ્રારંભ કરવો એ જરૂરી છે.

★ ★ ★

# શિક્ષણ પદ્ધતિ

વર્ગખંડમાં અપાતું શિક્ષણ ફલપ્રદ બને તે માટે યોગ્ય પદ્ધતિનો ઉપયોગ આવશ્યક છે. શિક્ષણની પ્રક્રિયામાં વિષયવસ્તુના જેટલું જ મહત્ત્વ પદ્ધતિને આપવામાં આવે છે. ઘણી વાર વિષયવસ્તુના જ્ઞાનમાં નિપુણ શિક્ષક પણ જે-તે વિષય શીખવવામાં નિષ્ફળ જાય છે, જેનું કારણ પદ્ધતિશાસ્ત્રનું અજ્ઞાન અથવા તેના ઉપયોગ અંગે પર્યાપ્ત કાળજી ન લેવાઈ હોય તેમ બની શકે છે.

સંસ્કૃત ભાષાના શિક્ષણમાં સામાન્ય રીતે વિવિધ ભાષાઓના અધ્યાપનમાં પ્રયોજાતી વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે. જેમ કે અનુવાદ પદ્ધતિ, વ્યાકરણ શિક્ષણ પદ્ધતિ, ભાષાબિંદુઓ વડે શિક્ષણ, ફંક્શનલ એપ્રોચ, સ્ટ્રક્ચર મેથડ, આગમન-નિગમન પદ્ધતિ, ડાયરેક્ટ મેથડ વગેરે. આ પૈકી વર્તમાન સમયમાં ફંક્શનલ એપ્રોચ તેમજ સંભાષણ પદ્ધતિનો વિનિયોગ કરવાનો આગ્રહ રાખવામાં આવે છે. આ પદ્ધતિઓના ઉપયોગથી ભાષાનાં પાયાનાં કૌશલ્યો શ્રવણ, કથન, વાચન અને લેખનનો સારી રીતે વિકાસ થઈ શકે છે તેવો અનુભવ છે. ભાષાશિક્ષણની વિવિધ પદ્ધતિઓ અંગે આપણે જાણીએ છીએ. તેથી અત્રે તેનું નિરર્થક પુનરાવર્તન કરવાને બદલે સંસ્કૃત ભાષાની સંભાષણ પદ્ધતિ અંગે જાણકારી મેળવીશું.

**સંભાષણ પદ્ધતિ :**

**અર્થ :**

ભાષાને શીખવા માટે સૌપ્રથમ શ્રવણ અને કથનના માધ્યમનો ઉપયોગ કરી, તેમાં સફળતા મેળવ્યા બાદ વાચન અને લેખનનાં સોપાનો સિદ્ધ કરવાની કળા સંભાષણ પદ્ધતિમાં રહેલી છે. વ્યવહાર ભાષાને પારસ્પરિક વાતચીતના માધ્યમથી શીખવાની પદ્ધતિ એટલે સંભાષણ પદ્ધતિ.

સંભાષણ પદ્ધતિમાં વ્યાકરણની પળોજણમાં પડવાનું હોતું નથી, વ્યાકરણના નિયમો શીખવ્યા વિના માત્ર ભાષાના ઉપયોગ ઉપર વધારે ધ્યાન આપવામાં આવે છે. અહીં જ્ઞાત ઉપરથી અજ્ઞાત ઉપર જવાનું હોય છે. શીખનાર વ્યક્તિ જે જાણતો હોય તેના વડે અજ્ઞાત રહેલાં ભાષાનાં તત્ત્વો તરફ પ્રેરવામાં આવે છે. અધ્યેતાના આત્મવિશ્વાસને દઢ કરવાનો પ્રયાસ કરવા અને તેને નિર્ભીક રીતે બોલવા પ્રેરણા આપવામાં આવે છે. આ સમયે અધ્યેતા દ્વારા કરવામાં આવતી ક્ષતિઓ ધીરજપૂર્વક સુધારવા પ્રયત્ન કરવામાં આવે છે.

સંભાષણ પદ્ધતિમાં મહત્ત્વની બાબત એ છે કે નિયત અભ્યાસબિંદુનું શિક્ષણકાર્ય રમતો દ્વારા, રોલપ્લે દ્વારા ઉપરાંત વિવિધ પ્રયુક્તિઓ દ્વારા કરવામાં આવે છે. જેથી અધ્યેતાને શિક્ષણનો ભાર લાગતો નથી અને સહજપણે ભાષાના વ્યવહારને આત્મસાત્ કરી શકે છે.

સંભાષણ પદ્ધતિ અંગે આટલો ખ્યાલ મેળવ્યા પછી એમ કહી શકાય કે, આ પદ્ધતિ એટલે સહજ ક્રિયાઓ દ્વારા, અધ્યેતાના આત્મવિશ્વાસને જાગ્રત કરીને, શીખવવાના મુદ્દાને નાનાં-નાનાં બિંદુઓમાં વિભાજિત કરી, પ્રત્યેક બિંદુને શીખવતાં વ્યવહાર ભાષા આત્મસાત્ કરવાની કળા.

**મહત્ત્વ :**

પ્રવર્તમાન સમયમાં સંસ્કૃત ભાષા સામાન્ય રીતે વ્યવહારભાષા તરીકે રહી નથી તેમ માનવામાં આવે છે. આમ છતાં તેના આંતરિક માધુર્ય અને સત્ત્વને કારણે આ ભાષા આપણા રાષ્ટ્રમાં જીવંત રહી છે. આવી અખિલમ્ મધુરમ્ સંસ્કૃત ભાષા શીખવા માટે સંભાષણ ઉત્તમ ઉપકરણ હોવાનું વૃદ્ધજનો સ્વીકારે

છે. માનવસ્વભાવની ખાસિયત છે કે તે આંખથી જુએ છે, કાનથી સાંભળે છે અને પછી મુખ તેમજ આંગિક અભિનયમાં તેનું અનુકરણ કરે છે. આ સ્વભાવગત વિશિષ્ટતાનો સ્વીકાર કરીને રચાયેલ આ પદ્ધતિ સ્વયમ્ મહત્ત્વપૂર્ણ છે. તેના મહત્ત્વને ઉજાગર કરતી કેટલીક બાબતો નોંધીએ.

- ભાષાનો પાયાનો ઉપયોગ છે બોલવું, જેથી કોઈપણ ભાષા શીખવા માટે તે યોગ્ય ઉચ્ચારણોથી શિખાય તે જરૂરી છે. સંભાષણ પદ્ધતિમાં પરસ્પર સંવાદ થતો હોવાથી ઉચ્ચારણ ઉપર વિશેષ ધ્યાન આપી શકાય છે.
- સંસ્કૃત ભાષાના હલન્ત, હ્રસ્વ, દીર્ઘ, વિસર્ગ તેમજ અનુનાસિકોના ઉચ્ચારણોનો ખ્યાલ આપવા આ પદ્ધતિ ખૂબ જ જરૂરી બની જાય છે.

  ઉદાહરણ : जनः નો ઉચ્ચાર जनह, जनाः નો ઉચ્ચાર जनाहा પણ जनैः નો ઉચ્ચાર जनहै થાય. हरिः નો ઉચ્ચાર हरिहि થાય છે. આનો ખ્યાલ વાંચવાથી આવી શકે નહિ.
- આપણી માતૃભાષાની ગંગોત્રી સંસ્કૃત છે. પરિણામે ગુજરાતીમાં ઘણા તત્સમ્ (સંસ્કૃત ભાષાના જ) મળી આવે છે. દા.ત., અતિથિ, મનુષ્ય, ભોજન, શયન, ચર્ચા, વિવાદ આવા સહસ્રો શબ્દોનો ભંડાર આપણા માટે સહજ ઉપલબ્ધ છે. તેનો ઉપયોગ આ પદ્ધતિમાં કરીને જ્ઞાત ઉપરથી અજ્ઞાત ઉપર લઈ જવામાં આવે છે અને અધ્યેતાને પણ કશું જ અજાણ્યું શીખવાનું છે, તેવો ભાર લાગતો નથી.
- વર્તમાન સમયમાં શિક્ષણ મેળવવાની પ્રક્રિયા આનંદદાયી અને પ્રવૃત્તિમય બને, તેના ઉપર ખાસ કરીને માનસશાસ્ત્રીઓ ભાર મૂકે છે. સંભાષણ પદ્ધતિમાં આ બન્નેનો સુમેળ જોવા મળે છે.
- કોઈપણ ભાષા પ્રારંભિક તબક્કે ક્ષતિઓ સાથે જ શીખી શકાય છે. સંભાષણ પદ્ધતિમાં આ મૂળભૂત સત્યનો સ્વીકાર કરવામાં આવ્યો છે. અધ્યેતાને પ્રારંભમાં માત્ર બોલવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. તેમાં સાચું-ખોટું જોવાના બદલે અધ્યેતાની ક્ષતિઓને ધીમેથી, ધીરજપૂર્વક અને કૂનેહપૂર્વક દૂર કરવા પ્રયત્ન કરવામાં આવે છે. પરિણામે અધ્યેતાના આત્મસન્માનને ઠેસ પહોંચતી નથી તેમજ તે બોલવાનો મહાવરો કરવા પ્રેરાય છે.
- સંભાષણમાં અનુવાદનો આશ્રય લેવામાં આવતો નથી. સંસ્કૃત ભાષા સંસ્કૃતના માધ્યમથી જ શીખવવામાં આવે છે. પરિણામે અનુવાદ પદ્ધતિની ખામી અહીં દૂર રહે છે.
- શિક્ષક દ્વારા વર્ગવ્યવહાર સંસ્કૃતમાં કરવામાં આવે તેવો આગ્રહ (દુરાગ્રહ નહિ) રાખવામાં આવે છે. આ વર્ગવ્યવહારમાં શિક્ષક આંગિક અભિનયનો પણ ઉપયોગ કરે છે અને તેનો સીધો લાભ અધ્યેતાને મળે છે.
- સંસ્કૃતમાં જ વર્ગવ્યવહાર અને અનુવાદ નહિ - આ બન્ને આગ્રહ હોવા છતાં માતૃભાષાના ઉપયોગને સર્વથા ત્યાજ્ય ગણવામાં આવતો નથી, એ આ પદ્ધતિની વિશેષતા છે. જરૂર પડ્યે ત્યાં માતૃભાષાનો ઉપયોગ આવકાર્ય ગણવામાં આવે છે. ખાસ કરીને જ્યારે સૂચનાઓ આપવાની હોય કે સામાન્ય સમજૂતીનો આગ્રહ હોય ત્યારે અધ્યેતાઓની સરળતા માટે માતૃભાષાનો ઉપયોગ કરવાની છૂટ આ પદ્ધતિમાં લઈ શકાય છે.
- શ્રવણ, ભાષણ, વાંચન, લેખન એ ભાષાશિક્ષણનાં સોપાનો છે. આ સોપાનોના ક્રમશઃ વિકાસ ઉપર આ પદ્ધતિમાં ભાર મૂકવામાં આવે છે. આમ માનસશાસ્ત્રીય દૃષ્ટિએ પણ આ પદ્ધતિ અગત્યની બની રહે છે.

- ભાષાના વ્યાવહારિક પાસા ઉપર ભાર મુકાતો હોવાથી વર્ગખંડની બહાર પણ અધ્યેતાઓને તેના અભ્યાસની પૂરતી તકો પ્રાપ્ત થાય છે.
- સમગ્ર બાબતો એક સાથે શીખવી દેવાની વાત આ પદ્ધતિમાં સ્વીકાર્ય નથી. અભ્યાસનાં બે-ત્રણ બિંદુઓ લઈ તેના ઉપયોગ ઉપર ભાર મૂકવામાં આવે છે, પરિણામે તેની અસરકારકતા વધારે રહે છે.
- સંભાષણ પદ્ધતિમાં અત્યંત મહત્ત્વપૂર્ણ વાત એ છે કે અહીં અધ્યેતાને સક્રિય રાખવામાં આવે છે. અધ્યેતાને વ્યક્તિગત રીતે માર્ગદર્શન આપવામાં આવે છે. શિક્ષક પણ દરેકને વ્યક્તિગત રીતે માર્ગદર્શન આપી શકે તે માટેનો અવકાશ રહે છે.
- પુનરાવર્તન, દઢીકરણ તેમજ ઉપચારાત્મક શિક્ષણની પૂરતી તકો આ પદ્ધતિમાં પ્રાપ્ત થાય છે.
- વર્ગખંડનું વાતાવરણ જીવંત બને છે અને શિક્ષણકાર્ય અસરકારક બને છે.

**સંભાષણ પદ્ધતિની પ્રવૃત્તિઓ :**

સંભાષણ પદ્ધતિથી શિક્ષણકાર્ય કરવા માટે વર્ગખંડ પ્રવૃત્તિઓથી સભર બની રહે તે જરૂરી છે. સામાન્ય રીતે વિવિધ ભાષાઓના શિક્ષણકાર્યમાં ઉપયોગમાં લેવાતી ઘણી પ્રવૃત્તિઓ આમાં આમેજ થઈ જાય છે. તેથી અત્રે સંસ્કૃત ભાષાને લક્ષમાં રાખી વિશેષ પ્રવૃત્તિઓ અંગે થોડીક ચર્ચા કરીએ.

- શિક્ષક દ્વારા વર્ગવ્યવહાર સંસ્કૃત ભાષામાં કરવામાં આવે તે જરૂરી છે. તમામ શિક્ષકો ધારા-પ્રવાહરૂપે સંસ્કૃતમાં બોલી શકે તેમ સંભવિત નથી પણ સામાન્ય વ્યવહારમાં કેટલાંક વાક્યો વારંવાર ઉપયોગમાં લઈ શકાય છે. જેમ કે, नमो नमः । उपविशतु । उत्तिष्ठतु । ध्यानं ददातु। गीतं गायतु । पुस्तकं पठतु । वातायनम् उद्घाटयतु । उत्तरं ददातु ।
- સંસ્કૃત ભાષાનાં ગીતો, સુભાષિતો વગેરેનું જ્ઞાન તેમજ પઠન વારંવાર કરવામાં આવે તો વિદ્યાર્થીઓ તેના તાલ, લય અને ઢબથી પરિચિત થાય. સંધિયુક્ત શબ્દોના ઉચ્ચારણથી પણ અવગત થાય. આ માટે ઓડિયો કેસેટ/સીડીનો ઉપયોગ પણ લાભદાયી બની શકે.
- શાળાની પ્રાર્થનાસભામાં સુભાષિતો-શ્લોકો તેમજ મંત્રોને આવરી લેવાથી વર્ગખંડના કાર્યભારને હળવો કરી શકાય. આ સમયે વિદ્યાર્થીઓના માનસમાં વર્ગના કાર્યનો ભાર હોતો નથી. આમ છતાં તે ભાષાને આત્મસાત્ કરે છે. પ્રાર્થનાની પૂર્વતૈયારી સમયે પણ ઓડિયો કેસેટ દ્વારા કેટલાંક પદ્યો રજૂ કરવામાં આવે તો તે ફળદાયી બને છે.
- વર્ગખંડના કાર્યમાં ફ્લેશકાર્ડ્ઝ, ભીંતચિત્રો તેમજ સાભિનય રજૂઆત અપેક્ષિત રહે છે.
- ભાષાના વિવિધ કૌશલ્યોના વિકાસ માટે શિક્ષક દ્વારા ભાષાક્રીડા (રમતો) ઉપયોગી બની શકે છે. તેનો વધુમાં વધુ ઉપયોગ કરવો જોઈએ.
- તેજસ્વી વિદ્યાર્થીઓના સહયોગથી વર્ગખંડમાં તેમજ શાળાના સમૂહ કાર્યક્રમોમાં સંસ્કૃત ભાષાના કાર્યક્રમોની રજૂઆત કરી શકાય.
- સંસ્કૃત ભાષામાં બાળગીતો, અભિનયગીતો, જોડકણાં તેમજ મનોરંજક કથાઓ - ટુચકાઓ ઉપલબ્ધ થાય છે. શિક્ષકે તે મેળવીને તેનો ઉપયોગ કરવો ઘટે.
- નાની-નાની વસ્તુઓ નિર્દેશી તેનું વર્ણન સરળ સંસ્કૃત ભષામાં - ટૂંકાં વાક્યોમાં કરવું જોઈએ.

- વર્ગખંડમાં વિદ્યાર્થીને અભિવ્યક્ત થવાની પૂરતી મોકળાશ આપવી જોઈએ. વિવિધ કાર્યક્રમોમાં તેની સામેલગીરી કરવી જોઈએ. સુભાષિત ગાનસ્પર્ધા-સંવાદ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવું જોઈએ.
- किम्, कदा, कुत्र જેવા પ્રશ્નવાચક સર્વનામોના ઉપયોગથી શક્ય તેટલા વધુમાં વધુ પ્રશ્નો પૂછી તેનો ઉત્તર મેળવવાનો પ્રયત્ન કરવો અનિવાર્ય રહે છે.
- દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ, ચિત્રો તેમજ અધ્યયન-અધ્યાપન સામગ્રીનો મહત્તમ ઉપયોગ આ પદ્ધતિની સફળતા માટે અનિવાર્ય છે. જેમ કે, શાળાના માનચિત્ર (નક્શા દ્વારા) प्रार्थनाखण्डः कुत्र अस्ति ? अत्र अस्ति । आचार्यखण्डस्य समीपे अस्ति । જેવાં વર્ણનાત્મક વાક્યોનો ઉપયોગ થઈ શકે છે.
- સંસ્કૃત સાહિત્યની રસપૂર્ણ કૃતિઓમાંથી કથાઓ, પ્રસંગો, મનભાવન શ્લોકો વગેરેની રજૂઆત કરવાથી સંસ્કૃત ભાષામાં રસ જાગ્રત થાય છે.

આમ, વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સંભાષણ પદ્ધતિને સફળ બનાવી શકાય છે. અધ્યેતાના રસને જાગ્રત કરી - વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી સંસ્કૃત ભાષાને આત્મસાત્ કરવા પ્રેરી શકાય છે. આપણા પ્રાચીન જ્ઞાનભંડાર સાહિત્ય, કલા, શિલ્પ જેવા વિષયોનો ગહન અભ્યાસ કરવા ઈચ્છનારે સંસ્કૃત ભાષાનું જ્ઞાન મેળવવું જરૂરી બની જાય છે. વિશ્વના શ્રેષ્ઠ સાહિત્ય પૈકીનું સાહિત્ય આ ભાષામાં ઉપલબ્ધ છે, પરંતુ મમ્મટે કહ્યું છે તેવા બ્રહ્માનંદ સહોદર આનંદની પ્રાપ્તિ માટે એ સાહિત્યનું આકંઠ પાન કરવું રહ્યું.

સારી ભાષા અને સાહિત્યની પ્રાપ્તિ થવી તે પણ સદ્ભાગ્ય ગણાય છે. એક સુભાષિતમાં આ વાત સરસ રીતે રજૂ કરવામાં આવી છે :

**सरसा सालङ्कारा सुपदन्यासा सुवर्णमयमूर्तिः ।**
**आर्या तथैव भार्या न लभ्यते पुण्यहीनेन ॥**

રસવાળી, અલંકારથી શોભતી, સારા પદન્યાસવાળી (જેનાં પદો સરસ રીતે ગોઠવાયેલાં છે તેમજ સરસ રીતે પગલાં પાડતી કે ચાલતી) જેની કાંતિ સુવર્ણમય છે તેવી આર્યા (છંદની રચના) અને પત્ની પુણ્યરહિત પુરુષને મળતી નથી.

## શુદ્ધ અને સુવાચ્ય લેખનની રીતો :

ભાષાશિક્ષણમાં લેખિત અભિવ્યક્તિના કૌશલ્યને મહત્ત્વપૂર્ણ ગણવામાં આવે છે. શ્રવણ-કથન અને વાચનના કૌશલ્યોના વિકાસનું પરીક્ષણ લેખિત અભિવ્યક્તમાં સમાવિષ્ટ થાય છે. લેખન કૌશલ્યના વિકાસ માટેની વિવિધ પદ્ધતિઓ આપણે અન્ય ભાષાઓમાં શીખીએ છીએ. સંસ્કૃત ભાષાના સંદર્ભમાં ધ્યાનમાં રાખવાની કેટલીક વિગતોને અહીં યાદ કરી લઈએ :

- જોડાક્ષરોના અનુલેખનની પ્રવૃત્તિ પ્રાથમિક કક્ષાએ ખાસ કરાવવાની રહે છે. દેવનાગરી લિપિમાં કેટલાક સંયુક્તાક્ષરો વિશિષ્ટ રીતે લખાય છે : द् + य = द्य । र् + क् + अ = र्क । क् + र् + अ = क्र । ह् + य = ह्य । त् + ऋ = तृ । ह + म + अ = ह्म । આ પ્રકારના સંયુક્તાક્ષરોના લખાણમાં ભૂલો ન થાય તે માટે સાવધાની રાખવાની જરૂર છે. કેટલીક વાર द् + य = द्य । ध् + ध = ध्ध । આ પ્રકારના સંયુક્તાક્ષરો તેમજ ध् + य = ध्य માં પસ્પરનો ભેદ ન સમજાવાથી પણ ક્ષતિઓ થાય છે. વિદ્યાર્થીમાં द् + य = द्य થયેલું છે, જ્યારે ધ્યાન માં ध् + य = ध्य થયેલું છે, તેની સમજ આવશ્યક બની રહે છે.

- ફ્લેશકાર્ડ અથવા ચાર્ટસમાં જોડણીમાં ક્ષતિ થવાની સંભાવના હોય તેવા શબ્દો બતાવવા. નિરીક્ષણ માટે પૂરતો સમય આપ્યા બાદ તે જ શબ્દોનું શ્રુતલેખન કરાવવું. આ પ્રકારની પ્રવૃત્તિ હાથ ધરવાથી વિદ્યાર્થીઓમાં શબ્દોની જોડણી સાચી રીતે લખવાની આદત કેળવાય છે.
- વર્ગમાં વિદ્યાર્થીઓને મુક્ત લેખનની પર્યાપ્ત તક પ્રાપ્ત થવી જોઈએ. પાઠ્યપુસ્તકમાંથી ગમતા ભાગનું લેખન કરવામાં તેઓ ઉત્સાહ બતાવતા હોય છે. સાથે સાથે પોતાને સ્મરણમાં હોય તેવાં વાક્યો, ગમતા શબ્દો, પોતે વ્યવહાર કરતા હોય તેવાં વાક્યો, સૂક્તિઓ વગેરેનું લેખન કરવાનો સમય પણ મળવો જોઈએ.
- કંઠસ્થ થયેલાં સુભાષિતોનું લેખન કરવાનો અભ્યાસ કરાવી શકાય. ગદ્ય અને પદ્ય લેખનમાં જે તફાવત હોય તે પણ તેમના ધ્યાન ઉપર લાવવા જોઈએ.
- ભાષાશિક્ષણ રસપ્રદ અને આનંદદાયી બની રહે તે માટે ભાષારમતો સહાયભૂત બની રહે છે. શિક્ષક દ્વારા બોલાયેલા અંકોને શીઘ્રતાથી લખવા, બે-બેનાં જૂથમાં ઝડપથી શબ્દ લખવાની સ્પર્ધા, સુભાષિત લેખનની સ્પર્ધા, બુલેટિન બૉર્ડમાં સંસ્કૃત ભષાનાં સરળ સુભાષિતો, રમૂજ કથાઓ, સૂક્તિઓ લખવા અને તેને સુશોભિત કરવાનું કાર્ય આ પ્રકારની રમતો અને પ્રવૃત્તિઓ સતત થતી રહે તો લેખનકાર્યમાં ચોક્સાઈ આવી શકે છે.
- વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતા સ્વાધ્યાય, ગૃહકાર્ય તેમજ અન્ય પ્રકારના લેખનકાર્યની કાળજીપૂર્વકની તપાસ શિક્ષક દ્વારા થવી જોઈએ. લેખન દરમિયાન થતી ક્ષતિઓ પ્રત્યે વિદ્યાર્થીઓનું ધ્યાન દોરવું જોઈએ. એ માટે શિક્ષક દ્વારા ઉપયોગમાં લેવાતાં ચિહ્નોથી બાળકોને પરિચિત કરવાં અને તેનું અનુકાર્ય થાય તેનું ધ્યાન આપવાની આવશ્યકતા રહે છે.
- વિદ્યાર્થીઓને સારા અને સુવાચ્ય અક્ષરોનાં લક્ષણોથી પરિચિત કરવા જોઈએ, જેમાં સંસ્કૃત ભાષાની દેવનાગરી લિપિના અક્ષરોનો મરોડ, અક્ષરોનું સપ્રમાણ કદ, બે અક્ષરો તેમજ શબ્દો વચ્ચે ઉપરાંત લીટીઓ વચ્ચેના પ્રમાણસર અંતરનો ખ્યાલ, વિરામચિહ્નોનો ઉપયોગ, લખાણમાં સ્વચ્છતા, સીધી લીટીમાં લખાણ, અક્ષરો સ્થૂળ કે કૃશ ન થઈ જાય તેનું ધ્યાન, શિરોરેખા વગેરે બાબતો ઉપર ભાર મૂકવો જોઈએ. આ માટે વિદ્યાર્થીઓનું સામૂહિક તેમજ વ્યક્તિગત સ્તરે વારંવાર ધ્યાન દોરવું અનિવાર્ય રહે છે.
- સુંદર અક્ષરો માટે વિદ્યાર્થીઓની બેસવાની પદ્ધતિ, પેન પકડવાની પદ્ધતિ, લેખનસામગ્રી પણ અગત્યની રહે છે. તે માટે વર્ગખંડમાં અનુલેખન અને શ્રુતલેખનની પ્રવૃત્તિ કરાવતી વખતે શિક્ષકે સૂક્ષ્મ નિરીક્ષણ કરતા રહેવું જોઈએ અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવું જોઈએ.
- કોઈપણ બાબતનો વધુમાં વધુ મહાવરો તેમાં સારી સફળતા આપે છે. બાળકો નિયમિતપણે લખવાની ટેવ પાડે તે માટે પ્રેરવા જોઈએ.
- વર્ગમાં સારા અક્ષરે લખતાં બાળકોનું લખાણ દરેકને બતાવવું જોઈએ અને સારા અક્ષરે લખનારને પ્રોત્સાહિત કરવા અનિવાર્ય રહે છે.
- ભાષામાં સાચી જોડણીનું મહત્ત્વ વિદ્યાર્થીઓને સમજાવવું જોઈએ. તેઓ જોડણીમાં ક્યાં ક્યાં ક્ષતિઓ કરે છે તેનું નિરીક્ષણ કરી અને તેની સુધારણા માટે ઉપચારાત્મક કાર્યક્રમ હાથ ધરવો જોઈએ.

આમ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને સુવાચ્ય અને શુદ્ધલેખનની ટેવ પડે તે આવશ્યક છે.

★ ★ ★

# વ્યાવહારિક વ્યાકરણ

જે લોકો ભાષાનો ઉપયોગ વ્યવહાર માટે જ કરવાના હોય તેમના માટે વ્યાકરણની જરૂર નથી. વ્યાકરણના જ્ઞાન વિના પણ વ્યવહાર ભાષા શીખી શકાય છે અને તેના ઉપયોગમાં સમર્થ બની શકાય છે. પણ બીજાઓને ભાષા શીખવનાર માટે વ્યાકરણના વ્યાવહારિક પાસાનું જ્ઞાન હોય તો ઘણી સુગમતા રહે છે. શિક્ષક તરીકે પાયાના વ્યાકરણની સમજ અનિવાર્ય રહે છે.

**પરિચય :**

આપણે વ્યાવહારિક વ્યાકરણનો પ્રારંભ પરસ્પર પરિચયથી કરીએ.

શિક્ષક : (મૂકેશને) भवतः नाम किम् ?

મૂકેશ : मम नाम् मूकेशः ।

શિક્ષક : (કૃપાને) भवत्याः नाम किम् ?

કૃપા : मम नाम कृपा ।

ઉપર્યુક્ત સંવાદમાં ધ્યાનમાં આવ્યું હશે કે, જ્યારે પુરુષને (છોકરાને) પ્રશ્ન પૂછવો હોય તો भवतः (આપનું) શબ્દનો ઉપયોગ થયો છે જ્યારે મહિલા (છોકરીને) પ્રશ્ન પૂછવા માટે भवत्याः (આપનું) શબ્દનો ઉપયોગ થયો છે.

શિક્ષક (મૂકેશને) भवान् मूकेशः ।

(સ્મૃતિને) भवती स्मृति ।

भवान् (આપ-તમે) भवतः (આપનું-તમારું) પુલ્લિંગ માટે

भवती (આપ-તમે) भवत्याः (આપનું-તમારું) સ્ત્રીલિંગ માટે

આ ઉપરાંત अहम् (હું) અને मम (મારું) આટલાં રૂપો યાદ રાખો અને નીચેનાં વાક્યો વાંચો :

मम नाम नरेन्द्रः । भवतः नाम इन्द्रः । अहं शिक्षकः । भवान् वैद्यः । भवत्याः नाम वाणी । भवती लेखिका ।

હવે વર્ગખંડમાં થતા આ વાર્તાલાપને સમજો :

શિક્ષક : (દૂર ઊભેલી વીણાને બતાવીને) सा कन्या । तस्याः नाम वीणा । सा छात्रा ।

શિક્ષક : (દૂર ઊભેલા પ્રબોધને બતાવીને) सः प्रबोधः । तस्य नाम प्रबोधः । सः छात्रः ।

**વિચારો અને સમજો :**

અહીં કેટલાંક સર્વનામોનો પરિચય મેળવ્યો છે. આ સર્વનામો પ્રથમા અને ષષ્ઠી વિભક્તિમાં વપરાયાં છે. તેનું પુનરાવર્તન કરીએ.

| | | |
|---|---|---|
| પુલ્લિંગ | अहम् (હું) | मम (મારું) |
| | भवान् (આપ) | भवतः (આપનું) |
| | सः (તે) | तस्य (તેમનું) |

| | | |
|---|---|---|
| સ્ત્રીલિંગ | अहम् (હું) | मम (મારું) |
| | भवती (આપ) | भवत्याः (આપનું) |
| | सा (તે) | तस्याः (તેમનું) |

આટલાં સર્વનામોને આધારે શક્ય તેટલાં વાક્યો બોલો અને લખો.

**નામ અને ક્રિયાપદ :**

**અહીં આપેલા વાક્યો વાંચો.**

गजः चलति । હાથી ચાલે છે. शीला पठति । શીલા વાંચે છે.

सचीनः धावति । સચીન દોડે છે. कमलं विकसति । કમળ ખીલે છે.

वन्दना नमति । વંદના નમે છે. वरुणः हसति । વરૂણ હસે છે.

उदयः लिखति । ઉદય લખે છે. क्षमा गायति । ક્ષમા ગાય છે.

આ વાક્યોમાં गजः, शीला, सचीनः, कमलम्, वन्दना, वरुणः, उदयः, क्षमा વગેરે નામો છે. કોઈ અવયવ, પ્રાણી, દિશા, જૂથ, વસ્તુ, વૃક્ષ, પક્ષી વગેરેનાં નામો વાક્યમાં હોઈ શકે. આવા શબ્દોને સંજ્ઞા કે નામ તરીકે ઓળખવામાં આવે છે.

પ્રસ્તુત વાક્યોમાં चलति, पठति, धावति, विकसति, नमति, हसति, लिखति અને गायति જેવાં જે પદનો ઉપયોગ થયો છે તે ક્રિયાનાં સૂચક છે, તેમને ક્રિયાપદ કહે છે.

નામપદ અને ક્રિયાપદના ઉપયોગથી વાક્ય બને છે. વાક્યરચનામાં નામ, ક્રિયાપદ ઉપરાંત સર્વનામ, અવ્યય વગેરેનો પણ ઉપયોગ થાય છે.

अहम्, भवान्, भवति, सः, सा, एषः, एषा, तत्, ते વગેરે સર્વનામો છે, જ્યારે गन्त्री गच्छति । (ગાડી જાય છે) अग्रे गच्छति । पुष्ठे गच्छति । मन्दं गच्छति । शीघ्रं गच्छति । वक्रं गच्छति । सरलं गच्छति ।

આ વાક્યોમાં अग्रे, पुष्ठे, मन्दम्, शीघ्रम्, वक्रम् અને सरलम् જેવા શબ્દોનો ઉપયોગ થયો છે. કોઈપણ પુરુષ, વચન, લિંગમાં આ શબ્દો કોઈપણ જાતના ફેરફાર વગર વપરાય છે, તેથી તે અવ્યય છે.

આટલી સમજ બાદ આપણે નામપદ અને ક્રિયાપદનો ઉપયોગ કરી કેટલીક સાદી વાક્યરચનાઓ જરૂર કરી શકીશું.

शीला पठति । આ વાક્યમાં शीला એ पठति ક્રિયાપદની કર્તા છે. વાંચવાનું કામ કરનાર શીલા છે એટલે ક્રિયાપદે કર્તાને અનુસરવું પડે છે. જો કર્તા તરીકે अहम् આવે તો ક્રિયાપદ કર્તાને અનુસરીને બદલાશે.

अहं पठामि । હું વાંચું છું. કર્તા શીલા હોય તો पठति ક્રિયાપદ આવે, પણ अहम् હોય તો पठामि થાય.

**વિચારો અને સમજો :**

| | **એકવચન** | **દ્વિવચન** | **બહુવચન** |
|---|---|---|---|
| પ્રથમ પુરુષ | <u>मि</u> | वः | <u>मः</u> |
| બીજો પુરુષ | सि | थः | थ |
| ત્રીજો પુરુષ | <u>ति</u> | तः | <u>अन्ति</u> |

અહીં વર્તમાનકાળના પરસ્મૈપદના પ્રત્યયો દર્શાવ્યા છે. मि, मः, ति અને अन्ति ઘાટા કરવામાં આવ્યા છે. એટલે એ પ્રત્યયો પ્રત્યે ધ્યાન આપવામાં આવે અને તેનો ઉપયોગ કરવામાં આવે તો સરળ સંભાષણમાં ચાલી શકે. બાકીના પ્રત્યયોનો ઉપયોગ પણ ખરો. પણ આપણા અભ્યાસક્રમને સંબંધ છે ત્યાં સુધી તેનો વિશેષ ઉપયોગ કરવામાં આવ્યો નથી.

| | |
|---|---|
| अहं हसामि । (હું હસું છું.) | क्षमा हसति । (ક્ષમા હસે છે.) |
| अहं गायामि । (હું ગાઉં છું.) | वन्दना गायति । (વંદના ગાય છે.) |
| अहं लिखामि । (હું લખું છું.) | सचीनः लिखति । (સચીન લખે છે.) |

**વાક્યરચના :**

- **सः (મૂળ શબ્દ तद्) પુલ્લિંગ એકવચન**

सः रामः । તે રામ છે.

सः गणेशः । તે ગણેશ છે.

सः बालकः । તે બાળક છે.

- **सा (મૂળ શબ્દ तद्) સ્ત્રીલિંગ એકવચન**

सा सीता । તે સીતા છે.

सा रमा । તે રમા છે.

सा सरस्वती । તે સરસ્વતી છે.

सा लेखनी । તે કલમ છે.

- **तत् (મૂળ શબ્દ तद्) નપુંસકલિંગ એકવચન**

तत् व्यजनम् । તે પંખો છે.

तत् द्वारम् । તે દ્વાર છે.

तत् चित्रम् । તે ચિત્ર છે.

तत् वातायनम् । તે બારી છે.

- **एषः (મૂળ શબ્દ तद्) પુલ્લિંગ એકવચન**

एषः रामः । આ રામ છે.

एषः गणेशः । આ ગણેશ છે.

एषः बालकः । આ બાળક છે.

- **एषा (મૂળ શબ્દ तद्) સ્ત્રીલિંગ એકવચન**

एषा सीता । આ સીતા છે.

एषा रमा । આ રમા છે.

एषा सरस्वती । આ સરસ્વતી છે.

- **एतत् (મૂળ શબ્દ तद्) નપુંસકલિંગ એકવચન**

एतत् व्यजनम् । આ પંખો છે.

एतत् द्वारम् । આ દ્વાર છે.

एतत् चित्रम् । આ ચિત્ર છે.

एतत् वातायनम् । આ બારી છે.

**આ સર્વનામનાં બહુવચનનાં રૂપો નીચે પ્રમાણે થાય છે :**

- **ते (મૂળ શબ્દ तद्) પુલ્લિંગ બહુવચન**

ते युवकाः । તે યુવકો છે. (બેથી વધારે)

ते बालकाः । તે બાળકો છે. (બેથી વધારે)

ते छात्राः । તે વિદ્યાર્થીઓ છે. (બેથી વધારે)

- **ताः (મૂળ શબ્દ तद्) સ્ત્રીલિંગ બહુવચન**

ताः बालाः । તે બાલિકાઓ છે. (બેથી વધારે)

ताः भगीन्यः । તે બહેનો છે. (બેથી વધારે)

ताः अङ्गुल्यः । તે આંગળીઓ છે. (બેથી વધારે)

- **तानि (મૂળ શબ્દ तद्) નપુંસકલિંગ બહુવચન**

तानि व्यजनानि । તે પંખાઓ છે. (બેથી વધારે)

तानि द्वाराणि । તે દરવાજા છે. (બેથી વધારે)

तानि वातायनानि । તે બારીઓ છે. (બેથી વધારે)

- **एते (મૂળ શબ્દ एतद्) પુલ્લિંગ બહુવચન**

एते युवकाः । આ યુવકો છે.

एते देवाः । આ દેવો છે.

एते बालकाः । આ બાળકો છે.

- **एताः (મૂળ શબ્દ एतद्) સ્ત્રીલિંગ બહુવચન**

एताः भगिन्यः । આ બહેનો છે.

एताः अङ्गुल्यः । આ આંગળીઓ છે.

एताः नार्यः । આ સ્ત્રીઓ છે.

- **एतानि (મૂળ શબ્દ एतद्) નપુંસકલિંગ બહુવચન**

एतानि व्यजनानि । આ પંખાઓ છે.

एतानि द्वाराणि । આ દરવાજા છે.

एतानि चित्राणि । આ ચિત્રો છે.

**અવ્યય અને અન્ય શબ્દો :**

સંસ્કૃત ભાષામાં કેટલાક શબ્દો કોઈપણ વાક્યરચનામાં કોઈ જાતનો ફેરફાર થયા સિવાય એકના એક રૂપે જ વપરાતા હોય છે. તેમને 'અવ્યય' તરીકે ઓળખાય છે. વૈયાકરણ પરંપરામાં અવ્યય માટે આ શ્લોક પ્રચલિત છે.

**सदृशं त्रिषु लिंगेषु सुर्वासु च विभक्तिषु ।**
**वचनेषु च सर्वेषु यन्न व्येति तद्व्ययम् ॥**

ત્રણેય લિંગમાં, તમામ વિભક્તિમાં અને ત્રણેય વચનમાં જે સમાન રીતે પ્રયોજાય છે તે અવ્યય કહેવાય છે.

ધોરણ-૬ થી ૮ના સંસ્કૃતના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ થયેલા અવ્યયો અને તેના વ્યાવહારિક ઉપયોગને જોઈએ.

आम, न, अत्र, तत्र, कुत्र, अन्यत्र, एकत्र, सर्वत्र, अपि, च, अतः, यतः, सह, विना, अग्रे, पृष्टे, उच्चैः, नीचैः, मन्दम्, शीघ्रम्, वक्रम्, सरलम्, प्रतिदिनम्, अनन्तरम्, च, इति, एव, यथा, तथा, तदा, यदि વગેરે.

नमः, स्वाहा, स्वधा, अलम्, विना વગેરે પણ અવ્યયો છે અને તેના ઉપયોગો પણ રસપ્રદ છે.

**ઉદાહરણો :**

| | |
|---|---|
| (१) लेखनी अत्र अस्ति । | કલમ અહીં છે. |
| (२) पुस्तकं तत्र अस्ति । | પુસ્તક ત્યાં છે. |
| (३) इश्वर सर्वत्र अस्ति । | ઈશ્વર દરેક જગ્યાએ છે. |
| (४) आचार्य अन्यत्र अस्ति । | આચાર્ય બીજે ક્યાંક છે. |
| (५) मित्रम् कुत्र अस्ति ? | મિત્ર ક્યાં છે ? |
| (६) बाला एकत्र सन्ति । | બાળકો એકત્ર છે. (એક બાજુ છે) |
| (७) रामेण सह गच्छतु । | રામની સાથે જાવ. |
| (८) मित्रेण विना न रोचते । | મિત્ર વિના ગમતું નથી. |
| (९) मम अग्रे छात्राः सन्ति । | મારી આગળ વિદ્યાર્થીઓ છે. |
| (१०) मम पृष्ठे बालः अस्ति । | મારી પાછળ બાળક છે. |
| (११) व्याघ्रः उच्चैः गर्जति । | વાઘ મોટેથી ગર્જે છે. |
| (१२) माला नीचै वदति । | માલા નીચા અવાજે બોલે છે. |
| (१३) गजः मन्दं मन्दं चलति । | માલા નીચા અવાજે બોલે છે. |
| (१४) शशकः शीघ्रं धावति । | સસલું ઝડપથી દોડે છે. |
| (१५) अहं प्रतिदिनं शालां गच्छामि । | હું દરરોજ શાળામાં જાઉં છું. |
| (१६) भोजन अनन्तरं अहं शयनं करोमि । | ભોજન કર્યા પછી હું સૂઈ જાઉં છું. |

ઉપરોક્ત ઉદાહરણોથી અવ્યયના ઉપયોગ અંગે જાણકારી મળી હશે. કેટલીક જગ્યાએ ખાસ કરીને પદ્યરચનાઓમાં અવ્યયનો ઉપયોગ છંદ મેળવવા થાય છે, પણ તેનો અર્થ લેવામાં આવતો નથી.

દા.ત., न हि न हि तत्र धनाशाः । ત્યાં ધનની આશા નથી.

આ વાક્યમાં हि અવ્યય છે, તેનો અર્થ લીધો નથી.

अपि એવો અવ્યય છે, જે વાક્યની શરૂઆતમાં વપરાય ત્યારે વાક્યરચનાને પ્રશ્નવાક્ય બનાવે છે. જ્યારે વચ્ચે વપરાય ત્યારે 'વળી, પણ' જેવો અર્થ થાય છે.

દા.ત., अहम् अपि आगच्छामि । હું પણ આવું છું.

अपि भवान् आगच्छति ? શું તમે આવો છો ?

**સંખ્યા :**

ધોરણ-૬માં ૧ થી ૧૨, ધોરણ-૭માં ૧ થી ૫૦ અને ધોરણ-૮માં ૧ થી ૧૦૦ સુધીનું સંખ્યાજ્ઞાન બાળકોને આપવાનું થાય છે. અલબત્ત, શિક્ષકોને તેનાથી વધારે સંખ્યાઓનું જ્ઞાન મેળવવું અનિવાર્ય છે.

૧ થી ૪ સુધીની સંખ્યાઓનો જ્યારે વ્યવહાર ભાષામાં ઉપયોગ કરવાનો હોય ત્યારે વિભક્તિ અનુસાર તેનાં રૂપોનો ઉપયોગ કરવાનો રહે છે. જેમ કે... एकः बालः अस्ति । એક બાળક છે. પણ एका बालिका अस्ति । एकम् पुस्तकम् अस्ति । એક બાલિકા છે, એક પુસ્તક છે. અહીં एकम् શબ્દ एकः एका અને एकम् એમ ત્રણ પ્રકારનાં રૂપો જોવા મળ્યાં છે.

ચારે સંખ્યા પ્રથમા વિભક્તિનાં રૂપો આ પ્રમાણે થશે :

| | **પુલ્લિંગ** | **સ્ત્રીલિંગ** | **નપુંસકલિંગ** |
|---|---|---|---|
| १ | एकः | एका | एकम् |
| २ | द्वौ | द्वे | द्वे |
| ३ | त्रयः | तिस्रः | त्रीणि |
| ४ | चत्वारः | चतस्रः | चत्वारि |

**વાક્યપ્રયોગ :**

| **પુલ્લિંગ** | **સ્ત્રીલિંગ** | **નપુંસકલિંગ** |
|---|---|---|
| एकः बालकः । | एका बालिका । | एकम् पुस्तकम् । |
| द्वौ बालौ । | द्वे कन्ये । | द्वे फले । |
| त्रयः बालाः । | तिस्रः बालिकाः । | त्रीणि पुस्तकानि । |
| चत्वारः बालाः । | चतस्रः बालिकाः । | चत्वारि पुस्तकानि । |

**આજ્ઞાર્થ :**

સામેની વ્યક્તિને વિનંતી કરવા અથવા આજ્ઞા આપવા માટે આજ્ઞાર્થનો ઉપયોગ થાય છે. વર્ગખંડમાં વિદ્યાર્થીઓને વ્યક્તિગત કે સમૂહમાં સૂચના આપવા માટે પણ આજ્ઞાર્થનો જ ઉપયોગ કરવો પડે છે. વ્યવહારમાં આજ્ઞાર્થનાં રૂપોનો ઉપયોગ જરૂરી છે. વર્તમાનકાળ, ભૂતકાળ અને ભવિષ્યકાળની જેમ આજ્ઞાર્થના પણ

ત્રણેય પુરુષ અને ત્રણેય વચનમાં રૂપો બને છે. અલબત્ત, આપણા અભ્યાસક્રમને અનુલક્ષીને ત્રીજો પુરુષ એકવચન તેમજ બહુવચનને શીખી લેવાથી પાઠ્યપુસ્તક તેમજ વર્ગવ્યવહાર બંનેમાં ઉપયોગ કરી શકાશે.

વર્ગખંડમાં આપણે 'પાઠ વાંચો, પ્રશ્નનો જવાબ આપો, હું ગીત ગાઉં છું, બધા તે દોહરાવો...' જેવાં વાક્યોનો ઉપયોગ કરીએ છીએ એ વાક્યો સંસ્કૃતમાં બોલવા આજ્ઞાર્થની જરૂર પડે છે.

જેમ કે -

| | |
|---|---|
| પુસ્તક ઉઘાડો. | पुस्तकम् उद्घाटयतु । |
| પાઠ વાંચો. | पाठं पठतु । |

**સમૂહમાં સૂચના આપવા માટે :**

| | |
|---|---|
| બધા પાઠ વાંચો. | सर्वे पाठं पठन्तु । |
| સ્વાધ્યાય લખો. | सर्वे स्वाध्यायं लिखन्तु । |
| અભિનય સાથે બોલો. | अभिनयेन सह वदन्तु । |
| બધા ઊભા થાઓ. | सर्वे उत्तिष्ठन्तु । |

આ વાક્યોમાં उद्घाटयतु, पठतु વગેરે એકવચનનાં રૂપો છે, જ્યારે पठन्तु, लिखन्तु, वदन्तु, उत्तिष्ठन्तु વગેરે આજ્ઞાર્થ ત્રીજો પુરુષ બહુવચનનાં રૂપો છે.

પરસ્મૈપદી ધાતુઓમાં આજ્ઞાર્થ ત્રીજો પુરુષ એકવચનમાં 'तु' પ્રત્યય લાગે છે. કોઈ એક વ્યક્તિને વિનંતી કરવા કે આજ્ઞા આપવા તેનો ઉપયોગ થાય છે, જ્યારે બેથી વધારે વ્યક્તિઓને સૂચના આપવા, વિનંતી કરવા કે આજ્ઞા આપવા માટે 'न्तु' પ્રત્યય લાગે છે.

| **મૂળ ધાતુ** | **એકવચન** | **બહુવચન** |
|---|---|---|
| भव | भवतु (થાવ) | भवन्तु (થાવ) |
| कृ | करोतु (કરો) | कुर्वन्तु (કરો) |
| पठ | पठतु (વાંચો) | पठन्तु (વાંચો) |
| स्वी + कृ | स्वीकरोतु (સ્વીકારો) | स्वीकुर्वन्तु (સ્વીકારો) |
| दा | ददातु (આપો) | ददतु (આપો) |
| वद् | वदतु (બોલો) | वदन्तु (બોલો) |
| लिख् | लिखतु (લખો) | लिखन्तु (લખો) |

આ પ્રમાણે રૂપો બનાવી તેનો ઉપયોગ કરો.

**સમયનિર્દેશ :**

ઘટીયંત્ર ઘડિયાળનો ઉપયોગ સામાન્ય થઈ ગયો છે. માનવજીવન ઘડિયાળના કાંટે ચાલવા લાગ્યું છે એટલે ભાષાના વ્યાવહારિક ઉપયોગમાં સમયનું જ્ઞાન અનિવાર્ય બન્યું છે.

**નીચેનાં વાક્યો વાંચો :**

कः समयः ?   શું સમય થયો છે ? (કેટલા વાગ્યા ?)

एकवादनम् ।   એક વાગ્યો છે.

એ પ્રમાણે द्विवादनम्, त्रिवादनम्, चतुर्वादनम्, पञ्चवादनम्, षट्वादनम्, सप्तवादनम्, अष्टवादनम्, नववादनम्, दशवादनम्, एकादशवादनम् અથવા द्वादशवादनम् બોલાય.

भवान् कदा उत्तिष्ठति ? તમે ક્યારે ઊઠો છો ?

अहं सप्तवादने उत्तिष्ठामि । હું સવારે સાત વાગે ઊઠું છું.

અહીં ધ્યાનમાં આવ્યું હશે કે :

एकवादनम् એટલે એક વાગ્યો છે પરંતુ एकवादने એટલે 'એક વાગ્યે' 'कदा' પ્રશ્નવાચક શબ્દ વડે પૂછવામાં આવે ત્યારે આ પ્રમાણે જવાબ આપવામાં આવે છે.

(૧) भवान् (અથવા भवती) कदा पाठशालां गच्छति ?

अहं एकादशवादने पाठशालां गच्छामि ।

(૨) भवती कदा भोजनं करोति ?

अहं दशवादने भोजनं करोमि ।

આ ઉપરાંત ૧૫ મિનિટ એટલે કે ૧/૪ કલાક માટે 'सपाद' શબ્દોને સમય સાથે જોડવામાં આવે છે.

જેમ કે - ૨:૧૫ વાગ્યા માટે सपाद द्विवादनम्

૫:૧૫ વાગ્યા માટે सपाद पञ्चवादनम्

૩૦ મિનિટના સમય માટે सार्ध નો ઉપયોગ થાય છે.

જેમ કે - ૬:૩૦ વાગ્યા માટે सार्ध षट्वादनम् ।

૧૦:૩૦ વાગ્યા માટે सार्ध दशवादनम् ।

જ્યારે કોઈ પૂર્ણાંકમાં ૧૫ મિનિટ બાકી હોય ત્યારે ૫:૪૫ (છ વાગ્યામાં ૧/૪ કલાક ઓછો) માટે पादोनषड्वादनम् ।

૬:૪૫ (સાત વાગ્યમાં ૧/૪ કલાક ઓછો) માટે पादोनसप्तवादनम्

આ પ્રમાણે વિવિધ સમયની ઓળખ અને એનો ઉપયોગ થાય છે.

### કૃદન્ત :

ધોરણ-૬ થી ૮ના અભ્યાસક્રમમાં કૃદંતોનો અભ્યાસ અપેક્ષિત નથી, પણ વ્યવહાર ભાષામાં કેટલાંક કૃદંતોનો અભ્યાસ કરવામાં આવે તે જરૂરી છે. 'કૃદંત' એટલે જેને 'કૃત' પ્રત્યય અંતે લાગ્યો હોય તેવું પ્રતિપાદિક. સામાન્ય રીતે આ કૃદંતો વિશેષણ તરીકે આવે છે, તેઓ ક્રિયાનો પૂર્ણ અર્થ દર્શાવતા નથી. સંસ્કૃત ભાષામાં વર્તમાનનો અર્થ બતાવવા વર્તમાન કૃદંત, ભવિષ્યનો અર્થ બતાવવા ભવિષ્યકૃદંત, ભૂતકાળનો અર્થ બતાવવા ભૂતકૃદંત જેવાં કૃદંત રૂપોનો ઉપયોગ થાય છે.

### સંબંધક ભૂતકૃદંત :

જ્યારે કોઈ એક વાક્યમાં બે ક્રિયાઓ દર્શાવવામાં આવે અને એક ક્રિયા પૂરી થઈ હોય ત્યારબાદ બીજી ક્રિયા થતી હોય ત્યારે પહેલી ક્રિયાને સંબંધક ભૂતકૃદંતમાં મૂકવામાં આવે છે.

જેમ કે -

सः शालां गत्वा अभ्यासं करोति । તે શાળામાં જઈ અભ્યાસ કરશે.

અહીં गत्वा એટલે જઈને સંબંધક ભૂતકૃદંતનું રૂપ છે.

कृष्णः जलं पीत्वा आगच्छति । કૃષ્ણ પાણી પીને આવે છે.

पीत्वा : પીને, એ સંબંધક ભૂતકૃદંત છે.

वृतान्तः गीतं श्रुत्वा आनन्दं अनुभवति । વૃતાન્ત ગીત સાંભળીને આનંદ અનુભવે છે.

સંબંધક ભૂતકૃદંતનું રૂપ બનાવવા માટે त्वा, त्व અથવા य પ્રત્યયનો ઉપયોગ થાય છે.

## હેત્વર્થ કૃદંત :

જ્યારે કોઈ હેતુ દર્શાવવાનો હોય ત્યારે હેત્વર્થ કૃદંતનો ઉપયોગ કરવામાં આવે છે.

જેમ કે -

सा पत्रं लिखितुम् इच्छति । તે પત્ર લખવા ઇચ્છે છે.

અહીં लिखितुम् લખવા માટે - હેત્વર્થ કૃદંત છે.

वरुणः दानं दातुम् इच्छति । વરુણ દાન આપવા ઇચ્છે છે.

હેત્વર્થ કૃદંત : दातुम्

अहं कारणं **श्रोतुम्** इच्छामि । હું કારણ સાંભળવા ઇચ્છું છું.

अहं शिक्षकं **भवितुम्** इच्छामि । હું શિક્ષક બનવા ઇચ્છું છું.

**હવે, આ સુભાષિતોનો અભ્યાસ કરો :**

**उपकर्तु प्रियं वक्तुं कर्तु स्नेहमकृत्रिमम् ।**
**सज्जनानां स्वभावोऽयं केनेन्दुं शिशिरीकृतः ॥**

ઉપકાર કરવા માટેનો, પ્રિય બોલવા માટેનો, કુદરતી સ્નેહ કરવા માટેનો સજ્જનોનો (સહજ) સ્વભાવ છે. ચંદ્રને કોના વડે શીતળ બનાવાયો છે ? (શીતળતા ચંદ્રનો સહજ સ્વભાવ છે.)

આ સુભાષિતમાં कर्तुम्, वक्तुम्, उपकर्तुम् એ હેત્વર્થ કૃદંતનાં ઉદાહરણો છે.

**श्रुत्वा स्पृष्ट्वा च दृष्ट्वा च भुक्त्वा घ्रात्वा च यो नरः ।**
**न हृष्यति ग्लायति वा स विज्ञेयो जितेन्द्रियः ॥**

જે નર સાંભળીને, સ્પર્શીને, જોઈને, ભોગવીને, સૂંઘીને આનંદિત થતો નથી કે ખિન્ન થતો નથી તેને જિતેન્દ્રિય જાણવો જોઈએ.

આ સુભાષિતમાં વપરાયેલા श्रुत्वा, स्पृष्ट्वा, दृष्ट्वा, भुक्त्वा, घ्रात्वा સંબંધક ભૂતકૃદંતનાં ઉદાહરણો છે.

**સંબંધક ભૂતકૃદંત અને હેત્વર્થ ભૂતકૃદંતનો અભ્યાસ કર્યા બાદ આ વાક્યો વાંચો :**

(૧) दीनजनाय वित्तं देयम् । ગરીબોને ધન આપવું જોઈએ.

(૨) स राजा दर्शनीय अस्ति । તે રાજા દર્શન કરવાયોગ્ય છે.

(૩) पञ्चभिः जनैः सह गन्तव्यम् । પાંચ લોકો સાથે જવું જોઈએ.

આ વાક્યોમાં આપવું જોઈએ : देयम्, દર્શન કરવાયોગ્ય दर्शनीय, જવું જોઈએ गन्तव्यम् જેવાં રૂપો વપરાયાં છે, જેને વિધ્યર્થ કૃદંત કહેવામાં આવે છે.

આમ સંસ્કૃત ભાષામાં ઉપયોગમાં લેવાતાં કૃદંતો મહત્ત્વનાં છે. આ પૈકી સરળ સંભાષણ માટે ઉપયોગી કૃદંતો આપણે જોયાં.

## કેટલાંક વિશેષ રૂપો :

ભાષામાં વપરાતા કેટલાક સામાન્ય શબ્દો-ધાતુરૂપોનો અભ્યાસ અનિવાર્ય છે, જેની જાણકારીથી પાઠ્યક્રમ અને સંભાષણ બંનેમાં મદદ મળશે.

सः युवकः अस्ति । તે યુવક છે.

सा महिला अस्ति । તે સ્ત્રી છે.

આ વાક્યોમાં अस्ति રૂપનો ઉપયોગ જુઓ. આમ તો अस् ધાતુનું વર્તમાનકાળ ત્રીજોપુરુષ એકવચનનું રૂપ છે, પણ તેવી પિંજણ કર્યા સિવાય તેનો ઉપયોગ થાય તેવાં વાક્યો બનાવો અને બોલો.

अस्ति, नास्ति, सन्ति અને न सन्ति નો બહોળો ઉપયોગ સંભાષણમાં થાય છે.

જેમ કે,

| | |
|---|---|
| लेखनि अस्ति । | કલમ છે. |
| फलम् नास्ति । | ફળ નથી. |
| बालकाः सन्ति । | બાળકો છે. (બહુવચન) |
| युवकाः न सन्ति । | યુવકો નથી. |
| कः अस्ति ? | કોણ છે ? (પુલ્લિંગ) |
| का अस्ति ? | કોણ છે ? (સ્ત્રીલિંગ) |
| किम् अस्ति ? | શું છે ? (નપુંસકલિંગ) |
| के सन्ति ? | કોણ છે ? (પુલ્લિંગ બહુવચન) |
| का सन्ति ? | કોણ છે ? (સ્ત્રીલિંગ બહુવચન) |
| वातायनानि सन्ति । | બારીઓ છે. (નપુંસકલિંગ બહુવચન) |

## વિશેષણનો ઉપયોગ :

નામના અર્થમાં વધારો કરે, તેના ગુણ કે લક્ષણને અભિવ્યક્ત કરે તેને વિશેષણ કહેવાય છે. ગુજરાતી ભાષામાં વાક્યરચનામાં મુખ્ય નામોને જ વિભક્તિના પ્રત્યયો લાગે છે. વિશેષણોને સામાન્ય રીતે વિભક્તિ પ્રત્યયો લાગેલા હોતા નથી. દા.ત., ઊંચો છોકરો તેમજ ઊંચા છોકરાથી. અહીં છોકરાથી એમ ત્રીજી વિભક્તિનો ઉપયોગ થયો, પણ ‘ઊંચાથી છોકરાથી’ એ પ્રમાણે પ્રયોગ થતો નથી. જ્યારે સંસ્કૃત ભાષામાં જે લિંગ-વચન-વિભક્તિ-વિશેષ્યના હોય તે જ લિંગ-વચન-વિભક્તિ વિશેષણનાં હોવાં જરૂરી છે.

**આ વાક્યો વાંચો :**

भीतः मूषकः ऋषिसमिपं गच्छति । ડરેલો ઉંદર ઋષિની પાસે જાય છે.

આ વાક્યમાં भीतः એ मूषकः નું વિશેષણ છે.

कुपिता माता नरेन्द्रं प्रकोष्ठे स्थापयति । ક્રોધિત માતા નરેન્દ્રને ઓરડામાં પૂરે છે.

**નોંધો :** कुपिता माता ।

**હવે આ વાક્યો વાંચો :**

भीतः मूषकः ऋषिसमीपं गच्छति ।

भीता कन्या ऋषिसमीपं गच्छति ।

भीतः मूषकः પણ भीता कन्या....

कुपितः राजः सेवकं आदिशति । ક્રોધિત રાજા સેવકને આદેશ કરે છે.

कुपिता माता वदति । ક્રોધિત (થયેલી) માતા બોલે છે.

पुस्तके स्थितं ज्ञानं वृथा । પુસ્તકમાં રહેલું જ્ઞાન નકામું છે.

અહીં ज्ञानम् નું વિશેષણ स्थितम् છે.

प्रासादे स्थितः राजनः वदति । મહેલમાં રહેલા રાજા કહે છે.

प्रासादे स्थिता राज्ञी वदति । મહેલમાં રહેલી રાણી કહે છે.

स्थितम्, स्थितः અને स्थिता વચ્ચેનો ભેદ સમજો.

## વિભક્તિના વિશિષ્ટ પ્રયોગો :

કેટલાંક ક્રિયાપદો તેમજ અવ્યયો સાથે નિશ્ચિત વિભક્તિ વપરાય છે.

(૧) 'अर्ह' (अर्हनि) ની સાથે પ્રથમા વિભક્તિનો પ્રયોગ થાય છે. अर्ह એટલે યોગ્ય હોવું, લાયક હોવું. જે યોગ્ય અથવા લાયક હોય તેની પ્રથમા વિભક્તિ આવે.

ઉદાહરણ : रामः पूजाम् अर्हति । રામ પૂજાને યોગ્ય છે.

(૨) रामः गच्छ (गच्छति) જવું, જ્યાં જવાનું હોય તેની દ્વિતીયા વિભક્તિ આવે.

દા.ત., रामः वनं गच्छति ।

(૩) सह ના અર્થમાં જેની સાથે રહેવા-હોવાનું હોય તેની તૃતીયા વિભક્તિ આવે.

દા.ત., रामेण सह सीता वनं गच्छति । રામની સાથે સીતા વનમાં જાય છે. रामेण ત્રીજી વિભક્તિ છે.

दिवः જુગાર ખેલવો, એ અર્થમાં જેના વડે જુગાર ખેલવામાં આવે તે પાસા (अक्ष्) ની દ્વિતીયા અથવા તૃતીયા વિભક્તિ થાય છે.

सः अक्षैः दीव्यति । અથવા सः **अक्षान्** दीव्यति । તે પાસાથી જુગાર રમે છે.

(૪) दा આપવું. ધાતુના પ્રયોગોમાં જેને આપવાનું હોય તે વિભક્તિને ચતુર્થી વિભક્તિમાં આવે છે.

ઉદા. माता पुत्राय भोजनं ददाति । માતા પુત્રને ભોજન આપે છે.

कुप्' કોપ કરવો તેમજ આ અર્થવાળા ધાતુઓમાં જેના પ્રત્યે કોપ કરવાનો હોય તેની ચતુર્થી વિભક્તિ થાય છે.

ઉદા. रामः **रावणाय** कुप्यति । રામ રાવણ પર કોપે છે.

कथ् (कथयति) ધાતુમાં જેને કહેવાનું હોય તેની ચતુર્થી વિભક્તિ થાય છે.

ઉદા. पितामहः **दुष्यन्ताय** कथां कथयति । દાદા દુશ્યંતને કથા કહે છે.

'स्पृह' (स्पृह्यति) ધાતુના પ્રયોગમાં જેના પ્રત્યે સ્પૃહા કરવાની હોય તેની ચતુર્થી વિભક્તિ લાગે છે.

ઉદા. शकुन्तला मृगाय स्पृह्यति । શકુંતલા મૃગલાની સ્પૃહા કરે છે.

(૫) 'त्रस' અને 'भी' ધાતુઓના પ્રયોગમાં જેનાથી ત્રાસ કે ભય પામવાનો હોય તે પદાર્થની કે વ્યક્તિની પંચમી વિભક્તિ થાય છે.

पादपानां भयं वातात् । વૃક્ષોને પવનનો ભય હોય છે.

(૬) नमः અવ્યય તરીકે વપરાયેલ હોય ત્યારે જેને નમન કરવાનું હોય તેની ચતુર્થી વિભક્તિ થાય છે.

गणेशाय नमः । रामाय नमः । सरस्वत्यै नमः ।

देवाय नमः । देव्यै नमः । गुरवे नमः ।

**વિકલ્પ :**

વિભક્તિના ઉપયોગમાં ક્યારેક કઠિનતા લાગે ત્યારે તેના વિકલ્પમાં થતા પ્રયોગોનો ઉપયોગ થઈ શકે છે. સંભાષણમાં આ પ્રયોગોથી સરળતા રહે છે.

(૧) अहं हस्तेन लिखामि । હું હાથ વડે લખું છું.

અહીં हस्तेन તૃતીયા વિભક્તિના વિકલ્પે हस्त द्वारा બોલી શકાય. જેમ કે अहं हस्त द्वारा लिखामि ।

ઉદાહરણો :

गजः शुण्डया फलं पिबतिः । गजः शुण्ड द्वारा जलं पिबति ।

अहं मनसा स्मरामि । अहं मन द्वारा स्मरामि ।

(૨) अर्जुनः हस्तिनापुरात् द्वारिकां गच्छति । અહીં हस्तिनापुर ની પંચમી વિભક્તિ થાય છે. ઝાડ પરથી પાન પડે છે. वृक्षात् पर्णं पतति । આ વાક્યમાં वृक्ष ની પંચમી વિભક્તિ થઈ છે. અહીં પંચમી વિભક્તિના વિકલ્પે तः પ્રત્યયનો ઉપયોગ થઈ શકે છે. જેમ કે -

अर्जुनः **हस्तिनापुरतः** द्वारिकां गच्छति ।

वृक्षतः पर्णं पतति ।

'तः' પ્રત્યય સમયના નિર્દેશમાં પણ ઉપયોગી થાય છે.

अहं दशवादनतः पञ्चवादनपर्यंतं कार्यालये कार्य करोमि ।

હું દસ વાગ્યાથી પાંચ વાગ્યા સુધી કાર્યાલયમાં કામ કરું છું.

सप्तवादनतः अष्टवादनपर्यंतं अभ्यासं करोमि ।

સાત વાગ્યાથી આઠ વાગ્યા સુધી અભ્યાસ કરું છું.

**વિચારો અને સમજો :**

સંસ્કૃતનાં કેટલીક ધાતુઓનાં વિવિધ રૂપો ધ્યાનમાં રાખો -

| વર્તમાનકાળ | આજ્ઞાર્થ | સંબંધક ભૂતકૃદંત | હેત્વર્થ કૃદંત |
|---|---|---|---|
| गच्छति | गच्छतु | गत्वा | गन्तुम |
| पठति | पठतु | पठित्वा | पठितुम् |
| पतति | पततु | पतित्वा | पतितुम् |
| क्रीडति | क्रीडतु | क्रीडित्वा | क्रीडितुम् |
| वदति | वदतु | उकत्वा | वक्तुम् |
| पिबति | पिबतु | पीत्वा | पातुम् |
| लिखति | लिखतु | लिखित्वा | लेखितुम् |
| नयति | नयतु | नीत्वा | नेतुम् |
| पश्यति | पश्यतु | दृष्टवा | द्रष्टुम् |
| पृच्छति | पृच्छतु | पृष्ट्वा | प्रष्टुम् |
| करोति | करोतु | कृत्वा | कर्तुम् |
| ददाति | ददातु | दत्वा | दातुम् |
| उत्तिष्ठति | उत्तिष्ठतु | उत्थाय | उत्थातुम् |
| स्मरति | स्मरतु | स्मृत्वा | स्मर्तुम् |

પ્રસ્તુત રૂપોમાં વર્તમાનકાળ અને આજ્ઞાર્થ રૂપો ત્રીજાપુરુષ એકવચનનાં છે.

★ ★ ★ ★